# પ્રસાદ નં. ૫૨

## સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર : ગાથા ૪૧૩

(માગશર સુદ ૧૫, ગુરુવાર, ૨૦૦૮, તા. ૧૩-૧૨-૫૧)

**બહુવિધનાં મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે**
**મમતા કરે, તેણે નથી જાણ્યો "સમયના સાર"ને. ૪૧૩.**

**અર્થ :**—જેઓ બહુ પ્રકારના મુનિલિંગોમાં અથવા ગૃહસ્થલિંગોમાં મમતા કરે છે (અર્થાત્ આ દ્રવ્ય લિંગ જ મોક્ષનું દેનાર છે એમ માને છે). તેમણે સમયસારને નથી જાણ્યો.

આત્માનો સ્વભાવ જ્ઞાનસ્વરૂપ ધ્રુવ છે. તે સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા તે જ મોક્ષમાર્ગ છે. તેને બદલે વ્યવહાર રત્નત્રયને જ જે મોક્ષમાર્ગ માને છે તે જીવે શુદ્ધ આત્માને જાણ્યો નથી. જેવો વ્યવહાર તે કરે છે તેવો વ્યવહાર તો અનાદિથી જીવે કર્યો છે માટે જે વ્યવહારનો આશ્રય કરીને તેને મોક્ષમાર્ગ માને છે તે જીવો અનાદિના રૂઢ વ્યવહારમાં જ મૂઢ છે—એમ અહીં કહે છે.

**મિથ્યાદ્રષ્ટિ કહે છે કે :** મોક્ષમાર્ગમાં પહેલો વ્યવહાર પરિણમે છે ને પછી નિશ્ચય છે, એટલે વ્યવહારી તે સમકિતી છે.

**આચાર્યદેવ કહે છે કે :** નિશ્ચયના આશ્રયે જ મોક્ષમાર્ગ છે. નિશ્ચયપૂર્વક જ વ્યવહાર હોય છે. નિશ્ચય વિના વ્યવહાર હોતો જ નથી. નિશ્ચયનો આશ્રય કરે તે જ સમકિતી છે.

**ટીકા :**—જેઓ ખરેખર 'હું શ્રમણ છું. શ્રમણનો ઉપાસક (શ્રાવક) છું' એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ (અનાદિકાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (–નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા, પરમાર્થ સત્ય (જે પરમાર્થે સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને દેખતા–અનુભવતા નથી.

૨૮ મૂળગુણ પાળવા—દેવગુરુશાસ્ત્રનો વિનય કરવો ઇત્યાદિ જે શુભરાગ છે તેને અંગીકાર કરીને જે જીવ એમ માને છે કે 'હું શ્રમણ છું'—તે જીવ દ્રવ્યલિંગમાં મમકાર કરે છે. પંચમહાવ્રતનો શુભરાગ પણ દ્રવ્યલિંગમાં જ જાય છે. વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં જ જે મોક્ષમાર્ગ માનીને તેમાં

મમકાર કરે છે તે જીવ અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ છે. જ્ઞાયકમૂર્તિ ચૈતન્યજ્યોત તે પરમાર્થ છે. તેના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે. તેને બદલે વ્યવહારના આશ્રયથી મોક્ષમાર્ગ માને છે પણ તે વ્યવહાર તો અનાદિનો ચાલ્યો આવે છે ! અજ્ઞાનીઓ કહે છે કે પહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા—પંચમહાવ્રત વગેરે વ્યવહાર હોય ને પછી તેનાથી નિશ્ચય પમાય ! તો તેને અહીં અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ કહ્યો છે. કેમ કે આત્માના ભાન વગર શુભભાવ તો અનાદિકાળથી કરતો જ આવે છે. અનાદિકાળમાં તીવ્ર ને મંદ રાગ કરતો જ આવે છે. તેથી તે વ્યવહાર તો અનાદિનો રૂઢ છે. ને તેને જે મોક્ષમાર્ગનું કારણ માને તે જીવ વ્યવહારમાં મૂઢ છે.

પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય—એમ કોઈ કહે, તો તેને જવાબ આપે છે કે ભાઈ ! ક્યા વ્યવહારને તું પહેલો કહે છે ? શુભરાગ તો પૂર્વે અનાદિથી કરતો આવ્યો છે. તો તેને પહેલો કેમ કહેવાય ? જુઓ ! આમાં મોટો સિદ્ધાંત છે. જૈનના બે સંપ્રદાયો વચ્ચેનો આ મોટો સિદ્ધાંતભેદ છે.

એક એમ માને છે કે **નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય**. તેને જ વ્યવહાર કહેવાય.

બીજો એમ કહે છે કે **પહેલો વ્યવહાર પરિણમે**. પછી નિશ્ચય હોય.

અહીં તેનો ખુલાસો કરે છે કે જે વ્યવહાર અનાદિકાળથી ચાલ્યો આવે છે, તેને પહેલો કેમ કહેવાય ? વ્યવહારને પહેલો માને તો તે અનાદિના વ્યવહારમાં જ મૂઢ છે.

આ સત્યસિદ્ધાંતથી ઊંધા પડીને ૩૦૦ વર્ષ પહેલાં ૮૪ બોલની ટીકા કરી છે. તેમાં કહે છે કે :—

નિશ્ચયનય પહલેં કહૈ, પીછેં લે વ્યવહાર,<br>
ભાષા ક્રમ જાનૈ નહીં, જૈન માર્ગકો સાર.<br>
તાતેં સો મિથ્યામતી, જૈન ક્રિયા પરિહાર,<br>
વ્યવહારી સો સમકિતી કહૈ ભાષ્ય વ્યવહાર.<br>
જો નય પહિલે પરિણમેં, સોઈ કહૈં હિત હોઈ,<br>
નિશ્ચય ક્યોં ધુરિ પરિણમે ? સૂખમ મતિ કરિ જોઈ.

જુઓ ! આમાં પહેલો વ્યવહાર કહે છે ને પછી નિશ્ચય કહે છે. તેને અહીં આચાર્યદેવ જવાબ આપે છે કે ભાઈ ! ક્યા વ્યવહારને તારે પહેલો કહેવો છે ? મંદકષાયને તારે પહેલો કહેવો હોય, તો અમે કહીએ છીએ કે તે

<u>તો અનાદિથી રૂઢ છે. જીવ શુભરાગ તો અનાદિથી કરતો આવ્યો છે. તેને જે મોક્ષમાર્ગ માને તેને અમે વ્યવહારમાં મૂઢ કહીએ છીએ.</u> સ્વભાવ તરફ વળીને નિશ્ચય પ્રગટ કર, તો તારા વ્યવહારને વ્યવહાર કહેવાય. કોઈ પણ બોલ લ્યો, તેમાં સ્વભાવ તરફ વળવાનું જ આવે છે; સ્વભાવ તરફ વળ્યા વિના એકેય બોલનો નિર્ણય નહિ થાય.

(૧) સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં ભાસ્યું હોય તેમ થાય ! એમ જો નિર્ણય કરવા જાય તો ત્યાં પણ જ્ઞાનસ્વરૂપને પકડ્યા વિના કેવળજ્ઞાનનો નિર્ણય થતો નથી એટલે જ્ઞાનસ્વભાવ તરફ વળવાનું જ આવ્યું.

(૨) <u>**ક્રમબદ્ધ પર્યાય**</u> થાય છે એમ કહો, તો ત્યાં પણ દ્રવ્ય ઉપર જ દ્રષ્ટિ જાય છે. કેમ કે પર્યાય પર્યાયમાંથી આવતી નથી પણ દ્રવ્યમાંથી આવે છે. એટલે દ્રવ્ય ઉપર દ્રષ્ટિ ગયા વગર ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય પણ થાય નહિ.

(૩) એ જ પ્રમાણે વ્યવહારને નક્કી કરવા જાય તો ત્યાં પણ <u>નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ.</u> નિશ્ચય પ્રગટ્યો ત્યારે વ્યવહારને વ્યવહાર કહેવાય. <u>નિશ્ચય વગર વ્યવહારને પહેલો કેમ કહેવો ? કેમ કે તે તો અનાદિથી કરી જ રહ્યો છે. શું અનાદિકાળમાં રાગની મંદતા નથી કરી ? તેને જે પહેલાં માને છે તે અનાદિથી જે વ્યવહાર કર્યો છે તેમાં જ મૂઢ છે</u>

અરે ભાઈ ! વિચાર તો કર કે કઈ રીતે વસ્તુ સ્વરૂપ છે ! આત્માએ અનાદિકાળથી સંસારમાં રખડતાં દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહારશ્રદ્ધા કરી છે. શાસ્ત્રનું જ્ઞાન કર્યું છે, પંચમહાવ્રત પાળ્યાં છે. એ વ્યવહારરત્નત્રય એટલે કે શુભરાગ તો અનાદિથી કર્યો છે. તે વ્યવહારમાં જ જે મમકાર કરે છે, એટલે કે વ્યવહાર પહેલો પરિણમે એમ માને છે ને પછી નિશ્ચય કહે છે તો તેને અહીં વ્યવહારમાં મૂઢ કહે છે. તેને નિશ્ચય અને વ્યવહાર એકેયનું ભાન નથી. <u>વ્યવહારને વ્યવહાર કહેનારો કોણ? નિશ્ચયનું ભાન કરીને જે જાગ્યો તે શુભરાગને વ્યવહાર તરીકે જાણે છે.</u>

નિશ્ચયના જ્ઞાન વગર વ્યવહારને જાણનાર કોણ ? નિશ્ચયના ભાન વગર ભલે ઘણા પ્રકારના શુભરાગ કરે. વ્રત-તપ-દયા-દાન કરે, શાસ્ત્ર ભણે, પણ તે બધો અનાદિરૂઢ વ્યવહાર છે. <u>અહીં અજ્ઞાની જે રાગને વ્યવહાર કહે છે તેને તો 'અનાદિરૂઢ' કહીને આચાર્યદેવે મહાન સિદ્ધાંત મૂકી દીધો છે.</u> કષાયની મંદતામાં જ લાગ્યો રહે છે. અને તેનાથી પરમાર્થ મોક્ષમાર્ગ પ્રગટી જશે એમ જે માને છે—તેને અહીં અનાદિના રૂઢ વ્યવહારમાં મૂઢ—

મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે. પહેલો વ્યવહાર પરિણમે એમ માનીને જે તેમાં જ લાગ્યો રહે છે, તેને તો મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે.

કોઈ કહે કે પહેલાં સત્યનું શ્રવણ કરે પછી સમજાય; માટે જુઓ ! પહેલાં વ્યવહાર આવ્યો કે નહિ ?—તો કહે છે કે ના. કેમ કે ચૈતન્યવસ્તુ શરીર—મન—વચનથી ને રાગથી પાર છે. એવી ચૈતન્યની પ્રતીતપૂર્વક સાંભળે તેને જ સાંભળ્યું કહેવાય છે. જેને ચૈતન્યની રુચિ નથી તે જીવે આત્માની વાત અનાદિથી સાંભળી જ નથી. આગળ ચોથી ગાથામાં જ એ વાત કરી હતી કે શુદ્ધ આત્માની વાત જીવે કદી સાંભળી જ નથી. તેનો અર્થ શું ?—કે નિશ્ચય વિના વ્યવહાર કોનો કહેવો ? ઉપાદાન જાગ્યા વિના શ્રવણને નિમિત્ત કોનું કહેવું ?

પ્રવચનસારના ચરણાનુયોગમાં પણ છેલ્લે એમ કહ્યું કે શુદ્ધોપયોગીઓને જ મુક્તિ છે. ચૈતન્યનો જાણવાનો સ્વભાવ છે. ''આ જ્ઞેયમાં આમ કેમ?'' એવો વિકલ્પ કરવાનો ચૈતન્યનો સ્વભાવ નથી. તેમાં વચ્ચે શુભાશુભ વૃત્તિ આવે તે મોક્ષનું કારણ નથી. શુદ્ધોપયોગને જ મોક્ષનું કારણ કહ્યું છે. પહેલાં મુનિને શુભરાગ વચ્ચે કેવો હોય તેનું જ્ઞાન કરાવ્યું, પણ તે શુભને કોઈ મોક્ષનું કારણ માને તો કહે છે કે શુભ તે મોક્ષનું કારણ નથી. મોક્ષ તો શુદ્ધોપયોગથી જ થાય છે.

જે જીવ એમ કહે છે કે પહેલાં વ્યવહાર હોય, ને પછી નિશ્ચય હોય. તો તેને કહે છે કે <u>ક્યો વ્યવહાર પહેલો હોય ?</u> શુભરાગને વ્યવહાર તરીકે જાણશે કોણ ? ચૈતન્ય વસ્તુ તરફ વળીને તેનું જ્ઞાન કર તો વ્યવહારનું જ્ઞાન થાય. પણ ચૈતન્યવસ્તુને પકડવામાં કોઈ રાગનું અવલંબન છે જ નહિ. વિકલ્પાતીત વસ્તુને પકડવામાં બીજું સાધન છે જ નહિ. જ્ઞાયકને પકડમાં લીધો ત્યારે રાગને જાણનારો જાગ્યો અને ત્યારે રાગને વ્યવહાર કહ્યો. આ ચીજ બહારના ક્ષયોપશમની કે પંડિતાઈની નથી. આ તો અંતરની દ્રષ્ટિની ચીજ છે. જે મોક્ષમાર્ગમાં પહેલા વ્યવહારને માને છે, તે જીવ જૈનમાર્ગને જાણતો નથી પણ અનાદિના વ્યવહારમાં મૂઢ છે.

પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ જે ન માને તે ભાષાક્રમને જાણતા નથી—એમ અજ્ઞાની કહે છે. પણ અરે ભાઈ ! ભાષામાં પહેલો વ્યવહાર આવે તેથી શું ? 'ભાઈ! તું સાંભળ!' એમ કહ્યું તે વ્યવહાર છે પણ ભાષામાં વ્યવહાર આવે તેથી કાંઈ વ્યવહાર પહેલો પરિણમે છે—એમ નથી. **<u>'વ્યવહારી તે સમકિતી'</u>** એમ અજ્ઞાની કહે છે. અહીં તો કહે છે કે <u>'નિશ્ચયના આશ્રયે જ સમકિતી છે. મોક્ષમાર્ગમાં વ્યવહારને પહેલો માને તે મિથ્યાદ્રષ્ટિ છે.'</u> ભગવાન ! શાંત થા ! શાંત થા ! વાદવિવાદને છોડીને વસ્તુસ્થિતિને

સમજવાનો પ્રયત્ન કર. શુભરાગ પરિણતિ તો અનાદિથી ચાલી આવેલી છે તેને વ્યવહાર કેમ કહેવાય ? જ્ઞાયક છું—એમ પકડ્યું ત્યારે પહેલો નિશ્ચય પ્રગટ્યો ને ત્યારે જ વ્યવહારને વ્યવહાર કહેવાય.

નિશ્ચય વિના વ્યવહાર કોનો ? ઉપાદાન વિના નિમિત્ત કોનું ? અનુપચાર વગર ઉપચાર કોનો ?

બહુ પ્રકારના શુભવિકલ્પો ઊઠે તેમાં જેની રુચિ છે, તે જીવ સમયસારને જાણતો નથી. સારમાં સાર એવો શુદ્ધ આત્મા છે, તેને જે જાણતો નથી ને શુભ વિકલ્પને મોક્ષમાર્ગ માનીને તેનો મમકાર કરે છે તે જીવ અનાદિના રૂઢ વ્યવહારમાં જ મૂઢ વર્તે છે. અનાદિકાળથી જે શુભ-અશુભ કરતો આવે છે તેમાં જ તે મૂઢપણે વર્તે છે. અહીં તો કહે છે કે શુભને વ્યવહાર જ ત્યારે કહેવાય કે જ્યારે તેનો નિષેધ કરનારો નિશ્ચય પ્રગટે. એ સિવાયના શુભને વ્યવહાર તરીકે પણ ગણતા નથી. જે શુભરાગથી જ પોતાને મુનિપણું માનીને તેનો મમકાર કરે છે તે અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ વર્તે છે. અને પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર અનારૂઢ વર્તે છે. શુભરાગમાં મોક્ષમાર્ગ માનીને તેમાં જે વર્તે છે તે તો મૂઢ છે. ચૈતન્યસ્વરૂપમાં રાગ નહિ—વિકલ્પ નહિ. એમ સમજવું તે પ્રૌઢ વિવેક છે. રાગની મંદતાનું પણ મને અવલંબન નથી. હું તો જ્ઞાયક છું—એવો પ્રૌઢ વિવેક કરતો નથી ને શુભરાગ કરતાં કરતાં નિશ્ચય પ્રગટી જશે એમ જે માને છે, તે જીવ અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ છે અને પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર અનારૂઢ છે.

જેમ કાળા કોલસાને ધોળો કરવો હોય તો તેને સળગાવી નાખો તો તેની કાળાશ મટે. પણ તેને ધોવાથી ધોળો ન થાય. તેમ સંસાર કાળા કોલસા જેવો છે. શુભરાગથી તે સંસાર મટી જાય તેમ નથી. ચૈતન્ય જ્ઞાયકની અસ્તિને કબૂલીને વિકારની—વ્યવહારની રુચિ છોડ, તો શુભરાગને વ્યવહાર કહેવાય. શુભરાગને વ્યવહાર ક્યારે કહેવાય ? કે તેની રુચિ છોડે ત્યારે ! પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ જે માને છે તેને તો રાગની—વ્યવહારની રુચિ છે. તેના શુભરાગને તો ખરેખર વ્યવહાર પણ નથી કહેવાતો.

નિશ્ચયનય એવા પ્રૌઢ વિવેકવાળો છે કે તેના અવલંબને રાગ અને આત્માનું ભેદ જ્ઞાન થાય છે. વ્યવહારના અવલંબને ભેદજ્ઞાન થતું નથી. જે ક્ષણે તું જ્ઞાયકમૂર્તિ આત્માની દ્રષ્ટિ કર ત્યારે શુભરાગને વ્યવહાર કહેવાય છે. નિશ્ચયની દ્રષ્ટિ સિવાય બધું વૃથા છે. વ્યવહાર હો ભલે, નિમિત્ત હો ભલે,

પણ તેના આશ્રયે તારો ધર્મ પ્રગટે—ટકે કે વધે—એમ નથી. નિશ્ચય જ્ઞાયકસ્વભાવના આશ્રયે જ ધર્મ પ્રગટે છે—ટકે છે ને વધે છે.

ઉપદેશવચનમાં કોઈવાર એમ કહેવાય કે શુભરાગ કરશે તો ધર્મનાં નિમિત્ત તો ઊભાં રહેશે ! પણ ઉપાદાન પ્રગટ્યા વગર નિમિત્ત કોનું ? એ તો અશુભ છોડાવવા પૂરતી વાત છે. ત્યાં કોઈ શુભને મોક્ષમાર્ગ કહેવાનો આશય નથી. શાસ્ત્રમાં વિષયકષાયના તીવ્ર પાપભાવોથી જીવને છોડાવવા શુભભાવ કરવાનો પણ ઉપદેશ આપે. પરંતુ ત્યાં શુભ કરતાં કરતાં મોક્ષમાર્ગ થશે—એવો સિદ્ધાંત સ્થાપવાનો આશય નથી. શુભરાગને પકડીને તેની જે હોંશ અને ઉત્સાહ કરે છે તે જીવો પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર ચડ્યા નથી. એટલે કે મોક્ષમાર્ગ ઉપર આવ્યા નથી, પણ અનાદિના વ્યવહારમાં જ મૂઢ થઈને પડ્યા છે. વ્યવહારમાં મૂઢ થઈને ઊંધા માર્ગે ચડ્યો તે ચડ્યો, પરંતુ અનાદિથી તે શુભરાગ કરવા છતાં હજુ પાર ન આવ્યો. મોક્ષમાર્ગમાં વચ્ચે શુભરાગ આવે ખરો પણ તે રાગના અવલંબને મોક્ષમાર્ગ છે—એમ નથી. નિશ્ચયના અવલંબને જ મોક્ષમાર્ગ છે. આવા નિશ્ચય મોક્ષમાર્ગને જે જાણતા નથી ને શુભરાગને મોક્ષમાર્ગ માનીને તેમાં જ મૂઢપણે વર્તે છે, તે નિશ્ચય ભગવાનજ્ઞાયક સ્વભાવ ઉપર નહિ ચડ્યા થકા શુદ્ધ આત્માને દેખતા નથી.

ભગવાન એવો તો શુદ્ધ આત્મા છે. જે તેનો મહિમા કરતા નથી અને અનાદિના રાગને વ્યવહાર માનીને તેનો મહિમા કરે છે. તે જીવો વ્યવહારમાં મૂઢ છે—તેને મુનિપણું ક્યાંથી હોય ?

**બહુ દળ દીસે જીવનાં જી, વ્યવહારે શિવયોગ** એટલે કે વ્યવહારના અવલંબનથી ઘણા જીવો મુક્તિ પામ્યાં—એમ વ્યવહારમાં મૂઢ અજ્ઞાની જીવો કહે છે. અહીં કહે છે કે નિશ્ચય પર જે આરૂઢ છે તે જ મોક્ષ પામે છે. જે જીવ નિશ્ચય પર આરૂઢ નથી ને અનાદિના વ્યવહારમાં મૂઢ છે, તેની ત્રણ કાળમાં મુક્તિ થતી નથી. ભગવાન ચૈતન્યસ્વભાવના ભાન વગર તો બધા એકડા વગરનાં મીંડાં છે. જેઓ ભગવાન ચૈતન્યસ્વરૂપ શુદ્ધાત્માને જાણીને પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર આરૂઢ વર્તે છે તેમને જ અલ્પકાળે મુક્તિ થાય છે. બીજાને કદી મુક્તિ થતી નથી. ***

## શ્રી સમયસાર

**(માગશર વદ ૧, શુક્રવાર, ૨૦૦૮, તા. ૧૪-૧૨-૫૧)**

અહીં મોક્ષમાર્ગ શું છે તે ઓળખાવે છે. શુદ્ધઆત્માના આશ્રયે જ નિશ્ચય મોક્ષમાર્ગ છે. તે શુદ્ધ આત્માને જેઓ જાણતા નથી અને એકલા

વ્યવહારનો—શુભરાગનો જ આશ્રય કરીને તેને જ મોક્ષમાર્ગ માને છે, તે જીવ અનાદિરૂઢ વ્યવહારમાં જ મૂઢ છે. નિગોદનો જીવ અને વ્યવહારના પક્ષવાળો નવમી ગ્રૈવેયકે જનાર દ્રવ્યલિંગી સાધુ—એ બન્ને જીવો અનાદિના વ્યવહારમાં જ મૂઢ છે. વ્યવહારના પક્ષની અપેક્ષાએ તે બંને જીવોમાં કાંઈ ફેર નથી; કેમ કે બન્નેને પરમાર્થ આત્માનું ભાન નથી ને બંને અનાદિના રૂઢ વ્યવહારમાં જ મૂઢ છે.

મુનિનો કે શ્રાવકનો જે ભેખ અને વ્રતાદિનો શુભરાગ–તે ખરેખર મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો આત્માના આશ્રયે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર થાય તે જ છે.

**ભાવાર્થ :**—જીવને કર્મ વગેરે પરદ્રવ્ય તરફનું વલણ તો અનાદિથી છે. તે પરદ્રવ્યના સંયોગથી થતા શુભ-અશુભ ભાવો તો અનાદિકાળથી જીવ કરતો આવે છે. તેથી તે વ્યવહાર તો અનાદિનો રૂઢ છે. પ્રવચનસારમાં શ્રાવકને શુભભાવથી મોક્ષ થવાનું કહ્યું તે તો પરંપરા ઉપચારથી કહ્યું છે; ગૃહસ્થોને તે પ્રકારનો શુભરાગ હોય છે એમ જણાવ્યું છે, પણ તે રાગનો અભાવ કરશે ત્યારે જ મુક્તિ થશે. શુભને પરંપરા કારણ ક્યારે કહેવાય ? કે શુભભાવ રહિત સ્વભાવની દ્રષ્ટિ તો વર્તમાનમાં પ્રગટી છે અને ક્રમે ક્રમે તેનો અભાવ કરીને મુક્તિ પામવાનો છે, તેના શુભરાગને વ્યવહારથી પરંપરા મોક્ષનું કારણ કહેવાય. પણ ખરેખર રાગ તે મોક્ષમાર્ગ નથી. શ્રાવકની વાત પણ આ ગાથામાં લીધી છે કે શ્રાવકોને પણ ભેખ કે શુભાશુભ વ્યવહાર તે મોક્ષનું કારણ નથી. જેઓ વ્રતાદિના શુભ રાગરૂપ વ્યવહારને મોક્ષનું કારણ માને છે તે મૂઢ છે. તે મૂઢ પુરૂષો વ્યવહારમાં જ મોહિત થઈને બાહ્ય વ્રતાદિને અને શુભરાગને મોક્ષનું કારણ માને છે. પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે—એવા નિશ્ચયને તો તેઓ દેખતા નથી. જે મૂળ વસ્તુ સ્વરૂપના અવલંબને વિકારથી જુદો પડે છે, તેને તો તેઓ જાણતા નથી અને રાગને જ મોક્ષમાર્ગ માને છે. રાગના અવલંબને ભેદજ્ઞાન થતું નથી. રાગ હોય છે એવા લક્ષે પણ ભેદજ્ઞાન થતું નથી પણ જેમાં રાગનો અભાવ છે એવા પ્રૌઢ વિવેકવાળા નિશ્ચયના આશ્રયે જ ભેદજ્ઞાન થાય છે. જ્ઞાનમૂર્તિ આત્મામાં પુણ્ય-પાપનો અભાવ છે. એવા જ્ઞાન સ્વભાવને પકડતાં રાગથી આત્મા જુદો પડે છે. ભેદજ્ઞાન કોના લક્ષે થાય ? પરના લક્ષે કે રાગના લક્ષે રાગથી ભેદજ્ઞાન થતું નથી પણ જ્ઞાન પોતાના સ્વભાવ તરફ વળતાં જ રાગથી જુદું પડી જાય છે. પણ એવા પ્રૌઢ વિવેકવાળા નિશ્ચયને અજ્ઞાનીઓ દેખતા–જાણતા નથી. સાધુનાં મહાવ્રત પાળે કે ગૃહસ્થનાં અણુવ્રતો પાળે, પણ તે બધો શુભરાગ છે. તે મોક્ષનું ખરું કારણ નથી. ૪૦૮મી ગાથાથી જ

મુનિ અને શ્રાવક બંનેની વાત લીધી છે. આત્માને પર દ્રવ્યના સંયોગે અનાદિથી શુભાશુભ વ્યવહાર ચાલ્યો આવે છે. તે વ્યવહારથી ભેદજ્ઞાન થતું નથી. વ્યવહારથી નિશ્ચય પમાતો નથી. વ્યવહારના આશ્રયે પ્રૌઢ વિવેક ખૂલતો નથી. પ્રૌઢ વિવેક વાળો તો નિશ્ચય છે. હું જ્ઞાયક સ્વરૂપ છું—એમ પકડીને વિકલ્પરહિત થવું તે જ પ્રૌઢ વિવેક છે. અને તે જ ભેદજ્ઞાનનો ઉપાય છે. તેને તો અજ્ઞાનીઓ જાણતા નથી અને રાગને ઉપાદેય માનીને તેમાં જ પ્રવર્તે છે.

રાગને ઉપાદેય માને તે તો અજ્ઞાની વ્યવહાર મૂઢ છે. અને રાગને હેય કરવાનું માને તો તેમાં પણ પર્યાયબુદ્ધિ છે. કેમ કે ચૈતન્ય સ્વભાવમાં રાગ છે જ નહિ. તો પછી તેને હેય કરવાનું પણ ક્યાં રહ્યું ? નિશ્ચયની સાથે વ્યવહારને રાખે કે આ વ્યવહાર મારે હેય છે તો તેમાં પણ વિકલ્પ છે, ને ભેદજ્ઞાન થતું નથી. સ્વભાવમાં વળીને જ્યાં પ્રૌઢ વિવેકવાળો નિશ્ચય પ્રગટ્યો ત્યાં પૂર્વના રાગને આરોપથી વ્યવહાર કહેવાય છે. જીવોને ગમે તે ક્ષેત્રે, ગમે તે કાળે ચૈતન્ય સ્વરૂપ—એ જ ભેદજ્ઞાનનું કારણ છે. તે ચૈતન્યને જ મોક્ષમાર્ગનો ઇજારો છે. જે ચૈતન્યનું અવલંબન કરે તેને નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટે છે. નિમિત્તથી—રાગથી લાભ થાય, એ વાત તો દૂર રહી, પણ રાગનો નિષેધ કરું—એવું પણ સ્વભાવની દ્રષ્ટિમાં નથી. જ્ઞાયક સ્વરૂપનું અવલંબન લેવું–તેમાં જ રાગથી જુદો પાડવાની તાકાત છે.

ભેદજ્ઞાન તો નિશ્ચયના આશ્રયે જ થાય છે. વ્યવહારના આશ્રયે ભેદજ્ઞાન થતું નથી. જેઓ વ્યવહારની રુચિ કરીને તેમાં જ જોર આપે છે, તેઓ નિશ્ચયને જાણતા નથી. એટલે તેમને ભેદજ્ઞાન થતું નથી. તેવા પુરુષો સત્યાર્થ પરમાત્મરૂપ શુદ્ધજ્ઞાનમય આત્માને દેખતા નથી.

શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા જ સત્યાર્થ છે. વ્યવહાર તો અસત્યાર્થ છે. શુદ્ધ આત્મા પરમાત્મરૂપ છે ને શુભાશુભ વ્યવહાર તો અનાત્મરૂપ છે. વસ્તુ સ્વરૂપ શુદ્ધ જ્ઞાનમય છે. ને રાગાદિભાવો તો જ્ઞાનની જાગૃતિને રોકનાર છે. જેઓ તે રાગાદિની રુચિ કરે છે, તેઓ શુદ્ધ આત્માને જાણતા નથી.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ—૨૪૨

**અર્થ :**—વ્યવહારમાં જ જેમની દ્રષ્ટિ (–બુદ્ધિ) મોહિત છે એવા પુરુષો પરમાર્થને જાણતા નથી, જેમ જગતમાં તુષના જ્ઞાનમાં જ જેમની બુદ્ધિ મોહિત છે (–મોહ પામી છે) એવા પુરુષો તુષને જ જાણે છે, તંદુલને જાણતા નથી.

વ્યવહાર તો ફોતરાં જેવો છે. મૂળ વસ્તુ નિશ્ચય છે. જેઓ પરમાર્થ વસ્તુને જાણતા નથી ને દયા-વ્રત વગેરે શુભ-વ્યવહારમાં જ જેનો આત્મા અર્પાઈ ગયો છે, તે પુરુષો અનાજને છોડીને ફોતરાં ખાંડે છે. જ્ઞાની તો અંતરમાં પરમાર્થ સ્વરૂપને જાણે છે. વ્રતાદિનો રાગ આવે છે તેને મોક્ષમાર્ગ માનતા નથી, પણ અજ્ઞાની તો તે વ્રતાદિના રાગને જ મોક્ષમાર્ગ માનીને તેમાં મોહિત થાય છે.

જેમ એક બાઈ ડાંગર ખાંડતી હતી, તેમાં ચોખા નીચે ઉતરતા હતા ને ફોતરાં ઉપર રહેતાં હતાં. ત્યાં બીજી બાઈએ તે જોયું અને 'આ બાઈ ફોતરાં ખાંડતી લાગે છે' એમ વિચારીને તે પણ ફોતરાં ખાંડવા માંડી. પણ કાંઈ ફોતરાંમાંથી કણ નીકળે ? તેમ જ્ઞાનીને અંતરમાં પરમાર્થ સ્વરૂપના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ચોખ્ખો મોક્ષમાર્ગ પ્રગટ્યો છે. તે તો અંતરમાં છે ને ઉપરથી ફોતરાં જેવા મહાવ્રતાદિના શુભ પરિણામ તથા નગ્ન દિગંબર શરીર—વગેરે છે. ત્યાં અજ્ઞાની તેની અંતર્દૃષ્ટિને તો જાણતો નથી ને વ્રતાદિના રાગને તથા દ્રવ્યલિંગને જ દેખે છે. એટલે તેને મોક્ષમાર્ગ માનીને તેમાં જ મોહિત થઈને રોકાઈ જાય છે.

શિયાળામાં જંગલના માણસોએ ઘાસ ભેગું કર્યું ને અગ્નિનો તણખો મૂકીને સળગાવ્યું અને તાપવા બેઠા. ત્યાં જંગલના વાંદરાઓએ તે જોયું. તેમણે પણ વિચાર્યું કે આપણે પણ અગ્નિ કરીને તાપ કરીએ, તેમણે ઘાસનો મોટો ઢગલો કર્યો પણ હવે ભડકો ક્યાંથી કરવો ? તેમણે તો ઊડતા આગિયાને ચમકતો દેખીને તે આગિયાને પકડીને ઘાસમાં મૂક્યો. પણ આગિયા જીવડાથી કાંઈ અગ્નિ સળગે ? જુઓ ! અગ્નિ છોડીને વાંદરાઓએ બહારની નકલ કરી; તેમ જ્ઞાની તો અંતરમાં ચૈતન્યના આશ્રયે મોક્ષમાર્ગને સાધે છે, ત્યાં બહારમાં તેમને પુણ્ય—પરિણામ અને દ્રવ્યલિંગ પણ હોય છે. અજ્ઞાની અંતરના સ્વભાવને જાણતો નથી ને વાંદરાની માફક જ્ઞાનીઓના રાગાદિને જ મોક્ષનું કારણ માનીને તેની નકલ કરે છે. પણ તેમણે મોક્ષનું ખરું કારણ તો જાણ્યું નથી એટલે તેઓ મૂળવસ્તુને છોડીને ફોતરાંને ખાંડે છે.

**<u>ભાવાર્થ :—</u>**જેઓ ફોતરામાં મુગ્ધ થઈ રહ્યા છે, ફોતરાંને જ કૂટ્યા કરે છે તેમણે તંદુલ જાણ્યા જ નથી. તેવી રીતે જેઓ દ્રવ્યલિંગ આદિ વ્યવહારમાં મુગ્ધ થઈ રહ્યા છે (અર્થાત્ શરીરાદિની ક્રિયામાં મમત્વ કર્યા કરે છે) તેમણે શુદ્ધાત્મ અનુભવનરૂપ પરમાર્થને જાણ્યો જ નથી. અર્થાત્ એવા જીવો શરીરાદિ પરદ્રવ્યને જ આત્મા જાણે છે. પરમાર્થ આત્માનું સ્વરૂપ તેઓ જાણતા જ નથી.

## કળશ—૨૪૩

**અર્થ :—**જેઓ દ્રવ્યલિંગમાં મમકાર વડે અંધ–વિવેક રહિત છે, તેઓ સમયસારને દેખતા નથી; કારણ કે આ જગતમાં દ્રવ્યલિંગ તો ખરેખર અન્યદ્રવ્યથી થાય છે, આ જ્ઞાન જ એક પોતાથી (આત્મદ્રવ્યથી) થાય છે.

રાગરૂપ વ્યવહાર પર દ્રવ્યથી થાય છે. જ્ઞાનસ્વભાવ સ્વદ્રવ્યથી થાય છે. જેટલા ભાવ સ્વાશ્રયે થાય છે તે જ પોતાનો ભાવ છે. પરદ્રવ્યના આશ્રયે થાય, તે બધો વ્યવહાર છે. તે આત્માનું પરમાર્થ સ્વરૂપ નથી. પંચમહાવ્રતાદિના વિકલ્પો પણ દ્રવ્યલિંગ છે. તે પણ પરદ્રવ્યના આશ્રયે થાય છે. તેને જ જેઓ મોક્ષમાર્ગ માને છે, તેઓ દ્રવ્યલિંગમાં મમકાર વડે અંધ છે, વિવેકરહિત છે.

વ્યવહારનય જ મુનિલિંગને અને શ્રાવકલિંગને—એ બન્ને લિંગોને મોક્ષમાર્ગ કહે છે. નિશ્ચયનય કોઈ લિંગને મોક્ષમાર્ગ કહેતો નથી—એમ હવે ગાથાઓમાં કહે છે.

## ગાથા—૪૧૪

**વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષ પંથ વિષે કહે,**
**નિશ્ચય નહિ માને કદી કો લિંગ મુક્તિ પથ વિષે. ૪૧૪.**

**અન્વયાર્થ :—**વ્યવહારનય બન્ને લિંગોને મોક્ષમાર્ગમાં કહે છે (અર્થાત્ વ્યવહારનય મુનિલિંગ તેમ જ ગૃહીલિંગને મોક્ષમાર્ગ કહે છે); એ નિશ્ચયનય સર્વ લિંગોને (અર્થાત્ કોઈપણ લિંગને) મોક્ષમાર્ગમાં ગણતો નથી.

મુનિને નગ્નદશા અને પંચમહાવ્રત હોય છે—એમ વ્યવહારનય જણાવે છે; મુનિઓની બાહ્યદશા ત્રણેકાળે દિગંબર જ હોય છે. વસ્ત્રાદિવાળું મુનિલિંગ હોતું નથી. સાધકને નિશ્ચય મોક્ષમાર્ગની સાથે વ્રતાદિ વ્યવહાર પણ હોય છે. જો વ્યવહાર—વિકલ્પ ન હોય તો તો કેવળજ્ઞાન હોય. વ્યવહારનય એમ નથી કહેતો કે બહારમાં ગમે તે દશા હોય ને મુનિદશા થઈ જાય ! વ્યવહાર નય એમ ઓળખાવે કે મોક્ષમાર્ગમાં મુનિઓને આવું દિગંબર દ્રવ્ય લિંગ જ હોય છે અને ૨૮ મૂળગુણો હોય છે; પણ નિશ્ચયનય તે પર દ્રવ્યોને મોક્ષમાર્ગમાં સ્વીકારતો નથી. **વ્યવહારનય તો સ્વદ્રવ્ય—પરદ્રવ્યને અને કારણ—કાર્ય વગેરેને એકબીજામાં ભેળવીને કહે છે.** એટલે નિમિત્ત અને રાગાદિ વ્યવહારને પણ તે મોક્ષમાર્ગમાં કહે છે પણ તે કહેવામાત્ર છે. વ્યવહારના કથન પ્રમાણે જ તેઓ શ્રદ્ધા કરે છે તે મિથ્યાદ્રષ્ટિ છે.

એ વાત મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. ત્યાં કહે છે કે :—

વ્યવહારનય સ્વદ્રવ્ય–પરદ્રવ્યને વા તેના ભાવને વા કારણ—કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો નથી. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી. તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રદ્ધાન કરવું.

નિમિત્ત અને રાગાદિ છે, એમ વ્યવહારનય સ્થાપે છે પણ તેનાથી નિશ્ચય પ્રગટે, એમ જે માને તે તો મિથ્યાદ્રષ્ટિ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન થયું ને મુનિદશા પ્રગટી, ત્યાં પણ મહાવ્રતાદિનો શુભ વિકલ્પ આવે છે, તેને વ્યવહારનય જાણે છે પણ સાથે નિશ્ચયનું ભાન છે. તો વ્યવહારને વ્યવહાર કહેવાય છે. જો નિશ્ચય ન હોય તો તત્ત્વોનો જ નાશ થાય છે અને જો વ્યવહાર ન હોય તો તીર્થનો નાશ થાય છે. એટલે ગુણસ્થાન ભેદો, સાધકદશા વગેરે ભેદોનું જ્ઞાન વ્યવહાર વગર થતું નથી પણ સાથે નિશ્ચયની અભેદદ્રષ્ટિ પડી હોય તો જ ભેદનું યથાર્થ જ્ઞાન થાય છે.

શ્રાવકના ને મુનિના દ્રવ્યલિંગો—વ્રતાદિના વિકલ્પો તે મોક્ષમાર્ગ છે એમ વ્યવહારનય કહે છે; પણ તે વ્યવહાર તો અશુદ્ધદ્રવ્યના અનુભવન સ્વરૂપ છે. તે વ્યવહારના આશ્રયે શુદ્ધ આત્માનો અનુભવ થતો નથી પણ વિકારનો અનુભવ થાય છે. માટે તે વ્યવહારને પરમાર્થપણાનો અભાવ છે એટલે કે દ્રવ્ય લિંગ તે ખરેખર મોક્ષનું કારણ નથી.

શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી અતિક્રાંત, દર્શન-જ્ઞાનમાં પ્રવૃત્ત પરિણતિમાત્ર (–માત્ર દર્શન-જ્ઞાનમાં પ્રવર્તેલી પરિણતિરૂપ) શુદ્ધ જ્ઞાન જ એક છે—એવું જે નિસ્તુષ (–નિર્મળ) અનુભવન તે પરમાર્થ છે, કારણ કે તે (અનુભવન) પોતે શુદ્ધ દ્રવ્યના અનુભવન સ્વરૂપ હોવાથી તેને જ પરમાર્થપણું છે.

***

# પ્રસાદ નં. ૫૪

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર ગાથા ૪૧૪

**(માગશર વદ ૨, શનિવાર, ૨૦૦૮, તા. ૧૫-૧૨ -૫૧)**

હવે સમયસારની છેલ્લી ગાથાઓ છે. તેમાં મોક્ષમાર્ગ શું છે ? તે કહે છે. દ્રવ્યલિંગ તે મોક્ષમાર્ગ નથી. શુદ્ધ જ્ઞાનસ્વભાવી આત્માના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે જ પરમાર્થ મોક્ષમાર્ગ છે.

આત્મા 'જ્ઞ' સ્વભાવી છે. ગમે તે કાળે કે સંયોગમાં આત્મવસ્તુ શુદ્ધ જ્ઞાનસ્વભાવી છે. નિગોદદશા વખતેય તે જીવ તો શુદ્ધ જ્ઞાનસ્વભાવી જ છે. જાણકસ્વભાવનો પિંડ આત્મા છે. તેમાં રુચિ—જ્ઞાન અને એકાગ્રતા, તે જ મોક્ષમાર્ગ છે. એકલો જ્ઞાનસ્વભાવી આત્મા છે, તે જો ન હોય તો જગતને કોણ જાણે ? માટે જગતમાં જ્ઞાયકસ્વરૂપ આત્મા જ ઉત્તમ છે. તે જ્ઞાન સાથે જ આનંદ વણાયેલો છે. અંતર્મુખ ચૈતન્યશક્તિમાં વળેલું જે શુદ્ધજ્ઞાન, તે મોક્ષમાર્ગ છે. દયાદિભાવો તે શુદ્ધ નથી. તે પરમાર્થ મોક્ષમાર્ગ નથી. મુનિદશામાં પંચમહાવ્રત અને નિર્ગ્રંથદશા વગેરે વ્યવહાર હોય, પણ તે કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો અંતરમાં પરિણમેલું શુદ્ધ જ્ઞાન જ છે. જેઓ વ્યવહારને–વિકલ્પને જ મોક્ષમાર્ગ તરીકે અનુભવે છે, તેઓ શુદ્ધ આત્માને નથી અનુભવતા; વ્યવહારને જ પરમાર્થ માની લ્યે તેણે પરમાર્થરૂપ ભગવાન આત્માને જાણ્યો નથી. જેઓ પરમાર્થને જ પરમાર્થબુદ્ધિથી અનુભવે છે એટલે કે અંતર્ બુદ્ધિ કરીને આત્માને અનુભવે છે, તેઓ જ પરમાર્થરૂપ શુદ્ધ આત્માને અનુભવે છે અને તે જ મોક્ષમાર્ગ છે.

**ભાવાર્થ :—**જુઓ, બન્ને નયના વિષયો જુદા જુદા છે, તે બતાવે છે. વ્યવહારનયનો વિષય તો ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય છે, તેથી તે પરમાર્થ નથી,

નિશ્ચયનયનો વિષય તો અભેદરૂપ શુદ્ધદ્રવ્ય છે, તેથી તે પરમાર્થ છે.

તેમાં જેઓ વ્યવહારને–વ્રતાદિ પરભાવોને જ નિશ્ચય મોક્ષમાર્ગ માનીને પ્રવર્તે છે તેઓ સમયસારને અનુભવતા નથી એટલે કે વ્યવહારમાં મૂઢ છે અને જેઓ પરમાર્થરૂપ શુદ્ધાત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને તેમાં પ્રવર્તે છે તેઓ જ મોક્ષ પામે છે. જેને વ્યવહારની હોંશ છે તેને અશુદ્ધતાની હોંશ છે એટલે તેને સંસારની જ હોંશ છે. વ્યવહારનય પોતે અશુદ્ધ દ્રવ્યના અનુભવન સ્વરૂપ છે. તેના અનુભવથી મોક્ષમાર્ગ નથી. રાગની મંદતાના પરિણામ થાય ખરા, પણ તે મોક્ષનો માર્ગ નથી. જિનમંદિર બંધાવે, પંચકલ્યાણક કરાવે, ભગવાનની રથયાત્રા કઢાવે, તેમાં શુભરાગ કરે અને

કોઈ કહે કે તમે ઘણી પ્રભાવના કરી. હવે તમારો મોક્ષ થઈ જશે, ત્યાં જો તે શુભરાગથી મોક્ષ થવાની વાત સાંભળતાં તેની હોંશ આવે ને તેને જ મોક્ષનું કારણ માની લ્યે–તો તે જીવે રાગરહિત શુદ્ધ આત્માને જાણ્યો નથી. તેને મુક્તિ થતી નથી. તેણે તો રાગને જ પરમાર્થ માની લીધો. એટલે તેનો શુભરાગ તો વ્યવહાર પણ નથી.

શુભરાગને વ્યવહાર પણ ક્યારે કહેવાય ? કે શુદ્ધ આત્માના આશ્રયે પરમાર્થ મોક્ષમાર્ગ પ્રગટ કર્યો હોય તો શુભરાગને વ્યવહારથી મોક્ષનું કારણ કહેવાય.

જુઓ ! જિનપ્રતિમા સ્થિરબિંબ પડ્યા છે. તેમ જ્ઞાનબિંબ લોકાલોકને જાણનાર છે. વીતરાગી જિનપ્રતિમા તો એમ ને એમ સ્થિરબિંબ બિરાજી રહ્યા છે. જાણે વીતરાગભાવ છવાઈ ગયો છે ! દુનિયામાં ગમે તેમ થાય.....કોઈ નિંદા કરો કે સ્તુતિ કરો, પણ ત્યાં તો એક વીતરાગભાવ જ છવાઈ રહ્યો છે. તેમ હે જીવ ! તારો પણ જ્ઞાનસ્વભાવ છે, તેમાં એકાગ્ર થઈને સ્થિર થા. તે જ મોક્ષમાર્ગ છે. જ્ઞાનમાં વિકલ્પ ઊઠે તે મોક્ષમાર્ગ નથી. માટે એક જ્ઞાનને જ અનુભવો !

બહુ કથનથી બસ થાઓ. એક પરમાર્થનો જ અનુભવ કરો–એવા અર્થનું કાવ્ય કહે છે.

## કળશ ૨૪૪

**અર્થ :—**બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ. બસ થાઓ. અહીં એટલું જ કહેવાનું છે કે આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો; કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (–પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી (–સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી).

અહો ! એક શુદ્ધજ્ઞાન જ મોક્ષનો માર્ગ છે. તેના અનુભવ સિવાય આ વાણી અને વિકલ્પોથી બસ થાઓ—બસ થાઓ ! ભગવાન સમયસાર વાણી અને વિકલ્પથી પાર છે. તે વાણી કે વિકલ્પ વડે અનુભવમાં આવે તેવો નથી. માટે તે વાણી અને વિકલ્પોથી બસ થાઓ ! શુદ્ધ આત્મા અનુભવગમ્ય છે. તેનો અનુભવ કરો—એ જ મોક્ષમાર્ગ છે.

જ્ઞાન સ્વ-પરને જાણનાર છે તે 'સુવિકલ્પ' છે. તે સિવાય શુભ-અશુભ લાગણીઓ ઊઠે તે બધા દુર્વિકલ્પો છે. તે વિકલ્પોથી બસ થાઓ.....એટલું જ કહેવાનું છે કે આ શુદ્ધ આત્માને એકને જ નિરંતર અનુભવો—એ એક જ મોક્ષમાર્ગ છે. ચૈતન્યવસ્તુ અંતરમાં એવી ને એવી બિરાજી રહી છે. તેની અંતર્મુખદ્રષ્ટિ કરીને તેને જ અનુભવો—એ જ સર્વકથનનું છેલ્લું તાત્પર્ય છે.

'જ્ઞ' સ્વભાવી આત્મા જ અમૃત છે. તેનો અનુભવ તે જ અમૃતમાર્ગ છે. માટે એક સમયનો પણ આંતરો પાડ્યા વગર તેને જ અનુભવો. નિજશક્તિ સ્વભાવના ફેલાવથી પૂર્ણ એવા જ્ઞાનના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર તેનાથી ઊંચું જગતમાં ખરેખર બીજું કાંઈ નથી. **न खलु समयसारात् उत्तरं किंचिदस्ति** અહો ! ધ્રુવ આત્મામાં પર્યાય અભેદ થઈને અનુભવ થાય. એવા સમયસારથી ઊંચું જગતમાં કાંઈ નથી. ધ્રુવ સ્વરૂપમાં લીન થઈને તેનો અનુભવ કરતાં મોક્ષ થાય છે. તેથી શુદ્ધાત્માના અનુભવ સિવાય જગતમાં કાંઈ ઉત્તમ નથી.

"પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો; આ ઉપરાંત ખરેખર બીજું કોઈ પણ સારભૂત નથી."

હવે છેલ્લી ગાથામાં આ સમયસાર ગ્રંથના અભ્યાસ વગેરેનું ફળ કહીને આચાર્યભગવાન આ ગ્રંથ પૂર્ણ કરશે. તેની સૂચનાનો શ્લોક પ્રથમ કહે છે :—

## શ્લોક ૨૪૫

**અર્થ :—**આનંદમય વિજ્ઞાનઘનને (–શુદ્ધ પરમાત્માને, સમયસારને) પ્રત્યક્ષ કરતું આ એક (–અદ્વિતીય) અક્ષય જગત ચક્ષુ (સમયપ્રાભૃત) પૂર્ણતાને પામે છે.

જુઓ, અહીં તો આત્માને પ્રત્યક્ષ કરવાની જ વાત લીધી. આ સમયસાર વિજ્ઞાનઘન શુદ્ધ આત્માને પ્રત્યક્ષ જ દેખાડે છે. એવા આનંદઘન શુદ્ધાત્માને દેખાડનારું આ જગતચક્ષુ છે. તે હવે પૂરું થાય છે.

આ સમયસાર અદ્વિતીય જગતચક્ષુ છે. અહો ! આ સમયસાર ભરતક્ષેત્રમાં અજોડ છે. એવો આ અદ્વિતીય સમયસાર શબ્દરચનાથી પણ હવે પૂર્ણ થાય છે. ને તેમાં કહેલા શુદ્ધાત્માને સમજે તે ભાવે પણ પૂર્ણ થાય છે. અમૃતચંદ્રાચાર્ય પોકાર કરીને કહે છે કે આ ભરતક્ષેત્રમાં આ સમયસાર અજોડ છે. તેની જોડે આવી શકે તેવો બીજો ગ્રંથ નથી.

આત્મા વિજ્ઞાનઘન છે ને આનંદમય છે. દયાદિ ભાવોની વૃત્તિ ઊઠે તે વિજ્ઞાનઘન નથી, તેમાં આનંદ નથી. શુદ્ધ વિજ્ઞાનઘન આત્માને આ સમયસાર પ્રત્યક્ષ દેખાડે છે. તેથી આ સમયસાર અક્ષય જગતચક્ષુ છે. આત્માનું જ્ઞાન પણ અક્ષય જગતચક્ષુ છે. આખા જગતને જોનારી આંખ તો આ આત્મા છે. જો આત્મા ન હોય તો જગતને કોણ દેખે ? જગતને દેખનારો આત્મા છે, તેથી તે જગતચક્ષુ છે; તે આત્માને આ સમયસાર પ્રત્યક્ષ દેખાડે છે. તેથી તે પણ જગતચક્ષુ છે.

ભગવાન આત્મા જગતને જોનારો અદ્વિતીય જગતચક્ષુ છે. બહારનાં આ જડ ચક્ષુથી આત્મા દેખતો નથી. તેમ જ તે આંખોમાં ક્યાંય એવાં કાણાં નથી કે જેમાંથી આત્મા દેખે; અખંડ પડ છે. અંદરથી આત્મા પોતાના જ્ઞાનસ્વભાવથી જ દેખે છે.

આ સમયસાર નાટક પૂર્ણતાને પામે છે અને જે આ સમયસારમાં કહેલા શુદ્ધાત્માને સમજે તે પણ કેવળજ્ઞાન પામીને પૂર્ણતાને પામે છે અને તેનું સંસારનું નાટક બંધ થઈ જાય છે. અનાદિ કાળથી સંસારમાં રખડતો આત્મા છે ને આત્માને સમજીને મોક્ષ પામતાં સાદિ અનંતકાળ મોક્ષમાં રહે છે. એવા અનાદિઅનંત આત્માનું નાટક આ સમયસાર દેખાડે છે. જેમ નાટકમાં ટૂંકા કાળમાં બધું નાટક બતાવી દે છે તેમ આ શાસ્ત્ર પણ ટૂંકામાં જીવનું આખું ય નાટક બતાવનારું છે અને આત્મામાં ટૂંકા ભાવે તે સમજીને ટૂંકા કાળમાં મોક્ષ લ્યે તેવી આત્માની તાકાત છે.

જે કહેવાનું હતું તે બધુંય આ સમયસારમાં કહેવાઈ ગયું છે. તે સમજશે તે જીવ પૂર્ણ પરમાત્માદશાને પામશે—એમ આચાર્યદેવ આશીર્વાદ આપે છે.

જેમ રાજાને ભેટણું આપતાં તે પ્રસન્ન થાય છે તેમ આ સમયસારમાં કહેલા ભાવો સમજીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી જે ભેટણું—તે આપતાં પોતાનો આત્મા પ્રસન્ન થાય છે, એટલે કે મુક્તિ થાય છે.

“સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે તેમ પોતાની પરમઉત્કૃષ્ટ આત્મદશા સ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર જે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપ્યે પરમાત્મદશા—સિદ્ધદશા પ્રગટ થાય છે.

આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે.”

કુંદકુંદાચાર્ય ભગવાને આ સમયસારરૂપી ભેટ જગતને આપી છે.

આ સમયસારમાં કહેલા ભાવો જે સમજશે તે જીવ પરમાત્મદશાને પામી જશે.

શ્રી સમયસારની ટીકામાં છેલ્લે શ્રી જયસેનાચાર્ય કહે છે કે :—

जयउ रिसि पउमणंदी जेण महातच्चपाहुडसेलो ।
बुद्धिसिरेणुद्धरिओ समप्पिओ भव्वलोयस्स ।।

“જયવંત વર્તો તે પદ્મનંદી આચાર્ય અર્થાત્ કુંદકુંદ આચાર્ય કે જેમણે મહાતત્ત્વથી ભરેલો પ્રાભૃતરૂપી પર્વત બુદ્ધિરૂપી શિર પર ઉપાડીને ભવ્યજીવોને સમર્પિત કર્યો છે.”

‘પદ્મનંદી’ તે કુંદકુંદાચાર્યનું જ બીજું નામ છે.

અહો ! ભગવાન કુંદકુંદાચાર્યદેવે સુપાત્ર ભવ્ય જીવોને આ સમયપ્રાભૃતની ભેટ આપી છે. જે જીવ તેના ભાવો સમજીને હૃદયગત કરશે તે ભવસમુદ્રને તરી જશે.

**<u>ભાવાર્થ :—</u>**આ સમયપ્રાભૃત ગ્રંથ વચનરૂપે તેમ જ જ્ઞાનરૂપે બન્ને પ્રકારે જગતને અક્ષય (અર્થાત્ તેનો વિનાશ ન થાય એવું) અદ્વિતીય નેત્ર સમાન છે, કારણ કે જેમ નેત્ર ઘટપટાદિકને પ્રત્યક્ષ દેખાડે છે તેમ સમયપ્રાભૃત આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવગોચર દેખાડે છે.

અહો ! આવું અજોડ સમયસાર ! જેનો જગતમાં જોટો નથી.

અહો ! કુંદકુંદાચાર્યભગવાનની વાત શું કરવી !! પણ અમૃતચંદ્રાચાર્ય પણ ભરતક્ષેત્રમાં ધર્મના મહા થાંભલા હતા....શ્રુતકેવળી જેવા હતા.....કેવળજ્ઞાનના વિરહા ભૂલાવે તેવી ટીકા કરી છે.

હવે ભગવાન કુંદકુંદાચાર્ય આ ગ્રંથને પૂર્ણ કરે છે. તેથી તેના મહિમારૂપે તેના અભ્યાસ વગેરેનું ફળ ગાથામાં કહે છે :—

## <u>ગાથા ૪૧૫</u>

**આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ તત્ત્વથી જાણીને,**
**ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.**

**<u>અર્થ :—</u>**જે આત્મા (–ભવ્ય જીવ) આ સમયપ્રાભૃતને ભણીને, અર્થ અને તત્ત્વથી જાણીને, તેના અર્થમાં સ્થિત થશે, તે ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે.

અહો ! આ સમયસાર ગુરુગમે ભણીને જે જીવ તેમાં કહેલા ભાવોને સમજશે, તે જીવ પોતે ઉત્તમ સુખસ્વરૂપે પરિણમી જશે. આત્માને સુખ ક્યાંયથી લાવવાનું નથી. પણ આત્મા પોતે જ સ્વભાવથી સુખરૂપે પરિણમી જાય છે.

**<u>ટીકા :—</u>**સમયસારભૂત ભગવાન પરમાત્માનું—કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે, તેનું—પ્રતિપાદન કરતું હોવાથી જે પોતે શબ્દબ્રહ્મ સમાન છે—એવા આ શાસ્ત્રને જે આત્મા ખરેખર ભણીને, વિશ્વને પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત ચૈતન્ય પ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો (આ શાસ્ત્રને) અર્થથી અને તત્ત્વથી જાણીને, તેના જ અર્થભૂત ભગવાન એક પૂર્ણ વિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં સર્વ ઉદ્યમથી સ્થિત થશે, તે આત્મા,

તત્ક્ષણ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત અને નિરાકુળ (–આકુળતા વિનાનું) હોવાને લીધે જે (સૌખ્ય) પરમાનંદ શબ્દથી વાચ્ય છે, ઉત્તમ છે અને અનાકુળતા–લક્ષણવાળું છે—એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.

ભગવાન આત્મા વિશ્વનો જ્ઞાયક–પ્રકાશક છે તેથી તે વિશ્વસમય છે અને તે આત્માનું પ્રતિપાદન કરનારું આ પરમાગમ છે તે શબ્દબ્રહ્મ સમાન છે. શબ્દબ્રહ્મ એટલે દિવ્યધ્વનિ! અહો! આ સમયસાર ભગવાનના દિવ્યધ્વનિ સમાન છે. આત્મા જ્ઞાનથી ભરેલો છે તે પરમબ્રહ્મ છે, ને તેને બતાવનારું આ પરમાગમ છે. તે શબ્દબ્રહ્મસમાન છે. વીતરાગની વાણીમાં એક સમયે બધું રહસ્ય આવે છે, તેમ આ સમયસાર પણ આત્માના પૂર્ણ સ્વરૂપને બતાવે છે. વિશ્વના પ્રકાશક એવા જ્ઞાનાનંદ આત્માને પ્રત્યક્ષ દેખાડનારું આ શાસ્ત્ર છે.

આવા શાસ્ત્રને જે ખરેખર ભણીને......ખરેખર ભણવાનું કહ્યું એટલે કે જેવો આશય છે તેવો ભાવ બરાબર સમજી જાય. પરથી—વિકલ્પથી ઉદાસ થઈને ચૈતન્યસ્વભાવનું જ્ઞાન કરે તે જ ખરેખર ભણ્યો કહેવાય. ''વાંચે પણ નહિ કરે વિચાર'' તો તે ભણ્યો ન કહેવાય. ભણે એટલે પોતાની મેળે વાંચી જાય—એમ ન સમજવું, પણ ગુરુગમે તેનું શ્રવણ કરીને આત્મસ્વરૂપનો નિર્ણય કરે. કેવા આત્માનો નિશ્ચય કરે ! કે વિશ્વને પ્રકાશવામાં જે સમર્થ છે એવા પરમાર્થભૂત ચૈતન્યપ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરે. પહેલાં ભણવાનું કહ્યું, ભણીને પછી શું કરવું ? શુદ્ધ આત્માનો નિશ્ચય કરવો. તેવો નિશ્ચય કરીને અર્થથી અને તત્ત્વથી જે જાણે છે અને તેના જ અર્થભૂત ભગવાન એક વિજ્ઞાનઘન પરમબ્રહ્મ આત્મામાં સર્વ ઉદ્યમથી સ્થિત થશે, તે આત્મા......સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે. નિર્ણય કરીને અને જાણીને તેમાં ઠરવાનું કહ્યું એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેની વાત મૂકી દીધી છે. જે જીવ આવું કરે તેને તે જ ક્ષણે અંતરમાં ચૈતન્યના આનંદનો અનુભવ થાય છે અને તે આત્મા પોતે જ પરમાનંદ સૌખ્ય સ્વરૂપે પરિણમી જશે.

*

## શ્રી સમયસાર ગાથા ૪૧૫

**(માગશર વદ ૩, રવિવાર, ૨૦૦૮, તા. ૧૬-૧૨-૫૧)**

આ સમયસારની છેલ્લી ગાથામાં તેના અભ્યાસનું ફળ બતાવે છે. જે જીવ સમયસારમાં કહેલા શુદ્ધ આત્માને જાણીને તેમાં ઠરશે, તે જીવ તત્ક્ષણ જ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત અને નિરાકુળ (–આકુળતા વિનાનું) હોવાને લીધે જે (સૌખ્ય) પરમાનંદ શબ્દથી વાચ્ય છે,

ઉત્તમ છે અને અનાકુળતા–લક્ષણવાળું છે એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.

આત્માના સુખનું લક્ષણ અનાકુળતા છે ને તે પરમાનંદ શબ્દથી વાચ્ય છે. જે જીવ ચૈતન્યનું ભાન કરીને તેમાં ઠરશે તે જીવ સાદિ અનંત કાળ આનંદના અનુભવમાં મગ્ન રહેશે—એવું આ શાસ્ત્રના અભ્યાસનું ફળ છે.

**ભાવાર્થ :—**આ શાસ્ત્રનું નામ સમયસાર છે. સમય એટલે પદાર્થ અથવા સમય એટલે આત્મા. તેને કહેનારું આ શાસ્ત્ર છે. વળી આત્મા તો સમસ્ત પદાર્થોનો પ્રકાશક છે. આવા વિશ્વપ્રકાશક આત્માને કહેતું હોવાથી આ સમયપ્રાભૃત શબ્દબ્રહ્મ સમાન છે. કારણ કે જે સમસ્ત પદાર્થોનું કહેનાર હોય તેને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે.

આત્મા તો સમસ્ત પદાર્થોનો પ્રકાશક છે, પણ ક્યાંય આઘુંપાછું કરનાર નથી. દ્રવ્ય, ગુણ, પર્યાય, રાગ-દ્વેષ કે પરદ્રવ્યો તે બધાયનો પ્રકાશક છે. આવા પરમબ્રહ્મ આત્માનું સ્વરૂપ આ શાસ્ત્ર બતાવે છે તેથી તેને શબ્દબ્રહ્મ કહેવાય છે, સંયોગો ફરતાં તે મારે લઈને ફર્યા અથવા તે સંયોગને લીધે મારું જ્ઞાન ફર્યું—એમ અજ્ઞાની માને છે; પણ તેવું આત્માનું સ્વરૂપ નથી. આત્માનું સ્વરૂપ તો સમસ્ત પદાર્થને પ્રકાશવાનું છે. ક્યાંય કોઈમાં ફેરફાર કરવાનું નથી. આત્મા પરનો પ્રકાશક છે પણ પરનો સંહારક કે પરનો વિકાસક નથી. મૂળ શબ્દબ્રહ્મ તો ભગવાનની દિવ્યવાણી છે. દિવ્યવાણીમાંથી રચાયેલાં બાર અંગ તે શબ્દબ્રહ્મ છે, ને આ સમયસારશાસ્ત્રને પણ શબ્દબ્રહ્મની ઉપમા છે. જુઓ! સમયસારને દિવ્યધ્વનિની ઉપમા છે. આ શબ્દબ્રહ્મ ચૈતન્ય પરમબ્રહ્મને સાક્ષાત્ દેખાડનારું છે. આખી દુનિયાનો પ્રકાશક એવો જે આત્મા તેને આ શાસ્ત્ર પ્રકાશે છે. નિમિત્ત તરીકે આ શબ્દબ્રહ્મશાસ્ત્ર પરમબ્રહ્મ આત્માને સાક્ષાત્ દેખાડે છે. ખરેખર તો શાસ્ત્રનો પણ પ્રકાશક આત્મા છે. અહીં તો કહે છે કે આ શાસ્ત્ર ચૈતન્યસ્વરૂપ આત્માને સાક્ષાત્ દેખાડે છે.

જે સમસ્ત પદાર્થને પ્રકાશનારો છે એવા આત્માને આ શાસ્ત્ર પ્રકાશે છે પણ તે શાસ્ત્રને કોણ પ્રકાશે છે ? શાસ્ત્રનો પ્રકાશક તો આત્મા છે. એમ પરસ્પર એકબીજાના પ્રકાશક કહ્યા તેમાં ખરેખર આત્માનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે, ને શાસ્ત્ર તો નિમિત્ત તરીકે આત્માનું પ્રકાશક છે. જેમ જે સંયોગ છે તે બધાયનો પ્રકાશક જ આત્મા છે. શાસ્ત્ર તો કહે છે કે તું જ સ્વયં બધાનો પ્રકાશક છો, અમારો પ્રકાશક પણ તું જ છો. તું જાગ્યો ત્યારે તેં અમને જાણ્યા અને ત્યારે અમે આત્માને પ્રકાશ્યો, એમ નિમિત્તથી કહેવાય

છે. આત્મા સર્વવ્યાપક નથી પણ સર્વનો જાણનાર છે. આવા આત્માને આ સમયસારશાસ્ત્ર સાક્ષાત્ દેખાડે છે.

જે આ શાસ્ત્રને ભણીને તેના યથાર્થ અર્થમાં ઠરશે, તે પરબ્રહ્મને પામશે. ચૈતન્ય તો સ્વ-પરપ્રકાશક છે. આંખ બંધ હોય ત્યારે આંખ બંધ છે એમ કોણે જાણ્યું ? જાણનારો તે આંખોથી જુદો છે. અંદર ચૈતન્યસ્વરૂપ આત્મા સર્વનો પ્રકાશક છે. એવા આત્માને જે જાણશે અને તેમાં ઠરશે તે જીવ પોતે જ ઉત્તમ સ્વાભાવિક સુખને પામશે.

જુઓ, ભરત ચક્રવર્તીને છ ખંડનું રાજ હતું. પછી અચાનક વૈરાગ્ય થતાં દીક્ષિત થઈને ચાલી નીકળે છે. સ્વયં લોચ કરીને મુનિ થઈને ધ્યાનમાં બેસે છે; ત્યાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ ગયું—ત્રણકાળ ત્રણ લોકને પ્રકાશક ચૈતન્ય દીવો પ્રગટ્યો ને પાછળ રાજમાં ખળભળાટ થઈ ગયો. હજારો રાણીઓ—કુંવરો વગેરેમાં ખળભળાટ થઈ ગયો. પણ ભરત તો કેવળજ્ઞાન પામ્યા છે. તે તો બધાના પ્રકાશક છે, તેમને ખેદ નથી તેમ દરેક આત્માનો તેવો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. તે બધાનો પ્રકાશક છે. એવા આત્માને સમજીને તેમાં જે ઠરે, તે જીવ કેવળજ્ઞાન પામીને પરમસુખને પામે છે.

માટે હે ભવ્ય જીવો ! તમે પોતાના કલ્યાણને અર્થે આનો અભ્યાસ કરો, આનું શ્રવણ કરો, નિરંતર આનું જ સ્મરણ અને ધ્યાન રાખો કે જેથી અવિનાશી સુખની પ્રાપ્તિ થાય. આવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

પોતાના કલ્યાણને માટે અભ્યાસ કરવાનું કહ્યું છે. પણ બીજાને સંભળાવવા માટે ભણવાનું નથી કહ્યું. બીજાને સંભળાવવાની ભાવનામાં રોકાય તો પોતાનું પ્રયોજન સિદ્ધ થતું નથી. માટે હે ભવ્યજીવો ! તમે તમારા આત્માના કલ્યાણ માટે આ શાસ્ત્રનો અભ્યાસ કરો, તેનું સત્સમાગમે શ્રવણ કરો; પણ તે અભ્યાસ અને શ્રવણમાં એમ નક્કી કરવું કે આત્મા તો સ્વ-પરપ્રકાશક ચૈતન્યબિંબ છે. આત્મા વિશ્વપ્રકાશક છે એમ સંભળાવનાર હોય, તેની પાસેથી શ્રવણ કરજે, પણ આત્માને પરનો કર્તા બતાવે, તે વાત સાંભળીશ નહિ. લાખો વાતોનો સાર આ જ કાઢજે કે હું તો ચૈતન્યબિંબ વિશ્વનો પ્રકાશક છું, નિરંતર એનું જ સ્મરણ કર. ખાવા બેસે ત્યારે પણ એ જ સ્મરણ—ભાવના રાખ કે ''હું સ્વ-પરપ્રકાશક છું, હું જ્ઞાયક છું.''

જેમ મોટી ઉંમરે એકનો એક વીસ વર્ષનો પુત્ર મરી જાય ત્યાં તેનું કેવું રટણ રહ્યા કરે છે !! જેને કાળજે ઘા લાગ્યા છે તે ખાતા કે ઊંઘતાં ઝૂરે છે કે 'અરે મારો દીકરો !'

તેમ જેને ચૈતન્યમાં ઘા લાગ્યા છે—ધગશ જાગી છે, તે નિરંતર સ્વ—પરપ્રકાશક ચૈતન્યનું જ સ્મરણ કરે છે. ગમે તે પ્રસંગ હો—રોગ હો, નિરોગ હો, જીવન હો કે દેહ છૂટવાનાં ટાણાં હોય—પણ એ જ સ્મરણ રાખ કે હું તો ચૈતન્યગોળો છું—જ્ઞાનબિંબ છું. ચૌદ બ્રહ્માંડમાં ગમે ત્યાં ક્ષેત્રાંતર થાય પણ મારો આત્મા તો ચૈતન્યગોળો જ છે. એવા આત્માનું જ સ્મરણ કરો ને તેનું જ ધ્યાન રાખો.—એવો આ શાસ્ત્રનો સાર છે. તેમ કરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. આવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

શાસ્ત્ર પૂરું કરતાં શ્રીગુરુ ભલામણ કરે છે કે હે ભવ્ય જીવ ! સમયસારે કહેલાં તું તારા આવા ચૈતન્યસ્વરૂપ આત્માને ભૂલીશ નહિ. તેનું નિરંતર ધ્યાન રાખજે.

હવે આ સર્વવિશુદ્ધજ્ઞાનના અધિકારની પૂર્ણતાના કળશરૂપ શ્લોક કહે છે :—

## કળશ ૨૪૬

**અર્થ :**–આ રીતે આ આત્માનું તત્ત્વ (અર્થાત્ પરમાર્થભૂત સ્વરૂપ) જ્ઞાનમાત્ર નકકી થયું—કે જે (આત્માનું) જ્ઞાનમાત્ર તત્ત્વ અખંડ છે (અર્થાત્ અનેક જ્ઞેયાકારોથી અને પ્રતિપક્ષી કર્મોથી જો કે ખંડ ખંડ દેખાય છે તોપણ જ્ઞાનમાંત્રમાં ખંડ નથી), એક છે (અર્થાત્ અખંડ હોવાથી એકરૂપ છે), અચળ છે (અર્થાત્ જ્ઞાનરૂપથી ચળતું નથી—જ્ઞેયરૂપ થતું નથી), સ્વસંવેદ્ય છે (અર્થાત્ પોતાથી જ પોતે જણાય છે) અને અબાધિત (અર્થાત્ કોઈ ખોટી યુક્તિથી બાધા પામતું નથી) છે.

આ અધિકારનો આ છેલ્લો કળશ છે. પછી પરિશિષ્ટ આવશે.

સમયસારથી શું નક્કી થયું ? કે આત્માનું તત્ત્વ જ્ઞાનમાત્ર છે. એમ નક્કી થયું. આવા જ્ઞાનનો નિર્ણય કરવો ને જ્ઞાનમાં ઠરવું–તે જ મોક્ષનો ઉપાય છે. આત્માનું તત્ત્વ તો જ્ઞાનમાત્ર જ છે. રાગાદિભાવો તે ખરેખર આત્માનું તત્ત્વ નથી. જ્ઞાનમાત્ર કહ્યું તેમાં રાગાદિનો અભાવ છે, પણ બીજા અનંતગુણો તો જ્ઞાનમાં અભેદ છે. જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ કેવું છે, તે પાંચ વિશેષણોથી ઓળખાવે છે.

(૧) જ્ઞાનમાત્ર તત્ત્વ **અખંડ** છે. અનેક જ્ઞેયો જણાવા છતાં જ્ઞાન પોતાના એકપણાને છોડતું નથી. એટલે ખંડિત થતું નથી. અજ્ઞાનીને જ્ઞાન ખંડખંડરૂપ ભાસે છે, પણ ખરેખર આત્માના જ્ઞાનમાત્ર તત્ત્વની અખંડતા છે.

એક છોકરો સામી વસ્તુને જોતો હતો ત્યાં સામી ચીજ ઊંચી-નીચી થતાં પોતે પણ માથું ઊંચું-નીચું કરે. તેમાં તેની ચંચળતા-અસ્થિરતા છે. તેમ જગતનાં જ્ઞેયોને જોવાનો જ્ઞાનનો સ્વભાવ છે. ત્યાં જ્ઞેયો ઊંચા-નીચાં

થતાં (જ્ઞેયોમાં ફેરફાર થતાં) પોતે પોતાનું જ્ઞાન પણ ઊંચું-નીચું થવાનું (ખંડખંડ થવાનું) માને છે, પણ જ્ઞાન તો પોતે પોતામાં સ્થિર રહીને બધાને જાણે એવો તેનો સ્વભાવ છે. એવા જ્ઞાન માત્ર આત્મતત્ત્વને સમયસારમાં નક્કી કર્યું.

(૨) જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ **એક** છે. પર્યાયમાં અનેકરૂપતા થવા છતાં જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ તો એકરૂપ છે, અનેક પદાર્થોને જાણવા માટે પોતાને અનેકરૂપ થવું પડતું નથી.

જ્ઞાનમાત્ર આત્મતત્ત્વમાં ખંડનો અભાવ છે ને એકપણાની અસ્તિ છે.

(૩) **અચળ** છે. જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ ત્રણકાળમાં જ્ઞાનથી ચલિત થતું નથી. જ્ઞાનને છોડીને કદી પણ રાગાદિરૂપે કે જડરૂપે થતું નથી. નિગોદ કે નરક વખતે પણ તે જ્ઞાનતત્ત્વ જ્ઞેયોપણે થઈ ગયું નથી. આત્મા જ્ઞાનમાત્ર છે, તે જ્ઞાનભાવને કદી છોડતો નથી, માટે અચળ છે. જ્ઞાનમાત્ર તત્ત્વ સદા જ્ઞાનપણે જ રહ્યું છે. જો તે કદી શરીરરૂપે કે રાગાદિરૂપે થઈ ગયું હોય તો તે શરીર કે રાગાદિથી કદી છૂટી ન શકે પણ તે રાગાદિ અને શરીર તો છૂટી જાય છે. છતાં જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ નાશ પામતું નથી. આવું જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ નક્કી થયું. સમયસારની ૪૧૫ ગાથામાં ઘણા ઘણા પ્રકારે આત્માને જ્ઞાનમાત્ર નક્કી કર્યો છે.

(૪) જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ **સ્વસંવેદ્ય** છે. પોતે પોતાથી જ જણાય છે. કોઈ પરના આશ્રયે નથી જાણતું, શાસ્ત્રથી જણાય છે. એમ નિમિત્તથી કહ્યું. પણ શાસ્ત્ર કહે છે કે તું સ્વસંવેદ્ય છો. પોતે પોતામાં અંતર્મુખ થઈને પોતાને જાણે છે, તેથી સ્વસંવેદ્ય છે. જ્ઞાન જ્ઞાનથી જ જણાય છે, રાગથી કે પર નિમિત્તથી જણાય તેવું નથી.

(૫) જ્ઞાનમાત્ર આત્મા **અબાધિત** છે. તેને કોઈ કુયુક્તિથી બાધા પહોંચતી નથી. અજ્ઞાની ઊંધી રીતે માને ભલે, પણ આત્મા તો જ્ઞાનમાત્ર જ છે. તે જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ કોઈની કુયુક્તિથી નાશ પામતું નથી.

ચૈતન્ય પરમેશ્વરને પાંચ વિશેષણોથી ઓળખાવ્યો.

***

# પ્રસાદ નં. ૫૬

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર : ગાથા ૪૧૫, કળશ ૨૪૬

**(માગશર વદ ૪, સોમવાર, ૨૦૦૮, તા. ૧૭-૧૨-૫૧)**

જેને આત્માની શાંતિ પ્રગટ કરવી હોય તેણે શું કરવું ? કે જ્ઞાનમાત્ર આત્મતત્ત્વને ઓળખવું.

અહીં આત્માનું નિજ સ્વરૂપ જ્ઞાન જ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે. આત્મામાં અનંત ધર્મો છે. પરંતુ તેમાં કેટલાક તો સાધારણ છે. તેથી તેઓ અતિવ્યાપ્તિવાળા છે. તેમનાથી આત્માને ઓળખી શકાય નહિ. આત્મામાં અનંતાધર્મો છે. જ્ઞાન-દર્શન-આનંદ વગેરે અનંતાધર્મો છે. પણ તેમાં અસ્તિત્વ વગેરે ધર્મો તો સાધારણ છે. આત્મા સિવાયનાં બીજાં દ્રવ્યોમાં પણ તે ધર્મો છે. તેથી તેને આત્માનું લક્ષણ કહેતાં અતિવ્યાપ્તિદોષ આવે છે. આત્માનો કેવો સ્વભાવ છે તે ઓળખ્યા વિના ધર્મ ન થાય. જે ધર્મ બીજામાં પણ હોય તે ધર્મ વડે આત્મા જુદો ઓળખી ન શકાય; કોઈ ખાસ માણસને ઓળખવો હોય તો ‘એ માણસ!’ એમ કહેતાં તે ખાસ માણસ જુદો પડે નહિ, કેમ કે માણસપણું તો બધાં માણસોમાં છે. ત્યાં ખાસ માણસના જુદા નામ વડે તે જુદો ઓળખાય છે. તેમ ‘અસ્તિત્વ’–એમ કહેતાં ભિન્ન આત્મા જણાતો નથી. કેમ કે અસ્તિત્વ તો બધાં દ્રવ્યોમાં છે. આત્મા છે તેમ જડ પણ છે. માટે અસ્તિત્વ વગેરે જે સાધારણ ધર્મો છે તે લક્ષણથી આત્મા ઓળખાતો નથી.

વળી કેટલાક ધર્મો પર્યાયાશ્રિત છે. “આત્મા કેવળજ્ઞાની છે”–એમ કેવળજ્ઞાનને આત્માનું લક્ષણ કહેતાં પણ આત્મા ઓળખાતો નથી કેમ કે તે કેવળજ્ઞાન તો પર્યાયાશ્રિત છે. આત્માની કોઈક પર્યાયમાં તે હોય છે ને કોઈક પર્યાયમાં નથી હોતું. તેથી તે અવ્યાપ્તિવાળા ધર્મો છે. એ જ પ્રમાણે રાગાદિને આત્માનું લક્ષણ કહેતાં પણ આત્મા ઓળખાતો નથી.

‘ચેતનતા’ જો કે આત્માનું (અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિથી રહિત) લક્ષણ છે, તોપણ તે શક્તિમાત્ર છે, અદ્રષ્ટ છે, તેની વ્યક્તિ દર્શન અને જ્ઞાન છે. તે દર્શન અને જ્ઞાનમાં પણ જ્ઞાન સાકાર છે. પ્રગટ અનુભવગોચર છે તેથી તેના દ્વારા જ આત્મા ઓળખી શકાય છે. માટે અહીં આ જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનું તત્ત્વ કહ્યું છે.

ચેતનપણું તો શક્તિરૂપ છે. તે અનુભવગોચર નથી. અનુભવમાં તો પર્યાય આવે છે. ચેતનાની વ્યક્તિ જ્ઞાન અને દર્શન છે. તેમાં જ્ઞાન જ

પ્રગટરૂપ અનુભવગોચર છે. તે જ્ઞાન દ્વારા જ આત્મા ઓળખાય છે. જેમ લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ શક્તિરૂપ છે, પણ તેનો અનુભવ થતો નથી. જ્યારે તે વ્યક્ત થાય ત્યારે તેની તીખાશનો અનુભવ થાય છે. તેમ આત્મામાં ચેતનતા ત્રિકાળ છે. પણ તે શક્તિરૂપ છે. શક્તિનો અનુભવ થતો નથી. અનુભવ તો વ્યક્ત દશાનો થાય છે. ચેતનાની વ્યક્તિ દર્શન અને જ્ઞાન એવા બે પ્રકારની છે. તેમાં દર્શન નિરાકાર છે, સામાન્ય છે. તેનામાં સ્વ–પરનો વિવેક કરવાની તાકાત નથી.

જ્ઞાન જ સાકાર છે, એટલે કે તેનામાં સ્વ–પર બધાં તત્ત્વોને ભેદ પાડીને જાણવાનું સામર્થ્ય છે. સાકારનો અર્થ શું ? કે વિશેષરૂપે જાણવાની તેની તાકાત છે. હું આત્મા છું. આ શરીરાદિ જડ છે, દયાદિ ભાવો તે પુણ્ય છે. હિંસાદિ તે પાપ છે–એમ જ્ઞાન જ જાણે છે. અને તે જ્ઞાન જ પ્રગટ અનુભવગોચર છે. તેથી તે જ્ઞાનદ્વારા જ આત્મા ઓળખી શકાય છે. માટે જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનું તત્ત્વ કહ્યું છે. તે જ્ઞાનની પ્રધાનતામાં બીજા અનંત ધર્મો પણ જ્ઞાન સાથે રહેલાં જ છે. એ રીતે સમયસારમાં જ્ઞાનમાત્ર આત્મતત્ત્વને ઓળખાવ્યું છે.

અહીં એમ ન સમજવું કે આત્માને જ્ઞાનમાત્ર તત્ત્વવાળો કહ્યો છે તેથી એટલો જ પરમાર્થ છે અને અન્ય ધર્મો જુદા છે, આત્મામાં નથી. આવો સર્વથા એકાંત કરવાથી તો મિથ્યાદ્રષ્ટિપણું થાય છે. વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધનો અને વેદાંતનો મત આવે છે માટે આવો એકાંત બાધાસહિત છે. આવા એકાંત અભિપ્રાયથી કોઈ મુનિવ્રત પણ પાળે અને આત્માનું–જ્ઞાનમાત્રનું ધ્યાન પણ કરે, તો પણ મિથ્યાત્વ કપાય નહિ. મંદ કષાયને લીધે સ્વર્ગ પામે તો પામો. મોક્ષનું સાધન તો થતું નથી. માટે સ્યાદ્વાદથી યથાર્થ સમજવું.

જ્ઞાનનો સ્વભાવ રાગાદિને પણ જાણવાનો છે. પર્યાયમાં રાગાદિ છે. તેને જૂઠા કહે એટલે કે આત્માની પર્યાયમાં રાગાદિ છે, તેને ન જ માને તો અજ્ઞાન છે, તેમ જ તે રાગથી ધર્મ થશે, એમ માને તોપણ અજ્ઞાન છે.

આત્માને જ્ઞાનમાત્ર કહ્યો ત્યાં એમ ન સમજવું કે જ્ઞાન સિવાયના શ્રદ્ધા વગેરે અન્ય ધર્મો જૂઠા છે. વીતરાગ સર્વજ્ઞે કહેલા ધર્મ સિવાય અન્ય ધર્મો તો જૂઠા છે. પણ આત્મામાં જ્ઞાન સિવાયના અન્ય ધર્મો (શ્રદ્ધા–અસ્તિત્વ વગેરે) કાંઈ જૂઠા–અસત્યાર્થ નથી. એકેક આત્મામાં જ્ઞાન સાથે અનંત ગુણો છે ને ક્ષણે ક્ષણે તેમાં પરિણમન થાય છે. એકાંત અદ્વૈતબ્રહ્મ જ આત્મા માને તે તો મૂઢ છે. તેણે આત્માને જાણ્યો નથી ને તેને આત્માનું ધ્યાન પણ હોતું નથી. દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ અનંત ધર્મવાળો આત્મા સર્વજ્ઞદેવે જેવો કહ્યો, તેવો જાણ્યા વિના કોઈ ભલે વ્યવહાર મુનિવ્રત પણ પાળે, જંગલમાં

જઈને બેસે અને ધ્યાનમાં બેસે પણ તેને મિથ્યાત્વ કપાતું નથી. મંદકષાયથી બહુ તો સ્વર્ગ પામે, પણ અનંતધર્મવાળા આત્માને જાણ્યા વિના મોક્ષનું સાધન તો થતું નથી. માટે સ્યાદ્વાદથી આત્માનું સ્વરૂપ જેમ છે તેમ સમજવું.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે ને જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરને જાણવાનો છે. આત્માને જાણ્યો છે એમ માની લ્યે, પણ આત્માની પર્યાયોને ન જાણે-પૂર્ણ પર્યાય કેવી હોય, સાધક પર્યાય કેવી હોય, વિકારની હદ કેટલી હોય-તેને જાણ્યા વિના અનંતધર્મવાળા આત્માને ખરેખર જાણ્યો નથી. આત્માની પૂર્ણદશા પામેલા સર્વજ્ઞદેવ કેવા હોય, તેમની બાહ્યદશા કેવી હોય? સાધક મુનિ કેવા હોય ને તેમની નિર્ગ્રંથતા કેવી હોય. સમ્યગ્દ્રષ્ટિ કેવા હોય, ને વિકારની હદ કેટલી હોય-તે બધું ન જાણે તો અનંત ધર્મોવાળા આત્માનું યથાર્થ જ્ઞાન થાય નહિ ને આત્માનું ધ્યાન પણ હોય નહિ. સર્વજ્ઞ કેવા હોય, નિર્ગ્રંથ ગુરુ કેવા હોય, ધર્મની દશા કેવી હોય અને તેમણે કહેલો અનંત ધર્મવાળો જ્ઞાનમાત્ર આત્મા કેવો છે; તે યથાર્થ જાણે તો સમ્યગ્જ્ઞાન થાય ને અનાદિનું મહાપાપ-મિથ્યાત્વ ટળે. માટે જેમ છે તેમ આત્માને યથાર્થ સમજવો. સમજ્યા વિનાનું ધ્યાન તો તરંગસમાન છે. શ્રીમદ્ પણ કહે છે કે :-

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે,
સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે,
સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી,
લોક સંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. (પત્રાંક ૧૨૮)

પાત્ર થઈને સત્સમાગમે યથાર્થ વસ્તુસ્થિતિને જાણ્યા વિના આત્માની સમજણ થતી નથી ને મિથ્યાત્વ કપાતું નથી. મંદ કષાયથી સ્વર્ગ પામે, પણ તે કાંઈ મોક્ષમાર્ગ નથી. તેનાથી ભવનો અંત આવતો નથી. ભવનો અંત તો સ્યાદ્વાદથી – જેવો છે તેવો આત્મા સમજવાથી થાય છે. માટે આત્માનું કલ્યાણ કરવા સમયસારમાં જે રીતે કહ્યો તે રીતે જ્ઞાનમાત્ર આત્માને યથાર્થ સમજવો અને સમજવાથી મોક્ષસાધન પ્રગટે છે ને ભવનો અંત આવે છે.

અહો ! ભગવાન કુંદકુંદાચાર્યદેવ ૨000 વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રને વિષે અલૌકિક દશામાં વિચરતા હતા. તેઓ છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા નગ્ન દિગંબર સંત હતા. તેઓ મહાવિદેહમાં શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા. ત્યાં આઠ દિવસ રહીને ભગવાનનો સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળ્યો હતો ને પછી આ ભરતમાં આવીને આ સમયસારની મહા અલૌકિક રચના કરી છે, ને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે તેની ટીકા રચી છે,

તેઓ પણ મહા દિગંબર સંત હતા. એ રીતે આ સમયસાર અને તેની ટીકા એ પરમાગમ છે. તે પરમાગમમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે રચેલી ૪૧૫ ગાથાઓ તથા તેની ટીકા પૂરી થઈ. ***

હવે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ પરિશિષ્ટ કહેશે.

## <u>શ્રી સમયસાર પરિશિષ્ટ</u>

**(માગશર વદ ૫, મંગળવાર, ૨૦૦૮, તા. ૧૮-૧૨-૫૧)**

અહીં સુધીમાં ભગવાન કુંદકુંદાચાર્યની ૪૧૫ ગાથાઓનું વ્યાખ્યાન ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું અને તે વ્યાખ્યાનમાં કળશરૂપે તથા સૂચનિકારૂપે ૨૪૬ કાવ્યો કહ્યાં. હવે ટીકાકાર આચાર્યદેવે વિચાર્યું કે-આ ગ્રંથમાં જ્ઞાનને પ્રધાન કરીને જ્ઞાનમાત્ર આત્મા કહેતા આવ્યા છીએ. તેથી કોઈ તર્ક કરશે કે "જૈનમત તો સ્યાદ્વાદ છે, તો પછી આત્માને જ્ઞાનમાત્ર કહેવાથી શું એકાંત આવી જતો નથી ? અર્થાત્ સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી ? વળી એક જ જ્ઞાનમાં ઉપાયતત્ત્વ અને ઉપેયતત્ત્વ-એ બન્ને કઈ રીતે ઘટે છે?" આમ તર્ક કોઈને થશે. માટે આવા તર્કનું નિરાકરણ કરવાને ટીકાકાર આચાર્યદેવ અહીં પરિશિષ્ટરૂપે થોડું કહે છે. તેમાં પ્રથમ શ્લોક કહે છે :-

હવે એકલા અમૃતચંદ્રાચાર્યદેવનું જ કથન આવશે. શ્રી કુંદકુંદાચાર્યદેવની રચના પૂર્ણ થઈ ગઈ.

## <u>શ્લોક ૨૪૭</u>

**<u>અર્થ :—</u>**અહીં સ્યાદ્વાદની શુદ્ધિને અર્થે વસ્તુતત્ત્વની વ્યવસ્થા અને (એક જ જ્ઞાનમાં ઉપાયપણું અને ઉપેયપણું કઈ રીતે ઘટે છે તે બતાવવા) ઉપાય-ઉપેયભાવ જરા ફરીને પણ વિચારવામાં આવેછે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવની ૪૧૫ ગાથાઓ પૂરી થઈ, તેમાં મુખ્યપણે વસ્તુનો અધિકાર હતો. દ્રવ્યની પ્રધાનતાનું વર્ણન હતું, ત્યાં પર્યાય ગૌણ હતી.

હવે અમૃતચંદ્રાચાર્યદેવ આ પરિશિષ્ટમાં સાધ્ય-સાધક પર્યાયનું પણ વર્ણન કરશે. જેણે ધર્મ કરવો હોય તેણે નિત્યાનંદ ધ્રુવ વસ્તુની શ્રદ્ધા કરીને તેમાં એકાગ્ર થવું-એનું ઘણું વર્ણન સમયસારમાં કર્યું. હવે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો હોવા છતાં તેમાં અનેકાંત કઈ રીતે છે ? અને દ્રવ્યની મુખ્યતા વર્ણવી હોવા છતાં સાધ્ય-સાધક પર્યાયો પણ પોતાની જ છે-એમ બતાવે છે, સ્યાદ્વાદથી વસ્તુતત્ત્વની વ્યવસ્થા બતાવે છે. જ્ઞાનમાત્ર એક જ વસ્તુ હોવા છતાં તેમાં અનેકાંત છે. અને એક જ વસ્તુ હોવા છતાં તેમાં ઉપાય-ઉપેયપણું ઘટે છે-એ વાત આચાર્યદેવ સ્પષ્ટ કરશે.

દ્રવ્ય તો સ્વતઃસિદ્ધ છે ને પર્યાય પરજન્ય છે–એમ અજ્ઞાનીઓ માને છે; પણ ક્ષણે ક્ષણે જે અવસ્થા થાય છે તે પણ વસ્તુની વ્યવસ્થા છે. વસ્તુ જ તેવા સ્વભાવવાળી છે. વળી સાધક અને સાધ્ય એવા બે પ્રકારપણે પણ વસ્તુ જ પરિણમે છે. વસ્તુ એક હોવા છતાં, તે પોતે જ સાધ્ય-સાધકદશાપણે થાય છે. રાગાદિભાવો ખરેખર મોક્ષનું સાધન થતા નથી. જ્ઞાન જ મોક્ષમાર્ગપણે અને મોક્ષપણે પરિણમે છે. મોક્ષ અને મોક્ષમાર્ગ જ્ઞાનથી ભિન્ન નથી. આ બધી વાત મૂળ સમયસારમાં આવી તો જાય છે છતાં આ પરિશિષ્ટમાં તે જરા ફરીથી વિચારવામાં આવે છે.

(૧) વસ્તુતત્ત્વની વ્યવસ્થા એટલે કે અનેકાંત અને (૨) એક જ જ્ઞાનમાત્ર વસ્તુમાં ઉપાય—ઉપેયપણું કઈ રીતે છે ?

એ બે વિષયો અહીં વિશેષપણે ફરીથી વિચારવામાં આવશે.

**ભાવાર્થ :—**વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક અનેક–ધર્મસ્વરૂપ હોવાથી તે સ્યાદ્વાદથી જ સાધી શકાય છે. આત્મા નિત્ય પણ છે ને અનિત્ય પણ છે. નિત્યપણું સામાન્ય અપેક્ષાએ છે ને અનિત્યપણું વિશેષ અપેક્ષાએ છે. એ રીતે વસ્તુમાં સામાન્ય–વિશેષ અપેક્ષાએ નિત્ય–અનિત્ય એવા બે ધર્મો છે. પણ જે અપેક્ષાએ નિત્ય છે, તે જ અપેક્ષાએ કાંઈ અનિત્ય નથી.

પરવસ્તુઓ પણ તેના પોતાના નિત્ય–અનિત્ય સ્વભાવવાળી છે. શરીરની પર્યાય પલટે તે તેના અનિત્ય સ્વભાવથી પલટે છે. બધા પરમાણુઓ હોવા છતાં એકની પર્યાય લાકડારૂપે થઈ ને બીજાની પર્યાય પુસ્તકરૂપે થઈ–તેનું કારણ ? પરમાણુ તરીકે બધાનો સામાન્ય સ્વભાવ સરખો છે પણ પર્યાય દરેકની ભિન્ન ભિન્ન લાયકાતવાળી છે. દ્રવ્યે સરખાં પણ પર્યાયે સરખાં નથી.

તેમ એક જીવ સંસારીપણે ને બીજો જીવ સિદ્ધપણે; ત્યાં સામાન્ય જીવ સ્વભાવે બન્ને સરખા હોવા છતાં પર્યાયમાં તેવો ફેર છે. આવો અનેકાંત સ્વભાવ છે. અનેકાંત તે પ્રમાણિક વસ્તુસ્વરૂપને સિદ્ધ કરે છે. સ્યાદ્વાદ પ્રમાણિક છે, કલ્પિત નથી; એ રીતે સ્યાદ્વાદની શુદ્ધતા (–પ્રમાણિકતા, સત્યતા, નિર્દોષતા, નિર્મળતા, અદ્વિતીયતા) સિદ્ધ કરવા માટે આ અધિકારમાં વસ્તુનું સ્વરૂપ વિચારવામાં આવે છે. તેમાં એમ પણ બતાવવામાં આવશે કે આ ગ્રંથમાં આત્માને જ્ઞાનમાત્ર કહ્યો હોવા છતાં સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી.

(૨) વળી બીજું, એક જ જ્ઞાનમાં સાધકપણું તથા સાધ્યપણું કઈ રીતે બની શકે—તે સમજાવવા જ્ઞાનનો ઉપાય—ઉપેયભાવ અર્થાત્ સાધક-સાધ્યભાવ પણ આ અધિકારમાં વિચારવામાં આવે છે.

એક જ્ઞાન જ કારણ અને કાર્ય છે. જ્ઞાન જ સાધન અને સાધ્ય છે. જ્ઞાન જ ઉપાય અને ઉપેય છે, એમ સિદ્ધ કરશે. તે બે પ્રકારોમાંથી પહેલાં વસ્તુસ્વરૂપ અનેકાંત સિદ્ધ કરે છે.

(હવે પ્રથમ આચાર્યદેવ વસ્તુસ્વરૂપના વિચાર દ્વારા સ્યાદ્વાદને સિદ્ધ કરે છે :—)

સ્યાદ્વાદ સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સાધનારું અર્હત્ સર્વજ્ઞનું એક અસ્ખલિત (-નિર્બાધ) શાસન છે.

આ સ્યાદ્વાદ ખરેખર આત્માની પર્યાયમાં છે. બહારમાં નથી રહેતો. આ જગતમાં બધુંય અનેકાંતાત્મક છે. દરેક પદાર્થ અનંત ધર્મવાળો છે એમ ભગવાનનું સ્યાદ્વાદ શાસન ઉપદેશે છે.

અનેકાંત પોતે પણ અનેકાંતરૂપ છે. આત્માની એકેક પર્યાય પણ અનંત ધર્મવાળી—અનેકાંત આત્મક છે. અહીં ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ; જડનો સ્વભાવ તે જડનો ધર્મ છે. જડ પણ અનેકાંતાત્મક છે. બધું અનેકાંતસ્વરૂપ છે, એમ કહીને આખું વિશ્વ તેમાં સમાવી દીધું. બધાય તીર્થંકરોએ તેમ કહ્યું છે. એક સમયની પર્યાય ભૂત—ભવિષ્યની પર્યાયપણે ન થાય, ગુણપણે ન થાય, બીજા અનંતા ગુણોની પર્યાયપણે પણ ન થાય. એકેક પર્યાય અનંતા સ્વભાવવાળી છે. જો અનંતાધર્મો ન હોય તો કોઈ પદાર્થ ટકી ન શકે. સમસ્ત વસ્તુ પોતે અનેકાંત સ્વભાવવાળી છે. ને સર્વજ્ઞનું શાસન સ્યાદ્વાદથી તેવું જ વસ્તુસ્વરૂપ ઉપદેશે છે. આવી વસ્તુવ્યવસ્થા જ્ઞાનમાં આવ્યા વિના સમ્યગ્દર્શન થાય નહીં, ને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર કે મુક્તિ થાય નહિ.

બજારમાં જે વસ્તુ લેવા જાય ત્યાં તેની ઓળખાણ કરે છે. ત્યાં સાકરને બદલે ચીરોડી લઈ લેતો નથી. તેમ આત્માનો ધર્મ કરવા માટે જેવો છે તેવો આત્માને જાણવો જોઈએ. જેવો છે તેવો આત્મા ન માને ને વિપરીત માને તો આત્માની પ્રાપ્તિ થાય નહિ. વસ્તુ પોતાના અનંત ધર્મોથી સ્વતંત્ર છે—એમ અનેકાંત તો સ્વતંત્રતાનો ઢંઢેરો પીટે છે. બધુંય અનેકાંત—આત્મક છે. દરેક દ્રવ્ય-ગુણ-પર્યાય અનંતધર્મસ્વરૂપ છે. તે કોઈ બીજાનું અવલંબન રાખતા નથી.

અનેકાંત પોતે પણ પ્રમાણપણે અનેકાંત છે. ને નયપણે સમ્યક્‌એકાંત છે. એ રીતે અનેકાંત પોતે પણ અનેકાંત છે.

આત્મા શુદ્ધ હોય તો ક્યાં સંતાઈ ગયો છે ? કેમ દેખાતો નથી ? તો કહે છે કે ભાઈ ! આત્મા અનેકાંતસ્વરૂપ છે. ત્રિકાળી સ્વભાવે તે શુદ્ધ છે. ને પર્યાયમાં અશુદ્ધતા છે. સ્વભાવની શુદ્ધતાનાં ગાણાં ગવાય છે, તે સ્વભાવને

જો સમજે તો પરમાત્મદશા પ્રગટે. શક્તિએ ભગવાન જેવો છે, જો તે શક્તિની સંભાળ કરે તો પર્યાયમાં પરમાત્મદશા થાય, ને શક્તિને ભૂલે તો પર્યાયમાં ભૂલ થાય છે. એટલે દ્રવ્ય—પર્યાયરૂપ અનેકાંત સ્વભાવ છે. વળી શુદ્ધપર્યાય પ્રગટે, તો તે પર્યાયમાં આખું દ્રવ્ય આવી જતું નથી. એ રીતે પણ અનેકાંત છે.

વસ્તુઓ અનેકાંતસ્વરૂપ છે ને જ્ઞાનમાં તેવી જણાય છે. તેથી સર્વજ્ઞના શાસનમાં સ્યાદ્વાદ અનેકાંતસ્વરૂપ વસ્તુને બતાવે છે. તે કાંઈ કલ્પના નથી પણ વસ્તુનું જ સ્વરૂપ છે. જડ કે ચેતન કોઈ વસ્તુનો કદી નાશ થતો નથી. માત્ર પર્યાયો રૂપાંતર થાય છે. અહીં તો જ્ઞાનમાત્ર આત્માનું અનેકાંતપણું બતાવવું છે.

અહીં આત્મા નામની વસ્તુને જ્ઞાનમાત્રપણે ઉપદેશવામાં આવતાં છતાં પણ સ્યાદ્વાદનો કોપ નથી; કારણ કે જ્ઞાનમાત્ર આત્મવસ્તુને સ્વયમેવ અનેકાંતપણું છે.

ભગવાન આત્મા જગતનો પ્રકાશક ચૈતન્યદીવો છે; તેને જ્ઞાનમાત્ર કહ્યો હોવા છતાં એકાંત થઈ જતું નથી. કેમ કે જ્ઞાનમાત્ર આત્મવસ્તુમાં સ્વયમેવ અનંતધર્મો રહેલા છે. 'વસ્તુ છે'—એમ કહેતાં જ, પરથી તે નથી—એમ અનેકાંત સ્વયમેવ પ્રકાશે છે.

## અનેકાંત એટલે શું ? તે હવે કહે છે.

(૧) જે વસ્તુ 'તત્' છે તે જ 'અતત્' છે. એમ એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું, તે અનેકાંત છે. આત્મા જ્ઞાનમાત્ર સ્વભાવપણે તત્ છે ને પરજ્ઞેયોપણે અતત્ છે—એમ એક વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ બે ધર્મો છે, ને તેનાથી વસ્તુ સિદ્ધ થાય છે—આવો અનેકાંત છે.

જ્ઞાનમાત્ર વસ્તુ જ્ઞાનપણે તત્ છે, ને પરજ્ઞેયો જ્ઞાનમાં જણાય તે જ્ઞેયોપણે તે નથી એટલે કે અતત્ છે—આ રીતે જ્ઞાનમાત્ર વસ્તુને અનેકાંતપણું છે.

(૨) જે એક છે તે જ અનેક છે.

વસ્તુપણે એક હોવા છતાં ગુણ—પર્યાયોપણે અનેક છે. એવો દરેક વસ્તુનો અનેકાંત સ્વભાવ છે. વસ્તુમાં જ એકપણું અને અનેકપણું એવા બન્ને ધર્મો રહેલા છે. અનેકપણું પણ પરને લઈને નથી. પોતે સ્વભાવથી જ એક—અનેકરૂપ છે.

(૩) જે સત્ છે તે જ અસત્ છે. આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે સત્ છે ને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે અસત્ છે. જે સત્ છે તે

જ અસત્ છે–એવું વસ્તુનું સ્વરૂપ છે. દરેક વસ્તુની ચાલ–પરિણમન–પોતાની પર્યાયમાં હોય, પણ પરમાં ન હોય.

પોતાના દ્રવ્યક્ષેત્ર કાળ ભાવથી વસ્તુ સત્ છે ને

પરના દ્રવ્યક્ષેત્ર કાળ ભાવથી વસ્તુ અસત્ છે—આ ચાર પ્રકારોનું આચાર્યદેવ ખૂબ સ્પષ્ટીકરણ કરશે. એક જ વસ્તુમાં સત્ અસત્પણું ભેગું રહેલું છે. તું તારાથી એક્કો છે. દુનિયામાં તું તારાથી છો, ને જગતની કોઈ ચીજપણે તું નથી. આવું જ અનેકાંતમય વસ્તુસ્વરૂપ છે.

એકેક આત્મા પોતાપણે છે, ને પોતાના સિવાય અનંતા જીવોપણે પોતે નથી. અનેકાંત તો સર્વજ્ઞ જિનદેવનું શાસન છે. પોતાને જૈન કહેવડાવે અને અનેકાંત શું, તેનું પણ ભાન ન હોય તેને જૈન શાસનની ખબર નથી. આત્મા આત્માપણે છે ને પરપણે નથી—એમ અનેકાંત સમજીને સ્વ તરફ વળતાં વિકારનો અભાવ થાય છે.

જે વસ્તુ નિત્ય છે તે જ અનિત્ય છે. એવો અનેકાંત છે. ધ્રુવપણે જે નિત્ય છે, તે જ પર્યાયપણે અનિત્ય છે. એવું અનેકાંત વસ્તુસ્વરૂપ છે.

આમ કુલ ચૌદ બોલ થયા.

તત્—અતત્ એવા બે બોલ,

એક—અનેક એવા બે બોલ,

સત્—અસત્ (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ ચાર બોલથી) એવા આઠ બોલ, નિત્ય—અનિત્ય એવા બે બોલ.

—એમ કુલ ચૌદ બોલ થયા.

એ રીતે ઉપર પ્રમાણે એકેક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી અસ્તિનાસ્તિ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.

વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓ છે. પણ તે કેવી છે ?—કે વસ્તુપણાને નિપજાવનારી છે. અસ્તિ અને નાસ્તિ એવા બે ધર્મો પરસ્પર વિરુદ્ધ હોવા છતાં તે વસ્તુને વસ્તુપણે સિદ્ધ કરે છે. વિરુદ્ધ ધર્મત્વ નામની એક શક્તિ આત્મામાં ત્રિકાળ છે. તેનું વર્ણન ૪૭ શક્તિઓના વર્ણનમાં (૨૮મી શક્તિ) આગળ આવશે.

પોતાપણે હોવું ને પરપણે ન હોવું—એવો વસ્તુનો ત્રિકાળ ધર્મ છે. સામાન્ય વસ્તુપણે એક અને વિશેષપણે અનેક—એવી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું વસ્તુમાં પ્રકાશવું તે અનેકાંત છે. પોતાની આત્મવસ્તુને પણ જ્ઞાનમાત્રપણું હોવા છતાં તત્—અતત્પણું, એક—અનેકપણું, સત્—

અસત્‌પણું, નિત્ય—અનિત્યપણું પ્રકાશે જ છે. તેથી તે જ્ઞાનમાત્ર વસ્તુને પણ અનેકાંતપણું સ્વયમેવ પ્રકાશે જ છે.

ભાઈ ! તારી આત્મવસ્તુ તારા જ્ઞાનમાત્ર ભાવથી સત્‌ છે ને પરથી નથી. માટે તારી આત્મવસ્તુને પરનું અવલંબન નથી. એમ અનેકાંત બતાવે છે. જો વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ એવી અસ્તિ—નાસ્તિ આદિ બે શક્તિઓ ન હોય તો વસ્તુ જ સિદ્ધ થતી નથી. વસ્તુનું અનેકાંતસ્વરૂપ સમજે તો સમ્યગ્જ્ઞાન થાય.

***

# પ્રસાદ નં. ૫૮

## શ્રી સમયસાર પરિશિષ્ટ

(માગશર વદ ૬, બુધવાર, ૨૦૦૮, તા. ૧૯-૧૨-૫૧)

## અનેકાંત તે અમૃત.

અહીં અનેકાંતનું સ્વરૂપ કહે છે. અનેકાંત તે જૈનદર્શનનું સ્વરૂપ છે. એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ અસ્તિ-નાસ્તિ આદિ બે શક્તિઓનું પ્રકાશવું, તે અનેકાંત છે. આ અનેકાંત તે જ ધર્મ છે. ને અનેકાંત તે જ અમૃત છે. કઈ રીતે ? કે આત્મા પોતાપણે છે ને પરપણે નથી—એમ અનેકાંત વડે પોતામાં પરનો અભાવ ને સ્વનો ભાવ ભાસતા અંતર્મુખભાવ પ્રગટે છે—તે જ અમૃત છે. રાગાદિભાવો ક્ષણિકપણે છે પણ ત્રિકાળસ્વભાવપણે નથી—એમ ધર્મીની દ્રષ્ટિ પોતાના શુદ્ધસ્વભાવ ઉપર જાય છે. પરને લીધે મારી પર્યાય થતી નથી કેમ કે પરનો મારામાં અભાવ છે. એટલે પરની સામે જોવાનું ન રહ્યું. મારી પર્યાયને કોઈ પરાધીન કરી નાખશે અથવા કોઈ ખીલવી દેશે—એમ નથી. હવે પર્યાયમાં ક્ષણિક વિકાર છે, તે પણ મારા ત્રિકાળી સ્વભાવપણે નથી. આમ અનેકાંત સ્વભાવની દ્રષ્ટિ થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અમૃત પ્રગટે છે.

જ્ઞાનમાત્ર આત્મા છે, તેને પણ સ્વયમેવ અનેકાંતપણું પ્રકાશે જ છે. કેમ કે જ્ઞાનમાત્ર આત્માને પણ તત્પણું–અતત્પણું વગેરે અનેક ધર્મો સ્વયમેવ પ્રકાશે છે.

“જ્ઞાનમાત્ર આત્મવસ્તુને અંતરંગમાં ચકચકાટ પ્રકાશના જ્ઞાનસ્વરૂપ વડે તત્પણું છે અને બહાર પ્રગટ થતાં અનંત જ્ઞેયપણાને પામેલા, સ્વરૂપથી ભિન્ન એવા પર રૂપ વડે (–જ્ઞાનસ્વરૂપથી ભિન્ન એવા પરદ્રવ્યના રૂપ વડે–) અતત્પણું છે.”

જ્ઞાનમાત્ર વસ્તુ પોતાપણે તત્ છે ને પરજ્ઞેયપણે અતત્ છે. અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા જ્ઞાનસ્વરૂપ વડે તત્પણું છે. ને સ્વરૂપથી ભિન્ન અનંત પરજ્ઞેયોપણે અતત્પણું છે. પર પદાર્થોની પ્રતિકૂળતા જ્ઞાનમાં નથી કેમ કે જ્ઞાન તેનાપણે અતત્ છે. આવું સ્વરૂપ જાણનાર જ્ઞાનીને પ્રતિકૂળતાનો ભય રહેતો નથી. કે અરેરે ! પ્રતિકૂળતા આવી પડશે તો મારા જ્ઞાનનું શું થશે !! તે તો નિઃશંક છે કે મારું જ્ઞાન મારા સ્વરૂપથી જ તત્ છે, ને અનંતી પ્રતિકૂળતાના ગંજો સામે પડ્યા હોય તો તે બધાંય પરજ્ઞેયોથી મારું જ્ઞાન અતત્ છે. માટે ભય કોનો? અરે! કોઈ શુભ—અશુભ વિકલ્પ આવી જાય તો તે વિકલ્પથી પણ મારું જ્ઞાન અતત્ છે. માટે તે વિકલ્પ

વખતેય જ્ઞાનીને શંકા પડતી નથી કે આ વિકલ્પને લીધે મારા જ્ઞાનનો નાશ થઈ જશે.

જુઓ ! આ જ્ઞાનમાત્ર આત્માનું અનેકાંતપણું; આ અનેકાંત સમજે તો જ્ઞાનસ્વરૂપ તરફ વળ્યા વિના રહે નહિ. મારું જ્ઞાન તો મારા સ્વરૂપમાં જ પ્રકાશે છે ને અનંતી પરચીજો બહારમાં હો; તે બધી મારા જ્ઞાનના જ્ઞેયપણે છે. પરથી હું અતત્પણે છું એટલે તેને લીધે મને રાગાદિ થતા નથી.

અનેકાંત દ્રષ્ટિવાળો ધર્મી જીવ નિર્ભયપણે જ્ઞાનને જ તત્પણે અનુભવે છે. અનંતા પરજ્ઞેયો ગમે તેમ પલટે પણ જ્ઞાનીને પોતાના જ્ઞાનમાં શંકા નથી પડતી. અજ્ઞાની માને છે કે અરેરે ! ચારે તરફની પ્રતિકૂળતા, શરીરમાં રોગ, નિર્ધનતા એવા વખતે ધર્મ શી રીતે કરવો !—તો તેને કહે છે કે અરે મૂઢ ! તને અનેકાંતની ખબર નથી. સારા ધર્મ સંભળાવનાર હોય તો જ્ઞાનમાં જોર રહે, ને જો વિરુદ્ધ સંભળાવનાર હોય તો મારું જ્ઞાન ઢીલું પડી જાય—એમ જે માને છે તે મૂઢ છે. કેમ કે જ્ઞાનમાત્ર ભાવને પરથી અતત્પણું છે. તો પર તેને શું કરે ?

વળી હું પર જીવને કાંઈ કરું—એમ જે માને છે, તેણે પણ પરથી પોતાનું અતત્પણું નથી માન્યું. અતત્પણું કહેતાં પરથી ભિન્નતા છે. પરવસ્તુઓ તો જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાન તેનાથી અતત્પણે રહીને તેને જાણે છે. તેનામાં તત્પણે થઈને તેને નથી જાણતું. આવું અનેકાંતસ્વરૂપ જાણનારને કદી પરજ્ઞેયને લીધે શંકા પડતી નથી.

જુઓ, આ અનેકાંતનો મહા સિદ્ધાંત; આખા વિશ્વમાં વ્યાપક આ સિદ્ધાંત છે. જેમ એક ને એક બે—તે મહા સિદ્ધાંત ત્રણકાળમાં કે ત્રણ લોકમાં ફરે નહિ, તેમ દરેક વસ્તુને સ્વથી તત્પણું ને પરથી અતત્પણું છે—આવો મહા સિદ્ધાંત છે, તે ત્રણકાળમાં ફરતો નથી. જેમ એક ને એક બે મટીને કદી એક ને એક ત્રણ થતા નથી અથવા એક ને એક (૧+૧ = ૧) એમ થતું નથી, તેમ વસ્તુનું પોતાથી તત્પણું ને પરથી અતત્પણું—એવો જે **<u>અનેકાંત છે તે વિશ્વનો અબાધિત નિયમ છે.</u>** કદી પણ વસ્તુ પરપણે થઈ જતી નથી—આવું વસ્તુસ્વરૂપ જાણતાં જ્ઞાનમાં શાંતિ પ્રગટે છે. જ્ઞાનનાં શ્રદ્ધા-જ્ઞાન ને એકાગ્રતારૂપી અમૃત પ્રગટે છે. અનેકાંતમાં અમૃત છે. અમૃત કહો કે મોક્ષમાર્ગ કહો.

જ્ઞાનમાત્ર વસ્તુને નિમિત્તોપણે અતત્પણું છે. વાણીપણે જ્ઞાન અતત્ છે. માટે વાણીથી જ્ઞાન થાય નહિ. એ પ્રમાણે જગતના કોઈ પણ જ્ઞેયથી જ્ઞાન થતું નથી. કેમ કે અનંત પરજ્ઞેયોપણે જ્ઞાનનું અતત્પણું છે.

આ રીતે જ્ઞાનમાત્ર આત્માને સ્વયમેવ અનેકાંતપણું ત્રિકાળ પ્રકાશી રહ્યું છે, તેની શ્રદ્ધા કરવી તે જ સમ્યગ્દર્શન છે. તે જ શાસ્ત્રનો પરમાર્થ છે, તે જ ગુરૂની આજ્ઞા છે, તે જ અમૃત છે, તે જ વીતરાગની આજ્ઞા છે ને તે જ મોક્ષમાર્ગ છે.

સહભૂત (સાથે) પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા, અનંત ચૈતન્ય—અંશોના સમુદાયરૂપ અવિભાગ દ્રવ્ય વડે એકપણું છે અને અવિભાગ એક દ્રવ્યમાં વ્યાપેલા, સહભૂત પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય—અંશોરૂપ (–ચૈતન્યના અનંત અંશોરૂપ) પર્યાયો વડે અનેકપણું છે.

વસ્તુમાં ગુણો અનંત છે. તે બધા એક સાથે રહેલા છે ને તેની અવસ્થાઓ ક્રમેક્રમે થાય છે. આવા અનંતગુણ—પર્યાયો વસ્તુમાં છે, તે અનંત ગુણ—પર્યાયોનો વિભાગ ન પાડતાં, એક વસ્તુપણે જ જોતાં આત્મા એક છે. જ્ઞાનમાં અનેકપણું ભલે ભાસે, પણ વસ્તુપણે જ્ઞાનની એકતા છૂટતી નથી. જો વસ્તુપણે એક ન હોય તો ગુણ—પર્યાયો ખંડખંડ થઈને વિખરાઈ જાય એટલે દ્રવ્યનો નાશ જ થઈ જાય. અનેક અવસ્થાઓના ખ્યાલ વખતે પણ જો દ્રવ્યસ્વભાવની એકતાને પ્રતીતમાં ન રાખે તો તેની પ્રતીત ખંડખંડ થઈને મિથ્યાશ્રદ્ધા થઈ જાય છે. જુદી—જુદી અનેક પર્યાયો થવા છતાં વસ્તુની એકતા છિન્નભિન્ન થઈ જતી નથી. મારા ગુણો વેરવિખેર થઈ જતા નથી. અનેક પરજ્ઞયો જ્ઞાનમાં જણાતાં મારા જ્ઞાનની એકતા તૂટી જશે—એવી શંકા જ્ઞાનીને પડતી નથી એટલે કે અનેકપણાને જાણતા છતાં જ્ઞાનીને એકપણાની દ્રષ્ટિ ખસતી નથી.

વળી દ્રવ્યપણે આત્માને એકતા હોવા છતાં અનંતગુણ–પર્યાયોરૂપ અનંત ચૈતન્યઅંશો વડે અનેકપણું પણ છે. અનેકપણું જણાતાં જાણે કે જ્ઞાનમાં અશુદ્ધતા આવી જાય છે !—એમ અજ્ઞાનીને શંકા પડે છે; પણ અનેકાંત કહે છે કે ભાઈ ! અનેકપણું પણ તારા જ્ઞાનનું જ સ્વરૂપ છે. એકપણું પણ તારો ધર્મ છે ને અનેકપણું પણ તારો જ ધર્મ છે. જેને આવા અનેકાંતની ખબર નથી તે જીવ આત્માનો હિંસક થઈ જાય છે અને અનેકાંતમાં તો અમૃત છે—બસ ! જ્યાં હોય ત્યાં શાંતિના શેરડા !! અનેકાંતમાં વીતરાગતા છે.

એકપણા વગર અનેકપણું રહેતું નથી. કેમ કે દ્રવ્ય વગર ગુણ-પર્યાયો શેમાં રહે ? જો એકતાને ન માને તો ગુણ-પર્યાયો વીંખાઈ જાય છે. જેમ સાવરણીનાં (ઝાડુનાં) તણખલા છૂટાં છૂટાં અનેક હોવા છતાં સાવરણીપણે તો એકપણું જ છે. તેમ ગુણ-પર્યાયોની અનેકતા હોવા છતાં દ્રવ્યપણે તે બધો એક પિંડ છે. એકપણા વિના અનેકપણું કોનું ?

અનેકાંતના ચૌદ બોલ તો એવા છે કે જો તે સમજે તો ચૌદ ગુણસ્થાન ઓળંગીને સિદ્ધપદ આપે !

જ્ઞાનમાત્ર વસ્તુમાં એકપણું હોવા છતાં, ગુણ—પર્યાયોથી અનેકપણું પણ છે. પહેલાં જ્ઞાન ઓછું હોય ને પછી વધે, તો તે ક્યાંથી આવ્યું ? કે મારું જ્ઞાન જ અનેક પર્યાયોપણે ક્રમે ક્રમે પ્રવર્તે છે. ઓછું જ્ઞાન ને વધારે જ્ઞાન—એવું જે જ્ઞાનનું અનેકપણું છે, તે મારા જ્ઞાનનો જ સ્વભાવ છે. કોઈ નિમિત્તને લીધે જ્ઞાનની અનેકતા થઈ—એમ નથી. એ જ પ્રમાણે પહેલાં તીવ્ર રાગ હોય ને પછી મંદ રાગ થાય—તો ત્યાં પણ તે અનેકપણું મારો જ સ્વભાવ છે. ગુણ—પર્યાયોનું અનેકપણું છે તે પરમાં નથી વ્યાપ્યું, પણ મારામાં જ—અવિભાગ એક દ્રવ્યમાં જ –તે બધા વ્યાપ્યા છે.

ભગવાન ! તારું સ્વરૂપ અનેકાંત છે. તારામાં એક સાથે અનંત ધર્મો છે; વસ્તુપણે તું એક હોવા છતાં, ગુણ-પર્યાયોપણે અનેકાંત પણ છે; તે નવી નવી પર્યાયોની અનેકતા તારા જ ધર્મને લીધે થાય છે. કોઈ પર નિમિત્તને લીધે નવી નવી પર્યાય થાય છે, એમ જે માને તેણે આત્માના અનેકપણારૂપ ધર્મને માન્યો નથી. એટલે પરથી મારી પર્યાય થાય—એવી માન્યતામાં પોતાના અનેકપણારૂપ ધર્મનું ખૂન થાય છે. મારું અનેકપણું પણ મારા જ આશ્રયે છે—આમ જાણે તો પરથી પર્યાય થાય—એમ ન માને એટલે પર્યાય અંતરમાં દ્રવ્ય તરફ વળ્યા વિના રહે નહિ. આ રીતે અનેકાંતનું રૂપ વીતરાગતા છે. અનેકાંત તે અમૃત છે.

અનેક પર્યાયો થતી હોવા છતાં તે મારા દ્રવ્યમાં વ્યાપે છે. પર્યાયો થવાનો મારો સ્વભાવ છે. પર્યાયોનું અનેકપણું નિમિત્તોમાં નથી વ્યાપતું, એટલે કે નિમિત્તને લીધે પર્યાયો થતી નથી. અહો ! પર્યાયોની અનેકતા હોવા છતાં તેઓ દ્રવ્યમાં વ્યાપેલી છે. આમ સમજતાં લક્ષ ક્યાં ગયું ?—દ્રવ્ય ઉપર લક્ષ ગયું. પર્યાયોની અનેકતા જોતાં પણ નિમિત્ત ઉપર દ્રષ્ટિ નથી જતી. અનેકાંત તો વસ્તુસ્વરૂપને જોવા માટેનો દિવ્યચક્ષુ છે. અજ્ઞાની આંધળો છે, તેને વસ્તુસ્વરૂપ ભાસતું નથી. એટલે જાણે કે પરને લીધે મારો પર્યાયધર્મ થતો હશે ! એમ તે માને છે. પણ ભગવાન પરમાત્મા કહે છે કે ભાઈ ! તારો આત્મા જ સ્વયમેવ દ્રવ્યથી એક અને પર્યાયથી અનેક—એવા અનેકાંત સ્વભાવવાળો છે. આવા તારા સ્વભાવને જાણ તો તારા જન્મ-મરણનો અંત આવે તેમ છે. બાકી આ સમજ્યા વિના કાગડા-કીડાના ને સ્વર્ગ-નરકના અનંત અવતાર ટળવાના નથી. આવા અનેકાંતસ્વભાવને સમજ્યા વિના સંસારનાં જન્મ-મરણથી બચવાનો બીજો કોઈ ઉપાય નથી. માટે આ અનેકાંત તે જ અમૃત છે, ને તે જ મુક્તિનો માર્ગ છે. ***

# શ્રી સમયસાર–પરિશિષ્ટ

**(માગસર વદ ૭, ગુરુવાર, ૨૦૦૮, તા. ૨૦-૧૨-૫૧)**

જ્ઞાનમાત્ર આત્મ–વસ્તુને સ્વયમેવ અનેકાંતપણું છે. અનેકાન્તનું સ્વરૂપ તત્-અતત્ આદિ ચૌદ બોલથી અહીં સમજાવ્યું છે. તેમાં તત્-અતત્ અને એક-અનેકનું સ્વરૂપ કહેવાઈ ગયું. આજે સત્-અસતને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ લગાડી આઠ બોલનું સ્વરૂપ કહેવામાં આવે છે.

## એક આત્મ–વસ્તુમાં સત્ અને અસત્ એવા બે ધર્મો.

પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે (અર્થાત્ આત્મ વસ્તુ એવા સ્વભાવવાળી હોવાથી) સત્પણું છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે અસત્પણું છે. આચાર્યદેવ અનેકાંતનું સ્વરૂપ સમજાવે છે. આ અનેકાંત આત્મા, પરમાણુ આદિ દરેક પદાર્થમાં ઊતરે છે, અહીં આત્માનો અધિકાર હોવાથી આત્મામાં ઉતાર્યા છે.

## આત્માનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ.

આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી (૧) દ્રવ્ય એટલે અનાદિ અનંત ગુણ-પર્યાયોના પિંડરૂપ આત્મ-વસ્તુ, (૨) ક્ષેત્ર એટલે આત્મવસ્તુની સત્તાભૂમિ-સ્વરૂપ હોવાપણાનો ક્ષેત્રભાગ—અસંખ્યપ્રદેશી સ્વ-વિસ્તાર, (૩) સ્વકાળ એટલે આત્મવસ્તુમાં જે એકસાથે અનંતગુણો છે તેનું સમયસમયવર્તી પરિણમન અને (૪) ભાવ એટલે આત્માની ત્રિકાળવર્તી જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંત શક્તિઓ.

એ રીતે સ્વ-ચતુષ્ટયપણે હોવાનો સ્વભાવ હોવાથી, આત્માનો પોતાપણે હોવાનો અને પરપણે નહિ હોવાનો સ્વભાવ છે. પોતાથી પોતાના સ્વક્ષેત્રમાં—પોતાની સત્તાભૂમિમાં રહેવાનો અને આકાશ આદિ પરક્ષેત્રમાં નહિ રહેવાનો—પરક્ષેત્રપણે નહિ હોવાનો—તેનો સ્વભાવ છે. આત્માનો સ્વકાળ–સ્વપર્યાયરૂપે થવાનો સ્વભાવ છે. તે પોતાને લઈને છે, તે સ્વકાળરૂપ પર્યાય પરને લઈને થવાનો સ્વભાવ નથી. અહીં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં કાળ ઉપર વજન છે. કાળ એટલે કે આત્મા આદિ દરેક પદાર્થનું સમય–સમયનું પરિણમન. આત્મા આદિ દરેક પદાર્થનો પર્યાય પોતાથી થાય છે, પરથી થતો નથી. આત્માનું સ્વકાળપણે થવાપણું છે પણ પરકાળપણે થવાપણું નથી. શરીર આદિ પરપદાર્થનું પરકાળપણે થવાપણું છે પણ આત્માના સ્વકાળપણે થવાપણું નથી. માટે આત્માના પર્યાયને

શરીર આદિ કાંઈ સહાય કરતા નથી. એ રીતે આત્માને પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની અને પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાની જે શક્તિરૂપ સ્વભાવ, તે સ્વભાવવાળાપણા વડે સતપણું-અસતપણું છે.

## અનેકાંત અને સાચી સમજણનું ફળ.

પોતાના ચતુષ્ટયપણે હોવારૂપ અને પરના ચતુષ્ટયપણે નહિ હોવારૂપ આત્મામાં શક્તિ છે. આત્માથી પરદ્રવ્ય ટકે છે, એમ નથી. કેમ કે પરદ્રવ્યનો આત્માનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અભાવ સ્વભાવરૂપે રહેવાનો સ્વભાવ છે. શરીર આદિ પરવસ્તુ અનેક પ્રકારે પરિણમતી હોય, પણ તેના દ્રવ્ય-ક્ષેત્ર આદિપણે નહિ હોવારૂપ, નહિ થવારૂપ અને પોતાના સ્વદ્રવ્ય આદિ ચતુષ્ટયરૂપ હોવારૂપ—થવારૂપ આત્માનો સ્વભાવ છે. પોતાપણે હોવાનો સત્ નામનો સ્વભાવ અને પરપણે નહિ હોવાનો અસત્ નામનો સ્વભાવ—બન્ને સ્વભાવ આત્મામાં પોતાને લઈને છે, સ્વચતુષ્ટયથી આત્મા સત્ છે અને પર ચતુષ્ટયથી આત્મા અસત્ છે—પરની અપેક્ષાએ આત્મા છે જ નહિ અને પોતાની અપેક્ષાએ ત્રણેકાળ પોતાના ચતુષ્ટય સ્વરૂપ છે. પોતાપણે છે અને પરપણે નથી—એમ છે. સત્-અસત્ આદિ પરસ્પર વિરુદ્ધ ધર્મોવાળા આત્માનું સ્વરૂપ જેમ છે તેમ સમજે તો અનેકાંતનું સાચું સ્વરૂપ સમજાય અને યથાર્થ આત્મ શાંતિ પ્રગટે.

પ્રશ્ન :—આમાં ધર્મ શું આવ્યો ?

ઉત્તર :–હું મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છું અને પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં નથી. એમ યથાર્થ ભાન થવું—તેનું નામ જ સમ્યગ્દર્શન અને મોક્ષનો ઉપાય છે.

આત્માનો સ્વકાળ-પર્યાય આત્માથી છે. કર્મથી કે કર્મના ઉદયથી આત્માનો પર્યાય થતો નથી. શરીરને લઈને આત્માને જ્ઞાન કે રાગ નથી. દેવ, ગુરૂ, શાસ્ત્ર આ આત્માથી પર છે. આ આત્મા પરના અભાવ સ્વરૂપ છે. માટે પરથી આત્માનો સ્વકાળ (–પર્યાય) થાય—એમ બની શકે નહિ.

પ્રશ્ન :—તત્-તત્ અને સત્-અસત્ બંને એક લાગે છે, તેમાં શું તફાવત છે ?

ઉત્તર :–બન્ને એક નથી. તત્-અતત્માં આત્મા જ્ઞાનપણે છે અને જ્ઞેયપણે નથી એમ બે બોલ લીધા હતા. તેમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમ ચાર બોલ નથી લીધા. આત્મા તત્ એટલે તે—પણે જ્ઞાનપણે છે અને અતત્ એટલે તે પણે નહિ—જ્ઞેયપણે નથી. એમ તત્-અતત્માં જ્ઞાન અને જ્ઞેયની વાત હતી. સત્ અને અસત્માં તો આત્મા આખી વસ્તુ, તેનું ક્ષેત્ર, તેના

પર્યાયો અને તેની અનંત શક્તિઓ—એ બધાની વાત છે. દરેક આત્મા સ્વચતુષ્ટયથી હોવાપણે—સત્પણે છે માટે મારે પરનો આધાર નથી.

## "પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત."

વાડે વેલા ચડે એટલે કે એક આત્માને બીજા દેવ, ગુરુ, શાસ્ત્ર આદિ પર પદાર્થ કાંઈ મદદ કરે, એ વાત સાચી નથી. દરેક આત્મા સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ તથા સ્વ શક્તિઓથી સત્પણે નભી રહ્યો છે. કર્મ, દેવ, ગુરુ, શાસ્ત્રો કે સ્ત્રી આદિ પર દ્રવ્યથી તથા તેના પર્યાયથી આ આત્મા અસત્ છે. પરપણે નહિ હોવાની જે શક્તિ-સ્વભાવ તે–પણા વડે આત્માને અસતપણું છે અને સ્વપણે હોવાની જે શક્તિ—સ્વભાવ તે—પણા વડે આત્માને સતપણું છે. આમ એક પદાર્થમાં સતપણું અને અસતપણું આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.

હવે નિત્યપણું અને અનિત્યપણું—એ બે ધર્મો કહે છે. અનાદિ નિધન અવિભાગ એક વૃત્તિરૂપે પરિણતિ પણા વડે નિત્યપણું છે અને ક્રમે પ્રવર્તતા એક સમયની મર્યાદાવાળા અનેક વૃત્તિ—અંશોરૂપે પરિણતપણા વડે અનિત્યપણું છે.

કેવો છે આત્મા ! આત્મા અનાદિ અનંત એક વૃત્તિરૂપે—એકધારા પ્રવાહરૂપે—સદ્રશ કાયમ ટકવાના સ્વભાવવાળો છે. આ અપેક્ષાએ તેને નિત્યપણું છે. જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ આદિ અનંતગુણો સ્વરૂપ ત્રિકાળ એક પ્રવાહરૂપ—એક ધારારૂપ રહેવું—તેને ભગવાન નિત્યપણું કહે છે. વળી, આત્મા જેવો નિત્ય છે તેવો જ અનિત્ય છે, પણ જે અપેક્ષાએ નિત્ય છે. તે જ અપેક્ષાએ અનિત્ય નથી. કાયમ સદ્રશ ટકવાપણે નિત્ય છે અને તેના પર્યાયો સમયે–સમયે બદલતા હોવાથી અનિત્ય છે, માટે જે નિત્ય છે તે જ અનિત્ય છે, આમ એક વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ બે ધર્મોનું હોવું—તેને અનેકાંત કહે છે.

એક સમયની હદવાળી અનેક વૃત્તિ-અંશોના-પર્યાયોના ભેદપણા વડે આત્માને અનિત્યપણું છે, તે અનિત્યપણું—પર્યાયોનું બદલવાપણું પરને લઈને નથી પણ સમયે સમયે પલટવાની અપેક્ષાએ અનિત્યપણું તે આત્માનો જ ધર્મ છે. શરીર નાશ થાય માટે અનિત્યપણું છે—એમ નથી પણ પોતાના સ્વભાવથી જ દરેક સમયે બદલવાની અપેક્ષાએ અનિત્યપણું છે, વસ્તુરૂપે અને ત્રિકાળ ટકવાની અપેક્ષાએ નિત્યપણું છે.

આ રીતે જ્ઞાનમાત્ર આત્મવસ્તુને પણ તત્-અતતપણું, સત્-અસતપણું વગેરે બબ્બે—વિરુદ્ધ શક્તિઓ સ્વયમેવ પ્રકાશતી હોવાથી, અનેકાંતસ્વયમેવ પ્રકાશે જ છે. આ અનેકાંત સ્વરૂપ આત્માની પ્રતીતિ કરી, તેમાં સ્થિરતા

સ્વરૂપ રમણતા કરવી, તેને ધર્મ કહે છે. આ અનેકાંતનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના વાડા અને ઝગડા થયા છે, તેઓ, આત્મા સ્વથી છે અને પરથી નથી—એવું વસ્તુનું સ્વરૂપ યથાર્થ સમજ્યા નથી.

બીજાની દયા પાળી શકીએ, પૈસા આપી શકીએ, એ બધી માન્યતા પાખંડ—અજ્ઞાન છે. કોઈ કોઈને બચાવી શકતું નથી. કારણ કે સ્વમાં પર નથી અને પરમાં સ્વ નથી. આત્મા પરનું કરી શકે—એમ માનનાર પરના હોવાપણાનો નાસ્તિભાવ માને છે અને પર મારું કરે—એમ માનનાર પોતાના હોવાપણાનો નાસ્તિભાવ માને છે, તેને પોતાથી સત્ અને પરથી અસત્ એવા વસ્તુસ્વભાવની ખબર નથી.

## અનેકાંત ઉપદેશ વિષે શિષ્યનો પ્રશ્ન

પ્રશ્ન :—જો આત્મ વસ્તુને જ્ઞાનમાત્રપણું હોવા છતાં, સ્વયમેવ અનેકાંત પ્રકાશે છે, તો પછી અર્હંત ભગવંતો તેના સાધન તરીકે અનેકાંતને (સ્યાદ્વાદ) શા માટે ઉપદેશે છે ?

જ્ઞાન સ્વરૂપ આત્મા છે. તેમાં પરસ્પર વિરુદ્ધ અનંત શક્તિઓ છે, એમ જ્ઞાન માત્ર આત્મવસ્તુ પોતે જ સ્વતઃ પ્રકાશે છે. શિષ્ય પૂછે છે કે જો આત્મા સ્વપણે છે અને પરપણે નથી. પોતે અખંડ વસ્તુ અપેક્ષાએ એક છે અને ગુણ—પર્યાયોના ભેદની અપેક્ષાએ અનેક છે. ત્રિકાળી દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે અને પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. એમ જ્ઞાનમાત્ર આત્મ–વસ્તુ પોતે જ પોકાર કરી રહી છે તો અર્હંત ભગવંતો તેના સાધન તરીકે અનેકાંતને શા માટે ઉપદેશે છે ?

આ શીશાપેન છે તે પોતે જ—પોતાની મેળે જ પોતાના ભાવપણે અને બીજાના અભાવપણે છે. વસ્તુ પોતે જ પોતાના ભાવપણે અને પરના અભાવપણે પ્રકાશે છે. વસ્તુ તત્-અતત્, એક-અનેક, સત્-અસત્ આદિ અનેક ધર્મપણે છે—એમ વસ્તુ પોતે જ પોકાર કરી રહી છે; તો અનેકાંતને તેના ઉપાયપણે કેમ બતાવે છે ?

શ્રીગુરુનો ઉત્તર :—અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે ઉપદેશે છે એમ અમે કહીએ છીએ. ખરેખર અનેકાંત (સ્યાદ્વાદ) વિના જ્ઞાનમાત્ર આત્મ વસ્તુ જ પ્રસિદ્ધ થઈ શકતી નથી.

જ્ઞાન સ્વરૂપ અનેક ધર્માત્મક આત્માનું સ્વરૂપ તો એવું જ છે, પણ અજ્ઞાનીને તે ભાસતું નથી. મારો આત્મા ઘણાને મદદ કરી શકે અને ઘણાની મદદથી મારો આત્મા પ્રગટ થાય—એમ અજ્ઞાની માની રહ્યો છે. તેથી જ્ઞાની તેને સમજાવે છે કે તું જ્ઞાન માત્ર છો. શરીર આદિ પર પદાર્થ તારા નથી. જ્ઞાનમાત્ર આત્માપણે હોવાનો અને શરીર આદિ પરના

અભાવપણે હોવાનો તારો સ્વભાવ છે. એમ જ્ઞાન માત્ર આત્મા સ્વભાવથી જ સત્-અસત્ છે. સ્વભાવથી જ જ્ઞાન માત્રપણે છે અને પરપણે નથી, એવી તને ખબર નથી માટે ભગવાન અનેકાંત વડે સમજાવે છે.

કોળિયો લેવો, ઊલટી કરવી વગેરે શરીરની—જડની ક્રિયા, આત્મા છે તો થાય છે–એમ અજ્ઞાની માને છે. પણ તેને ભાન નથી કે જડની જે ક્રિયા થાય છે તેમાં ચૈતન્યનો અભાવ છે અને ચૈતન્યની ક્રિયામાં જડનો અભાવ છે. વળી અજ્ઞાની એમ માને છે કે પોતાનો જ્ઞાન પર્યાય થવામાં શરીરની રુચિ—ઈન્દ્રિયો સારી વગેરે હોય તો થાય, નહિતર કેમ થાય ? પણ તેને ભાન નથી કે આત્મા વસ્તુ છે. તેના દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે અસંખ્ય પ્રદેશી નિજ વિસ્તાર, કાળ એટલે સમય સમયની અવસ્થા અને ભાવ એટલે જ્ઞાન આદિ ત્રિકાળી શક્તિઓ—એ બધું પોતામાં છે. અજ્ઞાનીને આવું વસ્તુ સ્વરૂપનું ભાન નથી. ભાન હોય તો પરનું લક્ષ છોડી સ્વભાવમાં લક્ષ કરે, પણ વસ્તુ સ્વરૂપની તેને ખબર નથી. અજ્ઞાની બહારનું બધું ઠીક હોય તો સુખનો સડકો લેવાય એમ માને છે પણ ચૈતન્ય સત્તા મારાથી છે પરથી નથી અને પરની સત્તા પરથી છે, મારાથી નથી—એમ અજ્ઞાનીને અનાદિની ખબર નથી.

શીતળા નીકળે, શરીરમાં જીવડાં પડે, વેદનાથી પોકાર—બૂમો પાડે, તે પીડા શરીરને લઈને નથી. પણ હું ચૈતન્ય જ્ઞાનાનંદ છું એમ ભૂલી, 'આ પીડા મારામાં થાય છે,' એવી એકત્વબુદ્ધિનું દુઃખ છે. વસ્તુ સ્વરૂપનું ભાન કરે કે હું મારા પણે છું અને આ શરીરની અવસ્થાપણે હું નથી, તે મારામાં નથી. તો દુઃખ થાય નહિ પણ અજ્ઞાનીને એ વાત કોઈ રીતે બેસતી નથી.

વસ્તુ સ્વરૂપ જ પોતે અનેકાંતપણે પ્રકાશે છે. કરોડનો હીરો પાંચ લાખનો થઈ જાય ? તેની કિંમત જે છે તે જ છે. કોઈ તેને જાણે માટે કિંમત આવી જતી નથી અને ન જાણે માટે કિંમત ચાલી જતી નથી. તે તો પોતાથી જ કરોડની કિંમતવાળો છે. તેમ આત્મા પોતાથી જ સ્વપણે છે—પરપણે નથી એમ પ્રકાશે છે. અનેકાંત સ્વરૂપ જ્ઞાનમાત્ર આત્માની અજ્ઞાનીને ખબર નથી તેથી તેને ઉપદેશ આપીએ છીએ.

પરથી ભિન્નતા અને સ્વથી એકતા એ વસ્તુનો સ્વભાવ છે. વસ્તુ સ્વભાવ જેમ છે તેમ સમજે તો આત્મ કલ્યાણ દૂર નથી. પણ અજ્ઞાની જેમ છે તેમ સમજતો નથી માટે તેને સમજાવવા આ ઉપદેશ છે.

વસ્તુ પોતે પોકાર કરે છે કે હું અનેકાંત સ્વરૂપ છું. વસ્તુ પોતાથી સતપણે છે અને પરથી અસતપણે છે એમ વસ્તુ પોતે જ પ્રકાશી રહી છે.

અજ્ઞાનીને તેની ખબર નથી. તેથી તેને સમજાવવા આ ઉપદેશ છે—એમ અમે કહીએ છીએ.

અમે જાણીએ છીએ; અમને પહેલાં અજ્ઞાન હતું; પછી ભાન કરીને જાણ્યું કે વસ્તુસ્વરૂપ આમ છે. તેથી હવે જાણીને કહીએ છીએ કે વસ્તુ અનેકાંત સ્વરૂપ છે.

મુનિ ધ્યાનમાં બેઠા હોય, માથે ભીંત પડે અને અંદર કેવળજ્ઞાન પ્રગટે. પત્થરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે આત્મા નથી—આત્મામાં તે અભાવરૂપ છે. માટે આત્માની પૃથક્ ક્રિયાને તે રોકતા નથી. તેથી આચાર્યદેવ કહે છે કે તારામાં એકાગ્ર થતાં, રમણતાની પૃથક્ ક્રિયાને કોઈ પર પદાર્થ રોકતા નથી. વસ્તુ પોતે જ પોકાર કરી રહી છે કે કોઈ પણ અવસ્થા તારી તારાથી છે, પરથી નથી. પણ અજ્ઞાનીને કોઈ રીતે તે બેસતું નથી તેથી વસ્તુને સમજાવવા ભગવાન અનેકાંતને ઉપદેશે છે.

અનેકાંત એટલે વસ્તુ સ્વપણે છે અને પરપણે નથી. વસ્તુ પોતે તત્-અતત્, એક-અનેક ઇત્યાદિ અનંત ધર્મો સ્વરૂપ છે. તે સ્યાદ્વાદ વિના પ્રસિદ્ધ થઈ શકતી નથી. માટે નીચે પ્રમાણે સમજાવે છે.

## "આત્મા આદિ દરેક પદાર્થમાં દ્વૈત-અદ્વૈતપણું"

સ્વભાવથી જ બહુ ભાવોથી ભરેલા આ વિશ્વમાં સર્વ ભાવોનું સ્વભાવથી અદ્વૈત હોવા છતાં, દ્વૈતનો નિષેધ કરવો અશક્ય હોવાથી સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ અને પરરૂપથી વ્યાવૃત્તિ વડે બન્ને ભાવોથી અધ્યાસિત છે. અર્થાત્ સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવર્તતો હોવાથી અને પરરૂપથી ભિન્ન રહેતી હોવાથી દરેક વસ્તુમાં બન્ને ભાવો રહેલા છે.

આ વિશ્વ કોઈએ બનાવ્યું નથી. તેમાં સંયોગ-વિયોગ કોઈ કરતું નથી. આ વિશ્વ સ્વભાવથી બહુ ભાવોથી ભરેલું છે એટલે કે જડ-ચૈતન્યના સ્વભાવથી ભરેલું છે. જગતમાં બધું એકરૂપ નથી પણ જડ-ચૈતન્ય આદિ બહુ પદાર્થો છે. તે દરેક પદાર્થ સ્વભાવથી પોતાપણે અદ્વૈત હોવા છતાં, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહેવાપણું એટલે કે પોતાના સ્વરૂપમાં પ્રવૃત્તિ અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં નહિ રહેવાપણું એટલે કે પરરૂપથી વ્યાવૃત્તિ—એ બન્ને ધર્મોથી અધ્યાસ્તિ છે. પ્રવૃત્તિ = સ્વપણે અસ્તિ; વ્યાવૃત્તિ = પરથી નાસ્તિ—એ બે વસ્તુનો સ્વભાવ જ છે. આમ વસ્તુ સ્વરૂપ પ્રસિદ્ધ છે, છતાં અજ્ઞાનીને બેસતું નથી. કર્મના કે શરીરના પરમાણુ અનંતકાળથી તારી પાસે ભેગા આવે છતાં તે તારી એકપણ પર્યાયને ફેરવી શકે તેમ નથી; માટે તે તારામાં નથી. તું તારામાં છો.

વળી જે એક છે તે પોતે જ અનેક છે એટલે કે વસ્તુ અપેક્ષાએ સ્વભાવથી અદ્વૈત એક છે. તે જ પોતાથી સત્ અને પરથી અસત્—એમ દ્વૈત—અનેક છે.

આમ વસ્તુનું સ્વરૂપ સમજવું તે ધર્મ છે અને તે સુખનો સાચો માર્ગ છે.

***

# પ્રસાદ નં. ૬૦

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(માગશર વદ ૯, શનિવાર, ૨૦૦૮, તા. ૨૨-૧૨-૫૧)**

(૧) આત્મા સ્વયં જ્ઞાન છે. સામે અનેક જ્ઞેય, પર વસ્તુ છે; તેને પોતાના જ્ઞાનસામર્થ્યથી જાણતાં જ્ઞાનની અનેક અવસ્થાઓ થાય છે. છતાં અજ્ઞાની તેમ નહિ માનતાં જ્ઞેયોના સંયોગથી જ્ઞાનનું અસ્તિત્વ—જ્ઞાનનું થવું માને છે. પરથી જુદા જ્ઞાતાપણાનું અસ્તિત્વ ચૂકી જાય છે. જ્ઞેયોના કારણે મારું જ્ઞાન સામર્થ્ય પ્રગટ થાય છે—એમ માનતો અજ્ઞાની થયો થકો, જ્ઞાન સ્વરૂપસત્તાની શ્રદ્ધામાં ટકતો નથી—નાશ પામે છે. અરીસામાં અગ્નિ દેખાય છે, તે ખરેખર અગ્નિ દેખાતી નથી, પણ તે વખતની અરીસાની સ્વચ્છશક્તિથી તે પર્યાયપણે અરીસો થયો છે, તે અગ્નિપણે થયો નથી. તેમ શરીરમાં રોગાદિ આવે ત્યારે પણ પોતાના અસ્તિત્વમાં રહીને નિજ સામર્થ્યથી જ્ઞાન જ તેને જાણે છે. છતાં અજ્ઞાની જ્ઞેયોના કારણે મને અનેકનું જ્ઞાન થાય છે, એમ માની સ્વ-અસ્તિત્વની શ્રદ્ધાનો નાશ કરે છે.

અજ્ઞાનીને ભ્રમ છે કે મીઠો પદાર્થ આવ્યો તેથી તેનું જ્ઞાન મને થયું. શરીરમાં તલવારનો ઘા વાગ્યો અથવા મને છરો વાગ્યો, મને સિંહ ફાડી ખાય છે—એમ અજ્ઞાની માને છે. જો કે તે વખતે પણ જ્ઞાન તો નિજ શક્તિથી જાણનારરૂપે રહે છે, છતાં અજ્ઞાન વડે ભિન્ન સત્તાથી જ્ઞાનનું હોવાપણું માનીને હું છિન્નભિન્ન થઈ ગયો—એમ અજ્ઞાની માને છે. જ્ઞાનસ્વરૂપમાં તે એકત્વ કરતો નથી.

પરના કારણે જ્ઞાનનું પરિણમન થતું નથી પણ પરસત્તાના નાસ્તિત્વથી જ જ્ઞાનનું થવું—ટકવું છે. છતાં અજ્ઞાની તેમ માનતો નથી. ત્યારે જ્ઞાની, જ્ઞાનમાત્ર સ્વભાવનું સ્વરૂપથી તત્પણું પ્રકાશીને સ્વાશ્રિત જ્ઞાતાપણે ટકવું—પરિણમવું હોવાને લીધે, સ્વતંત્ર—અસ્તિત્વ માનતો અહો ! **મારા જ્ઞાન સ્વભાવના સામર્થ્યથી મારા જ્ઞાનને જ જાણું છું,** પરને જાણવું તે વ્યવહાર છે. અનેકને જાણું તે મારા જ્ઞાનનું સામર્થ્ય છે, એમ જ્ઞાની જાણે છે. પરપણે નથી, સ્વપણે છું એમ પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું તે અનેકાંત સાધનથી પોતે પોતાને જ્ઞાની કરતો થકો ઉદ્ધારે છે. જ્ઞાની ત્રિકાળ સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિરૂપ અનેકાંતમય જ્ઞાન સામર્થ્યથી પોતાનું ટકવું માને છે, જ્ઞેયને જાણતાં જ્ઞેયરૂપે જ્ઞાન થયું નથી. જ્ઞાની જ્ઞાનપણાથી કદી છૂટ્યો નથી. જ્ઞાન મારાથી થયું છે, પરથી થયું નથી—એમ અનેકાંત વસ્તુ જ પોતાનો નાશ થવા દે તેમ નથી. આત્મા જ્ઞાનપણે છે, તે જ પરજ્ઞેયોના

તતપણે નથી—એવી પરસ્પર વિરુદ્ધ શક્તિને પ્રગટ કરતો અનેકાંત જ સાધન છે.

(૨) વળી જ્યારે તે જ્ઞાનમાત્રભાવ ખરેખર આ બધું આત્મા છે, એમ પરસત્તાને—અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે માનીને સર્વ વિશ્વને પોતારૂપ માની જગતથી ભિન્ન એવા પોતાનો નાશ કરે છે.

અજ્ઞાની જે જે દેખે તેને પોતાનું માને છે. લાકડું, ચોપડી સામે આવતાં તેનું જ જ્ઞાન થાય છે. માટે બધુ વિશ્વ જ્ઞાનમય છે, એક જ છે. જુઓ, ઊંધી દ્રષ્ટિની દલીલ ! સ્વતંત્રપણું રુચતું નથી. અનાદિથી વીતરાગનો કહેલો ધર્મ સમજવો દુર્લભ છે.

સર્વજ્ઞદેવ વગેરેને જાણતાં તેનાથી મને જ્ઞાન થાય છે એટલે તેમાં હું છું—એમ અજ્ઞાની માને છે. અહીં સર્વજ્ઞને જાણવા તે પણ પરસત્તા હોવાથી તેને અજ્ઞાનતત્ત્વ કહ્યું છે. પર તે અજ્ઞાન છે. આ જ્ઞાન અહીં છે, ત્યાં નથી. આ જ્ઞાનનો ત્યાં અભાવ છે—તેમ અનેકાંત વસ્તુસ્વભાવથી જ પોકાર કરે છે. તે નહિ માનનાર મનુષ્ય, દેવ, નારક વગેરે સર્વ તે હું છું એમ સર્વને ગ્રહણ કરી જુદાપણાનો અભાવ માને છે, અસંગ જ્ઞાતા છું એમ શ્રદ્ધા—જ્ઞાન કરી સ્થિર રહી શકતો નથી.

બીજામાં હું, એને લઈને હું—એમ માનનાર અમૃતમય અનેકાંત જીવનને નહીં માનતો, એકાંતમાં મૂઢ થઈ જાય છે અને અનેકાંતમાં મોક્ષમાર્ગ છે—એમ જાણનાર જ્ઞાની તો, જ્ઞાન પરપણે નથી—એમ પોતાનું વિશ્વથી ભિન્નપણું પ્રકાશતો પરપણે ત્રણકાળમાં થતો નથી. સ્વપણે જ છું એમ અનેકાંત સ્વરૂપ ખ્યાલમાં આવ્યું ત્યાં મોક્ષમાર્ગ થયો.

પરથી ખ્યાલ આવ્યો નથી, નિજ સામર્થ્યથી જ અનેકાંતસ્વરૂપનો ખ્યાલ આવ્યો છે એમ માનનાર જ્ઞાની વિશ્વથી ભિન્ન એવા સ્વતત્ત્વના શ્રદ્ધા—જ્ઞાનનો નાશ થવા દેતો નથી. અહીં તત્—અતતના બે બોલ થયા.

(૩) જ્ઞાનમાત્ર સ્વભાવમાં અનેક જ્ઞેયો જણાતાં અરેરે ! હું એક ન રહી શક્યો. અનેકને જાણતાં ખંડખંડરૂપ થઈ ગયો. મારે એકાકાર નિર્વિકલ્પ થવું છે. અનેકને જાણું તો નિર્વિકલ્પ ન થવાય—એમ અજ્ઞાની માને છે. અનેકને જાણવાનો સ્વભાવ છે, તેમ તે માનતો નથી. કોઈ કહે કે દ્રવ્યદ્રષ્ટિ તે સમ્યગ્દ્રષ્ટિ, માટે એકને જાણે, અનેકને જાણવાથી રાગદ્વેષ થાય માટે સ્વ—પરપ્રકાશક અનેકતાને જાણનાર જ્ઞાનના પર્યાય સ્વભાવનો તિરસ્કાર કરે છે. 'જ્ઞ' સ્વભાવને ઉપાધિ માની તેનો નાશ કરવા માગે છે. જ્ઞાન તો નિત્ય અનેકને જાણનાર એક સ્વભાવી છે. રાગને જાણતાં રાગરૂપ થતું નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેને જાણવા છતાં જ્ઞાન જ્ઞાનના અસ્તિત્વમાં એકપણે જ રહ્યું

છે; તેમ ન માનતાં અનેક પરજ્ઞેયરૂપ થવું માનીને અજ્ઞાની દુઃખી થાય છે. જ્ઞાનપર્યાયની સ્વચ્છતાનો સ્વભાવ છે કે છયે દ્રવ્યો તેમાં જણાય—છતાં તેને લક્ષમાંથી કાઢી નાખું એમ અજ્ઞાની માને છે; પણ કોને કાઢીશ ?

અરીસામાં કોલસા, અગ્નિ વગેરે દેખાય તેથી અરીસાને ધોઈ નાખું પણ અરીસો તો તેની સ્વચ્છ યોગ્યતાને પ્રકાશે છે. તે કાંઈ તેની ઉપાધિ નથી. તેમ જ્ઞાન લોકાલોક પ્રકાશક છે, તેનો નિષેધ કરતાં તારી શ્રદ્ધામાં ભૂલ થાય છે. અનેક જ્ઞેયાકારોને દેખી પોતાનો આખો એકાકાર આત્મા ખંડિત થઈ ગયો, એમ માનીને અજ્ઞાની નાશ પામે છે. બે અરીસા સામસામા હોય, એકના કટકા થતાં બીજાને શું ? તેમ અનેક જ્ઞેયોને જાણતાં સ્વથી એકપણું ભૂલી હું અનેકરૂપ ખંડખંડ થઈ ગયો, એમ અજ્ઞાની માને છે.

જ્ઞાની કહે છે કે પર્યાયથી જ્ઞાનમાં અનેકને જાણવાપણું ભલે હોય છતાં સ્વદ્રવ્ય સત્તાથી—સ્વભાવથી એકપણું જ પ્રકાશે છે. એમ એકપણું નાશ પામતું નથી. એક જ અનેક છે. એવી પરસ્પર વિરુદ્ધ બે શક્તિ વડે અનેકાંત વસ્તુપણું ટકાવી રાખે છે. જે દ્રવ્ય અપેક્ષાએ એક છે, તે જ પોતાની પર્યાય અપેક્ષાએ અનેક છે.

સાધક અવસ્થા હોય ત્યારે એમ લાગે કે જ્ઞાન, દર્શનાદિ ગુણપણે એક અને પર્યાયમાં જ્ઞાનનો વિકાસ થોડો, ચારિત્રમાં વિવિધતા વગેરે છે, માટે નક્કી પરના કારણે, કર્મના કારણે તેમ છે. દ્રવ્ય-ગુણની જેમ સાધકદશામાં બધી પર્યાયમાં એકપણું–સમાનપણું જણાતું નથી; માટે બધી પર્યાયને એક કરી નાખું, એમ માને તો દરેક ગુણની સ્વતંત્ર યોગ્યતા છે, તેનું સાચું જ્ઞાન નથી. હું એક અને પર્યાય સરખી કેમ નહિ ? નક્કી કર્મના કારણે ફેર પડ્યો છે—એમ અજ્ઞાની માને છે, પણ જ્ઞાની જાણે છે કે ફેરફાર કોણ કરે ? અનેક પર્યાયપણે વ્યાપવાનો મારો ધર્મ છે.

કોઈને ત્રણ જ્ઞાન ઊઘડે ને ચારિત્ર ઓછું, કોઈને ક્ષાયિક સમકિત ને ચારિત્ર ઓછું, જ્ઞાન ઓછું, તેમાં કર્મનું કારણ નથી. કર્મે માર્ગ આપ્યો કે કર્મનું જોર છે એમ નથી પણ અનેક પ્રકારની યોગ્યતાથી સ્વતંત્રપણે અનેકરૂપ થવાનો પર્યાયસ્વભાવ છે. વિવિધતા ભલે સાધકદશામાં રહે પણ વસ્તુપણે એક છું, એમાં જ્ઞાનીને શંકા પડતી નથી. અનેક પર્યાય થાય છે તે પ્રકારે જાણવાનો સ્વભાવ જ્ઞાનનો છે; છતાં એકપણાની દ્રષ્ટિને વિરોધ આવતો નથી. સ્વદ્રવ્યસત્તામાં ખંડખંડ થતો નથી. એમ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં અનેકાંતપણું સ્વભાવથી જ ટકે છે—એમ જાણતો જ્ઞાની શ્રદ્ધા—જ્ઞાનમાં વિરોધ થવા દેતો નથી.

***

# પ્રસાદ નં. ૬૨

## શ્રી સમયસાર પરિશિષ્ટ

(માગશર વદ ૧૦, રવિવાર, ૨૦૦૮, તા. ૨૩-૧૨-૫૧)

(૪) ‘‘વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન—આકારનું ગ્રહણ કરવા માટે અનેક જ્ઞેયાકારોનો ત્યાગ વડે પોતાનો નાશ કરે છે. (અર્થાત્ જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોના આકાર આવે છે તેમનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે.) ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.’’

તે જ્ઞાનમાત્ર ભાવની પર્યાયમાં જણાવાયોગ્ય અનેક જ્ઞેયોના આકારનો ખ્યાલ આવે છે. તેને ઉપાધિ માનીને તેના ત્યાગ વડે અજ્ઞાની પોતાનો નાશ કરે છે, અનેકને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે તેમ તે માનતો નથી.

જ્ઞાનની સ્વચ્છતા અનુસાર જણાવાયોગ્ય અનેક પ્રકારના રાગ-દ્વેષ, શરીરમાં રોગ, જન્મ, મરણ, નિંદા વગેરે જે હોય તે જ્ઞાનના ખ્યાલમાં આવે, તે તો જ્ઞાનની તાકાત છે—તેમ નહિ માનતાં અરેરે ! આવું જાણવાથી રાગદ્વેષ થાય છે માટે તે અનેક પ્રકારનું જ્ઞાન ન જોઈએ, એમ તિરસ્કારથી જ્ઞાનને કાઢી નાખવા માગે છે, તે જ અધર્મ છે.

કોઈએ નિંદા કરી, ગાળ દીધી તે યાદ આવે, પૂર્વે હિંસા અને દ્વેષનો ભાવ હતો તેનો ખ્યાલ આવે. તે તો જ્ઞાનનો વિકાસ છે, તે શું તારે કાઢી નાખવો છે ? કાઢવું છે શું ? અજ્ઞાનરૂપ દ્વેષ કે જ્ઞાન ? જ્ઞાન તો નીકળે નહિ. કેમ કે તે તારો સ્વભાવ છે, માટે અજ્ઞાનરૂપ દ્વેષ કાઢી નાખ.

‘પૂર્વના કામભોગ સંભારવા નહિ’ તેમ કહ્યું હોય તેનો અર્થ એમ છે કે તેના જ્ઞાનનો નિષેધ નથી પણ રાગનો નિષેધ છે. અરેરે! સ્ત્રી, દુશ્મન વગેરે યાદ આવી જાય છે તેથી રાગદ્વેષ થાય છે, એમ અજ્ઞાની માને છે. જ્ઞાનની એકતા ભૂલીને અનેકને જાણતાં હું એ બધારૂપે થઈ ગયો, એમ તે માને છે.

જેમ અરીસામાં સામે પચ્ચીસ ચીજ છે, તેનો આકાર જણાય છે તે ઉપાધિ નથી પણ તે તો તેનો સ્વચ્છતા ધર્મ છે. તેમ ચૈતન્ય અરીસો છે તેની પર્યાયમાં અનેક પ્રકારના રાગ-દ્વેષ, સંયોગ-વિયોગ, અગ્નિ વગેરેનો ખ્યાલ આવે, તે જાણવાના સ્વભાવને દુઃખરૂપ માની તેને કાઢી નાખું, એમ અજ્ઞાની માને છે.

ચૈતન્ય સ્વભાવથી જ અનેકને જાણનાર છે. પોતાની જ્ઞાનમાત્ર પર્યાય જણાય છે—તેનો ત્યાગ કરવા—ભૂલવા માગે તે અજ્ઞાની છે. પૂર્વની

અનેક વાતોના સ્મરણથી રાગ-દ્વેષ થતો હોય તો ત્રણેકાળના વિષયોને કેવળજ્ઞાની જાણે છે, તો તેમને પણ રાગ-દ્વેષ થવા જોઈએ, પણ એમ નથી.

પૂર્વનાં વૈર, કામ, ક્રોધ, હિંસા, ક્રૂરતા યાદ આવવાથી સાથે દ્વેષ થઈ જાય, એવો સ્વભાવ નથી. ક્રોધાદિ કાઢતાં જ્ઞાન કાઢી શકાતું નથી. જ્ઞેયોના અનેક પ્રકાર હો કે જ્ઞાનનું જાણવું હો, તે દુઃખનું કે રાગ-દ્વેષનું કારણ નથી.

પુત્રમરણનો અથવા નિંદાનો પત્ર વાંચશો નહિ, તેને યાદ આવવા ન દેશો—એમ માનનારને એક જ્ઞાન સ્વભાવ તે જ અનેકને જાણે, એ બેસતું નથી. તેથી તે જ્ઞાનસ્વભાવની હિંસા કરે છે. જ્ઞાનસ્વભાવ ત્રિકાળી એક છે. તે જ પર્યાયમાં અનેકને જાણનારપણે થાય છે—એમ બે વિરુદ્ધ શક્તિથી અનેકાંત સ્વયં પ્રકાશે છે.

જ્ઞાનમાં લોકાલોકને જાણવાનો સ્વભાવ છે કે આમ હતું, છે અને થશે. તે જ્ઞાનપર્યાયનો ત્યાગ કરવો બનતો નથી. હોય તે ક્યાં જાય? છે, તે જ્ઞાનસ્વરૂપે એક છે, તે જ પર્યાયરૂપે અનેક છે.

કોઈ કહે કે દેખવુંય નહિ ને દાઝવુંય નહિ માટે ગુફામાં ચાલ્યા જવું, પણ ગુફામાંય અનેક યાદ આવશે. શું એને લઈને દુઃખ છે ? જ્યાં જઈશ ત્યાં જ્ઞાન તો યાદ કરવાનું કામ કરશે જ.

કોઈ ખરાબ માનેલી વાત યાદ આવતાં ગાલે લપડાક મારે અને માને કે તે જ્ઞાનને કાઢી નાખું—એમ માનનાર અજ્ઞાની છે. જ્ઞાની નિત્ય એક જ્ઞાનમાત્ર સ્વભાવે રહેવા છતાં પર્યાયે અનેકને જાણવામાં વિરોધ જોતો નથી. જે કાળે, જે પ્રકારે સંયોગ, રાગ, દ્વેષ વગેરે થવાના છે તે થાય છે; તેનો ખ્યાલ કરતાં અધર્મ થઈ જતો નથી.

દીકરો મરે, દીકરી રાંડે, દુષ્કાળ પડે, ઉઘરાણી જાય, દુકાન સળગે, વિમાવાળા ભાંગે, દાટેલાં ધન કોલસા થાય, શરીરમાં આકરો રોગ આવે, તે વખતે કહો જવું ક્યાં ? તો તેને કહે છે કે એ કાળે તારા જ્ઞાનનો પર્યાય રાગ-દ્વેષ વિના જ અનેકને જાણવારૂપે થયો છે, તે એક જ્ઞાન-સ્વભાવપણાને છોડે તેમ નથી. એવાં શ્રદ્ધા-જ્ઞાનમાં ટકી રહેવું તે ધર્મ છે.

ત્રિકાળી જ્ઞાનમાં એકતા છે, તેનાં જ વર્તમાન પર્યાયમાં અનેકતા છે—બન્ને થઈ અનેકાંત સ્વભાવ પ્રકાશે છે. એવી શ્રદ્ધામાં ધર્મની અસ્તિ અને અધર્મની નાસ્તિ છે.

(૫) જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ જાણવામાં આવતાં એવા પરદ્રવ્યોના પરિણમનને લીધે જ્ઞાતૃદ્રવ્યને પરદ્રવ્યપણે માનીને—અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વદ્રવ્યથી સત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે—નાશ પામવા દેતો નથી.

પરથી જુદો આ જ્ઞાનમાત્ર ભાવ છે. તેને ભૂલીને શરીર તથા રાગાદિને જાણતાં તે બધારૂપે હું છું, એમ અજ્ઞાની માને છે. 'દેહનો સ્વભાવ જીવપદમાં જણાય છે' ત્યારે અજ્ઞાની માને છે કે હું એ બધારૂપે છું. છ માસથી રોગ થયો છે—તે તો પાડોશી એવા શરીરને થયો છે, છતાં અજ્ઞાની માને છે કે મને થયો; એમ પરપણે પોતાની અસ્તિ માનતો જુદા જ્ઞાયકપણાની શ્રદ્ધાનો નાશ કરે છે.

અને ધર્મી જીવ સ્વદ્રવ્યથી, સત્પણું પ્રકાશતો, પર બધા ભલે પલટે બધાને જાણનારો હું મારાથી છું, એમ માને છે ને તેમાં જ ધર્મ આવી ગયો. જેમ ગોળ અને ગળપણ જુદા નથી તેમ જ્ઞાન અને આત્મા જુદા નથી.

અજ્ઞાની તો રોગ થતાં જાણે હું ઊંડોઊંડો ઊતરી ગયો. શરીરને ફેરફારે પોતામાં ફેરફાર માને છે. આંખોના અંગારા ઊડી ગયા. અરે ! 'હું મરવાની તૈયારીમાં છું'—એમ માનનારને જ્ઞાની કહે છે કે તું અવિનાશી ચૈતન્યજ્યોત છે. તારા ઉપર વજ્રના પ્રહાર પડે તો પણ તે તને ન અડે, એવો તું અખંડ જ્ઞાતા છો.

પેશાબ–વિષ્ટા ચાલ્યા જતા હોય તો ભગવાનનું સ્મરણ કેમ થાય ? મારા ક્રિયાકાંડ છૂટી ગયા—એમ અજ્ઞાની માને છે, પણ તેમાં શું બગડ્યું ? વિષ્ટા અને રોગ ભલે હો, અંદર પવિત્ર જ્ઞાનાનંદ આત્મામાં એકાગ્ર થઈ આનંદમાં મસ્ત થઈ એકાવતારી થઈ શકાય છે, તેમાં પર કોઈ આડે આવતું નથી.

(૬) ધર્મી જીવ સમ્યક્ અનેકાંતથી માને છે કે મારા એકરૂપ જ્ઞાનસ્વભાવમાં અનેકનું જાણવું અનંતવાર થયું છતાં હું કોઈ પરરૂપે થયો નથી. હું પરથી અસત્ છું. ભગવાન સર્વજ્ઞદેવ પણ મારાથી અસત્ છે. હું મારાથી જ સત્ છું. એમ અનેકાંત જેવો સ્વભાવ છે તેવો ટકાવી રાખે છે—નાશ થવા દેતો નથી.

***

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(માગશર વદ ૧૧, સોમવાર, ૨૦૦૮, તા. ૨૪-૧૨-૫૧)**

આત્મા સ્વપણે છે, સ્વક્ષેત્ર આધારે છે અને પરપણે, પરાશ્રયપણે નથી—એમ બે ધર્મોની યથાર્થતા સમજે તો ધર્મ થાય, અન્યથા માને તો ધર્મનો સદ્ભાવ અને મિથ્યાત્વનો અભાવ થાય નહિ.

(૭) ''જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ પરક્ષેત્રગત (–પરક્ષેત્રે રહેલા) જ્ઞેય પદાર્થોના પરિણમનને લીધે પરક્ષેત્રથી જ્ઞાનને સત્ માનીને—અંગીકાર કરીને નાશ પામે છે ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વક્ષેત્રથી અસ્તિત્વ પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે—નાશ પામવા દેતો નથી.''

દરેક આત્મા જ્ઞાનમાત્રપણે પોતાના અસંખ્યાત પ્રદેશમાં જ છે. સ્વક્ષેત્રથી ટકતું જ્ઞાન પર જ્ઞેયાકારોને જાણવારૂપે પરિણમતાં સ્વક્ષેત્રથી છૂટી પરક્ષેત્રાકાર થઈ જતું નથી, છતાં તે સ્વક્ષેત્રપણું ભૂલીને અજ્ઞાની માને છે કે હું પરક્ષેત્રાકાર થઈ ગયો. મકાન, વન વગેરે ક્ષેત્રો પલટતાં હું પલટી ગયો. સમેદશિખરજી તીર્થક્ષેત્રે જતાં અહાહા......! મારું પરિવર્તન થઈ ગયું ! હવે નરક તિર્યંચ ગતિમાં નહીં જાઉં—એમ પરક્ષેત્રાધીન પોતાનું પરિણમન માને છે.

એકાંત ગિરિગુફા, શીતળ પાણીનાં ઝરણાં પાસે મકાન હોય, દેવ-ગુરુ-શાસ્ત્ર નજરે પડે તો જ્ઞાન સારું રહે, એમ પરક્ષેત્રથી જ્ઞાનનું અસ્તિત્વ અજ્ઞાની માને છે, સ્વક્ષેત્રથી પોતાની સત્તા માનતો નથી—એમ એકાંત મિથ્યાત્વ વડે સમ્યક્પણું થવા દેતો નથી. ત્યારે ધર્મી સ્વક્ષેત્રથી અસ્તિત્વ—પરક્ષેત્રથી નાસ્તિત્વ પ્રકાશતો—માનતો, **મારામાં રહીને અનેક ક્ષેત્રને જાણનાર મારા જ્ઞાનાકાર પરિણામને જાણું છું—એમ માની સાચું જ્ઞાન પરિણમન કરે છે.**

**(૮)** "વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ સ્વક્ષેત્રે હોવાને (–રહેવાને, પરિણમવાને) માટે પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોના ત્યાગ વડે (અર્થાત્ જ્ઞાનમાં જે પરક્ષેત્રે રહેલા જ્ઞેયોના આકાર આવે છે તેમનો ત્યાગ કરીને) જ્ઞાનને તુચ્છ કરતો થકો પોતાનો નાશ કરે છે, ત્યારે સ્વક્ષેત્રે રહીને જ પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોરૂપ પરિણમવાનો જ્ઞાનનો સ્વભાવ હોવાથી (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરક્ષેત્રથી નાસ્તિત્વ પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી."

સ્વક્ષેત્રે પરિણમવા માટે પૂર્વ જાણેલા પદાર્થની અનેક પ્રકારની અવસ્થાઓનો ખ્યાલ ન આવવા દઉં, કસાઈની દુકાને માંસના કટકા જોયા. તે ભૂલી જાઉં, સર્પ, અગ્નિ તથા ભયંકર અકસ્માતની વાત યાદ આવવા ન દઉં. તેને ભૂલી જાઉં તો એકાગ્ર—શાંત રહી શકું—એમ અજ્ઞાની માને છે પણ પરક્ષેત્ર આધીન જ્ઞાન માનીને નાશ સ્વીકારવાની મૂર્ખાઈ છોડી સ્વમાં એકાગ્ર થવું માનતો નથી. ત્યારે જ્ઞાની સ્વક્ષેત્રે રહીને પરક્ષેત્રના આકારના જ્ઞાનપણે થવાનો પોતાનો સ્વભાવ છે, એમ માને છે અને પરક્ષેત્રથી પોતાનું નાસ્તિત્વ ત્રિકાળ છે એમ અનેકાંત જ્ઞાનને જ પ્રકાશે છે. જ્ઞાનનો તિરસ્કાર થવા દેતો નથી.

પરક્ષેત્રને જાણતાં અરેરે ! મને રાગદ્વેષાદિ થઈ જાય છે. ધ્રુજારી આવે છે; એ આદિ જે ભ્રાંતિ છે તે જ મોટી હિંસા છે, તેને ટાળવાની અહીં વાત છે.

**(૯)** "જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ પૂર્વાલંબિત પદાર્થોના વિનાશકાળે (–પૂર્વે જેમનું આલંબન કર્યું હતું એવા જ્ઞેય પદાર્થોના વિનાશ વખતે)

જ્ઞાનનું અસત્પણું માનીને—અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વકાળથી (–જ્ઞાનના કાળથી) સત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે.''

આ બોલમાં વર્તમાન પર્યાયથી (સ્વકાળથી) અસ્તિ બતાવે છે. પ્રાગભાવમાં પણ વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં અને પ્રધ્વંસાભાવમાં વર્તમાન પર્યાયનો પછીની પર્યાયમાં અભાવ બતાવી, વર્તમાન સ્વકાળથી અસ્તિનો ભાવ સ્વતંત્ર છે એમ બતાવે છે. વર્તમાન સ્વકાળ (પર્યાય) તે કાર્ય છે. તેનો પૂર્વ પર્યાયમાં અભાવ ન માને તો કાર્ય અનાદિનું ઠરે અને વર્તમાન પર્યાયનો પછીની પર્યાયમાં અભાવ ન માને તો ભવિષ્યમાં અનંતકાળ સુધી એનું એ કાર્ય રહે, નવું કાર્ય ન થાય.

અભાવરૂપ કારણ વિના કોઈ કાર્ય જ ન થાય—એમ કારણ-કાર્યનો વ્યવહાર સમજાવવા કહ્યું છે, પણ જે સમયે જે પર્યાય છે, તે કાળે તે જ હોય. તે આગળ-પાછળ થતી નથી. કેમ કે તેનો સ્વકાળ છે. અનેકાંત સ્વરૂપની યથાર્થ સમજણનું ફળ વીતરાગતા છે.

વર્તમાન પર્યાય સ્વરૂપથી સત્ છે, તે જ પરથી અસત્ છે. વસ્તુ જે એક છે તે જ પોતાની પર્યાયપણે અનેક છે, એમ ક્રમસર 'છે', છે, રહે છે, તેનો તું જ્ઞાતા રહે, ફેરફારની કર્તાબુદ્ધિ છોડી જ્ઞાતા રહેવું તે જ તારું કાર્ય છે.

જે વખતે જે પર્યાય હોય તે તે જ વખતે હોય, પરકાળથી ન હોય એવી અનેકાંત વસ્તુસ્થિતિને જાણવાનું જ રહે છે.

આ જ્ઞાનમાત્ર આત્માને પૂર્વે જાણેલા પદાર્થની અનેક હાલતો યાદ આવતાં ને તે બદલતાં હું બદલી જાઉં છું, એમ માનીને અજ્ઞાની સ્વકાળથી અસ્તિનો તિરસ્કાર કરે છે.

પુત્ર મરી ગયો, લાકડાં સાથે સળગતો જોઈ અરેરે ! મારું હૈયું હાથ રહેતું નથી, મારું જ્ઞાન ચાલ્યું ગયું. જીવતાનું જ્ઞાન યાદ આવે તો ઠીક, મરેલા યાદ આવે તે ઠીક નહિ, પણ તે કાળે તેવું જ જ્ઞાન થવાનો મારો સ્વકાળ છે, એમ તે માનતો નથી.

રોગ વખતે શરીર ઢીલું પડતાં જીવ ઊંડો ઊંડો ઊતરી જતો હશે ?—ના. કોઈ પણ કારણે જ્ઞાનપર્યાય ઢીલો પડતો નથી. સ્વને ચૂકી પરકાળની દ્રષ્ટિથી જોતાં અજ્ઞાનીને ભ્રમ થાય છે. દેહાદિથી જુદો, પરિપૂર્ણ ચૈતન્યસત્તાથી ભરેલો છો, નિરંતર સ્વકાળમાં સુકાળથી તાજો ને તાજો છો. એવા તારા આધારે તારો સ્વકાળ છે. તેને ભૂલી પરાશ્રયથી પોતાનો સ્વકાળ માને છે, તેને પરથી છૂટાપણાનું ભાન નથી.

શરીર ઉપર મારના ઘા પડે, ધોધમાર લોહી વહે, કટકા થાય તેને જોઈ શકતો નથી—હું જીરવી શકતો નથી. અસાધ્ય થઈ જઈશ, જ્ઞાનની

પર્યાય કામ નહિ કરે. જ્ઞેય પલટાતાં જ્ઞાન પણ પલટાવા માંડ્યું, એમ અજ્ઞાની માને છે. તે સ્વકાળનો નાશ માને છે. ચૈતન્ય અસાધ્ય થાય નહિ. 'સદાય જ્ઞાતાપણે છું' એવા ભાનમાં શરીરનો ગમે તેવો પર્યાય થાય છતાં જ્ઞાતા અસાધ્ય થતો નથી.

'સમય પલટાય છે જ્યારે, બધું પલટાય છે ત્યારે', એ વાત ખોટી છે. જ્ઞાતા તો સ્વકાળથી સત્પણું પ્રકાશતો દેહાદિ પરનું ગમે તે થાઓ. મારા સ્વકાળની યોગ્યતાથી જ મારા પરિણામ છે માટે પર કાળથી અસત્ છું એમ અસ્તિ—નાસ્તિની યથાર્થતા એક સમયે સ્વીકારતો જ્ઞાની વીતરાગી પરિણમન ચૂકતો નથી.

(૧૦) ''વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ પદાર્થોના અવલંબનકાળે જ (–માત્ર જ્ઞેય પદાર્થોને જાણવા વખતે જ) જ્ઞાનનું સત્પણું માનીને—અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરકાળથી (–જ્ઞેયના કાળથી) અસત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.''

જ્યારે જ્ઞાનમાત્ર આત્મા સ્વાશ્રયે જ્ઞાન નહિ માનતો, પર પદાર્થની અવસ્થા અને વ્યવસ્થાનો મને ખ્યાલ રહે તો જ મને ઠીક રહે, પર સરખા રહે તો મારા પરિણામ સરખા રહે, એમ પરથી સ્વકાળનું ટકવું માની અજ્ઞાની પોતાનો નાશ કરે છે, દુઃખી થાય છે.

પણ પર પર્યાય ભલે પલટો, તેનાથી મારો પલટો નથી, એમ માનનાર જ્ઞાની સ્વ-પરનો જ્ઞાતા રહે છે.

જ્યારે માતા-પિતા સહિત દ્વારિકા સળગે છે ત્યારે શ્રીકૃષ્ણને નબળાઈને કારણે આર્તધ્યાન થાય છે, તે વખતે પણ ભાન છે કે આ બધા પ્રસંગનો પલટો થવાથી મારા જ્ઞાતાપણાનો પલટો નથી—એમ પરથી નાસ્તિપૂર્વક—સ્વથી અસ્તિરૂપ પરિણમનની યથાર્થતા—સ્વતંત્રતા સ્વીકારી તે જ્ઞાતા રહે છે. સ્વભાવ ચૂકતા નથી, પરને લઈને કાંઈ થયું નથી.

(૧૧) ''જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ જાણવામાં આવતા એવા પરભાવોના પરિણમનને લીધે જ્ઞાયકભાવને પરભાવપણે માનીને—અંગીકાર કરીને નાશ પામે છે. ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-ભાવથી સતપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે—નાશ પામવા દેતો નથી.''

જ્યારે આ જ્ઞાનમાત્ર આત્મા જાણવામાં આવતા ગુણ એટલે કે કેવળજ્ઞાની જાણવામાં આવે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નજીક હોય તો મારા ગુણ ટકશે અને અવગુણી ખ્યાલમાં આવે તો ટકશે નહીં, એમ માનનાર અજ્ઞાની પરભાવથી પોતાનું હોવાપણું માને છે. મને ચૈતન્યગુણનો ધોધમાર

ઉપદેશ મળ્યા કરે તો ઠીક, સહજ ચિદાનંદ ત્રિકાળી અનંતગુણથી પરિપૂર્ણ આત્મા છો, એવી વાણીના ધોધ નાખ્યા કરજો તો મારો ભાવ ટકશે, એમ અજ્ઞાની પરભાવપણે પોતાને માની સ્વતંત્રતાનો તિરસ્કાર કરે છે.

જ્ઞાની માને છે કે મારાથી મારો ભાવ છે, પણ પરથી નથી. એમ સ્વતંત્ર સ્વભાવ સ્વીકારી યથાર્થપણું ટકાવે છે. એનું નામ જ્ઞાન—શાંતિરૂપ ધર્મ છે.

***

# <u>પ્રસાદ નં. ૬૪</u>

## <u>શ્રી સમયસાર પરિશિષ્ટ</u>

**(માગશર વદ ૧૨, મંગળવાર, ૨૦૦૮, તા. ૨૫-૧૨-૫૧)**

અહીં અનેકાંતના સ્વરૂપનું વર્ણન ચાલે છે.

પ્રથમ તત્-અતત્ અને અહીં સત્-અસતના બોલમાં શું ફેર છે ?—કે તત્-અતતમાં આત્મા જ્ઞાનસ્વરૂપે છે અને પરજ્ઞેયપણે ત્રણકાળમાં નથી તેટલું ટૂંકામાં કહ્યું અને અહીં જ્ઞાનમાત્રરૂપ આત્મા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે ને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે નથી, એમ વિશેષ પ્રકારે વર્ણન કર્યું છે.

(૧૧) ''જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતા એવા પર ભાવોના પરિણમનને લીધે જ્ઞાયકભાવને પરભાવપણે માનીને—અંગીકાર કરીને નાશ પામે છે. ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-ભાવથી સત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે—નાશ થવા દેતો નથી.''

**<u>સ્વભાવથી સતપણું :—</u>**આત્મા જ્ઞાનમાત્ર શક્તિ સામાન્યથી ભરેલો છે. તેમાંથી સમયે સમયે જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે. તેમાં ભિન્નસત્તારૂપ દેહ, ઇન્દ્રિય, ભોગ વગેરે યાદ આવે તેને કારણે મારા ભાવોનું ટકવું થાય છે. જગતના સર્વ ભાવોને કારણે હું છું. લક્ષ્મી-દેહાદિની અનુકૂળતાથી ટકું છું એમ માની ચૈતન્યધ્રુવ શક્તિનો અજ્ઞાની નાશ કરે છે, પરભાવોને પોતાપણે માનતો તે સ્વશક્તિને ભૂલે છે. ત્યારે જ્ઞાની તો પર સત્તાથી મારી શક્તિ કોઈ પ્રકારે ટકે એવી પરાધીન નથી, નિત્ય સ્વ-શક્તિથી છું, એમ અનેકાંત જ યથાર્થતાને પ્રકાશે છે.

(૧૨) ''વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ સર્વભાવો હું જ છું—એમ પરભાવને જ્ઞાયકભાવપણે માનીને—અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરભાવથી અસતપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.''

**<u>પરભાવોથી અસતપણું :—</u>**જ્ઞાનસામર્થ્ય સ્વથી છે. તે ભૂલીને અજ્ઞાની જાણવામાં આવતાં સર્વ પર ભાવો હું છું ''એમ નિજ શક્તિનો અભાવ માને છે; ત્યારે જ્ઞાની છે તે લાખો ભોગ-જોગ વિરોધ નજરે પડે છતાં પર વડે મારી સત્તાનો નાશ થાય એમ માનતો નથી. શાસ્ત્રો ચોરાઈ ગયાં, આગમચક્ષુ ગયાં. હવે શી રીતે જ્ઞાનને ટકાવું ? કાંઈ સાધન ન રહ્યું, એમ અજ્ઞાની માને છે. અને પરભાવ પલટતાં હું નાશ પામું, શક્તિહીન બનું, એવું કોઈ રીતે મારામાં નથી—એમ જ્ઞાની માને છે.''

અજ્ઞાનીને સ્વશક્તિનો ભરોસો મહિમા આવતો નથી તેથી તે પરસંયોગ સામું જુએ છે, ત્યારે જ્ઞાની સ્વભાવ સામું જુએ છે.

(૧૩) ''જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનિત્ય જ્ઞાન વિશેષો વડે પોતાનું નિત્ય જ્ઞાનસામાન્ય ખંડિત થયું માનીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાનસામાન્યરૂપથી નિત્યપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે—નાશ પામવા દેતો નથી.''

**નિત્યપણું :—**જ્યારે આ જ્ઞાનમાત્ર સ્વભાવી આત્મા વર્તમાન પર્યાયધર્મથી નવી નવી અવસ્થાઓ બદલે છે તેને દેખીને પોતાનું નિત્ય જ્ઞાનસામાન્ય ખંડિત થઈ ગયું, એમ અજ્ઞાની માની લ્યે છે, તે નિત્યતાને ભૂલી જાય છે ને અનિત્ય પર્યાય જેટલો જ પોતાને માને છે.

પાણી ટકીને તે જ પાણી તરંગપણે બદલાય છે પણ તે તરંગ જેટલું થઈ જતું નથી, તે તરંગ કાઢી નાખો તો પાણી નિત્ય રહેશે નહીં; તેમ આત્મા ત્રિકાળી જ્ઞાનમાત્રપણે નિત્ય છે, તે જ અનિત્ય પર્યાયધર્મપણે નવી નવી અવસ્થા ધારણ કરે છે; છતાં એક પર્યાય જેટલો તે થઈ જતો નથી. પર્યાયમાં અનિત્ય છે તે જ દ્રવ્યસ્વભાવથી નિત્ય છે—એમ બન્ને થઈને આખું દ્રવ્ય છે. તેમ નહિ માનનાર બધું અનિત્ય માનીને સંયોગો તથા કામ, ક્રોધ, રાગાદિનું તથા જ્ઞાનનું ક્ષણે ક્ષણે પલટવું દેખી, અરેરે ! બધું નાશવાન જ છે, હું નિત્ય ન રહ્યો, ક્રોધાદિમાં એકાકાર અને ખંડખંડ થઈ ગયો, રાગાદિમાં ભળી ગયો એમ માની નાશ પામે છે.

ત્યારે અનેકાંત તે જૈનનું (-વસ્તુસ્વભાવનું) સુદર્શનચક્ર છે, તે મિથ્યામતને તોડનાર છે. એમ જાણનાર જ્ઞાની અનિત્ય પર્યાયધર્મો છે તેમ જોઈને પણ નિત્યતાને ભૂલતો નથી. પર્યાયપણે અનિત્ય છે તે જ દ્રવ્ય ધ્રુવસ્વભાવપણે નિત્ય છે એમ જ્ઞાની જાણે છે.

જેમ સુવર્ણ સુવર્ણપણે નિત્ય છે અને અનેક આકારોપણે અનિત્ય છે તેમ આત્મા દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, તે જ પોતાની પર્યાય અપેક્ષાએ અનિત્ય છે.

જ્ઞાનની અનેક પર્યાય નવી નવી થતી ભલે જણાય છતાં જ્ઞાનસામાન્ય તો એકરૂપ ટકી રહેનારું ધ્રુવ, નિત્ય છે, ક્ષણિક પર્યાય જેટલું નથી, એમ જ્ઞાની જાણે છે.

(૧૪) ''વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ નિત્ય જ્ઞાનસામાન્યનું ગ્રહણ કરવા માટે અનિત્ય જ્ઞાનવિશેષોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે (અર્થાત્ જ્ઞાનના વિશેષોનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે), ત્યારે (તે જ્ઞાનમાત્ર

ભાવનું) જ્ઞાનવિશેષરૂપથી અનિત્યપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ થવા દેતો નથી.''

**અનિત્યપણું :—**જ્યારે આ જ્ઞાનમાત્ર આત્મા છે તે નિત્ય છે તેને ભૂલીને અરેરે! ક્ષણે ક્ષણે જ્ઞાનમાં ભેદ પડે છે, નવી નવી પર્યાય થાય છે તે કાઢી નાખું અને તો જ હું કાયમ એકરૂપ ટકી શકું, એમ માની જ્ઞાનના વિશેષરૂપ જે પર્યાયધર્મ તેની અનિત્યતાનો અજ્ઞાની તિરસ્કાર કરે છે. તેને કાઢી નાખવા માગે છે.

અગ્નિની અવસ્થા અરીસામાં જણાય છે; તેને કાઢી નાખતાં અરીસાનો જ નાશ થાય છે તેમ જ્ઞાનમાં પર્યાય નવી નવી થાય છે તેને ઉપાધિ માની કાઢી નાખવા માગે તો આખા અંશી (–દ્રવ્ય)નો નાશ થાય છે.

અનિત્યસ્વભાવનો ત્યાગ માનતાં એકલી નિત્યતા રહે નહિ અને એકલું નિત્યપણું માનતાં અનિત્ય બને નહીં. એકાંત માનતાં મિથ્યાત્વ થાય છે. નિત્ય અને અનિત્ય બન્ને થઈને આખો આત્મા છે.

જ્ઞાનનો પર્યાય નવો નવો થાય છે તેને ઉપાધિ માની તેને ભૂલી જવા માગે તે મૂઢ—નાસ્તિક છે. જે નિત્ય છે તે જ અનિત્ય છે—એમ અનેકાંત સ્વયમેવ પ્રકાશે છે પણ અજ્ઞાનીને તેની ખબર નથી. ભગવાને તો અનેકાંતને મોક્ષના સાધનપણે બતાવ્યું છે.

અહીં રાગદ્વેષની વાત નથી. એકલા જ્ઞાનમાં નિત્ય-અનિત્યની વાત છે. રાગ, દ્વેષ, દયા, દાનાદિનો ખ્યાલ આવે, વિચારો બદલાય છતાં જ્ઞાન નિત્ય રહે છે. નવા નવા અનેક પ્રકારો જણાતાં તેને ઉપાધિ માની, 'આ ન જોઈએ'—એમ માનનાર અજ્ઞાની છે.

હું ધ્રુવ—સામાન્યપણે નિત્ય અને પર્યાય—વિશેષપણે અનિત્ય છું—આમ જ્ઞાની જાણે છે.

તત્–અતત્ વગેરે ૧૪ ધર્મ બતાવ્યા તે બધા, આત્મામાં એક સાથે છે. એમાંથી એકાંતે એક જ માને, ને બીજાનો નિષેધ કરે તો મિથ્યાત્વ છે, તેને ધર્મરૂપે સાચું પરિણમન થતું નથી.

હવે વિસ્તારથી ૧૪ બોલના ૧૪ કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૨૪૮

**(૧) તતપણું :—**જ્ઞાન પોતાપણે છે તેમ ન માનતાં બાહ્ય પદાર્થો વડે સમસ્તપણે પી જવામાં આવેલું, પરપણે થયેલું માનતો અજ્ઞાની પોતાની પ્રગટ ચૈતન્યસત્તાને છોડી દઈ—ભૂલી જઈ—પરને લઈને મારું જ્ઞાન છે, એમ પરાશ્રયપણું માની સ્વથી શૂન્ય થાય છે.

જેવાં જ્ઞેય તેવું જ્ઞાન—ઘટ પાસે હોય તો ઘટનું જ્ઞાન એમ અજ્ઞાની પર જ્ઞેયોની હયાતીથી પોતાનું જ્ઞાન માને છે; પણ જ્ઞાનનો તે વખતનો પર્યાયધર્મ છે કે તેવું જ્ઞાન સ્વને લઈને કરે છે, એમ તે માનતો નથી. ***

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(માગશર વદ ૧૩, બુધવાર, ૨૦૦૮, તા. ૨૬-૧૨-૫૧)**

જુઓ, આ જ્ઞાન છે તે અંતર્મુખથી વ્યક્ત થાય છે, પોતાના કારણે સ્વ-પરજ્ઞેયાકાર થાય છે, પરથી તે પરિણમતું નથી એમ સમ્યક્ અનેકાંત તે ધર્મ છે. અજ્ઞાની માને છે કે જ્ઞાનમાં નવી નવી અવસ્થા, સામે જેવા પદાર્થો હોય તે પ્રમાણે જ થાય છે. શબ્દ, રૂપ, ઘડો પાસે હોય તો જ મારું જ્ઞાન થાય છે; એમ એકાંત માને તે અધર્મ છે.

સારાં નિમિત્તો શોધીએ તો જ્ઞાન સારું રહે, એમ માની અજ્ઞાની બહારમાં ભટક્યા કરે છે. દેશાટન કરવાથી ખૂબ બુદ્ધિ ખીલે, એમ માની અજ્ઞાની અનિત્ય પલટાતા સંયોગનો વિશ્વાસ કરે છે પણ અંદર પૂર્ણશક્તિથી ભરેલો જ્ઞાતા નિત્ય છે—તેમાં એકાગ્રદ્રષ્ટિથી ઠરું તો કેવળજ્ઞાન અને સર્વસમાધાનરૂપ સુખ થાય, ઇચ્છા ન રહે. એ વાત અજ્ઞાનીને રુચતી નથી.

જ્ઞાન પોતાની વર્તમાન યોગ્યતા પ્રમાણે ખીલે છે, તેમ ન માનતાં, સમયસાર વાંચે તો તેનું જ્ઞાન થાય, પદ્મપુરાણ વાંચે તો તેનું જ્ઞાન થાય એમ પરથી જ્ઞાન ખીલે છે—એમ અજ્ઞાની માને છે; પણ સ્વતંત્ર જ્ઞાનને તે માનતો નથી. ગુરુ પાસે સાંભળવાથી જ્ઞાન થતું હોય તો બધાને સરખું થવું જોઈએ, પણ તેમ બનતું નથી. પરથી જ્ઞાન માનનારને એકાંતવાદી તથા પશુ કહ્યા છે. પશુનો અર્થ **पश्यते—बध्यते कर्मेति** પશુઃ જે કર્મથી બંધાય છે તે પશુ-અજ્ઞાની છે. મોટા વિદ્વાન ગણાતા હોય તે પરથી જ્ઞાન માને તો તે પશુ છે અર્થાત્ કર્મથી બંધાય છે. પરદ્રવ્યમાં એકતાબુદ્ધિ વિના પરથી લાભ-નુકશાન માની શકે નહીં. પરથી—પરના આધારે જ્ઞાન માને તે તેમાં લીન રહે છે, જુદાપણાની શ્રદ્ધા છોડી તે બંધનની શ્રદ્ધા કરે છે તેથી આચાર્યદેવ તેને પશુ = તિર્યંચ—નિગોદ—એકેન્દ્રિયના તુચ્છ જ્ઞાનનું આરાધન કરનાર કહ્યો છે. જ્ઞાનની સ્વચ્છકળા ખીલે છે સ્વથી—તેનો તિરસ્કાર કરી એકેન્દ્રિય થવા માગે છે. અતીન્દ્રિય સિદ્ધ ભગવાન થવા માગતો નથી.

રત્ન જોવાથી બુદ્ધિ ખીલતી હોય તો બધાને કેમ તે કળા ખીલતી નથી ? પણ જેની લાયકાત છે તેને જ ખીલે છે. સમજાવનાર નિમિત્ત હોય તો જ્ઞાન ખીલે એમ માને, પણ સમજે નહીં તો નિમિત્ત કોનું ? જ્ઞાન જ્ઞાનથી જ છે, જ્ઞેયથી નથી; જ્ઞેય જ્ઞેયના કારણે છે, જ્ઞાનથી નથી—એ અનેકાંત અમૃતનો તિરસ્કાર કરી એકાંત માને તે મિથ્યાદ્રષ્ટિ છે.

પરનો વિશ્વાસ છોડી, ચૈતન્ય સર્વશક્તિથી પરિપૂર્ણ છે તેનો વિશ્વાસ કર. નિમિત્તથી ત્રણકાળમાં જ્ઞાન થતું નથી, વધતું નથી. જ્ઞાન, શ્રદ્ધા, આનંદ, ચારિત્ર મારાથી છે પણ પરથી નથી—એવી શ્રદ્ધાને લીધે અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘન સ્વભાવના ભારથી—સ્વ સામર્થ્યથી હું જાણું છું; એમ સંપૂર્ણ જ્ઞાન પ્રગટ થાય છે. આવું માને તે જ સ્વમાં જાગ્રત થઈ અખંડ જ્ઞાનશાંતિરૂપ ધર્મ વડે કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષ પામે છે.

**ભાવાર્થ :—**જેમ ઘીનો ઘડો નિમિત્તથી બોલાય, તેમ ઘડાનું જ્ઞાન, વસ્ત્રનું જ્ઞાન એમ વ્યવહારથી બોલાય, પણ તે વખતે જ્ઞાન સ્વ—સામર્થ્યથી જાણવાની લાયકાત હોય તેવું જ જાણે છે એ નિશ્ચય છે. કોઈપણ જીવનો જ્ઞાનપર્યાય પરજ્ઞેયો ઉપર આધાર રાખતો નથી. છતાં એકાંતવાદી પશુ મારું જ્ઞાન પરથી થાય છે, એમ માનતો પોતાને ખોઈ બેસે છે ત્યારે સ્યાદ્વાદી—જ્ઞાની સ્વાશ્રિત જ્ઞાનને માનતો કેવળજ્ઞાન પ્રગટ કરે છે.

રાજમલ્લજી કળશ ટીકામાં (પૃ. ૨૮૨માં) તત્—અતતના પ્રથમ શ્લોકની ટીકામાં ચાર પ્રશ્ન પૂછવામાં આવ્યા છે.

(૧) જ્ઞાન જ્ઞેયના આશ્રયે છે કે જ્ઞાનના આશ્રયે છે ?

(૨) જ્ઞાન એક છે કે અનેક ?

(૩) જ્ઞાન અસ્તિ છે કે નાસ્તિ ?

(૪) જ્ઞાન નિત્ય છે કે અનિત્ય ?

તેનો ઉત્તર :–જ્ઞાન દ્રવ્યસામાન્યપણે સ્વનું છે—સ્વાશ્રિત છે, જ્ઞેયોનું નથી—જ્ઞેયાશ્રિત નથી, પણ પર્યાયદ્રષ્ટિથી જ્ઞાન જ્ઞેયનું છે. સ્વ-પરજ્ઞેયોને અવલંબનારું છે એટલે કે સ્વ-પર જ્ઞેયનું યથાર્થ જ્ઞાન કરે છે. તથા અનેક જ્ઞેયોની આકૃતિ એક સમયનો જ્ઞાનપર્યાય બરાબર જાણે છે એ અપેક્ષાએ જ્ઞાન જ્ઞેયનું છે. સ્વ-પર જ્ઞેયાશ્રિત કહેવું તે વ્યવહાર છે. દ્રવ્યદ્રષ્ટિએ એકલું સામાન્ય જ્ઞાન અભેદવસ્તુ છે તે છે.

જ્ઞાનપર્યાય શું જાણે છે ? છ દ્રવ્ય પરજ્ઞેય છે અને પોતે સ્વદ્રવ્ય સ્વજ્ઞેય છે—એમ જાણે છે. જો એકલા અંશ (–પર્યાયમાત્ર)ને જાણે તો અંશી વિના અંશ મિથ્યા છે, જ્ઞાન જ્ઞાનનું રહ્યું નહિ અને સ્વ—પર જ્ઞેયનું રહ્યું નહિ અને એકલા અંશીને (–દ્રવ્યને) જાણે તો અંશ વિના અંશી મિથ્યા ઠરે. તેથી પર્યાય અપેક્ષાએ જ્ઞાન જ્ઞેયાશ્રિત છે.

છ દ્રવ્યને ન માને, માત્ર સ્વદ્રવ્યને જ માને તો પર્યાયજ્ઞાન ખોટું છે, દ્રવ્ય—પર્યાય બન્નેનું યથાર્થ જ્ઞાન તે પ્રમાણ છે.

સ્યાદ્વાદી જ્ઞાતા જાણે છે કે પરથી જાણતો નથી પણ ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનું જ્ઞાનસામર્થ્ય મારું છે. એક સમયમાં અનંતા લોકાલોક હોય

તેને જાણતાં પણ મારું જ્ઞાનસામર્થ્ય અનંતગણું બાકી રહે છે, એવું જ્ઞાનપર્યાયનું વર્તમાન સામર્થ્ય છે. સામાન્ય દ્રવ્યગુણ છે માટે જ્ઞાનપર્યાય છે એમ નહીં, સામે જ્ઞેય છે માટે જ્ઞાન છે, એમ પણ નહીં પણ વર્તમાન જ્ઞાનપર્યાય સત્ છે તે સ્વની તાકાતને કારણે બધું જાણે છે, તેને બીજું કારણ કહેવું તે વ્યર્થ છે. અહીં પર્યાયનું સ્વપણે અસ્તિત્વ સિદ્ધ કરવું છે. નહોતી ને થઈ એમ નહિ; એક સમયની જ્ઞાનપર્યાય સ્વ-પરને યથાર્થ જાણે છે.

સ્વ-પર જ્ઞેયનું જ્ઞાન કહેવું—તે જ્ઞેયને લઈને નહીં પણ વર્તમાન અસ્તિ પર્યાયની તાકાતને લઈને છે. માટે જ્ઞેયાકાર થવા છતાં જ્ઞાન જ્ઞેયોનું થતું નથી. જ્ઞાનપર્યાયનું છતું સામર્થ્ય છે તે છૂટતું નથી.

આમ એક સમયના જ્ઞાનપર્યાયમાં લોકાલોકને જાણવાનું સામર્થ્ય છે તે છ દ્રવ્યને અને સ્વદ્રવ્યને જાણવા છતાં પોતાના જ્ઞાનપર્યાયસામર્થ્યને છોડતું નથી. એ જ નિર્વિકલ્પ જ્ઞાન, રાગ અને રાગની એકતા વિનાનું જ્ઞાન છે. ભેદથી કહો તો જ્ઞાનપર્યાય જ્ઞેયાકાર, જ્ઞેયાશ્રિત, જ્ઞેયની છે છતાં ખરેખર તે જ્ઞેયથી નથી પણ સ્વસામર્થ્યથી જ પરિપૂર્ણ છે.

## કળશ ૨૪૯

**અતત્પણું :—**દરેક દ્રવ્ય ત્રિકાળ જુદે જુદું સ્વતંત્ર છે—એમ ન માનતાં વિશ્વજ્ઞાન જ છે, જ્ઞાન બધામાં વ્યાપક છે એમ માનનારને અવિવેકી પશુ કહ્યા છે. બધા થઈને એક આત્મા માને છે. પોતાને જુદો સ્વતંત્ર આત્મા રુચતો નથી. નામ-રૂપ ભલે જુદાં હો, નિશ્ચય-પરમાર્થમાં એક સત્ ચિદાનંદ છે—તેમ માનનાર સ્વાધીન સતપણું જોતો નથી. એવા એકાંતવાદી નિગોદગામી છે.

બધાથી એવો પ્રેમ કરો કે આંતરો ન રહે, પણ બધાનું જ્ઞાન એક સાથે કર્યા વિના સમભાવરૂપી પ્રેમ થાય શી રીતે ? એકથી પ્રેમ કરતાં બીજા સાથે દ્વેષ રહે જ. બધા થઈને એક માનનાર જીવ બધાના વિચારની એકતા થાય તો મારું ભલું થાય એમ પર સામું જોયા કરે છે; તે વર્તમાનમાં કદાચ મોટો પુણ્યવાળો દેખાતો હોય તો પણ થોડા કાળમાં બધું જ્ઞાન હારીને એકેન્દ્રિય પશુ થવાના છે. બધા મારી વાત માને તો મને મજા પડે, એ વગેરે પ્રકારે અજ્ઞાની પરતત્ત્વમાં નિજતત્ત્વની આશા રાખી નાશ પામે છે. ત્યારે જ્ઞાની પરની આશાને જીવન માનતો નથી. પરતત્ત્વથી મારું જ્ઞાન ત્રણકાળમાં નથી. પરથી લાભ-નુકશાન નથી. હું ત્રણે કાળ પરના અભાવપણે ટકનારો છું. આખી દુનિયાથી જુદો છું, કેવળજ્ઞાની ભગવાનના આત્માથી પણ જુદો છું. મોક્ષદશામાં પણ અનંતકાળ એકલો જ્ઞાનાનંદપણે રહેનારો છું—એમ જ્ઞાની માને છે.

સમસ્ત જ્ઞેયના જાણનારપણે પરિણમતો હોવા છતાં કોઈ જ્ઞેયરૂપ જ્ઞાન થતું જ નથી. જો જ્ઞેયથી જ્ઞાન થાય તો ભગવાન કેવળીને જાણતાં મારું જ્ઞેયાકાર જ્ઞાન કેવળી જેવડું થઈ જાય; પણ તેમ બનતું નથી. માટે મારું જ્ઞાન સ્વ સામર્થ્યથી છે એમ જ્ઞાની માને છે.

**ભાવાર્થ :—**એકાંતવાદી બધું એક માનતો સ્વને ચૂકે છે. પરજ્ઞેય તે હેય છે. માત્ર ચૈતન્ય ઉપાદેય છે એ ભૂલે છે. અરિહંતદેવ પણ જ્ઞેય છે—ઉપાદેય નથી. છતાં તેનાથી રાગ કરવા જેવો છે, પરથી લાભ માની બધાં જ્ઞેયોમાં એકતાબુદ્ધિ કરી નાશ પામે છે એટલે જ્ઞાનવિકાસનો નાશ કરી, એકેન્દ્રિય પશુ થવા માગે છે. ત્યારે જ્ઞાની તો જ્ઞાનસ્વરૂપ પોતાપણે તત્ છે. તે પર જ્ઞેયાકારે પરિણમવા છતાં—જ્ઞાનના વિષયો જેવા છે તેવા જાણવા છતાં સ્વજ્ઞાનસત્તારૂપ ત્રિકાળ પરથી જુદો ને જુદો રહે છે. આમ સમજવું તે શાંતિનો માર્ગ છે ને ધર્મકળા છે.

***

# પ્રસાદ નં. ૬૬

## શ્રી સમયસાર પરિશિષ્ટ (કળશ ૨૪૯)

**(માગશર વદ ૧૪, ગુરુવાર, ૨૦૦૮, તા. ૨૭-૧૨-૫૧)**

જ્ઞાનમાત્ર આત્મા સ્વરૂપથી તત્ અને પરથી ત્રિકાળ જુદો છે—અતત્ છે. તેને ભૂલીને શરીરાદિ તથા રાગદ્વેષપણે થઈ ગયો, એમ માને છે તે અજ્ઞાની એકાંત—એક પક્ષને જોનાર પશુ જેવો અવિવેકી છે. જેમ પશુ રાડાં ને ચૂરમું એક કરીને ખાય છે. તેને તેની જુદાઈનું ભાન નથી તેમ અજ્ઞાની પરજ્ઞેયોને આત્મામાં અભિન્ન માનીને હેય-ઉપાદેયના વિવેક વિના સ્વચ્છંદે પ્રવર્તે છે.

શરીર હું, શરીરને સારું રાખી શકું, મને ખાતાં પીતાં તથા મકાનની વ્યવસ્થા કરતાં આવડે છે, એ પદ્ધતિની કળાથી બધાને અનુકૂળ બનાવી શકું છું, એમ અજ્ઞાની પોતાને વિશ્વમય માને છે. જ્ઞાની સ્યાદ્વાદી તો એમ માને છે કે અરીસામાં સામા પદાર્થના અનેક આકાર દેખાય તે કાંઈ અરીસામાં આવ્યા નથી. તેમ જ્ઞેયોના કારણે જ્ઞાનની અવસ્થા નથી. તીર્થંકર ભગવાન મારા જ્ઞાનમાં જણાય તો પણ તે હેય છે. પુણ્ય—પાપ, શરીરાદિ છોડવા યોગ્ય છે, એકલો ચૈતન્ય ઉપાદેય છે. તેની સામે ગમે તેવા પ્રતિકૂળ પરિષહનાં કારણો દેખાય તો પણ કોઈથી અટકે એવો જ્ઞાનસ્વભાવ નથી. અનેક ભવમાં અનેક શરીર બદલ્યાં, શુભાશુભ રાગ બદલ્યા છતાં હું તો તેનો તે છું, જ્ઞેયોને જાણવારૂપે પરિણમું છતાં તે સર્વથી ત્રિકાળ ભિન્ન છું.

આ પરથી અતતપણાનો ભંગ કહ્યો.

## કળશ ૨૫૦

સાચી સમજ ન કરે તેને ઢોર કહ્યા છે. ઘી જોઈને તેને પાણીની પેઠે પી જનાર પશુને વિવેક હોતો નથી. તેને તો જે મળ્યું તે ખાવું. તેમ અજ્ઞાની પશુ જેવા છે. કેમ કે પરવસ્તુને જાણતાં તેનાથી પોતાને તે એકરૂપ માને છે. અનેક જ્ઞેયાકારો જ્ઞાનમાં જણાતાં જ્ઞાનની શક્તિને છિન્ન ભિન્ન—ખંડખંડરૂપ થઈ જતી તે માને છે. જ્ઞાનપર્યાયની સ્વચ્છતામાં અનેકને જાણતાં હાય હાય મારું એકપણું લૂંટાઈ ગયું—નાશ થયું, એમ તે માને છે. હું એક છું, તે જ પર્યાયમાં અનેકને જાણનાર છું—એમ સાચી શ્રદ્ધા તે કરતો નથી. એકાકાર જ્ઞાનસ્વભાવને તે ભૂલી જાય છે.

સોનું કાયમ એકરૂપ રહીને આકાર બદલાય છે, પાણી કાયમ એકરૂપ રહીને તેનાં તરંગો બદલાય છે તેમ ચૈતન્ય એકરૂપ જ્ઞાતા રહીને તેની અનેક અવસ્થા થાય છે, અનેક જ્ઞેયોને જાણવાનો તેનો ધર્મ છે. છતાં

અવિવેકી—અજ્ઞાની તેને ઉપાધિ માનતો એકપણાનો નાશ કરે છે, તે સ્વભાવમાં એકતાની શ્રદ્ધા કરી શકતો નથી.

અનેક પ્રકારના ખારા-ખાટા, કડવા-મીઠા પદાર્થોને જાણતાં જ્ઞાન અનેક પરજ્ઞેયોરૂપ થઈ જતું નથી. અરે ! મારું મોઢું કડવું વા મીઠું થઈ ગયું—એમ માનનાર એકરૂપ જ્ઞાતાને ભૂલી એકલા ભેદને જુએ છે ! અનેકાંતનો જ્ઞાતા તો હું સદાય જ્ઞાનમાત્રપણે એક છું, અનેકને જાણે એવો મારો જ્ઞાનપર્યાયનો સ્વભાવ છે, છતાં એકત્વનું જ્ઞાન તૂટતું નથી. જ્ઞેયોના ભેદે જ્ઞાનમાં ભેદ માનવારૂપ ભ્રમ તેને થતો નથી. એક જ્ઞાનમાં જ એક-અનેકપણું છે. આવું જાણે તો અજ્ઞાનરૂપ રાગ થાય નહીં.

**ભાવાર્થ :**—જ્ઞાનનો એવો સ્વભાવ છે કે સામે જે પ્રકારનાં જ્ઞેયો હોય તેને જાણે, તેને જ્ઞાનની સ્વચ્છતાની વિશેષતા છે.

અરીસા સામે હીરા સોનું વગેરે પડ્યાં હોય, તે અરીસામાં દેખાય તેથી કોઈ તેમાં હીરા વગેરે માનીને લેવા-વેચવા માગે તો મૂર્ખ કહેવાય. તેમ આત્માના જ્ઞાનદર્પણની સ્વચ્છતામાં અનેકને જાણવાનો ધર્મ છે. એટલે જ્ઞેયાકાર પરિણમન થાય છે તેથી જ્ઞાન કોઈ પરરૂપે થઈ જાય અને તેનું એક જ્ઞાતાપણું છૂટી જાય એવું નથી. ચારે તરફ અરીસામાં એક પુરુષનાં ઘણાં શરીર દેખાય તેથી તે બધાંરૂપ હું છું, એમ જે માને છે તે મૂર્ખ કહેવાય તેમ અજ્ઞાની અનેકને જાણતાં એક જ્ઞાયકપણાનો નાશ માની હું અનેકરૂપે થઈ ગયો એમ માને છે. જ્ઞાની કહે છે કે પર્યાયમાં અનેક જ્ઞેયાકારને જાણવારૂપે જ્ઞાનની વિશેષતા છે છતાં મારું પ્રગટ કાયમ એકવસ્તુપણું છે, તે જ છે, તેની શ્રદ્ધાને તે છોડતો નથી.

આ પ્રમાણે એકપણાનો ભંગ કહ્યો.

## કળશ ૨૫૧

બધા કળશમાં અજ્ઞાનીને એકાંતવાદી પશુ કહ્યા છે. નિર્મળ ચૈતન્યનો તિરસ્કાર કરનાર હોવાથી નિગોદ—એકેન્દ્રિય થવાના છે.

આત્માના જ્ઞાનપર્યાયની સ્વચ્છતા જ એવી છે કે અનેક જ્ઞેયાકારો જણાય પણ તેને કલંક-ઉપાધિ-મલિનતા માનીને અજ્ઞાની ચૈતન્યસ્વભાવને ધોઈ નાખવા માગે છે. જેમ અરીસામાં કોલસા દેખાય તેને મલિનતા માની તેને ધોવા માગે તે અજ્ઞાની છે, તેમ આત્માની સ્વચ્છ જ્ઞાન પર્યાયમાં અનેકને જાણવાનો સ્વભાવ છે; તેને કાઢી નાખું તો એકાકાર ટકી શકું એમ માની અજ્ઞાની જ્ઞાનની અનેકતાનો તિરસ્કાર કરે છે. પૂર્વના રાગ-દ્વેષ, પાપ વગેરે જ્ઞાનપર્યાયમાં યાદ આવે તે તો જ્ઞાનનો સ્વભાવ છે છતાં તેને દુઃખરૂપ માની અજ્ઞાની તેનો નાશ કરવા માગે છે. ત્યારે જ્ઞાની તો કહે છે કે

એક, તે જ પર્યાયમાં અનેકને જાણનાર સ્વભાવી છે. રાગ-દ્વેષ વગેરે અનેક જણાય તે નુકશાનકારક નથી પણ રાગ-દ્વેષને જ્ઞાનમાં એકરૂપ માનવા, લાભદાયી માનવા તે નુકશાનકારક છે. જ્ઞાનને ભૂલી પર વડે રાગ-દ્વેષ માને તે દોષ છે.

અજ્ઞાનીને જ્ઞાનની વિશેષતા પ્રત્યે તિરસ્કાર હોવાથી તે કાન બંધ કરવા અથવા આંખો ફોડી નાખવા માગે છે. સ્ત્રીને દેખી રાગ થાય છે, વિકથા સાંભળી દ્વેષ થાય છે એમ તે માને છે. પણ પરવસ્તુ રાગદ્વેષ કરાવતી નથી, એમ તે માનતો નથી. જે ચીજો છે તેનો જાણનાર માત્ર રહે તો રાગ-દ્વેષ થતા નથી. પરનું ગમે તે થાય તેનું મારે શું ? અજ્ઞાની જ્ઞાનના વિકાસમાં અનેકને દેખીને દુઃખી થઈ જ્ઞાનની એકતા ચૂકે છે. જ્ઞાની સ્વ સન્મુખતા વડે જ્ઞાનસ્વભાવના એક–અનેકપણાને જાણતો સુખી થાય છે.

***

## શ્રી સમયસાર પરિશિષ્ટ કળશ : ૨૫૧

**[માગશર વદ ૦)), શુક્રવાર, ૨૦૦૮, તા. ૨૮-૧૨-૫૧]**

વસ્તુ સામાન્ય અપેક્ષાએ એક છે અને તે જ પર્યાય અપેક્ષાએ અનેક છે. જેમાં અનેક પ્રકાર જણાય એવી અરીસાની સ્વચ્છદશા છોડીને સામાન્ય એક જ પ્રકાર રહે તેવી સ્વચ્છતા અરીસામાં જોવા માગે તો મળે નહિ. તેમ જ્ઞાન સામાન્ય શક્તિરૂપ ત્રિકાળ એકરૂપ હોવા છતાં તેની પર્યાયમાં અનેકને જાણનારપણે તે થાય છે, તેને છોડી દઉં—ધોઈ નાખું તો એક રહું, એમ જે માને તે સર્વથા એકાંતી—અજ્ઞાની છે.

અનેકને જાણવાના કારણે જ્ઞાન રાગવાળું થાય છે—એમ નથી. કેમ કે આત્મા પોતે જ પોતામાં એક-અનેક સ્વભાવી છે. અનેકને જાણનાર પર્યાય સ્વભાવ છે તેને મલિન માની ભૂલી જવા માગે છે તે નાસ્તિક છે.

ત્યારે અનેકાંતનો જ્ઞાતા અંતર્મુખ તત્ત્વ પોતે એક હોવા છતાં પર્યાયો—વિશેષનો અનેકને જાણવાનો સ્વયં શુદ્ધ સ્વચ્છતારૂપ ધર્મ છે, એમ માનતો—અનુભવતો થકો જ્ઞાનપર્યાયમાં વિચિત્ર—અનેક પ્રકાશપણું હોવા છતાં જ્ઞાનનું એકપણું ભૂલતો નથી.

**ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.**

ત્યાં રાગ-દ્વેષરૂપ વિકલ્પનો વિલય થાય એમ કહ્યું છે. પણ પર્યાય અનેકને જાણે એ સ્વચ્છતા ધર્મનો અભાવ થાય એમ કહ્યું નથી. જ્ઞાનમાં

ભલે અનેક જણાય, જ્ઞાનપર્યાય તો અરાગી—સ્વચ્છ જ છે—એમ જ્ઞાની અનુભવે છે.

**<u>ભાવાર્થ :</u>**—અરીસામાં કાળા, રાતા, અનેક રંગના આકાર જોવામાં આવે તે પર્યાય અરીસાથી જુદો નથી. અજ્ઞાની અનેક યાદ આવે તો તેથી મલિનતા માની તેનો નિષેધ કરે છે પણ જ્ઞાનનો સ્વભાવ જ એકપણે ટકીને પર્યાયમાં અનેકને જાણવાનો છે. તેનો નિષેધ કર્યો તેણે એકલું સામાન્ય માન્યું. વિશેષ ન માન્યું તો જ્ઞાનપ્રમાણ ન થયું.

આ પ્રમાણે અનેકપણાનો ભંગ કહ્યો.

## કળશ ૨૫૨

સ્વદ્રવ્ય અપેક્ષાએ અસ્તિત્વ (સત્‌પણું).

શરીરાદિ તથા પુણ્યાદિ શુભરાગનું આલંબન હોય તો આત્મા ટકે, એમ અજ્ઞાની પોતાનું ટકવું પરથી માને છે.

અજ્ઞાની ઇંદ્રિયદ્વારા સ્થૂળ દ્રષ્ટિથી બાહ્ય પદાર્થને જ જુએ છે. આ વર્તમાન પ્રત્યક્ષ જણાતાં સ્થૂળ અને આયુપર્યંત અથવા અમુક કાળપર્યંત સ્થિર જણાતા મકાન, લાડવા તથા શરીરાદિનો નાશ થતાં મારો નાશ થઈ જાય એમ અજ્ઞાની માને છે. માતાપિતાને આધારે બાળક જીવે અને ગુરુના આધારે શિષ્યનું જીવન છે—એ વાત ખોટી છે. જ્ઞાનીને અંદરમાં નિશ્ચય વર્તે છે કે કોઈના આધારે મારું જીવન નથી. ત્રિકાળ સિદ્ધસ્વરૂપી હું આત્મા છું.

સમયસાર કળશ ટીકામાં શ્રી રાજમલ્લજીએ આ કળશના ભાવાર્થમાં, એક જ દ્રવ્યમાં અસ્તિ–નાસ્તિના ચાર ભંગ નીચે પ્રમાણે ઉતાર્યા છે.

(૧) સ્વદ્રવ્ય કહેતાં નિર્વિકલ્પ માત્ર વસ્તુ. અનંતગુણનો પિંડ, અભેદ, સામાન્ય નિર્વિકલ્પ તે સ્વદ્રવ્ય—તેનાથી અસ્તિ અને ગુણ પર્યાયના ભેદ પાડવા તે પરદ્રવ્ય—તેનાથી નાસ્તિ.

(૨) અસંખ્યાત પ્રદેશી અભેદ, નિર્વિકલ્પ—તે સ્વક્ષેત્ર, તેનાથી અસ્તિ અને પ્રદેશોની ભેદકલ્પના કરવી તે પરક્ષેત્ર—તેનાથી નાસ્તિ.

(૩) વસ્તુમાત્રની મૂળ અવસ્થા તે સ્વકાળ—તેનાથી અસ્તિ, અને અવસ્થાથી અવસ્થાંતર ભેદરૂપ કલ્પના તે પરકાળ—તેનાથી નાસ્તિ.

(૪) વસ્તુની સહજશક્તિ તે સ્વભાવ—તેનાથી અસ્તિ, અને વસ્તુની સહજશક્તિને પર્યાયરૂપ અનેક અંશ વડે ભેદકલ્પના તે પરભાવ—તેનાથી નાસ્તિ.

અજ્ઞાની શરીર, મકાન, સ્ત્રી, પુત્ર, આહાર વગેરેની સગવડતાને પોતાનું જીવન માને છે. પરથી સુખ-દુઃખ, લાભ-નુકશાન માને છે. શ્વાસ ચડ્યો તે નીચે બેઠો તો હા.....શ......હવે મને ઠીક પડ્યું, એમ માને છે.

દીકરા વગેરેને દેખીને હાશ, મારું કાળજું ઠરે છે, એમ તે માને છે. એ બધું પ્રત્યક્ષ—સ્થૂળ અને લાંબો કાળ રહે તો ઠીક. એ બધા મારા અને એને લઈને હું જીવું છું એમ માને છે. પણ તે બધાથી હું પ્રત્યક્ષ જુદો છું—એમ તે માનતો નથી.

પ્રત્યક્ષ ઘી, દૂધ વગેરેથી મારાં હાડકાં ચીકણાં ને મજબુત થયાં માટે લાંબું જીવીશ એમ પરના ભરોસે પરદ્રવ્યમાં પોતાનું હોવાપણું માની ઠગાયો થકો સમસ્તપણે સ્વસામર્થ્યથી પોતાને ખાલી માની નાશ પામે છે. પ્રત્યક્ષ જુદો—નિત્ય છું, એમ તે માનતો નથી. બાહ્ય ઇન્દ્રિયપ્રત્યક્ષને જ દેખે છે. ત્રિકાળ શક્તિરૂપ સૂક્ષ્મ અંતર્મુખ આ ભગવાન આત્મા પોતે છે, તેને દેખતો નથી—શ્રદ્ધતો નથી. અનેક દવા, મકાન, સ્ત્રી વગેરેનો ભરોસો કરે અને તેનું શરણ માને, તેને 'સ્વથી ટકું છું' તેની પ્રતીતિ નથી.

**<u>ભાવાર્થ :</u>**—આ ઇન્દ્રિયપ્રત્યક્ષથી બાહ્ય દેખાય તે જ આપણું, એમ અજ્ઞાની માને છે. ન્યાય—અન્યાય, ધર્મ—અધર્મ કરનારા ગયા તે પાછા સંદેશો દેવા આવ્યા નથી માટે આ વર્તમાન ભવ જેટલો જ આત્માને માને છે અથવા આ દેહથી છૂટી અનંતમાં વિલીન થઈ જાય છે, એમ પોતાની સત્તા કે જે ત્રિકાળ સ્વથી ટકનાર છે—તેને નહિ માનતાં સ્વતંત્ર સ્વરૂપ અસ્તિત્વનો નાશ માને છે. જ્ઞાની તો પોતાથી સ્વદ્રવ્યનું હોવાપણું માનતો, પરથી ભિન્ન, સ્વથી પરિપૂર્ણ પ્રત્યક્ષ અંતર્મુખ અવલોકતો હોવાથી જીવે છે.

આ પ્રમાણે સ્વદ્રવ્યપણે સત્‌નો બોલ કહ્યો.

## <u>કળશ ૨૫૩</u>

અજ્ઞાની બધું એક જ છે એમ દુર્વાસનાથી માનતો થકો ભિન્ન ભિન્ન જણાય તે વિરોધ છે, તે કાઢી એક માનું તો જ શાંતિ થાય, એમ આત્માને સર્વ દ્રવ્યમય માની હું આ અને એ મારા, બધું એક બ્રહ્મ છે એવી ભ્રમણા દ્વારા અવિવેકી પશુ જેવો સ્વને ચૂકી પરદ્રવ્યમાં વિશ્રામ કરે છે.

પ્રશ્ન :—સમ્યગ્જ્ઞાની પશુને તિર્યંચ કહેવાય ?

ઉત્તર :—ના તેને તો ચૈતન્યમૂર્તિ આત્મા કહેવાય. અજ્ઞાની અવિવેકીને પશુ કહેલ છે. કેમ કે તે પરથી જુદા સ્વતંત્ર સ્વરૂપ સ્વદ્રવ્યનો અભાવ માને છે. અંદર સ્વસન્મુખ થઈ સ્વમાં ઠરતો નથી. બાહ્યદ્રષ્ટિ કર્યા કરે છે.

**<u>ભાવાર્થ :</u>**—અજ્ઞાની પોતાને સર્વમય માની આત્મા પરદ્રવ્યથી અભાવપણે છે અને સ્વથી નિત્ય પરિણામી છે તેનો લોપ કરે છે. પરાશ્રયની રુચિવાળા નિમિત્તોને શોધે છે પણ દરેક દ્રવ્યને વજ્રની ભીંત જેવો પરસ્પરમાં અત્યંત અભાવ ત્રણેકાળે છે, તેને તે જોવા માગતો નથી.

અજ્ઞાની બાહ્ય સ્થૂળ સંયોગોને સ્થિર માની, તેનો વિશ્વાસ કરે છે. ભગવાનની મૂર્તિ, ફોટો, પુસ્તક વગેરે નજરે પડે તો એકાગ્ર થઈ શકાય, જ્ઞાન ટકે, ધર્મ વધે—એમ પર સંયોગમાં પ્રીતિ વડે સંયોગો અને રાગમાં એકતા કરી ત્યાં જ વિશ્રાંતિ કરે છે. પણ સ્વસન્મુખ થતો નથી.

ત્યારે જ્ઞાની સ્વથી પોતાને અસ્તિરૂપ જાણતો હોવાથી પરદ્રવ્યથી—પરાશ્રયથી લાભ-નુકશાન માનતો નથી. તે નિરંતર નિજદ્રવ્યમાં રમે છે.

આ પ્રમાણે પરદ્રવ્ય અપેક્ષાએ અસત્‌નો ભંગ પૂરો થયો.

***

# પ્રસાદ નં. ૬૮

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(પોષ સુદ ૧, શનિવાર, ૨૦૦૮, તા. ૨૯-૧૨-૫૧)**

બે ચીજ કહો તો એકમાં બીજાના અભાવ વિના એકનો ભાવ કહી શકાય નહિ. ચૈતન્ય સ્વપણે છે અને પરપણે ત્રણકાળમાં નથી. એ અનેકાંત અમૃત સમજ્યા પછી રાગ કેમ ટળે તે સમજાય. કોઈ કહે કે આવું સમજવું હોય તો ત્યાગી થઈ જંગલમાં જવું પડે. પણ એ વાત બરાબર નથી. આ તો ત્રિકાળ વસ્તુસ્વભાવ છે. તે સમજવાની રુચિ હોય તેને ગૃહસ્થાશ્રમમાં પણ તે સમજી શકાય છે. અત્યારે પણ શરીરાદિ આત્માથી જુદાં જ છે. આકાશક્ષેત્રે બન્નેની સ્વતંત્ર યોગ્યતાના કારણે ભેગા છતાં સ્વક્ષેત્રે જુદાં જ છે.

વ્રત, તપ, જપ, પૂજાની વાત બેસે પણ પરથી જુદો છું. પરથી લાભ-નુકશાન થઈ શકે નહિ, પરની મદદ વિના, પુણ્યના અવલંબન વિના, એકલો જ્ઞાતા પરિપૂર્ણ સ્વપણે છું—એ વાત અજ્ઞાનીને બેસતી નથી. પરથી અભાવપણે છે છતાં સમજવાનો અભ્યાસ કરતો નથી, માટે આ વાત મોંઘી લાગે છે.

ગોળ, ગોળની મીઠાશપણે છે ને તે પરપણે નથી એમ નક્કી ન હોય તો તેને માટે નિઃશંક પ્રવૃત્તિ થઈ શકે નહિ. તેમ આત્મા ત્રિકાળ જ્ઞાનાનંદપણે છે, ને દેહાદિ કોઈ સંયોગપણે નથી; કેમ કે તેનો આત્મામાં અભાવ છે. જેનો અભાવ છે તે આત્માનું કાંઈ કરી શકે નહિ. આમ સમજે તો નિઃશંકપણે—સ્વતંત્રપણે ધર્મ કરી શકે. પરનું હું કાંઈ કરી શકું તેમ માનનારે આત્માને જુદો ન માન્યો. પરની સાથે એકત્વબુદ્ધિ કરવી તે જ અધર્મ છે.

પ્રશ્ન :—શરીરમાં રોગ હોય, ખાટલામાં સૂઈ રહેવું પડે ત્યાં ધર્મ કેમ થાય ?

ઉત્તર :—કોણ સૂતો છે. આત્મા સદાય અસંયોગી—અરૂપી જ્ઞાનઘન છે. છે, તે શરીરાદિમાં નથી. શરીરને કારણે નથી. શરીર ભલે સૂતું હોય. અંદર નિત્ય પરના અભાવપણે જાગ્રત ચૈતન્ય જ્યોતપણે છે, તે સૂતો નથી. સ્વથી સત્ છે તે પરથી નથી—એ અનેકાંત સર્વાંગ નિઃશંકતામાં કેટલી શાંતિ ! મારું ટકવું પરથી નથી માટે પરનું ગમે તે થાય, પર સામે જોવાનું ન રહ્યું. મકાન, શરીરાદિનું ધ્યાન ન રાખું તો પડી જશે, એ જોવાનું ન રહ્યું. શરીર શરીરના કારણે છે. મારા કારણે નથી. ચિંતા વ્યર્થ છે. આવો સ્વતંત્ર સત્તાનો વિશ્વાસ જે કરતો નથી, તે રખડે છે.

## કળશ ૨૫૪

**સ્વક્ષેત્રથી અસ્તિ :—**આત્મા સદાય પોતાના અરૂપી અસંખ્ય પ્રદેશમાં રહેલો છે. તે કદી પરક્ષેત્રાકાર—પરરૂપ થતો નથી. છતાં અવિવેકી જીવ સ્વક્ષેત્રથી ભિન્ન ક્ષેત્રમાં રહેલા શરીર-મકાન વગેરે પર પદાર્થોના આકારો જેવા હોય તેવા જ જાણે, એવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે છતાં તે પરક્ષેત્રાકારરૂપે હું થઈ ગયો એમ માને છે. પરથી ભિન્ન પોતાના સત્તાધામ સ્વક્ષેત્રમાં રહીને પરક્ષેત્રને જાણે. પરમાં વ્યાપી શકે નહિ છતાં સંયોગને જ દેખતો પરક્ષેત્રાકાર સ્થૂળ લક્ષવાળો થયો થકો આખો પરક્ષેત્રમાં વ્યાપી ગયો માને છે. સ્ત્રી, પુરુષ, પશુ વગેરેના આકારો તે હું છું એમ માને છે પણ પરથી ભિન્ન સ્વસત્તાને માનતો નથી.

શરીર, ઇન્દ્રિયના આકાર, બાળ, યુવાન, વૃદ્ધ, રોગી-નિરોગી શરીર થતાં હું તે બધા આકારરૂપે છું, એમ અજ્ઞાની માને છે. અનાદિથી જે ક્ષેત્રાકાર બુદ્ધિ છે તે સ્થૂળ દ્રષ્ટિથી જેવા દેહાદિ દેખે તેવો આત્મા માની પોતાને પરથી ભિન્ન માનતો નથી.

ત્યારે સ્યાદ્વાદી તો સ્વક્ષેત્રથી અસ્તિપણું જાણતો હોવાથી દેહાદિના આકારો ભલે પલટો; તેથી મને લાભ-નુકશાન, અનુકૂળતા-પ્રતિકૂળતા છે જ નહિ, એમ માને છે. પરથી ભિન્નપણે અરૂપી જ્ઞાનાનંદ ઘનસ્વરૂપમાં શાંત સમાધાનને પામેલો, અસંખ્ય પ્રદેશી જ્ઞાનધામમાં એકાગ્રપણે વર્તતો જેમ છે તેમ સ્વ-પર આકારને જાણે છે. નિશ્ચિત જ્ઞાનસ્વભાવ જ એવો છે એમાં નિઃશંકપણે ટકે છે.

**ભાવાર્થ :—**અજ્ઞાની બાહ્ય પદાર્થોના આકારોને જાણતાં પોતે પરમાં વ્યાપક થઈ ગયો. સ્વક્ષેત્રમાં એકાકાર ન રહ્યો, એમ માની સ્વથી અભેદ અને પરથી ભેદ સ્વભાવનો નિષેધ કરે છે.

શરીરનું ક્ષેત્ર આત્માના ક્ષેત્રથી જુદું છે. શરીર જીર્ણ થતાં આત્માનું ક્ષેત્ર સંકોચાયું; તેથી કાંઈ જ્ઞાનની નિર્મળતાનો વિકાસ ઢંકાઈ જાય કે ઓછો થઈ જાય, એમ નથી.

આ સ્વક્ષેત્રથી અસ્તિનો ભંગ કહ્યો.

## કળશ ૨૫૫

**પરક્ષેત્રથી નાસ્તિ :—**અજ્ઞાની સ્વક્ષેત્રમાં એકાકાર રહેવા માટે જુદા જુદા પરક્ષેત્રમાં રહેલા જ્ઞેયોના આકાર સંબંધી થતા જ્ઞાનને ભૂલી જવા માગે છે. અરેરે ! આવું જ્ઞાન ન જોઈએ. સ્ત્રીના અંગ, કસાઈખાનું વગેરે યાદ આવતાં એ ન જોઈએ. એનું જ્ઞાન કાઢી નાખું એમ તે માને છે. પણ જ્ઞાનનો જે સ્વભાવ છે તે નહિ છૂટે પણ રાગ કરવો છોડી દે, એમ જ્ઞાની કહે છે.

જ્ઞેયોની આકૃતિનું સ્મરણ થતાં આવું ન જોઈએ, એમ જ્ઞેયનો તિરસ્કાર કરતાં પોતાના જ્ઞાનપર્યાયસ્વભાવનો અને જ્ઞાનવાન આત્માનો નિષેધ થઈ જાય છે, તેની અજ્ઞાનીને ખબર નથી.

પરક્ષેત્રનો સ્વક્ષેત્રે અભાવ છતાં જાણવાનો સ્વભાવ છોડ્યો જતો નથી. માંસ, સર્પ, મૃત્યુ સમયનો શરીરનો આકાર વગેરેનો ખ્યાલ આવતાં અરેરે ! મારું એકપણું ચાલ્યું જાય છે એમ માની અનેકને જાણનારું જ્ઞાન ન જોઈએ. સર્વવ્યાપક એક પદાર્થ માનું તો શાંતિ રહે; એમ ભિન્ન પરક્ષેત્રમાં એકતા માની અજ્ઞાની નાશ પામે છે. અર્થાત્ જ્ઞાતા સ્વભાવની તુચ્છતા કરે છે. સ્ત્રી, મકાન, વસ્ત્ર વગેરે આવા ન જોઈએ, એ જોઈને મને એના કારણે રાગ-દ્વેષ થાય છે એમ માન્યું, ત્યાં જ્ઞાનનો તિરસ્કાર થાય છે. જ્ઞાનવાન આત્માનો નાશ થાય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે :—આવું તો જંગલમાં બેસી જાય ત્યારે મનાય.

તો તેનો ઉત્તર :—પ્રથમ સત્યની શ્રદ્ધા તો કરે, પછી નબળાઈથી રાગ થાય તે ચારિત્રદોષમાં જાય છે. તેની મુખ્યતા નહિ રહે. પર સંયોગથી કે પરક્ષેત્રની પ્રતિકૂળતાથી દ્વેષ થવો માને, તે મિથ્યાત્વની ભૂલ છે. પરથી નાસ્તિ ને સ્વથી પરિપૂર્ણ છું—એવો નિર્ણય કરે તો વિશેષ રાગ થાય નહિ. રુચિમાં નબળાઈની ગણતરી નથી. પણ પરથી રાગ, દ્વેષ, સુખ-દુઃખ માને તે પરથી પાછો હઠે નહિ ને તેનો સંસાર ટળે નહિ.

એકલા તાત્ત્વિક સિદ્ધાંતો છે તે પ્રથમ સમજવા પડશે. એના વિના બાહ્ય ત્યાગ-વૈરાગ્યથી અનેકાંત અમૃતનું પરિણમન નહીં થાય.

જ્ઞાની ચૈતન્ય સત્તામાં રહીને પરક્ષેત્રનો પોતામાં અભાવ માનતો છતાં પરક્ષેત્ર સંબંધી પોતાના જ્ઞાનવિશેષને સ્વ સન્મુખ અસ્તિરૂપે માનતો ક્યારેય તુચ્છતા પામતો નથી. એવા ભાન પછી અલ્પ રાગ રહે છતાં પરક્ષેત્રથી મારું પલટવું, સારા સંયોગથી લાભ, પ્રતિકૂળ ક્ષેત્રથી નુકશાન થાય, એમ જ્ઞાની માનતો નથી. જ્ઞેયોનું પોતાને જ્ઞાન વર્તે છે પણ તેથી કાંઈ નુકશાન નથી. જો પરમાં એકતાબુદ્ધિ કરે તે નુકશાન છે. હું મારી સ્વ જ્ઞેયાકાર પર્યાયથી છું, પરથી—પરક્ષેત્રથી નથી—એમ જ્ઞાની પોતાનું અસ્તિત્વ ટકાવે છે, તેને સ્વસન્મુખતારૂપ સાચી શાંતિ થાય છે, અશાંતિ થતી નથી.

***

## <u>શ્રી સમયસાર પરિશિષ્ટ</u>

(પોષ સુદ ૨, રવિવાર, ૨૦૦૮, તા. ૩૦-૧૨-૫૧)

આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વભાવી છે. તેનો વર્તમાન પર્યાયસ્વભાવ અનેક જ્ઞેયોને જાણવારૂપે થાય છે છતાં કોઈ પરરૂપે તે થતો નથી. પરથી ભિન્ન

અને સ્વથી પૂર્ણનું ભાન કરે તે અનેકાંત અમૃતથી—ધર્મજીવનથી જીવે છે. અજ્ઞાની દેહાદિના આકારોને અનુકૂળ-પ્રતિકૂળ માની તેને જાણતાં હું પરક્ષેત્રમાં ચાલ્યો જાઉં છું માટે જ્ઞાનસ્વભાવને ભૂલી જાઉં—એમ માની જ્ઞાનસત્તાને છોડી દેવા માગે છે, ત્યારે જ્ઞાની પરથી ત્રિકાળ ભિન્ન સ્વક્ષેત્રમાં રહીને જ્ઞાતાપણાને જાણતો પરજ્ઞેયોના આકારો જણાય તે ઉપાધિ નથી, એમ માની સ્વસન્મુખ એકતાનો નાશ થવા દેતો નથી.

આ પ્રમાણે પરક્ષેત્રની અપેક્ષાથી નાસ્તિત્વનો ભંગ કહ્યો.

## કળશ ૨૫૬

**સ્વકાળથી સત્ :—**અજ્ઞાની પરદ્રવ્યની અવસ્થામાં અસ્તિત્વ જોતો સ્વકાળથી સત્‌પણું ભૂલે છે. તેથી સ્વજ્ઞાનપર્યાયમાં શરીરની બાળ, યુવાન, વૃદ્ધ, રોગ, નીરોગ અવસ્થાઓ ખ્યાલમાં આવે ત્યાં માને છે કે તે પલટતાં હું પલટી ગયો. મારી જુવાની નષ્ટ થઈ, કઠણ લઠ જેવું મારું શરીર હતું તે નાશ થઈ ગયું. સ્ત્રી, મકાન, શરીર, આબરૂ જતાં મારું બધું ગયું—એમ એકાંતી પરકાળને જ જુએ છે. તે અવસ્થા સ્વતંત્ર તેના ત્રિકાળી દ્રવ્યના આશ્રયે છે. તેમ ન માનતાં શરીરાદિના ફેરફારે પોતામાં ફેરફાર થઈ ગયો એમ માને છે; શરીર ઢીલું પડે, માંદો થતાં હું ઊંડો ઊંડો ઊતરી ગયો, એમ માને છે; પણ જીવ જાય ક્યાં ? ત્રિકાળી ધ્રુવશક્તિ અને વર્તમાન સ્વકાળરૂપ પ્રગટ પર્યાય–બન્ને થઈને આત્મા અખંડ રહે છે, સમયમાત્ર પણ તૂટ પડતી નથી પણ પરાશ્રય દ્રષ્ટિવાળો પોતાને જુદો માનતો નથી.

શરીરની બધી અવસ્થા તેનાથી છે. જો તે તારી હોય તો લકવા થતાં કેમ ચલાવતો નથી ? જુવાની, નીરોગતા કેમ રાખતો નથી ? અનંતા જ્ઞેયો તેના કાળે પલટ્યા જ કરે છે. તે પણ ત્રિકાળ અને વર્તમાન સત્પણે પૂર્ણ છે. તેમ ન માનતાં હાય હાય! હું પરસંયોગનો પ્રવાહ પલટાતાં તે જ્ઞેય—સમુદ્રમાં ડૂબી ગયો. ઘરના ૨૦ માણસ મરી જતાં હું બધું હારી ગયો, મકાન પડ્યું તેથી આધાર ગયો. આમ માની તે પરાશ્રયને જ શોધે છે, મરવું સારું માને છે પણ પોતે જ્ઞાયક પોતાથી દૂર જાય ક્યાં? ‘છે’, ત્યાં વિશ્વાસ અને સમાધાન કરતો નથી. તે પોતાને તુચ્છ માની ભાવમરણ કર્યા જ કરે છે.

ત્યારે સ્યાદ્વાદી જ્ઞાતા તો માને છે કે જ્ઞેયો તેની યોગ્યતા અનુસાર ગમે તે પ્રકારે પલટો, જ્ઞાન જ્ઞાનના ત્રિકાળ અને વર્તમાન સ્વકાળથી પલટે છે, જાણવું તે ઉપાધિ નથી પણ સ્વચ્છ અરાગી સ્વકાળ છે. પરના ફેરફારથી મારામાં ફેરફાર નથી. પરના કારણે મને લાભ—હાનિ નથી. પરનું ગમે તે થાઓ. તેમાં મારે શું ? એમ સ્વસન્મુખ રહી ત્રિકાળી દ્રવ્યાશ્રિત સમાધાન ટકાવે છે, તે જ સાચું સમાધાન છે. પરલક્ષે સાચું સમાધાન થઈ શકે નહિ.

મારી કોઈ પર્યાય પરના કારણે નથી, એમ સ્વકાળથી સ્વાશ્રિતપણું જાણતો, બાહ્ય દેહાદિ કોઈપણ અવસ્થાનો નાશ થતાં સ્વાશ્રય ભૂલતો નથી, પરાશ્રય સ્વીકારતો નથી. સ્વથી પૂર્ણની શ્રદ્ધા ચૂકતો નથી. મારી શાંતિ મારા આધારે છે. બાહ્ય દેહ, ધન, કુટુંબનું ગમે તે થાઓ તે કોઈ મારા આધારે નથી, ને કોઈથી મારું જીવન નથી. સંસાર અને મોક્ષમાં આ જીવ એકલો જ છે. કોઈ સાથી નથી. એક ગરીબ વણિક ૨૪મા વર્ષે મુંબઈ એકલો ગયો, ૪૮માં વર્ષે પાછો એકલો ગરીબ હાલતમાં આવ્યો. વચ્ચે સ્ત્રી—પુત્રાદિ, ધનાદિનું સ્વપ્ન જેવું નાટક થઈ ગયું. જ્ઞાની જાણે છે કે એમાં શું ? વર્તમાન સંયોગને જોનાર સ્વને ચૂકે છે તેથી દુઃખી થાય છે. સંયોગના કારણે કોઈ દુઃખી-સુખી નથી. શરીરાદિ બદલતાં જીવ મરે કે સંયોગો બગડે તો આર્ત-રૌદ્ર ધ્યાન વિના ન રહે, એ વાત જ્ઞાની માનતો નથી. હું ત્રિકાળ અને વર્તમાન મારાથી છું, પર કાળથી નથી—એમ યથાર્થતાનું જીવન તે શાંતિ છે.

આ પ્રમાણે સ્વકાળ—અપેક્ષાથી અસ્તિત્વનો ભંગ કહ્યો.

## કળશ ૨૫૭

**પરકાળથી અસત્ :—**પશુ = વિકળ. જ્ઞાનકળા વિનાનો. અજ્ઞાની = વાસ્તવિકતાથી અજાણ, એકાંતવાદી = એક પરને જ જોનાર; જ્ઞેયાલંબનકાળે—જ્ઞાનપર્યાયે જે કાળે જે જાણ્યું તે પરકાળના કારણે માનીને બાહ્ય જ્ઞેયાશ્રિત લાલસાવાળા ચિત્તથી—બાહ્ય સંયોગના આધારે ટકવું માની ભવમાં ભમે છે. આત્મા ત્રિકાળ ધ્રુવ છે તેનો વર્તમાન જ્ઞાનપર્યાય પરપદાર્થને આધારે માનીને ‘પર ટકે તો હું ટકું છું’, એમ માની અજ્ઞાની નાશ પામે છે. સ્વાશ્રિતપણું—સ્વકાળથી અસ્તિપણું તે માનતો નથી.

સારાં નિમિત્ત મળે તો ટકું, શરીર, ઇન્દ્રિય, પુસ્તક વગેરે સારા રાખું તો મારું જ્ઞાન—સુખ ટકે—એમ માનનાર જ્ઞેયોના કારણે જ સ્વકાળનું ટકવું માને છે. બરાબર એકધારાથી ઉપદેશ સંભળાવતા રહેજો, વચ્ચે તૂટ પડે નહિ તો મારું સમાધિમરણ થઈ શકશે—એમ જ્ઞેયોના આધારે જીવન માનનાર ત્રિકાળ ચૈતન્ય સ્વાવલંબનથી ટકે છે તેમ તે માનતો નથી.

વર્તમાન જ્ઞાનપર્યાય છે તે સ્વદ્રવ્યના આધારે છે. તેને ભૂલી પરના આધારે જ્ઞાન ખીલે, એમ માનનાર પરાશ્રયની લપથી છૂટી અંતર્મુખ જીવન પામતો જ નથી. તે સ્વસત્તાનો મહિમા કરતો નથી. તે સ્વને ભૂલી બાહ્યની લાલસા રાખે છે.

બેસતા વર્ષે કહે કે આજનો દિવસ કોઈ આડું-અવળું બોલશો નહિ, નહિતર વર્ષ બગડશે. તેને જ્ઞાની કહે છે કે તારો ચૈતન્ય પૂર્ણ સ્વાશ્રયથી ટકેલો છે તેની શ્રદ્ધાથી સ્વસન્મુખ થા તો સાદિ અનંત સ્વકાળ સુધરે, બાકી તો પરાશ્રયની ભાવનાથી તો ભાવમરણ થાય છે.

જે પરથી લાભ-નુકશાન માને છે, તે પરમાં અનુકૂળતા માની રાગ કર્યા કરે છે ને પ્રતિકૂળતા માની દ્વેષ કર્યા કરે છે—એમ બાહ્ય પરાશ્રયની લાલસાવાળા અંદરમાં સદા લૂંટાયા કરે છે.

સારા આહારથી બુદ્ધિ સુધરે ને ખરાબ આહારથી બગડે—એમ માનનારને બાહ્ય લાલસા છે. પરનાં ગ્રહણ-ત્યાગની લાલસાવાળો જીવ સંસારમાં ભમે છે.

સ્યાદ્વાદી જાણે છે કે ભલે નિમિત્તની મુખ્યતાથી કથન હોય પણ કાર્ય તો સ્વ યોગ્યતાથી જ થાય છે. અશુભ વા શુભ વખતે કેવાં નિમિત્ત ઉપર લક્ષ જાય છે તેનું કથન શાસ્ત્રમાં વ્યવહારથી આવે છતાં તે નિમિત્તની મારામાં ત્રિકાળ નાસ્તિ છે, માટે પરથી બગડું કે સુધરું—એમ છે જ નહિ, એમ જ્ઞાની માને છે.

જ્ઞાન—સંયમ આત્માશ્રિત છે, પરાશ્રિત નથી—એમ માની જ્ઞાની નિત્ય સહજ જ્ઞાનના પુંજમાં સ્વાવલંબનથી ટકે છે.

એમ પરકાળથી અસત્ નો ૧૦મો ભંગ પૂરો થયો.

***

# <u>પ્રસાદ નં. ૭૦</u>

## <u>શ્રી સમયસાર પરિશિષ્ટ, કળશ : ૨૫૮</u>

**(પોષ સુદ-૩, સોમવાર, વિ.સં. ૨૦૦૮, તા. ૩૧-૧૨-૫૧)**

**<u>સ્વભાવથી સત્ :–</u>**મારામાં ત્રિકાળ જ્ઞાન, આનંદ આદિ શક્તિ મારા કારણે ટકે છે, એમ નહિ માનનાર અજ્ઞાની પરભાવોની શક્તિને જ શ્રદ્ધે છે ને બાહ્ય પદાર્થોમાં આધાર-વિશ્રામ-શરણ માની સ્વચૈતન્યસ્વભાવના મહિમામાં અત્યંત મૂર્છિત-મૂઢ વર્તતો નાશ પામે છે. પરની શક્તિથી મારી શક્તિ ટકે. તે ન હોય તો ન ટકે—એમ પરાલંબનરૂપ ખેદ, તે જ મિથ્યાત્વ છે, સંસાર છે.

અનાદિથી ચૈતન્ય સત્ છે. વસ્તુ હોય ને તેની શક્તિ ન હોય એમ ન બને, ને 'છે' તો પરની અપેક્ષા રાખે નહિ. અજ્ઞાની સ્વશક્તિથી પૂર્ણ છું એમ નથી માનતો, પણ પરની શક્તિને જ દેખે છે ને તેનાથી હું ટકું છું, એમ માને છે.

બે વસ્તુ કહેવી ને એકને લઈને બીજી ટકે છે—એમ માનવું તે ભ્રમ છે. શરીર, ઇન્દ્રિયો વગેરે ન હોય, રોગ હોય તો સુખ કેમ ભોગવાય ? એને લઈને હું છું—એમ અજ્ઞાની માને છે, પણ એનાથી ત્રિકાળ જુદો ને સ્વશક્તિથી પૂર્ણ છું—એમ તે માનતો નથી. તે પરમાં સર્વસ્વ શરણ માની જ્યાં નજર પડે ત્યાં આધાર માની તેનો મહિમા—વિશ્વાસ કરે છે.

લીંબુમાં ખટાશની શક્તિ, અફીણમાં કડવાશની શક્તિ, સોનામાં ચિકાશ વગેરેની શક્તિ, બરફીમાં ઠંડી શક્તિ—એમ પરની શક્તિ કબૂલે છે પણ પોતે અનંત શક્તિમાન છે, તેને કબૂલતો નથી તે મિથ્યાદ્રષ્ટિ છે.

આંખે ચશ્મા સારા હોય તો જ્ઞાનશક્તિ રહે, પણ આત્મામાં નિત્ય જ્ઞાનશક્તિ છે, તેના વિકાસથી જ્ઞાન કામ કરે છે તેને તે માનતો નથી તેથી તે બાહ્યમાં ભટકે છે. અનાદિથી પર હોય તો મને મજા પડે—એમ માને છે પણ હું સુખસાગર પૂર્ણ છું—એમ એક સમય પણ પરથી જુદા ચૈતન્ય જ્ઞાનાનંદનો મહિમા કરતો નથી.

સ્ત્રી, મિત્ર, ધન, આબરૂ એ સારા અને શત્રુ, સર્પાદિ સારા નહિ, એમ પરના મહિમામાં મૂર્છાઈ ગયો છે, દુનિયાની વાતોમાં ચતુરાઈ બતાવે, છાપાંની વાતોમાં ન દેખેલું પણ માને પણ ચૈતન્ય સામર્થ્ય છે તેમાં મૂર્ખ રહે છે. પરની શક્તિને પણ જાણનારો પોતે કોણ છે—તેની ઓળખ કરતો નથી. અંદર પૂર્ણ શક્તિથી ભરપૂર છું—એનો ભરોસો લાવી, એકાગ્ર થાય તો અવિનાશી આનંદમય કેવળજ્ઞાન ફાટે—વિકસે, તે તેને બેસતું નથી.

મારી શક્તિ મારા કારણે, પરની પરના કારણે છે—એ સ્વાધીન તત્ત્વદ્રષ્ટિથી સાચું સમાધાન છે. પરનું જે કાળે જે પ્રકારે પલટવું છે તે તેના

કારણે છે, મારા કારણે નથી—એમ માનતો નથી. સ્વશક્તિને ચૂક્યો તે પરભાવથી બધું જોવા માગે છે, તેને પરની સ્વતંત્ર શક્તિનું પણ ભાન નથી. 'અચેતન-મૂર્છિત વર્તતો' એમ કહ્યું છે, અર્થાત્ પોતે વર્તે છે. કર્મથી ભૂલ્યો નથી. કર્મ વધે તો જીવની શક્તિ ઘટે ને કર્મ માર્ગ આપે તો જીવની શક્તિ વધે એમ માનનાર મૂઢ છે—અવિવેકી છે. પોતાની અનંત જ્ઞાનાદિ સંપદાનો નાશ કરી પારકી શક્તિનો મહિમા કરી તેનાથી 'હું'પણું માને છે. એ મિથ્યાદ્રષ્ટિ છે.

પરના આધારે મારા ભાવની હાનિ કે વૃદ્ધિ નથી, મારામાં પરસત્તાનો અત્યંત અભાવ છે, જુદો જુદાનું કાંઈ કરી શકે નહિ—એમ જાણતો જ્ઞાની નિયત જ્ઞાનાનંદ શક્તિના ભવનરૂપ સ્વતંત્ર સત્તાના જ્ઞાનને લીધે ત્રણકાળમાં હું પરને લઈને નથી—એમ સર્વ પરભાવોને જાણતો છતાં પરથી ભિન્ન વર્તે છે. જેણે સહજ સ્વભાવની પ્રતીતિરૂપ જાણપણું સ્પષ્ટ પ્રત્યક્ષ-સ્વાનુભવરૂપ કર્યું છે. આનું નામ ધર્મ છે.

ક્ષણિક રાગ અને સંયોગના કારણે મારા જ્ઞાનભાવનું પરિણમન નથી, રાગાદિ તથા દેહાદિ સર્વને જાણવાનો મારો સ્વભાવ છે પણ તેને 'મારા માનવા' એવો મારો સ્વભાવ નથી. પુણ્ય-પાપના ભાવ નબળાઈથી થાય, છતાં તે રાગાદિ જેટલો હું નથી—એવા ત્રિકાળ જુદા સ્વભાવની નિઃશંક પ્રતીતિને ટકાવી રાખે છે.

દરેક લીંડીપીપરના દાણામાં ૬૪ પહોરી તીખાશની શક્તિ ભરી છે. તેમ દેહ દીઠ દરેક આત્મામાં પ્રત્યેક સમયે કેવળજ્ઞાનાદિની અનંતશક્તિ ભરી પડી છે, તેના આશ્રયે એકાગ્રતાની ઉગ્રતા કરતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

શક્તિરૂપે સર્વજ્ઞ છું, હું જ પૂર્ણ સુખમય છું—એમ નિઃશંક અનુભવથી માન્યું. પછી પુણ્યાદિ વ્યવહારથી કે મનુષ્ય શરીરાદિથી મારી શક્તિ આવે, એમ માને નહિ. નિરંતર ભાવવાનમાં જાગ્રત રહે છે.

શરીર, ઇન્દ્રિય, વચન, બીડી, ચા, દૂધ, બદામપાકમાં કે અમુક દેવોમાં શક્તિ માની ભરોસો કરે છે; પણ આ સ્પષ્ટ આત્મદેવ સદા સ્વતંત્ર સ્વશક્તિથી પૂર્ણ છે, તેની ઓળખ અજ્ઞાની કરતો નથી.

## કળશ ૨૫૯

**પરભાવથી અસતપણું :**—પશુ જેમ ઘીને ઢોળીને પાણીની જેમ ચાટે તેને વિવેક નથી તેમ પરથી ભિન્ન સ્વશક્તિથી પૂર્ણ હું ચિદાનંદ આત્મા છું, પરથી નભું એવો નથી, એવું જેને ભાન નથી તે પશુ અર્થાત્ અજ્ઞાની જ છે.

તિર્યંચ-પશુને આડાં શરીર કેમ હોય છે? કે પૂર્વે તેણે પરાશ્રયની—પુણ્યની રુચિ કરીને સ્વનો તિરસ્કાર કરી, સ્વને નહિ જાણવાની આડોડાઈ કરેલી હોય છે તેથી પશુ છે. માત્ર સંયોગને જ માનનારો કહે છે કે પથ્થર વગેરે આવે તો પીપરમાં ૬૪ પહોરી તીખાશ પ્રગટે, પણ અંદર શક્તિ છે તેના આધારે તીખાશ પ્રગટે એમ તે માનતો નથી. તેમ સ્વતંત્ર સ્વશક્તિથી પૂર્ણ આત્માને જે ન માને, તે પાપવાસનામાં સુખ માની, આવાં પુણ્ય કે નિમિત્ત જોઈએ, એ હોય તો મજા પડે—એમ માની સ્વસત્તાથી ચ્યુત થયો થકો કોઈ પરભાવોને બાકી રાખ્યા વિના જે દેખે તેની શક્તિનો ભરોસો કરી ‘તેનાથી હું, તે હું’ એમ મૂઢતા વડે સર્વ પરભાવોમાં સ્વચ્છંદી—નિર્ભય થઈ ક્રીડા કરે છે.

અહો! તેં તારી શક્તિનો મહિમા કદી કર્યો નથી, પણ એવું કોઈ પર નથી કે જેનો મહિમા તેં ન કર્યો હોય—એકવાર પણ આ અકારણીય સ્વસત્તાનો મહિમા લાવી, પૂર્ણનો નિશ્ચય કરી, એકાગ્ર થાઉં તો અવિનાશી આનંદસ્વરૂપ પૂર્ણ કેવળજ્ઞાન લઉં, એવો મહિમાવંત હું છું, એવો મહિમા કદી કર્યો નથી.

સ્વર્ગમાં સુખ તે સારું અને નરકમાં દુઃખ તે ખરાબ. અનુકૂળતામાં જે રતિ કરે છે તેને તે જ સમયે પ્રતિકૂળતાનો દ્વેષ ઊભો જ છે.

જેમ કોઈ લૌકિક સજ્જનતા ચૂકી, સ્વચ્છંદી બનીને કુટુંબ વગેરેમાં પણ વિવેક ન રાખે, દુરાચારી થાય તેમ અનાદિનો અજ્ઞાની સ્વશક્તિમાં એકત્વરૂપ સજ્જનતા ચૂકીને પરભાવોને સારા માની તેમાં એકતાબુદ્ધિરૂપ મહિમા કર્યા વિના રહ્યો નથી. તેમાં વચ્ચે કોઈવાર આંતરો પાડ્યો નથી, નિઃશંક-નિર્ભયપણે ઉન્મત્ત જેવો પરભાવમાં શરણ શોધે છે, ને દુઃખી થાય છે.

***

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(પોષ સુદ ૫, મંગળવાર, ૨૦૦૮, તા. ૧-૧-૫૨)**

એકાંતવાદી, શરીર તથા દયા, દાન, પુણ્યાદિ સર્વ પરભાવને પોતાના જાણીને પરથી ભિન્ન, શુદ્ધ જ્ઞાયક સ્વભાવની શ્રદ્ધાથી ભ્રષ્ટ થાય છે. એવો કોઈ પરભાવ તેણે બાકી રાખ્યો નથી કે ‘તે હું છું’ એમ તેણે ન માન્યું હોય. પોતે જ્ઞાયક શક્તિથી ભરેલો છે એને જ બાકી રાખ્યો છે. પરના મમત્વમાં બાકી રાખ્યું નથી, શરીર, પુણ્યાદિ મારાં છે, તે મદદગાર છે, એવી માન્યતામાં તેને કદી શંકા પડી નથી, ઊંધી દ્રઢતામાં ઢીલો પડતો નથી.

સર્વજ્ઞ પ્રભુએ આત્માનો સ્વભાવ સ્વતંત્ર જ્ઞાનાનંદ કહ્યો છે, છતાં તેને ન માનતાં વીતરાગદેવની મૂર્તિ અથવા સાક્ષાત્ તીર્થંકરદેવને દેખે તો કહે

કે હે નાથ ! આપથી મારું કલ્યાણ છે, તારી ભક્તિના શુભરાગથી તરી જઈશ. એમ માની પરથી એકત્વબુદ્ધિ છોડતો નથી.

સ્યાદ્વાદી જ્ઞાની તો "હું પરનો કર્તા, ભોક્તા, સ્વામી ત્રણકાળમાં નથી, રાગાદિનો પણ કર્તા નથી"—એમ માને છે, ક્ષણિક રાગ, પર્યાયમાં હોવા છતાં 'હું એકલો જ્ઞાયકસ્વભાવી છું'—તેમાં અત્યંત આરૂઢ થઈને જાણે છે. અંતર્મુખ દ્રષ્ટિ સહિત, પરભાવોના અભાવની દ્રષ્ટિને લીધે નિષ્કંપ વર્તતો થકો શુદ્ધ જ્ઞાનના અનુભવથી શોભે છે.

એક સમયની પર્યાયમાં રાગાદિરૂપ અપરાધ છે તેટલો હું નથી, હું તો જ્ઞાતાદ્રષ્ટા છું—એમ સ્વસન્મુખદ્રષ્ટિમાં, સ્વભાવનું અવલંબન લઈ, નિશ્ચલ વર્તે છે. પ્રથમથી જ પરભાવોના અભાવની દ્રષ્ટિના કારણે સ્વમાં નિશ્ચલ વર્તે છે.

પર અવલંબનમાં રાગ ઘટાડી વ્રત-તપ-દયાનો શુભરાગ કરે તે પુણ્ય છે, તે ધર્મ નથી તેમજ ધર્મનું સાધન પણ નથી. વીતરાગી સ્વભાવની દ્રષ્ટિ જ ધર્મનું સાધન છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે આમાં કોઈની દયા પાળવી, વ્રત કરવાં એવી વાત ન આવી, તો તેના ઉત્તરમાં કહે છે કે શરીરાદિમાં તથા રાગાદિમાં જ્ઞાયકનો અભાવ છે—એવી દ્રષ્ટિ કરી સ્વસન્મુખ થવું તેને સર્વજ્ઞ ભગવાન ધર્મની શરૂઆત કહે છે. યથાર્થ સમજણ વગર વ્રત, તપાદિ સાચાં હોઈ શકે નહિ. જ્ઞાની પરભાવોને જાણે છે, તેને પૂજા, દાન, યાત્રાદિના શુભભાવો થાય ખરા પણ વીતરાગ થવામાં તે સાધન છે, એમ તે માને નહિ.

સમયસાર ગાથા ૧૧માં કહ્યું છે કે જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ બહુ કર્યો છે પણ તેનું ફળ સંસાર જ છે. આત્મસ્વભાવનું ફળ મોક્ષ છે. આત્મા અત્યારે પણ વ્યવહાર-રાગથી રહિત છે. તેનું ભાન કરવું, તેમાં નિશ્ચલ શ્રદ્ધા કરવી તે પ્રથમ ધર્મ છે.

## કળશ ૨૬૦

**નિત્ય :—**ઉત્પાદ-વ્યયરૂપ અનેક પરિવર્તનપણાને જ જોઈને તે ક્ષણિક પર્યાયમાં અજ્ઞાની એકતાબુદ્ધિ કરે છે, વિચારો બદલાયા કરે, નવી નવી પર્યાય થાય તેટલો જ હું છું, એમ અજ્ઞાની માને છે. પણ ત્રિકાળી સર્વ અવસ્થાઓને ધારણ કરનારો હું છું, એમ તે માનતો નથી. અજ્ઞાની નિત્ય-અનિત્ય બેમાંથી એકાંત અનિત્યને જ દેખે છે ને ધ્રુવ દ્રવ્યસ્વભાવને ચૂકી જાય છે. અનેકના સંગની રુચિવાળો નિત્યની શ્રદ્ધાનો નાશ કરે છે, તે હિંસારૂપ અધર્મ છે. જ્ઞાની તો નિત્ય ઉદિત ચૈતન્યને અનુભવતો થકો નિત્યતા ચૂકતો નથી. ટંકોત્કીર્ણ સ્વભાવ એવો ને એવો એકરૂપ જેની મહિમા

છે એવા જ્ઞાનરૂપ વર્તતો અંતરદ્રષ્ટિ વડે જીવે છે, નિર્મળ શ્રદ્ધામાં તે જાગતો રહે છે.

આત્માનો નિત્ય સ્વભાવ અનાદિનો શુદ્ધ જ છે અને સંસારદશામાં— પર્યાયમાં અશુદ્ધ પણ છે. દ્રવ્યસ્વભાવમાં કદી અશુદ્ધતા થઈ નથી. પાણી વર્તમાન પર્યાયમાં ઉષ્ણ હોવા છતાં તે જ સમયે શક્તિરૂપ શીતળસ્વભાવી છે, કોઈ સમયે તેનો અભાવ નથી. તેમ આત્મામાં ત્રિકાળ શુદ્ધશક્તિ છે તેના અવલંબનથી પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે. પર્યાયમાં અશુદ્ધતા છે, તે એકલી અશુદ્ધતાને જ દેખે, પરાશ્રય વ્યવહાર પુણ્યની રુચિ રાખે, તે પર્યાયમૂઢ- મિથ્યાદ્રષ્ટિ છે.

**ભાવાર્થ :**–અજ્ઞાની અનિત્ય પર્યાયો દ્વારા આખા આત્માને અનિત્ય માને છે. પુત્રાદિ મરતાં રડે છે; તે જૈન નામધારી પણ બૌદ્ધ જેવા ક્ષણિકવાદી છે. પર્યાય સ્વભાવ સહિત સ્વભાવવાન દ્રવ્યની પ્રતીતિ અજ્ઞાની કરતો નથી. જ્ઞાની તો માને છે કે પર્યાયસ્વભાવ ભલે ઊપજે-વિણસે, જ્ઞેયો અનુસાર નવી-નવી અવસ્થા થાય છે, નિત્ય સામાન્યમાંથી વિશેષ થાય છે છતાં વસ્તુ તો એવી ને એવી રહે છે–એમ સ્વસન્મુખતા કરી 'ચિદાનંદ છું' તેને ચૂકતો નથી.

## કળશ ૨૬૧

**અનિત્ય :**–પર્યાયમૂઢ અજ્ઞાનીને ખબર નથી કે વિશુદ્ધ જ્ઞાન ટકીને નવી નવી પર્યાયનો પ્રવાહ વિસ્તરે છે તેથી અનિત્ય અનેક ભાવો તે હું નહિ. માટે એને છોડી એકાકાર રહું, એમ સર્વથા નિત્યની આશાથી નિજસત્તાધામમાં ઊછળતી નિર્મળ ચૈતન્ય પરિણતિથી જુદું કાંઈક (આત્મતત્ત્વ)ને ઇચ્છે છે, પણ એવું તો છે નહિ. વર્તમાન નવી નવી પર્યાયો સહિત આત્મા નિત્ય છે, તેને એકાંતવાદી માનતો નથી.

***

# <u>પ્રસાદ નં. ૭૨</u>

## <u>સમયસાર પરિશિષ્ટ (કળશ ૨૬૧)</u>

**(પોષ સુદ ૬, બુધવાર, ૨૦૦૮, તા. ૨-૧-૫૨)**

આત્મા ત્રિકાળ નિત્ય હોવા છતાં તેની પર્યાયો અનિત્ય છે તે વાત આ ચૌદમા ભંગમાં કહેવામાં આવે છે. આ છેલ્લો ભંગ છે.

### <u>કળશ-૨૬૧</u>

પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની ટંકોત્કીર્ણ વિશુદ્ધજ્ઞાનના ફેલાવરૂપ એક આકાર (સર્વથા નિત્ય) આત્મતત્ત્વની આશાથી ઊછળતી નિર્મળ ચૈતન્ય પરિણતિથી જુદું કાંઈક (આત્મતત્ત્વને) ઈચ્છે છે. પરંતુ એવું કોઈ આત્મ તત્ત્વ છે નહિ. અજ્ઞાની એકલા નિત્ય આત્માને જોનારો છે અને પર્યાય જે ક્રમે ક્રમે થાય છે તે દોષ છે એમ તે માને છે અને પર્યાયથી જુદું કોઈ આત્મતત્ત્વ છે તેને તે ઈચ્છે છે પણ પર્યાયથી જુદું કોઈ આત્મતત્ત્વ નથી. માટે એકલા નિત્યને માનનાર અને અનિત્યને નહિ માનનાર અજ્ઞાની આત્મતત્ત્વને પામતો નથી.

સ્યાદ્‌વાદી તો ચૈતન્ય વસ્તુની વૃત્તિના (પરિણામના, પર્યાયના) ક્રમ દ્વારા તેની અનિત્યતાને અનુભવતો થકો, નિત્ય એવા જ્ઞાનને અનિત્યતાથી વ્યાપ્ત છતાં ઉજ્જવલ(નિર્મળ) માને છે,–અનુભવે છે. જ્ઞાની સમજે છે કે આત્મામાં અવસ્થા એક પછી એક થાય છે, તે તેનો ધર્મ છે; તે બીજાને લઈને નથી, તેવી અનિત્યતા હોવા છતાં પણ આત્મા મલિનતાને પામતો નથી એટલે ઉજ્જવલ થાય છે, આત્મા, પર્યાયમાં રાગ-દ્વેષ થાય તેનો જાણનાર છે. અજ્ઞાની પર્યાય થતાં મલિન થઈ ગયો એમ માને છે. જ્ઞાની મલિન થયો છું એમ માનતો નથી પણ આત્મા ને અનુભવે છે.

**<u>ભાવાર્થ :</u>**–એકાંતવાદી જ્ઞાનને સર્વથા એકાકાર—નિત્ય પ્રાપ્ત કરવાની વાંછાથી ઊપજતી—વિણસતી ચૈતન્ય પરિણતિથી જુદું કાંઈક જ્ઞાનને ઇચ્છે છે. પરંતુ પરિણામ સિવાય જુદો કોઈ પરિણામી હોતો નથી. અજ્ઞાની આત્માને એકાંત નિત્ય માને છે પણ ક્ષણે ક્ષણે પર્યાય થાય છે, એને માનતો નથી, પણ અવસ્થા વગર કોઈ દ્રવ્ય હોતું નથી. જેમ સોનું તેની હાલત વગર હોતું નથી, લગડીપણે હોય છે. તે પણ એની હાલત છે. તેમ આત્મા તેની અવસ્થાથી જુદો હોતો નથી. સ્યાદ્‌વાદી તો એમ માને છે કે જો કે દ્રવ્યે જ્ઞાન નિત્ય છે તોપણ ક્રમશઃ ઉપજતી–વિણસતી ચૈતન્ય પરિણતિના ક્રમને લીધે જ્ઞાન અનિત્ય પણ છે—એવો જ વસ્તુસ્વભાવ છે, જ્ઞાન, રાગના કાળે રાગને જાણે છે અને દ્વેષના કાળે દ્વેષને જાણે છે પણ જ્ઞાન મલિન થતું નથી—એમ જ્ઞાની આત્માને જ અનુભવે છે.

આ રીતે અનિત્યત્વનો ભંગ કહ્યો.

પૂર્વોક્ત રીતે અનેકાંત, અજ્ઞાનથી મૂઢ થયેલા જીવોને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરી દે છે—સમજાવી દે છે, એવા અર્થનું કાવ્ય હવે કહેવામાં આવે છે. આગળ પ્રશ્ન એ હતો કે વસ્તુ પોતે તત્-અતત્, એક-અનેક, અસ્તિ-નાસ્તિ, નિત્ય-અનિત્ય, અનેકાંતપણે છે, તો તેને અનેકાંત વડે શા માટે સમજાવવી? તો તેને કહે છે કે વસ્તુનું સ્વરૂપ અનેકાંતપણે હોવા છતાં અજ્ઞાનીને અનાદિથી એનો ખ્યાલ નથી. તેને વસ્તુનું સ્વરૂપ યથાર્થપણે સમજાવી દે છે એટલે કે સર્વજ્ઞ ભગવાને અનેકાંતના ઉપાય વડે વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે, તે કહે છે.

## કળશ-૨૬૨

**અર્થ :**—આ રીતે અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ અજ્ઞાની મૂઢ પ્રાણીઓને, જ્ઞાન માત્ર આત્મ તત્ત્વ પ્રસિદ્ધ કરતો સ્વયમેવ અનુભવાય છે, આત્મા જ્ઞાનપણે છે અને જ્ઞેયપણે નથી, સ્વથી પરિણમે છે અને પરથી પરિણમતો નથી, દ્રવ્યે એક હોવા છતાં ગુણ-પર્યાયે અનેક છે, એમ અનેકાંત વડે અજ્ઞાનીને આત્મા પ્રસિદ્ધ થાય છે, પણ પૂજા, ભક્તિ આદિ કરવાથી પ્રસિદ્ધ થાય છે એમ કહ્યું નથી, સ્વદ્રવ્યથી, સ્વક્ષેત્રથી, સ્વકાળથી અને સ્વભાવથી આત્મા છે અને પરદ્રવ્યથી, પરક્ષેત્રથી, પરકાળથી અને પરભાવથી આત્મા નથી, એમ જાણતાં આત્મા પ્રસિદ્ધ થાય છે, પણ પર છે માટે આત્મા પ્રસિદ્ધ થાય છે એમ નથી. આત્મા રાગપણે નથી, પણ જ્ઞાનમાત્ર છે એમ જાણતાં આત્માની પ્રસિદ્ધિ થાય છે, પણ નિમિત્તે આત્માની પ્રસિદ્ધિ કરી એમ નથી.

અજ્ઞાનીને અનેકાંત દ્વારા આત્માનો અનુભવ થાય છે પણ બીજી રીતે થતો નથી, અજ્ઞાની પર સંયોગથી ધર્મ થાય એમ માને છે, તેને સ્યાદ્વાદ યથાર્થ સ્વરૂપ બતાવે છે કે પરથી ધર્મ થાય નહિ, પણ પોતાથી જ ધર્મ થાય, એમ સ્વરૂપ સમજે તો તેની મુક્તિ થાય છે એ સિવાય થતી નથી.

સમયસાર પા. ૪૮૯માં પ્રશ્ન હતો કે જો આત્મવસ્તુને, જ્ઞાનમાત્રપણું હોવા છતાં સ્વયમેવ અનેકાંત પ્રકાશે છે તો પછી અર્હંત ભગવંતો તેના સાધન તરીકે અનેકાંતને શા માટે ઉપદેશે છે? તેનો જવાબ એ છે કે અનેકાંત એટલે આત્મા સ્વપણે છે અને પરપણે નથી—એમ સમજે તો આત્માની મુક્તિ થાય એમ છે, એ સિવાય થતી નથી. જ્ઞાનમાત્ર છે—એમ કહેતાં જ જ્ઞાનની સાથે પ્રતીતિ, રમણતા, આદિ અનંતગુણો આવી ગયા, અનેકાંત દ્વારા આવો અનેકાંતમય આત્મા અનુભવાય છે. શાસ્ત્રમાં લખાણ તો ઘણા પ્રકારના આવે, લખાણ તો પુદ્ગલનું પરિણમન છે. તે આત્મા નથી, તેનાથી આત્મા સમજાય એવો નથી, તેના દ્રવ્યક્ષેત્રાદિથી આત્મા અતત્-રૂપ છે અને પોતાથી તત્-રૂપ છે, જ્ઞાન જ્ઞાનથી પણ થાય અને

વાણીથી પણ થાય—એમ અનેકાંત નથી; તે તો અનેકાન્ત મૂઢતા છે. શાસ્ત્રમાં જ્ઞાનનો અભાવ છે માટે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી, પણ જ્ઞાનથી જ્ઞાન થાય છે તે અનેકાંત છે.

## “જ્ઞાનમાત્ર આત્મ વસ્તુ અનેકાંતમય છે.”

**ભાવાર્થ :**–આત્મા જ્ઞાનમાત્ર છે એમ કહેતાં જ આત્મામાં વિકાર અને પરનો અભાવ છે. પરંતુ અનાદિકાળથી પ્રાણીઓ પોતાની મેળે અથવા તો એકાંતવાદનો ઉપદેશ સાંભળીને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વસંબંધી અનેક પ્રકારે પક્ષપાત કરી જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનો નાશ કરે છે.

આત્મા પોતાની હયાતીમાં હયાતી ધરાવે છે પણ પરની હયાતીમાં પોતાની હયાતી ધરાવતો નથી. છતાં અજ્ઞાની પોતાની મેળે અથવા તો બીજાનો ઉપદેશ સાંભળીને પણ એમ માને છે કે પર હોય તો જ્ઞાન થાય એટલે પોતાનું એક તત્ત્વ, પરથી સ્વીકારતો અને સ્વથી નહિ સ્વીકારતો, તે ભ્રમમાં પડે છે. આત્મા પોતાની પર્યાયપણે પરિણમે છે તે વખતે પોતામાં પરનો અભાવ છે. પુસ્તકનું જ્ઞાન આત્મા કરતો નથી. કેમકે જ્ઞાન આત્માનું છે એમ અજ્ઞાની જાણતો નથી. તેથી અનાદિથી પરનું લક્ષ કરે છે અને અત્યારે ઠેકાણે ઠેકાણે એવો જ ઉપદેશ મળે છે; પણ ખરેખર તો જ્ઞાન આત્માથી થાય છે, પરથી થતું નથી, આત્માનું જ્ઞાન સ્વ છે માટે છે, પર છે માટે નથી; ઘડો માટીથી થાય છે, કુંભારથી થતો નથી, એમ માને તો ઘડાની સાબિતી થાય છે, અજ્ઞાની કહે છે કે નિમિત્તથી થાય છે, જ્ઞાની માને છે કે નિમિત્તથી થતો નથી, માટીથી ઘડો થયો એમ કહેતાં જ કુંભારથી ઘડો થયો નથી, એમ સિદ્ધ થાય છે. પરને લઈને જ્ઞાન થાય છે એમ માને તો જ્ઞાનની વર્તમાન પર્યાય રહી નહિ, તેથી સ્વકાળ વિનાનો આત્મા માનતાં આત્માનો નાશ થાય છે.

અનાદિ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ જીવોને સ્યાદ્‌વાદ જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનું અનેકાંતપણું પ્રગટ કરે છે કે આત્મા જ્ઞાનમાત્ર છે એટલે આત્મા જ્ઞેયપણે નથી, રાગપણે પણ નથી, એમ અસ્તિ-નાસ્તિ આદિ ચૌદ પ્રકારથી સ્યાદ્‌વાદ આત્માને સમજાવે છે. મારે સત્ય વસ્તુ સમજવી છે એવી જેને દરકાર થઈ હોય તેને આ વાત સમજાય છે. સમજાવનારથી સમજાતી નથી. પણ આત્મા પોતાની યોગ્યતાથી સમજે છે, ભગવાન શ્રી મહાવીરસ્વામીની સભામાં ગૌતમ ગણધર સમજ્યા, તે તેની લાયકાતથી સમજ્યા છે, ભગવાનથી સમજ્યા નથી, મશ્કરી નામનો સાધુ હતો, તે ભગવાનનો ધ્વનિ છૂટતાં તેણે ઊંધું લીધું કે હું પાર્શ્વનાથનો શિષ્ય છું, મને ગણધરપદ નહિ અને ગૌતમને ગણધરપદ આપ્યું, માટે આ સર્વજ્ઞ હોય નહિ—એમ ભગવાનનો વાંક કાઢ્યો. વાંક પોતાનો હતો છતાં ભગવાન ઉપર

નાખ્યો. ભગવાનની હાજરી છતાં તે સમજ્યો નહિ. માટે સમજાવનારથી કોઈ સમજતું નથી પણ પોતાની લાયકાતથી સમજે છે. જો પોતાના આત્મા તરફ દેખીને અનુભવ કરી જોવામાં આવે તો સ્યાદ્‌વાદ ઉપદેશ અનુસાર જ્ઞાનમાત્ર આત્મવસ્તુ આપોઆપ અનંતધર્મવાળી પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે, માટે હે પ્રવીણ પુરુષો! તમે જ્ઞાનને તત્સ્વરૂપ-અતત્સ્વરૂપ, એક સ્વરૂપ, અનેકસ્વરૂપ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્સ્વરૂપ, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્સ્વરૂપ, નિત્ય સ્વરૂપ, અનિત્ય સ્વરૂપ ઈત્યાદિ અનેક ધર્મ સ્વરૂપ પ્રત્યક્ષ અનુભવ ગોચર કરી પ્રતીતિમાં લાવો, એ જ સમ્યગ્જ્ઞાન છે, સર્વથા એકાંત માનવું તે મિથ્યાત્વ છે.

તમે જ્ઞાન એટલે આત્માને પોતા સ્વરૂપે છે અને પર એવા જ્ઞેય સ્વરૂપે નથી, એમ સમજો, પરના કારણે મારામાં અનેકતા નથી પણ મારા કારણે પર્યાયમાં અનેકતા છે. છતાં અભેદ એકરૂપે હું છું, આત્મા પોતે પોતાથી અસ્તિરૂપે છે અને પર એવા દેવ-ગુરુ-શાસ્ત્ર, શરીરાદિથી નાસ્તિપણે છે. તે પરપદાર્થો પોતાના ખ્યાલમાં આવે છે પણ તેની ઉપેક્ષા કરીને એટલે કે તેનું લક્ષ છોડીને આત્માનો અનુભવ કરવો તે સમ્યગ્જ્ઞાન છે. આત્મા પોતાપણે છે અને પરપણે નથી તે સમ્યગ્જ્ઞાન છે, પણ આત્મા પોતાપણે છે અને પરપણે પણ છે, તે સમ્યગ્જ્ઞાન નથી, વાણી વાણીથી થાય અને ઇચ્છાથી ન થાય તેમ જાણવું તે સમ્યગજ્ઞાન છે.

પૂર્વોક્ત રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતમય હોવાથી અનેકાંત અર્થાત્ સ્યાદ્‌વાદ સિદ્ધ થયો, એવા અર્થનું કાવ્ય હવે કહે છે.

## કળશ-૨૬૩

**અર્થ :**–આ રીતે અનેકાંત—કે જે જિનદેવનું અલંઘ્ય એટલે કોઈથી તોડી ન શકાય એવું શાસન છે. વસ્તુનો સ્વભાવ સ્વપણે છે અને પરપણે નથી, એવું પર્યાયમાં સમજે તે જિનશાસન છે. તે શાસનને કોઈ યુક્તિ વડે તોડી શકે એમ નથી, સ્વભાવનો મહિમા કરી પરના મહિમાનો અભાવ કરતાં અનેકાંત ઉપર કોઈ પગ મૂકી શકતું નથી. ત્રિકાળ વસ્તુ વ્યવસ્થિત છે અને તેની પર્યાય પણ વ્યવસ્થિત છે, એ રીતે અનેકાંત પોતે જ સ્થાપિત છે. યથાર્થ સ્વરૂપની વ્યવસ્થા વડે પોતાથી સ્થાપિત કરતો થકો, અનેકાંત સ્થિત થયો,–નિશ્ચિત ઠર્યો-સિદ્ધ થયો, નિમિત્તથી કે પરથી આત્મા સિદ્ધ થતો નથી, એમ અનેકાંત પોતે પોતાને સિદ્ધ કરે છે.

**ભાવાર્થ :**–અનેકાંત અર્થાત્ સ્યાદ્‌વાદ જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ સ્થાપન કરતો થકો આપોઆપ સિદ્ધ થયો, તે અનેકાંત જ નિર્બાધ જિનમત છે અને યથાર્થ વસ્તુસ્થિતનો કહેનાર છે, વસ્તુનું સ્વરૂપ અનેકાંત છે, વાણી પણ અનેકાંત છે અને તેનું જ્ઞાન પણ એવું જ છે; તે ત્રણે અનેકાંતને સિદ્ધ

કરે છે. ગોળ પદાર્થ છે તેને કોઈ શેરડી કહેતું નથી અને જ્ઞાનપણ ગોળને બદલે શેરડીનું થતું નથી. પણ ગોળ પદાર્થ છે તો કથનમાં પણ ગોળ જ આવે છે અને જ્ઞાન પણ ગોળનું થાય છે, એમ આતમવસ્તુ અનેકાંત છે, તેનું જ્ઞાન એકાંતિક છે અને વાણી પણ એવી જ હોય છે. કાંઈ કોઈએ અસત્ કલ્પનાથી વચનમાત્ર પ્રલાપ કર્યો નથી, માટે હે નિપુણ પુરુષો! સારી રીતે વિચાર કરી પ્રત્યક્ષ-અનુમાન પ્રમાણથી અનુભવ કરી જુઓ ! ***

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(પોષ સુદ ૭, ગુરુવાર, ૨૦૦૮, તા. ૩-૨-૫૨)**

વસ્તુ-જ્ઞાન અને આગમ વચન, ત્રણે અનેકાંત સ્વરૂપ છે. આત્મા જ્ઞાતા છે. પર જ્ઞેય છે, જ્ઞેયથી જ્ઞાન નથી, જ્ઞાનથી જ્ઞેય નથી, કેમકે આત્મા વગેરે દરેક વસ્તુ સ્વપણે છે ને પરપણે ત્રણકાળમાં નથી, એમ સ્વયમેવ અનેકાંત પ્રકાશે છે.

જીવમાં અનંતગુણો છે, તેમાં પણ એક ગુણ તે બીજા ગુણપણે નથી તથા ગુણની એક પર્યાય તે પહેલાની કે પછીની પર્યાયપણે નથી, તે સ્વકાળથી સત્ છે અને પરકાળથી અસત્ છે, એક સમયનો રાગનો ભાગ તે જ્ઞાનપણે નથી–એવો અનેકાંત સ્વભાવ, અનેકાંત જ્ઞાન અને વચન–ત્રણેનો મેળ છે, જેમ થેલીમાં જેટલા રૂપિયા છે તેવું જ્ઞાન અને વચનમાં આવે તો મેળ કહેવાય. તેમ ત્રણ લોકમાં છ દ્રવ્યો ત્રિકાળ સ્વપણે છે ને પરપણે નથી, એવું જ્ઞાન કરે તો સાચું કહેવાય, નહિતર મિથ્યાજ્ઞાન છે. કર્મને લઈને આત્મા પડે કે ચડે એમ કહેનાર વાણીની મિથ્યાત્વ-એકાન્તની સ્થાપના કરે છે, પણ સ્વપણે છે અને પરપણે નથી–એમ સ્વતંત્રપણું કહેતી વાણી અને વસ્તુ જ અનેકાંતની સ્પષ્ટ સ્થાપના કરે છે.

પ્રશ્ન :–આત્મા અનંત સ્વભાવવાન હોવા છતાં તેને જ્ઞાનમાત્રપણે કેમ કહેવાય છે? જ્ઞાનમાત્ર કહેવાથી બીજા અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.

ઉત્તર :–લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્ય—આત્માનો નિર્ણય કરવા માટે આત્માને જ્ઞાનમાત્ર કહેલ છે. આત્મામાં અનંત ગુણ છે. તેમાં જ્ઞાન મુખ્ય છે તે વિશેષગુણ છે. ત્રણે કાળ આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે અન્ય દ્રવ્યોમાં નથી, જાણવાનું કાર્ય પર્યાયથી છે, સ્વ સન્મુખ જ્ઞાનની પ્રસિદ્ધિ વડે, જાણનાર તે જ આત્મા—એમ લક્ષ્યરૂપ આત્મા નિઃશંકપણે પ્રસિદ્ધ થાય છે, વ્યવહાર, રાગ, દયા, દાન, ભક્તિ વડે આત્માની પ્રસિદ્ધિ થાય નહીં, કેમકે રાગાદિ ત્રિકાળી સ્વરૂપમાં રહેતા નથી. એક સમયમાત્ર રહીને તે ટળી જાય છે, તેથી સ્વલક્ષણ થઈ શકે નહિ, અનંતધર્મમાં મુખ્ય જ્ઞાન છે, પરાશ્રયબુદ્ધિ છૂટી અંતર્મુખ થવામાં જ્ઞાન જ કારણ છે.

પ્રશ્ન :–એ લક્ષણની સિદ્ધિથી શું પ્રયોજન છે? લક્ષણને પ્રસિદ્ધ કર્યા વિના સીધો આત્મા અનંત ધર્મોવાળો છે—એમ એકલા લક્ષ્યને જ જણાવવો યોગ્ય છે.

ઉત્તર :-અજ્ઞાની બહારથી નક્કી કરે છે તેથી તે લક્ષણથી અજાણ છે, લક્ષણના નિર્ણય વગર લક્ષ્ય આત્મા નક્કી થઈ શકે નહિ. માટે જે રીતે આત્મા પરથી ભિન્ન ને સ્વથી પરિપૂર્ણપણે સમજાય એ રીતે જેને લક્ષણનો નિર્ણય થાય, તેને લક્ષ્ય-આત્માનો નિર્ણય થાય, જ્ઞાનમાત્ર તે આત્મા છે. પણ દેહાદિ કે રાગાદિ તે આત્મા નથી, વાણી બોલે તે આત્મા નથી, રાગાદિ વિકાર આત્માની પર્યાયમાં થાય છે, તે પોતાના અપરાધથી થાય છે પણ તે ટળી શકે છે માટે ત્રિકાળી આત્મા તે વડે ઓળખી શકાય નહિ.

પ્રશ્ન :-ક્યું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેનાથી ભિન્ન પ્રસિદ્ધિ થાય છે? એક ઓળખનાર અને એક ઓળખવા યોગ્ય.

ઉત્તર :-જ્ઞાનથી જુદી ચીજ લક્ષ્ય નથી, કારણ કે જ્ઞાન અને આત્મા દ્રવ્યપણે અભેદ છે. સમજાવવા માટે પર્યાયથી, વ્યવહારથી ભેદ પડે છે, વસ્તુમાં ભેદ નથી.

પ્રશ્ન :–તો પછી લક્ષણ અને લક્ષ્ય એવા બે ભાગ શા માટે કરવામાં આવ્યા?

ઉત્તર :–પ્રસિદ્ધ કરનાર જ્ઞાન છે અને જ્ઞાન વડે નક્કી કરવાયોગ્ય આત્મા છે. કારણ કે જ્ઞાન જગતમાં બધા જીવોને સ્વઅનુભવથી નક્કી છે. જ્યારે સ્વાશ્રયી જ્ઞાન વડે—અંતર્મુખજ્ઞાન વડે આત્માને જાણે ત્યારે આત્મા યથાર્થ જાણ્યો કહેવાય, પરલક્ષવાળા વિજ્ઞાનને તથા અગિયાર અંગના શાસ્ત્રજ્ઞાનને આત્માનું જ્ઞાન કહ્યું નથી, જેનું લક્ષણ નક્કી કરવું છે તે લક્ષ્યરૂપ આત્માને જ અવલંબીને જાણે તે જ જ્ઞાન છે, નિમિત્ત-રાગ, વ્યવહારને અવલંબીને જાણે તે જ્ઞાન નથી. આચાર્યદેવને પરવસ્તુનું જાણપણું પ્રસિદ્ધ કરવું નથી. જે સ્વલક્ષણરૂપ જ્ઞાન વડે આત્માને જાણે તેની પ્રસિદ્ધિ સમ્યક્ છે. જુઓ, આ રીતે પણ અંતર્મુખદ્રષ્ટિ કરવાની વાત છે.

શાસ્ત્રનું કે પાનાનું જ્ઞાન તો પરનું તે વ્યવહારનું થયું, સ્વ સન્મુખ નિશ્ચય જ્ઞાન વિના વ્યવહાર કોનો? એકલો વ્યવહાર મિથ્યાત્વ છે.

સ્વસન્મુખ જ્ઞાન વિના વ્યવહારનું જ્ઞાન સાચું કહેવાય નહિ, પ્રથમ વ્યવહાર નિમિત્ત જોઈએ, એના વિના ન ચાલે—એમ અજ્ઞાની અનાદિથી પોકાર કરે છે, પણ રાગ વિનાનો, જ્ઞાન માત્રપણે જાણનાર પોતે કોણ છે—તે મૂળને તો ન જાણે ને વ્યવહાર સુધર્યો એમ માને, તે વસ્તુ સ્વરૂપને જાણતો નથી.

અહીં દેવ-ગુરુ-શાસ્ત્રાદિ પરને જ જાણે એવો આત્મા નક્કી કરવો નથી, સ્વના જ્ઞાનમાં પરનું જ્ઞાન આવી જાય છે. જ્ઞાન વડે રાગ, નિમિત્ત કે વ્યવહાર સાધવા યોગ્ય નથી પણ પર સંબંધથી રહિત એકલો આત્મા આવો છે, એમ નક્કી કરવાની પ્રથમ જરૂર છે.

જ્ઞાનમાત્ર આત્મા કહ્યો છતાં તેની સાથે અવિનાભાવી સંબંધવાળા શ્રદ્ધા-ચારિત્ર, સુખ, વીર્ય, અસ્તિત્વ વગેરે અનંત ધર્મો આવી જાય છે; અનંત ધર્મનોના સમુદાયરૂપ મૂર્તિ આત્મા છે. તે જ જ્ઞાન વડે નક્કી કરવો જરૂરી છે. વસ્તુ, જ્ઞાન, વાણી–ત્રણે અનેકાંત હોવાથી, શરીર, વચન, રાગ, વ્યવહારના ભેદ વગેરે છે તે આત્મા નથી—એમ એની મેળે નક્કી થઈ જાય છે.

પર સન્મુખ જ્ઞાન વડે પરનું ઘણું જાણપણું કર્યું છતાં જેનું સ્વલક્ષણ પ્રસિદ્ધ છે, તેને ન જાણ્યો તો તેણે કાંઈ જાણ્યું નથી અને આત્મા જાણ્યો તેણે બધું જાણ્યું. ભગવાનના મુખકમળથી બધી વસ્તુનું પ્રતિપાદન થયું છે. ભગવાનની વાણીમાં કહ્યો તેવો જ સર્વને જાણનાર આ આત્મા છે એમ જાણ્યું તેને સમસ્ત અર્થ પ્રકાશક જિનવાણી નિમિત્ત કહેવાણી.

છ દ્રવ્યને જાણે એવું જ્ઞાન છે તે આત્માને આશ્રયે છે. સર્વજ્ઞ સ્વભાવી આ આત્મા છે એમ સ્વસન્મુખ થઈ જાણ્યું તેને કાંઈપણ જાણવું બાકી રહેતું નથી અને આત્માને જાણ્યા વિના અગિયાર અંગ જાણે તો પણ તે અજ્ઞાન છે.

જ્ઞાનમાત્ર સાથે અવિનાભાવી એ એક શબ્દમાં બહુ મહત્વ છે કે જ્ઞાન વિના શ્રદ્ધા, ચારિત્ર વગેરે અનંત ધર્મ નહિ અને અનંત ધર્મ વિના એકલું જ્ઞાન નહીં. વ્યવહાર, રાગ કે નિમિત્ત વિના જ્ઞાન નહીં એમ ન કહ્યું. કેમકે એકલું જ્ઞાન અનંતગુણ સહિત અને કર્મ, રાગ નિમિત્ત રહિત હોય છે.

માટે પુણ્ય-પાપ, વ્યવહાર કે દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરેની સાથે જ્ઞાનને અવિનાભાવીપણું નથી કેમકે એ ન હોય તોપણ અનંત ગુણ સાથે જ્ઞાન એકલું હોય છે, તેથી જ્ઞાન લક્ષણ વડે આત્મા નક્કી થાય છે, રાગાદિ સાધન હોય તો આત્મા સાધ્ય થાય, એમ ત્રણ કાળમાં નથી.

નીચેના ગુણસ્થાને રાગ હોય ને તેના નિમિત્ત પણ હોય તેથી શું?

જ્ઞાન તો તેનાથી જુદું રહી આત્માના આશ્રયે કામ કરે છે, સ્વદ્રવ્યના અવલંબનથી જાણે ત્યારે લક્ષણ—સાધન કહેવાય છે.

એ રીતે જ્ઞાન છે તે બાહ્ય સાધન મેળવવા માટે નથી પણ એક પોતાના આત્માને જાણવા માટે જ પ્રસિદ્ધ છે.

વીતરાગની વાણીનો સાર એ છે કે જ્ઞાન વડે જ આત્માને પ્રથમ નક્કી કરવો.

***

# <u>પ્રસાદ નં. ૭૪</u>

## <u>સમયસાર પરિશિષ્ટ</u>

**(પોષ સુદ ૮, શુક્રવાર, ૨૦૦૮, તા. ૪-૧-૫૧)**

“તે પ્રસિદ્ધ એવા જ્ઞાનવડે પ્રસાધ્યમાન તદ્-અવિનાભૂત (જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળા) અનંતધર્મોના સમુદાયરૂપ મૂર્તિ આત્મા છે, જ્ઞાન પ્રસિદ્ધ છે અને જ્ઞાન સાથે જેમનો અવિનાભાવી સંબંધ છે એવા અનંત ધર્મોના સમુદાય સ્વરૂપ આત્મા તે જ્ઞાન વડે પ્રસાધ્યમાન છે.”

જ્ઞાન પ્રસિદ્ધ છે, સાધારણ લોકો પણ એમ કહે છે કે આ જ્ઞાન વડે જાણ્યું, માટે જ્ઞાન તે લક્ષણ છે અને અનંતગુણનો પિંડ આત્મા તે લક્ષ્ય છે, જે વડે જણાય તે લક્ષણ કહીએ, જ્ઞાન વડે આત્મા જણાય છે, માટે જ્ઞાન વડે આત્મા નક્કી થાય છે. પુણ્ય-પાપાદિ કે શરીર આદિ જ્ઞાન વડે નક્કી કરવા યોગ્ય નથી. પણ જ્ઞાન વડે આત્મા નક્કી કરવા યોગ્ય છે. જ્ઞાન લક્ષણ પુણ્ય-પાપનું કે દેવ-ગુરુ-શાસ્ત્રનું નથી. આ જ્ઞાન તો લક્ષ્ય એવા આત્માનું લક્ષણ છે; એનું નક્કી કરતાં અનંત ગુણવાળો આત્મા નક્કી થાય છે, એ જ સાધ્ય છે. આ ધર્મ છે.

જ્ઞાન જાણનાર છે. તેની સાથે સંબંધ ધરાવનાર અનંતા ધર્મો છે. તેનું નક્કી કરવું તે ધર્મ છે. આ અનંતધર્મોવાળા અભેદ આત્મા એકને જેણે જાણી લીધો તેણે બધું જાણી લીધું. જ્ઞાનનું સામર્થ્ય એવું છે કે તે સ્વ-પરને જાણે છે. માટે આત્માને નક્કી કરતાં કાંઈ બાકી રહેતું નથી. જ્ઞાન પરને જાણે છે તે જ્ઞાન પરનું નથી. તે જ્ઞાન લક્ષણ તો આત્માનું છે. તે આત્માને લક્ષ્ય ન કરે તો જ્ઞાન લક્ષણ છે એમ પણ થતું નથી, બીજું બધું જાણે પણ આત્માને ન જાણે તો કાંઈ જાણ્યું નથી માટે લક્ષ્ય એવો અનંત ધર્માત્મક આત્મ-પદાર્થ નક્કી કરવો યોગ્ય છે.

જ્ઞાન જેનું લક્ષણ છે એને જાણતાં જ્ઞાન સાથે રહેલા અનંત ધર્મોવાળો આત્મા જણાય છે, <u>**એક આત્માને ન જાણે, તો એકલા પરને જાણતું જ્ઞાન વ્યવહારે પણ પરને યથાર્થ જાણતું નથી**</u>. કેમકે લક્ષણ દ્વારા લક્ષ્ય એવા આત્માને નક્કી ન કર્યો તો જ્ઞાને કાંઈ જાણ્યું નથી, જ્ઞાન આત્માનું લક્ષણ છે એને ન જાણ્યો તો તે પરવસ્તુને સાધીને નિગોદમાં ચાલ્યો જાય છે. ઘણા માણસો એવા હોય છે કે સબમાં લગતી રાખે, પણ આત્મા કોણ છે એને જાણે નહિ, તો પરના જ્ઞાનમાં મોટું મીંડું છે, વકીલ, ડોક્ટર, દાગીના, મકાન આદિ અનેક પ્રકારની કળા જાણે પણ આત્માને તે કાંઈ ઉપયોગી નથી, જ્ઞાન જેનું લક્ષણ છે એવા અનંત ધર્મો સહિત જે આત્મા છે, તે જાણવા

યોગ્ય છે અને એ જ સાધ્ય છે. જ્ઞાન વિના બીજો ગુણ ન હોય અને બીજા ગુણો વગર જ્ઞાન ન હોય તેને અવિનાભાવી સંબંધ કહે છે, જ્ઞાન વડે આત્માને જાણવો તે પણ વ્યવહાર છે કેમ કે ભેદ છે. અહીં તો જ્ઞાનવડે આત્માને જાણવો એમ કહેલ છે, પણ રાગ વડે કે પુણ્ય વડે આત્માને જાણવો એમ કહેલ નથી. જ્ઞાન તે સાધન છે. પણ રાગાદિ કે પરપદાર્થ તે સાધન નથી. માટે જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દ્રષ્ટિ વડે, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો તદ્-અવિનાભૂત-(જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળા) અનંત ધર્મસમૂહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે, તે સઘળોય ખરેખર એક આત્મા છે.

જ્ઞાનમાત્ર આત્મા છે એટલે રાગ અને પુણ્ય વિનાનો આત્મા છે; તેવા આત્મામાં સ્થાપેલી દ્રષ્ટિ વડે આત્મા જણાય છે. તે જ્ઞાનની સાથે અનંત ધર્મ છે. જ્ઞાન-દર્શન આદિની પર્યાયો ક્રમે થાય છે અને જ્ઞાન-દર્શનાદિ ગુણો અક્રમે છે તે સહિત આત્મા લક્ષિત થાય છે, તે ગુણ-પર્યાયોથી અભેદ આત્મા સાધવા યોગ્ય છે, એમ કહ્યું છે. આ કારણે જ અહીં આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ (કથન) છે. અહીં અધ્યાત્મ પ્રકરણમાં જ્ઞાનમાત્ર આત્મા કહેતાં રાગાદિના અભાવ રહિત આત્મા છે, એમ સમજવું. સ્વભાવ છે તેનું જ્ઞાન કરતાં પર્યાયો તો ક્રમે થાય છે. પણ તે પર્યાયો અને અનંત ધર્મોને અભેદ કરીને એક આત્માને જાણવો, તેને જ પ્રતીતિમાં લેવો ને તેમાં સ્થિરતા કરવી તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને તે જ મોક્ષમાર્ગ છે. બીજા સાથે સંબંધ નથી, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છૂટી જાય છે. પણ આત્મામાં અનંત ધર્મોની અભેદતા કદી છૂટતી નથી. આત્મા જેટલો અને જેવડો છે એટલો ન માનવો તે આત્માનો ઘાત છે અને ન હોય તેવો માનવો તે પણ ઘાત છે, બાકી પરનો ઘાત તો કોઈ કરી શકતું નથી માટે આત્માને નક્કી કરવો તે અહિંસા છે.

પ્રશ્ન :—જેમાં ક્રમે અને અક્રમે પ્રવર્તતા અનંત ધર્મો છે એવા આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે? જુઓ, અહીં પ્રશ્ન તો પરનું લક્ષ છોડીને એક આત્મામાં લાવીને મૂક્યો છે. આત્મામાં અનંત ધર્મો ક્રમે અને અક્રમે હોવા છતાં આત્મામાં એકીસાથે કેવી રીતે હોય છે?

ઉત્તર :—પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણત એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી (અર્થાત્ પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણમેલી જે એક જાણન ક્રિયા તે જાણનક્રિયા માત્ર ભાવરૂપે પોતે જ હોવાથી) આત્માને જ્ઞાનમાત્રપણું છે.

આત્મામાં અનંત ધર્મો છે. તે દરેક ભિન્ન ભિન્ન છે કેમ કે ભિન્ન-ભિન્ન ન હોય તો અનંત ધર્મો હોઈ શકે નહિ, એક ગુણ બીજા ગુણથી ભિન્ન છે અને

એક ગુણની પર્યાય બીજા ગુણની પર્યાયથી ભિન્ન છે; છતાં ક્ષેત્ર ભિન્ન નથી, ધર્મો બધા જુદા છે છતાં સમુદાયરૂપે તે બધા એકરૂપે પરિણત છે, ક્રમે અને અક્રમે એ બધાને જાણનાર એક જ્ઞપ્તિક્રિયા છે તેમાં તે બધું આવી જાય છે, પર્યાયમાં આખો આત્મા આવી જાય છે, કાંઈ બાકી રહેતું નથી. એક સમયની જ્ઞાનની પર્યાયની તાકાત એવી છે અનંતધર્મો ક્રમે કે અક્રમે એકીસાથે જાણી લ્યે છે, કાળભેદ નથી, કેમકે એકી સાથે પરિણમે છે. સ્વભાવ ભેદ હોવા છતાં જ્ઞાનની પર્યાય અનંત ધર્મોને અભેદ એક સમયમાં જાણી લે છે, તે જ્ઞપ્તિક્રિયા છે.

જેમ આંખ પોતાને, અરીસાને અને અરીસામાં જણાતા પદાર્થોને એકીસાથે નક્કી કરી લે છે, તેમ આત્માની જ્ઞપ્તિ ક્રિયા પરને, રાગાદિને અને પોતાને એક સમયમાં નક્કી કરી લે છે. ગુણ અને પર્યાયો જુદા-જુદા હોવા છતાં તે બધા એક જ છે, એમ જ્ઞાન જાણે છે. જ્ઞાન કહેતા તેમાં કોઈ બાકી રહેતું નથી. બધું સાથે ને સાથે છે. જ્ઞાન સાથે અનંતધર્મો રહેલા છે. એવા આત્માને જાણે છે. પ્રથમ લક્ષણ અને લક્ષ્યના ભેદ પાડ્યા હતા, તે અહીં અભેદ કરી નાખે છે. જેમ પંચવર્ણી દોરી હોય પણ તે હાથમાં લેતા એક સાથે આખી જણાઈ જાય છે તેમ આત્મા અનંત ધર્મોવાળો છે તે એક સાથે જણાય છે. તે પોતાને અભેદ જાણતાં તે જ્ઞપ્તિક્રિયા લોકાલોક પોતાથી ભિન્ન છે—એમ પણ સાથે જાણી લે છે, એટલે બધું જાણી લે છે. તે જ્ઞપ્તિક્રિયા પોતે જ આત્મા છે માટે જ તેને જ્ઞાનમાત્ર એક ભાવની અંદર આવી જતી અનંત શક્તિઓ ઊછળે છે.

જ્ઞપ્તિ ક્રિયા જ્યાં જ્ઞાનને નક્કી કરવા જાય છે ત્યાં જ્ઞાન સાથે અંદર રહેલી અનંત શક્તિઓ ખ્યાલમાં આવી જાય છે કેમ કે તે જ્ઞાનથી જુદી નથી, તેથી અનંત શક્તિઓ ઊછળે છે, એમ કહેલ છે. જાણન શક્તિમાં કાંઈ બાકી રહેતું નથી. જ્ઞાનનું ભાન થતાં બીજું બધું સાથે જણાઈ જાય છે, રાગાદિ રહિત આત્માની અનંત શક્તિ ખ્યાલમાં આવતાં એક સમયની પર્યાયમાં આખા આત્માને સમાડી દે છે. જ્ઞાનની પર્યાયનો ધર્મ એવો છે કે તે પોતાને, પરને અને અનંત ધર્મોને જાણે છે. આમ અભેદ આત્માને નક્કી કરતાં બહારના ઝગડા રહે નહિ, પણ આત્માને નક્કી કરે નહિ અને બહારમાં અટકે તો તેને જ્ઞાનમાત્ર આત્માનો પત્તો લાગે નહિ.

અનંત ધર્મોવાળો આત્મા છે–તેને નક્કી કરવો તે ધર્મનો પ્રથમ ઉપાય છે અને તે રામબાણ ઔષધ છે. તે ફરે એમ નથી, જેમ ઉત્તમ પુરુષો બાણ ફેંકે તે ફરતું નથી. રામચંદ્રજી જ્ઞાની હોવા છતાં પણ રાગ હોવાથી લડાઈમાં ઊભા હતા. લક્ષ્મણજીએ રાવણ કે જે પ્રતિ વાસુદેવ હતા તેની સામે બાણ ફેંક્યું અને રાવણ મર્યો, પછી રાવણની પાસે જઈને ઉત્તમ પુરુષ

કહે છે કે અહો ! અમારી સામે ઊભો રહેનાર તું એક હતો, તે પણ ચાલ્યો ગયો, એમ અફસોસ કરે છે, સ્મશાનમાં બાળવા પણ જાય છે, પાછા તેના મહેલમાં તેની રાણી પાસે જાય છે અને આશ્વાસન આપે છે, અમારે રાવણને મારવાનો ઇરાદો ન હતો, અમને ક્ષમા કરજે, આવા ઉત્તમ પુરુષો હોય છે, એમનું બાણ જેમ ફરતું નથી તેમ અહીં આત્મા જાગ્યો એટલે એક સમયની જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા આવી જાય છે, તે દ્રષ્ટિ પાછી ફરે નહિ, તે ગુણ-પર્યાયોને જાણીને નક્કી કરી લે છે.

આત્માના જેટલા ધર્મો છે તે બધાયને લક્ષણ ભેદે ભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી, આત્માના એક પરિણામમાં બધાય ધર્મોનું પરિણમન રહેલું છે. તેથી આત્માના એક જ્ઞાનમાત્રભાવની અંદર અનંત શક્તિઓ રહેલી છે. માટે જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં અનંત શક્તિઓ ઊછળે છે, તેમાંની કેટલીક શક્તિઓ આ પ્રમાણે છે.

## (૧) જીવત્વશક્તિ

‘‘આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવનું ધારણ જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્રભાવમાં—આત્મામાં ઊછળે છે.’’

જીવત્વશક્તિ તે લક્ષ્ય છે અને ચૈતન્યમાત્ર ભાવનું ધારણ કરવું તે લક્ષણ છે, એટલે શરીર, વાણી આદિને આત્માએ ધારણ કર્યા નથી, કેમકે તે આત્માનું લક્ષણ નથી. દશપ્રાણને આત્માએ વ્યવહારે ધારણ કર્યા છે એટલે કે નિશ્ચયથી ધારણ કર્યા નથી. જ્ઞાનમાત્રની સાથે પ્રગટ જણાતા ચૈતન્યમાત્ર ભાવને ટકાવવો તે જીવત્વશક્તિ છે. ‘‘અન્ન સમા પ્રાણ’’—એમ કહેવત છે; તે વાત ખોટી છે. અહીં તો કહે છે કે ચૈતન્યસમા પ્રાણ છે, શરીરનું ટકવું—ન ટકવું આત્માને આધીન નથી. લાડવો ખાતો હોય અને મરી જાય છે. માટે અન્ન તે આત્માના પ્રાણ નથી પણ જ્ઞાન તે આત્માના પ્રાણ છે અને તેનાથી આત્મા જીવે છે. જે કોઈ જડ પ્રાણથી કે પરથી આત્માને ટકતો માને, તેને જીવત્વશક્તિની પ્રતીતિ નથી. રાગ, પુણ્ય, શરીર, પૈસા, દાળ, ભાતાદિ આત્માને ટકાવતા નથી; માટે આત્માનું જીવતર પરથી નથી પણ ચૈતન્યમાત્રભાવથી છે. તે આત્માની જીવત્વ શક્તિ છે. ***

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(પોષ સુદ ૯, શનિવાર, ૨૦૦૮, તા. ૫-૧-૫૨)**

આ સર્વવિશુદ્ધ અધિકાર છે. એમાં શક્તિઓની વાત કહે છે, પરિશિષ્ટમાં બે અધિકાર લીધા છે.

(૧) આત્માને જ્ઞાનમાત્ર કહેવા છતાં પણ તે અનેકાંતમય કેમ છે ? અને (૨) સાધક-સાધ્યના ભેદ હોવા છતાં તે એક જ જ્ઞાનમાં કેમ ઘટે છે?

તે બે વાત કરી છે. અહીં જ્ઞાનમાત્ર લક્ષણથી આત્માને વર્ણવ્યો છે. જ્ઞાનની સાથે અનંત શક્તિ હોવા છતાં એક જ્ઞાનમાત્ર લક્ષણથી આત્માને કેમ ઓળખાવ્યો છે તે કહે છે.

અહીં જ્ઞાન જેનું લક્ષણ છે એવા અનંત ધર્મોવાળો આત્મા છે, તેને જણાવે છે. સામાન્ય રીતે જ્ઞાન છે તેને લોકો જાણે છે પણ જ્ઞાન કોનું લક્ષણ છે? એની જેને ખબર નથી એવા જીવોને સમજાવે છે કે જ્ઞાનમાત્ર આત્મા અનંત ધર્મોનો પિંડ છે, તે અનેકાંત છે. હવે જ્ઞાન લક્ષણ તો આત્માને જણાવે છે, તેને બદલે બીજાને જાણવા રોકાય તો જ્ઞાન લક્ષણની પ્રસિદ્ધિ નથી. પ્રસિદ્ધ જ્ઞાનલક્ષણ તો આત્માનું છે માટે જ્ઞાન આત્માને જણાવે છે એમ નક્કી કરતાં જ્ઞાનની સાથે અનંત શક્તિઓ અનુભવમાં આવે છે. તેમાં કેટલીક શક્તિઓનું વર્ણન અહીં કરે છે.

**<u>“આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ.”</u>**

આત્મા લક્ષ્ય છે અને જ્ઞાન લક્ષણ છે. તે જ્ઞાન સાથે અનંત શક્તિઓ છે. એમાં પહેલાં જીવત્વ શક્તિનું વર્ણન કરે છે. ચૈતન્યભાવપ્રાણને ધારી રાખે તે જીવત્વશક્તિ છે. તે જીવત્વશક્તિ દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણેમાં વ્યાપેલી છે. શરીરથી કે આયુકર્મથી જીવવું તે જીવત્વ નથી, અજ્ઞાની શરીર, આયુષ્ય, શ્વાસોશ્વાસ આદિથી અમે જીવીએ છીએ—એમ માને છે પણ તે ભૂલ છે—ભ્રમ છે, ધર્મી જીવ તો માને છે કે હું ચૈતન્યપ્રાણથી જીવી રહ્યો છું ને શરીરાદિ દશપ્રાણોથી જીવતો નથી—તે અનેકાંત છે. આત્મા જીવત્વશક્તિથી જીવે છે પણ પરથી કોઈ આત્મા ટકી રહ્યો નથી.

આત્મા ચૈતન્ય સાથે રહેલા અનંતગુણોને ધારે છે પણ રાગને ધારતો નથી, ત્રિકાળી ગુણો અને નિર્મળ પર્યાયને ટકાવી રાખવા તે જીવત્વ શક્તિનું કામ છે. આત્મા ત્રિકાળ જીવતો છે, નરક, નિગોદ આદિના ભવો કર્યા પણ આત્મા કદી મર્યો નથી, અજ્ઞાની કહે છે કે જીવતા જીવને મોહ અને રાગ થયા વગર રહે નહિ, પણ અહીં તો કહે છે કે વસ્તુના ગુણ-પર્યાયને ટકાવી રાખે તે જીવતાનું કામ છે, તે જીવતર શક્તિ છે.

અહો! આત્મા અનાદિ અનંત ટકી રહ્યો છે તેવી જીવત્વશક્તિ સહિત આત્મા છે, તે જીવત્વશક્તિનું ભાન થતાં તેની સાથે રહેલી અનંતશક્તિઓનું ભાન પણ તેની સાથે હોય છે, જેણે આત્માને લક્ષમાં લીધો તેને પરનું લક્ષ હોતું નથી.

જીવત્વશક્તિના કારણે આયુષ્ય નથી અને આયુષ્યના કારણે જીવત્વશક્તિ નથી, જીવત્વશક્તિ તો ત્રિકાળ છે. તે પોતાના દ્રવ્ય-ગુણ અને

પર્યાયને ટકાવી રાખે છે. જીવત્વશક્તિનો પહેલો નંબર છે કેમકે જીવત્વ શક્તિ નક્કી થયા પછી બીજી શક્તિ સાબિત થાય છે. અનંતકાળ નિગોદમાં રહ્યો ત્યાં પણ જીવત્વશક્તિના કારણે ટકી રહ્યો, ત્યાં પણ જીવત્વ શક્તિના કારણે ટકી રહ્યો હતો, એમ સમ્યદગ્દ્રષ્ટિ જાણે છે.

## (૨) અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ.

અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે એવી ચિતિશક્તિ આત્મામાં છે. જીવત્વ આદિ બધી શક્તિઓ આત્મામાં એકીસાથે છે તેમાં ક્રમ નથી, પણ કહેવામાં ક્રમ પડે છે. આત્મામાં ચૈતન્ય સામર્થ્ય પૂર્ણ ભરેલું છે. આત્મામાં જડપણું બિલકુલ નથી. જીવત્વશક્તિ આત્માને ટકાવે છે અને આ ચિતિશક્તિ તો ઓળખાવે છે એટલે કે પ્રકાશ પાડે છે. તે શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપેલી છે, તે ચિતિશક્તિ રાગને લઈને નથી. માટે રાગથી જણાય એમ નથી અને નિમિત્તને લઈને પણ તે ચિતિશક્તિ નથી. આત્મા ન જાણી શકે એવું જડત્વ આત્મામાં નથી અને જાણે છે તે કોઈ પરને લઈને નથી. આત્મા રાગથી કે પરથી જાણે તો આત્મામાં જડપણું આવે, પણ આત્મા તો એમાં ત્રિકાળ રહેલી ચિતિશક્તિથી જાણે છે; તેની સાથે રહેલી અનંત શક્તિઓને પણ તે જાણે છે, એકનું જ્ઞાન થતાં અનેકનું જ્ઞાન સાથે થાય છે પણ પરનું જ્ઞાન થતાં આત્માનું જ્ઞાન થતું નથી—એવું અનેકાંતસ્વરૂપ આત્માનું છે.

## (૩) અનાકાર ઉપયોગમયી દ્રશિ શક્તિ.

જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી એવા દર્શનોપયોગમયી સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી દ્રશિશક્તિ અર્થાત્ દર્શન ક્રિયારૂપ શક્તિ, જ્ઞેયોના ભેદો જેમાં જણાય નહિ એવી દર્શન ઉપયોગમયી સત્તામાત્ર પદાર્થને જાણનાર તે દ્રશીશક્તિ છે. આ શક્તિ પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે, દ્રશિશક્તિ અનંતગુણો ને ભેદ પાડ્યા વગર જાણે છે, હું આત્મા છું અને આ શરીર છે—એવા ભેદોનો જેમાં અભાવ છે, તે દર્શન ઉપયોગ આત્માનો છે. શાસ્ત્રમાં વ્યવહારના કથન આવે કે ચક્ષુદર્શન ઉપયોગ ચક્ષુ દ્વારા થાય અને અચક્ષુદર્શન ઉપયોગ મન અને ઇન્દ્રિય દ્વારા થાય, પણ ખરેખર તો દ્રશિ શક્તિના કારણે તે દર્શન ઉપયોગ છે, ઇન્દ્રિય કે પરના કારણે તે નથી. દ્રશિશક્તિને જીવતી રાખે તે જીવત્વ શક્તિ છે. પણ તે બધી શક્તિઓને સામાન્ય દેખવામાત્રરૂપે કામ કરનારી દ્રશિ શક્તિ છે, એમાં રાગ કે મન, વાણીની જરૂર નથી.

## (૪) સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ.

જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે—એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ આત્મામાં ત્રિકાળ છે. કોઈ કહે કે જ્ઞાનને સાકાર કહેવામાં આવે છે માટે તે રૂપી છે પણ એ બરાબર નથી. સ્વ-પરના વિષયોના ભેદોનો જે ખ્યાલ કરે છે, તે સાકાર જ્ઞાન ઉપયોગમયી જ્ઞાનશક્તિ છે. તે શક્તિ પણ દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણેમાં વ્યાપી છે. ત્રણ શક્તિ જુદી નથી પણ ત્રણે થઈને એક શક્તિ છે, જ્ઞાનશક્તિ આત્માની છે, તે શક્તિના કારણે જ્ઞેયો જણાય છે પણ પરના કારણે જણાતાં નથી, કેમકે જ્ઞાનશક્તિ પોતાના કારણે પરિણમી રહી છે. નિમિત્ત કે વ્યવહારથી તે પરિણમતી નથી. જ્ઞાનશક્તિ તેની સાથે રહેલાં અનંતગુણોને જણાવે છે, તે શક્તિ રાગ કે વિકારને જણાવતી નથી, આ ચાર શક્તિઓનું ભાન થાય તેને આનંદ થયા વગર રહે નહિ, તે આનંદ-સુખશક્તિ હવે કહે છે.

## (૫) અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.

આત્મામાં આનંદ-સુખશક્તિ છે. તે રાગથી, વ્યવહારથી કે પુણ્યથી પ્રગટ થતી નથી. વિષયોથી આત્મામાં સુખ પ્રગટ થતું નથી, જો પરથી આત્મામાં સુખ થાય તો સુખશક્તિ આત્મામાં રહે નહી. આ શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે માટે **આત્મદ્રવ્યમાં, ગુણમાં કે પર્યાયમાં દુઃખ નથી.** આ સુખ શક્તિ, દર્શનમાં, જ્ઞાનમાં, વીર્યમાં, અસ્તિત્વમાં, વસ્તુમાં વગેરે અનંત ગુણમાં વ્યાપી છે, પરમાં તે સુખશક્તિ વ્યાપતી નથી. આત્મા અનાકુળ પૂર્ણ આનંદથી ભરેલો છે, એવી શક્તિ આત્માની છે. તે આનંદ પરમાંથી આવતો નથી કેમકે પરથી આનંદ આવે એવી શક્તિ આત્મા નથી.

કોઈ કહે કે અશાતાના ઉદય વખતે આત્મામાં દુઃખ થાય છે; તે વખતે કોઈ શાતા પૂછનાર હોય અથવા આશ્વાસન દેનાર હોય તો આત્મામાં સુખ શાંતિ થાય, તો તે વાત ખોટી છે કેમ કે આત્મામાં શાંતિ અને સુખ પ્રગટ થાય એવી શક્તિ ત્રિકાળ છે, તે પરથી આવતી નથી. આત્મા ગુણ અને પર્યાયમાં અમૃતમયી આનંદથી ભરેલ છે. આત્મા અનાદિથી સુખરૂપ પરિણમનથી ભરેલો છે. સાધકદશામાં અલ્પતા દેખાય છે તેની ગૌણતા છે. જગતમાં અજ્ઞાની પૈસાથી, બંગલાથી, દાગીનાથી, કપડાથી એમ અનેક પ્રકારથી આનંદ માને છે, પણ તેમાં આત્માનો આનંદ નથી. આત્માનો આનંદ તો ત્રિકાળ આત્માથી છે. **આત્મામાં જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, ચારિત્રનો આનંદ એમ અનંતશક્તિઓમાં આનંદ-સુખ વ્યાપેલ છે.** તે આનંદ ત્રિકાળ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભરેલો છે. એની દ્રષ્ટિ કરતાં આનંદ પ્રગટે છે. પર્યાયબુદ્ધિથી પ્રગટ થયેલો આનંદ આકુળતા સ્વભાવવાળો છે; તે સ્વભાવદ્રષ્ટિ થવાથી પ્રગટ થયેલો આનંદ તે ખરો આનંદ છે. અજ્ઞાનીને

સંસારના પ્રતિકૂળ સંયોગોમાં દુઃખ લાગે છે. છોકરાને મોટો કર્યો હોય અને પછી તે માને નહિ, તો દુઃખ લાગે છે, વળી તે પરમાં સુખની કલ્પના કરે છે પણ પરમાં આત્માનું સુખ નથી, ચૈતન્યમાં શાંતિ છે, અનાકુળતા છે. જે કાળે જે ક્ષેત્રે જ્યાં ઊભો હોય ત્યાં ત્રિકાળ દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં આ સુખશક્તિ વ્યાપેલી છે, સુખ તે શક્તિમાંથી આવે છે, પરમાંથી આવતું નથી. જ્ઞાની પોતાના આત્મામાં અનંત શક્તિ સાથે આનંદ–સુખ શક્તિને ભાળે છે, એને પરનો આનંદ હોતો નથી. અનંતગુણોની પર્યાય તો આનંદ - સુખશક્તિમાં છે. આનંદ જોઈતો હોય તો ચૈતન્યને ઓળખીને એમાંથી લ્યે, તો આવે એમ છે પણ પરમાંથી આવે એમ નથી, ઇન્દ્રની સામગ્રી હોય કે ચક્રવર્તી પદ હોય તો તેમાં સુખ નથી. જ્ઞાની પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય સિવાય પરમાં સુખ માનતો નથી. તેને આત્મસ્વભાવનું અધિકપણું ખસતું નથી, માટે તે આનંદ વગર રહેતો નથી. **સુખ તે લક્ષ્ય છે અને અનાકુળતા તે લક્ષણ છે.** તે અજ્ઞાનીને હોતું નથી કેમ કે તે તો બહારમાં સગવડતા હોય તો સુખ માને છે, પણ ત્યાં અનાકુળતા હોતી નથી.

## (૬) સ્વરૂપ રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.

આત્માના આનંદને રચનાર વીર્યશક્તિ છે, તે હવે કહે છે. ચૈતન્યમાં વીર્યશક્તિ છે, તેની વાત છે, વીર્ય રેતની અહી વાત નથી કેમકે તે તો જડ છે. અહીં તો આત્મસ્વરૂપની રચના જે કરે છે તે વીર્યશક્તિ છે, તે શક્તિ દેશ કે શરીરની રચના કરે નહિ અને રાગને રચે તે પણ વીર્ય કહેવાય નહિ; પણ દ્રવ્ય, ગુણ અને નિર્મળ પર્યાયને રચે તે વીર્યશક્તિ છે. નિર્મળપર્યાયની રચનાનું કારણ વીર્યશક્તિ છે પણ રાગાદિ કે પરપદાર્થો નથી.

જ્ઞાનનું વીર્ય, દર્શનનું વીર્ય, ચારિત્રનું વીર્ય એમ અનંતગુણોની રચનાનું સામર્થ્ય આત્મામાં છે, સંયોગમાં કે રાગમાં ઊછળતું જે વીર્ય દેખાય તે વીર્ય જ નથી. પોતાની અનંતશક્તિ સાથે રહેલું વીર્ય તે જ વીર્ય છે. કેવળજ્ઞાન થાય છે ત્યારે જે અનંતવીર્ય પ્રગટે છે, તે સંઘયણ કે ચોથા આરાના કારણે પ્રગટતું નથી, પણ આત્મામાં રહેલી વીર્યશક્તિના કારણે પ્રગટે છે. એમ સમજે તો ધર્મ થાય એમ છે. બીજી રીતે ધર્મ થતો નથી.

***

# પ્રસાદ નં. ૭૬

## શ્રી સમયસાર પરિશિષ્ટ

(પોષ સુદ ૧૦, રવિવાર, ૨૦૦૮, તા. ૬-૧-૫૨)

આત્મામાં અનંત શક્તિઓ છે. તેમાંથી છ શક્તિઓનું વર્ણન થયું છે. આત્મામાં જ્ઞાનસ્વભાવ મુખ્ય છે. તેનું ભાન થતાં તેની સાથે રહેલી અનંત શક્તિઓ જણાય છે. તે શક્તિઓનો પિંડ તે જ આત્મા છે. તેમાંથી આ છઠ્ઠી શક્તિનું વર્ણન ચાલે છે.

### (૬) આત્માના સ્વરૂપની રચનાના બળરૂપ વીર્યશક્તિ.

આત્મામાં વીર્ય નામની શક્તિ છે, તે અનાદિઅનંત છે. દ્રવ્ય-ગુણ-પર્યાયને ટકાવી રાખવાનો તેનો સ્વભાવ છે. શરીરાદિને ટકાવી રાખવાનો વીર્યશક્તિનો સ્વભાવ નથી. અનંત ચતુષ્ટયમાં જે પ્રગટ થાય છે તે વીર્યશક્તિની પર્યાય છે, તેની આ વાત નથી. અહીં તો સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ જે ત્રિકાળી શક્તિ છે તેની વાત છે. આ તો નિગોદમાં પણ છે. ત્યાં પણ તે આત્મસ્વરૂપને ટકાવી રાખે છે.

વીર્યશક્તિનું કામ પોતાના અનંત ગુણ અને નિર્મળ પર્યાયોની રચના કરવાનું છે. દયા-દાન-ભક્તિ આદિના વિકલ્પો ઊઠે છે તે વીર્યનું કાર્ય નથી; અહીં તો વિકારી પર્યાયને ગૌણ કરેલ છે. આ વીર્યશક્તિ યથાર્થપણે સમજાય તો હું અનંતગુણોનો પિંડ છું અને મારી પર્યાય મરાથી થાય છે, દેવ-શાસ્ત્ર-ગુરુથી થતી નથી—એમ નક્કી થાય. પરની મદદથી આત્માની પર્યાય થતી નથી. વજ્રર્ષભનારાચ સંહનનથી કે ચોથાકાળના કારણે કેવળજ્ઞાન થતું નથી, પણ વીર્યશક્તિના સામર્થ્યથી તેની રચના થાય છે—એમ જે માનતો નથી તે મિથ્યાદ્રષ્ટિ છે. પોતાના અસંખ્ય પ્રદેશને ટકાવી રાખવા તે વીર્યશક્તિનું કાર્ય છે. એક શક્તિની સાથે અનંત શક્તિઓ છે કેમકે ક્ષેત્રભેદ નથી. વીર્યશક્તિ એક હોવા છતાં તે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે. આત્માનું વીર્ય આત્માનું કામ કરે અને પરનું પણ કામ કરે, એમ માનવું તે મિથ્યાત્વ છે. આનંદની શક્તિ આનંદમાં, જ્ઞાનની શક્તિ જ્ઞાનમાં, ચારિત્રની શક્તિ ચારિત્રમાં અને વીર્યની શક્તિ વીર્યમાં કામ કરે છે પણ પરમાં કામ કરતી નથી. કુંદકુંદાચાર્ય સંત હતા, તેમણે શાસ્ત્રો રચ્યાં અને અમૃતચંદ્રાચાર્ય પણ મુનિ હતા, તેમણે ટીકા કરી છે. તેઓ કહે છે કે આત્મામાં વીર્યશક્તિ છે તેનું સામર્થ્ય તો આત્માનાં દ્રવ્ય-ગુણ-પર્યાયની રચના કરવી તે છે.

## (૭) પ્રભુત્વશક્તિ.

જેનો પ્રતાપ કોઈ ખંડિત કરી શકાતો નથી એવી સ્વાધીનતાથી શોભાયમાનપણું જેનું લક્ષણ છે તે પ્રભુત્વશક્તિ છે. તે પ્રભુતાને પ્રભુએ ધારી રાખી છે, કેમકે આત્મા પોતે દ્રવ્યથી પ્રભુ છે, ગુણથી પ્રભુ છે અને પર્યાયે પણ પ્રભુ છે; રાગથી કે પુણ્યથી આત્મા પ્રભુ નથી. માટે રાગ કે પુણ્યથી આત્માની પ્રભુતા પ્રગટતી નથી. આત્મામાં પ્રભુત્વશક્તિ છે માટે શરીર કે પરનાં કામ કરી શકે—એમ નથી. આત્માની પ્રભુતા આત્મામાં છે, તેને કોઈ ખંડિત કરી શકતું નથી.

## આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયના પ્રતાપને કોઈ ખંડિત કરે નહિ.

અજ્ઞાની માને છે કે કર્મના કારણે રાગ થાય છે પણ તે વાત ખોટી છે. આત્મામાં ખંડ ખંડ થવાનો સ્વભાવ જ નથી અને પરપદાર્થ તેને ખંડિત કરી શકતો નથી, જ્ઞાનનો પ્રતાપ, દર્શનનો પ્રતાપ, ચારિત્રનો પ્રતાપ, કર્તાદિ અનંત ગુણોનો પ્રતાપ, તેને કોઈ ખંડિત કરી શકતું નથી. આત્મા પોતાના દ્રવ્ય-ગુણ અને નિર્મળ પર્યાયનો પ્રભુ છે. આ આત્માનો કોઈ બીજો પ્રભુ નથી અને પોતે કોઈ બીજાનો પ્રભુ નથી. અવિરત સમ્યગ્દ્રષ્ટિ જીવ આ રીતે પોતાના આત્માને માને છે. પ્રભુત્વ આદિ અનંત શક્તિઓ પોતામાં હોવા છતાં મિથ્યાદ્રષ્ટિને તેનું ભાન નથી. તે વ્રત, તપ, જપાદિ કરતો હોય તોપણ તે બધું એકડા વિનાના મીંડા જેવું છે. તે ક્રિયામાં રાગની મંદતા કરે તો પુણ્ય થાય પણ ધર્મ થાય નહિ.

## હાથ ઊંચો થાય છે તે આત્માના પ્રતાપથી નથી પણ પુદ્‌ગલના પ્રતાપથી થાય છે.

હાથ ઊંચો-નીચો થાય છે તે વર્તમાન અવસ્થા પુદ્‌ગલ દ્રવ્યની છે. તે તેનાથી થાય છે પણ આત્માથી થતી નથી, કેમકે આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી શોભિત છે. પુદ્‌ગલદ્રવ્યની અવસ્થા ઉપર તેનો પ્રતાપ નથી, તથા હાથ ઊંચો થાય છે તે સમયે જે વિકલ્પ વર્તે છે, તે પણ આત્માનો પ્રતાપ નથી—એમ જે નક્કી કરે તો તે વિકલ્પને વ્યવહાર કહેવાય છે; અથવા સ્વભાવની દ્રષ્ટિ થયા પછી જે મંદ કષાયના પરિણામ થાય છે તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. પરંતુ હાથ ઊંચો-નીચો થાય છે, તેને વ્યવહારથી કરે છે—એમ નથી.

## સમ્યગ્દ્રષ્ટિને રાગ કે પુણ્યની—પ્રભુતા કે મુખ્યતા કદી થતી જ નથી.

જ્ઞાનીને પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય કે જે નિર્મળ છે તેની પ્રભુતાની મુખ્યતા કદી જતી નથી અને પરની પ્રભુતાની મુખ્યતા કદી થતી

નથી. પ્રતિકૂળ સંયોગો અનંતા આવી પડે પણ આત્માની પ્રભુત્વશક્તિ એવી છે કે તેની પર્યાયને કોઈ સંયોગો ખંડિત કરી શકે નહિ. નિદ્ધત અને નિકાચિત કર્મનો ઉદય આવ્યો હોય માટે મારા પરિણામ પલટી ગયા—એમ કોઈ માને તો તે વાત જૂઠી છે કેમકે આત્માના પરિણામ ખંડિત કરી શકે, એવી કર્મની તાકાત નથી. આત્મા તો સદા સ્વતંત્રતાથી શોભિત જ છે.

## આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી શોભિત છે.

આત્માની પર્યાયમાં જે વિકાર થાય છે તે પણ સ્વતંત્રતાથી આત્મા કરી રહ્યો છે. તે વિકાર વખતે પણ જ્ઞાનીને અધિકતા પોતાના ત્રિકાળ શુદ્ધ આત્માની જ પ્રતિભાસે છે, વિકારની પ્રભુતા પ્રતિભાસતી નથી. આત્મા પોતાના દ્રવ્ય, ગુણ અને નિર્મળ પર્યાયનો સ્વામી છે—એમ નક્કી ન કરે ત્યાંસુધી મંદ કષાયના પરિણામ કરે પણ તેથી આત્માને કાંઈ લાભ થતો નથી. પંચમકાળમાં અવતાર થયો અને સંહનન ઉત્તમ મળ્યું નહિ તેથી કેવળજ્ઞાન નથી—એમ નથી. આત્માની પ્રભુતા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. અહીં વિકારી પર્યાયની ગૌણતા કરી છે.

આત્માની પ્રભુતાને કોઈ ખંડે નહિ, સ્વાધીનને પરાધીન કરે નહિ અને શોભાયમાનને અશોભાયમાન કરે નહિ—એમ ત્રણ પ્રકારથી વાત કરી છે. હું તો અનંત ગુણોથી શોભાયમાન પ્રભુત્વશક્તિવાળો છું, મારો ઈશ્વર હું છું, મારો ઈશ્વર સર્વજ્ઞ પણ નથી. તેના ઈશ્વર તે અને મારો ઈશ્વર હું—આમ પ્રથમ યથાર્થપણે પ્રભુત્વશક્તિને જાણે અને પ્રતીતિ કરે તો સમ્યગ્દર્શન પ્રગટે છે.

અનુભવપ્રકાશ ગ્રંથના પા. ૩૯માં કહ્યું છે કે "દેહ જડ છે, તેના ભોગને.......દુઃખદાયક છે." શરીર વગેરેનો સ્વામી આત્મા ત્રણકાળમાં નથી છતાં એની ક્રિયા મેં કરી એમ માનવું તે મૂઢતા છે. કોઈ કહે—નિશ્ચયથી આત્મા ખાતો-પીતો નથી પણ વ્યવહારથી તો ખાય છે ને? આત્મા વ્યવહારથી પણ ખાતો-પીતો નથી અને પરની ક્રિયા કરી શકતો નથી, ખાવા-પીવાનો રાગ તે મારું સ્વરૂપ નથી, એવું ભાન થયા પછી રાગનું જ્ઞાન થાય તે વ્યવહાર છે. અજ્ઞાની પણ વ્યવહારથી ખાતો-પીતો નથી પણ માને છે અને રાગ કરે છે.

## પ્રભુત્વશક્તિ તે લક્ષ્ય છે અને સ્વતંત્રતાથી શોભાયમાનપણું તે તેનું લક્ષણ છે.

અહો, આત્મ ભગવંત! તારી પ્રભુતા તારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભરી પડી છે, તે પરમાં નથી. આત્મામાં તે શક્તિ અનાદિ અનંત સ્વતંત્રતાથી શોભાયમાન છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેણે આ શક્તિને જાણીને

તેવી અનંત શક્તિવાળો આત્મા છે, તેનું જ્ઞાન અને તેની શ્રદ્ધા કરવી જોઈએ, અર્થાત્ યથાર્થ વિચાર અને પ્રતીતિ તે સાધક છે અને આત્મવસ્તુ ત્રિકાળ છે તેનો નિર્વિકલ્પ અનુભવ થવો તે સાધ્ય છે.

આત્માના યથાર્થ સ્વરૂપને જેમ છે તેમ જાણવું જોઈએ; તેમાં ઓછું અધિક કે વિપરીત માને તો મિથ્યાત્વ છે અને ત્રણે દોષ રહિત પોતાના સ્વરૂપને માને તે સમ્યગ્દર્શન છે. જગતના અજ્ઞાની જીવોને તેની દરકાર નથી અને બહારમાં શરીરાદિની ક્રિયામાં ચારિત્ર માની બેસે છે; આત્મસ્વભાવ શું છે તેનો નિર્ણય કરે તો તેનું ફળ મુક્તિ છે. અહીં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે તારી પ્રભુતા તારામાં છે, પરમાં, રાગમાં, પુણ્યમાં કે નિમિત્તમાં નથી. અહો! તારી પ્રભુતાનાં ગાણાં વીતરાગની વાણીમાં પણ આવી શક્યા નથી એવી તારી પ્રભુતા છે. એકવાર યથાર્થપણે વિચાર અને પ્રતીતિ કર તો પ્રભુતા પ્રગટશે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોતું નથી અને ચારિત્ર તે આત્મામાં રમવું-સ્થિર થવું તે છે. શરીરાદિ પરની ક્રિયામાં ચારિત્ર નથી અને પંચ મહાવ્રતાદિના શુભભાવમાં પણ ચારિત્ર નથી. ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શનનું ધ્યેય વસ્તુસ્વભાવ છે. વસ્તુસ્વભાવના ભાન વિના સમ્યગ્દર્શન કે ચારિત્ર થતું નથી.

## નિશ્ચયથી દ્રવ્ય સાધન છે, વ્યવહારથી શુદ્ધપર્યાય સાધન છે અને મોક્ષ સાધ્ય છે.

આત્માની પૂર્ણદશા સાધ્ય છે પણ શરીરની ક્રિયા કે શુભભાવને તેનું સાધન માનવું તે મિથ્યાત્વ છે. વિકાર કે પરપદાર્થ શુદ્ધતાનું સાધન નથી. નિશ્ચયથી તો આત્મા કારણ છે અને વ્યવહારથી મોક્ષમાર્ગ કારણ છે. આત્માની પ્રભુતા આત્મામાં છે. આહારપાણીની અનુકૂળતા અને શુદ્ધતા હોય તો પ્રભુત્વશક્તિ પ્રગટે, એમ નથી.

લાકડી ઊંચી થાય છે, તે આંગળીના કારણે થતી નથી. લાકડીમાં ઊંચી થવાની યોગ્યતા ન હોય તો આંગળીને નિમિત્ત પણ કહેવાય નહિ. અજ્ઞાની માને છે કે નિમિત્ત આવે તો ઉપાદાનમાં કામ થાય છે પણ તે વાત મિથ્યા છે. આત્મા અને જડ પુદ્ગલમાં પોતપોતાની પ્રભુતા ત્રિકાળ છે, આત્માના કારણે જડની પ્રભુતા નથી અને જડના કારણે આત્માની પ્રભુતા નથી. ભાષાવાણી તે ભાષાવર્ગણાના પરમાણુથી થાય છે, આત્માથી ભાષા થતી નથી. દરેક પદાર્થની પ્રભુતા પોતામાં છે, પરમાં નથી. કર્મની પ્રભુતા કર્મમાં છે. કર્મ અને આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે—એમ કહેતાં જ બન્ને પદાર્થો સ્વતંત્ર—ભિન્ન-ભિન્ન છે—એમ નક્કી થાય છે. કોઈનો પ્રભાવ કોઈમાં પડતો નથી, એનું જ નામ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

લૌકિકજનો એમ માને છે કે આ જગતનો કર્તા કોઈ ઈશ્વર છે; તેમ જૈન નામ ધરાવનાર એમ માને કે શરીરાદિની ક્રિયા મારાથી થાય છે. હું જીવોની દયા પાળી શકું છું, તેમને બચાવી શકું છું, તો તે લૌકિકજનની માફક મિથ્યાદ્રષ્ટિ છે. અહીં તો કહે છે કે આત્માની પર્યાય કોઈ પરના કારણે નથી. આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કોઈનો પ્રતાપ નથી, પરની શોભા નથી, તીર્થંકર નામકર્મની પ્રકૃતિથી પણ આત્માની શોભા નથી, કેમકે જે ભાવથી બંધન થાય તે ભાવ આસ્રવ છે તેથી જ્ઞાની તને હેય માને છે; આત્માનો ત્રિકાળી સ્વભાવ એક જ ઉપાદેય છે. આ સ્વતંત્રતાનો ઢંઢેરો છે. આત્માની પ્રભુત્વશક્તિ રાગને પણ સ્વીકારતી નથી. કેમકે તે દ્રવ્ય, ગુણ –પર્યાયથી શોભાયમાન છે.

અખંડ પ્રતાપવંત પ્રભુત્વશક્તિદર્શક શ્રી સદ્‌ગુરુદેવ જયવંત વર્તો. *

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(પોષ સુદ ૧૧, સોમવાર, ૨૦૦૮. તા. ૭-૧-૫૨)**

જેણે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેણે શું જાણવું જોઈએ? તો કહે છે કે આત્મા એક હોવા છતાં તેમાં અનંત શક્તિઓ છે. તેનું જ્ઞાન કરતાં અને પ્રતીતિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન થયા પછી સાચા વ્રત અને સામાયિકાદિ હોય છે. જેને આત્માનું ભાન નથી તેના વ્રત, જપ તપાદિ સાચાં હોતાં નથી.

અનંત શક્તિઓમાં એક પ્રભુત્વ નામની સાતમી શક્તિ છે. લોકો કહે છે કે પરમેશ્વર ક્યાં છે? તો ભગવાન આચાર્યદેવ કહે છે કે પરમેશ્વર તારી શક્તિમાં છે. બહાર નથી. તારો પ્રભુ તારામાં છે. પરમાં નથી અર્થાત્ નિમિત્ત કે પુણ્યમાં નથી. અનંત શક્તિવાન એવો તું એક પ્રભુત્વશક્તિવાળો છો. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં તે શક્તિ વ્યાપી છે.

(૧) જીવત્વશક્તિના કારણે આત્મા ભાવપ્રાણ વડે જીવે છે, જીવ્યો છે અને જીવશે, પણ તે દ્રવ્યપ્રાણ વડે જીવતો નથી, (૨) જીવત્વશક્તિનો પ્રકાશ પાડનાર ચિતિશક્તિ છે, (૩) નિરાકાર ઉપયોગ વડે દેખવું તે દ્રશિશક્તિ છે, (૪) સાકાર ઉપયોગ વડે જાણવું તે જ્ઞાનશક્તિ, (૫) અનાકૂળતામય સુખશક્તિ, (૬) આત્માના સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ, (૭) જેનો પ્રતાપ અખંડિત છે તે પ્રભુત્વશક્તિ છે. આમ સાત શક્તિઓનું વર્ણન થયું.

## (૮) સર્વભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ.

જેમ જ્ઞાનરૂપ એક ભાવ સર્વમાં વ્યાપે છે તેમ બધા ગુણોમાં વ્યાપે છે તે વિભુત્વશક્તિ છે. વિભુત્વશક્તિ રાગ કે પુણ્યમાં વ્યાપતી નથી પણ પોતાના દ્રવ્ય-ગુણ અને નિર્મળ પર્યાયમાં વ્યાપે છે. આત્મા વિભુ છે તેની વાત ચાલે છે. વેદાંત મતવાળા કહે છે કે આત્મા એક છે અને તે સર્વમાં વ્યાપેલો છે, પણ એમ નથી.

આત્મામાં જ્યાં એક ગુણ છે ત્યાં જ અનંતગુણો સાથે રહેલા છે, તેમાં વિભુત્વ-શક્તિ છે. અનંતગુણોમાં લક્ષણભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી. અનંતભાવમાં એક ભાવરૂપ—અનંત ગુણોનો પિંડ તે આત્મા છે. આમ એક શક્તિમાં અનંત શક્તિ રહેલી છે. તેની એકતાને જાણવી-માનવી તે સમ્યગ્દર્શન-જ્ઞાન છે.

જ્ઞાનીને પર્યાયમાં આસક્તિનો ભાવ હોય છે પણ તેને તેની રુચિ હોતી નથી. કોઈ કહે કે પહેલાં ચારિત્ર થાય પછી સમ્યગ્દર્શન પ્રગટે—તે વાત ખોટી છે. દ્રવ્યલિંગી મુનિ પંચમહાવ્રત આદિ પાળીને નવમી ગ્રૈવેયકે જાય છે પણ તેને સાચી સામાયિક હોતી નથી અને તે શુભરાગ સમ્યગ્દર્શનનું કારણ થતો નથી. આત્મા ચિદાનંદ અખંડ, ધ્રુવ જ્ઞાતાસ્વભાવી છે, તે રાગ અને પુણ્યનો કર્તા નથી—એવી દ્રષ્ટિ થયા પછી આત્મામાં લીનતા થાય છે, તે સામાયિક અને ચારિત્ર છે. મિથ્યાદ્રષ્ટિને સામાયિક હોય નહિ. જમીન વિના ઝાડ ઊગે નહિ તેમ સમ્યગ્દર્શનરૂપ ભૂમિ વિના ચારિત્રરૂપી વૃક્ષ કદી ઊગે નહિ.

આત્માના સર્વભાવોમાં હું વ્યાપક છું પણ સંસારમાં વ્યાપક નથી. પોતાની અનંત શક્તિ જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય આદિ અનેક ભાવોમાં વ્યાપક તે વિભુત્વશક્તિ છે. સ્વભાવે અભેદ છું. રાગ નહિ, ગુણભેદ નહિ. લક્ષણભેદ હોવા છતાં એક ભાવરૂપ વિભુત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આ દ્રષ્ટિ થયા વિના કોઈપણ મંદ કષાયની ક્રિયામાં આત્માને લાભ નથી. પાયા વગરનું મકાન જેમ ઊભું થાય નહિ તેમ સમ્યગ્દર્શન વિના ચારિત્રરૂપી મકાન ઊભું થાય નહિ. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલતા નગ્ન દિગંબર ભાવલિંગી મુનિ કહે છે કે ભાઈ ! તું તારા મહિમાને સંભાળ! પહેલી જ ગાથાથી આચાર્ય ભગવાને વાત ઉપાડી છે કે ભાઈ! હું સિદ્ધ છું અને તું પણ સિદ્ધ છો. હું સિદ્ધ છું—એવો નિર્ણય કરીને આ સમયસાર સાંભળ, તો તને સમ્યગ્દર્શન થશે અને પછી આત્મામાં લીન થતાં ચારિત્ર પ્રગટ થશે.

એક જ્ઞાનને ખ્યાલમાં લેતાં તો તેની સાથે જે અનંત ગુણો છે તે એકીસાથે ખ્યાલમાં આવે છે. તે એકરૂપ આત્મા ખ્યાલમાં આવતાં

સમ્યગ્દર્શન જ થાય છે. તેની સાથે અનંત ગુણો અંશે ખીલ્યા વગર રહે નહિ. આમ બધા ગુણોમાં જે વ્યાપે છે, તે વિભુત્વશક્તિ છે.

## (૯) સર્વદર્શિત્વશક્તિ.

સર્વ પદાર્થોના સમૂહરૂપ લોક તેમજ અલોકને સત્તામાત્ર ગ્રહવારૂપ પરિણમેલા એવા આત્મામાં એક સર્વદર્શિત્વ નામની શક્તિ છે. આત્મામાં અનંત શક્તિઓ એકીસાથે છે, તેમાં ક્રમ નથી પણ સમજાવવામાં ક્રમ પડે છે. અનંત આત્માઓ, અનંત સિદ્ધો, અનંત પુદ્ગલો અને ધર્માસ્તિકાય આદિ સમસ્ત દ્રવ્યોને ભેદ પાડ્યા વગર સત્તામાત્ર નિરાકાર દેખવારૂપ આત્મામાં સર્વદર્શિત્વશક્તિ છે. **અહીં 'દેખવારૂપે પરિણમેલા' એમ કહ્યું છે છતાં પ્રગટ પરિણમનની વાત નથી. પણ સમસ્ત પદાર્થોને દેખવારૂપ ત્રિકાળી શક્તિ છે તેની આ વાત છે,** કેમકે આ શક્તિ અનાદિ છે; જો વર્તમાન પ્રગટ હોય તો કેવળદર્શન હોવું જોઈએ પણ આત્મામાં સર્વદર્શિત્વ શક્તિ કાયમ છે તેની આ વાત છે.

આત્મા સર્વ પદાર્થોને ભેદ પાડ્યા વગર અવલોકનરૂપે પરિણમવાની તાકાતવાળો છે. એવી પ્રતીતિ સમ્યગ્દ્રષ્ટિને હોય છે. અલ્પદર્શિપણું તે વર્તમાન પર્યાયની યોગ્યતા છે. છતાં આત્માની તાકાત તો સર્વદર્શિપણે થવું તે જ છે. લોકાલોકને એક સમયમાં સામાન્યપણે દેખવારૂપ પરિણમન થવું, તેવી તાકાતવાળો મારો આત્મા છે—આમ નક્કી કરતાં પર્યાયદ્રષ્ટિ રહેતી નથી.

આંખથી દેખવારૂપ મારો સ્વભાવ નથી. હું તો સર્વદ્રષ્ટા ભગવાન છું. કોઈનું કરવાનો કે કોઈરૂપે પરિણમવાનો મારો સ્વભાવ નથી. હું કોઈનો રક્ષક-ભક્ષક કે ઉત્પાદક નથી, પણ હું તો સર્વદર્શિત્વશક્તિવાળો છું. પર્યાયમાં અલ્પ દેખવારૂપ પરિણમન છે તે ઉપાદેય નથી, સર્વ દેખવારૂપ ત્રિકાળી સ્વભાવ જ ઉપાદેય છે—એમ જ્ઞાની માને છે. વસ્તુસ્થિતિ જેમ છે તેમ જાણીને વિશ્વાસ કર્યો નથી, તેને અલ્પ પર્યાયનો મહિમા છૂટતો નથી અને ત્રિકાળી સર્વદર્શિત્વશક્તિ પડી છે તેનો મહિમા આવતો નથી. આ શક્તિ આત્માથી અભેદ છે, તેનો વિશ્વાસ આવ્યા વિના આત્માની પણ પ્રતીતિ થતી નથી. માટે સર્વદર્શિત્વશક્તિરૂપ આત્માનો વિશ્વાસ કરવો તે સમ્યગ્દર્શન છે.

અજ્ઞાની એમ માને છે કે હું આંખથી દેખું છું, કાનથી સાંભળું છું ઇત્યાદિ, પણ તે વાત ખોટી છે. પરંતુ ચક્ષુદર્શનરૂપ અલ્પદર્શનની પર્યાય પૂરતો જ આત્માનો સ્વભાવ નથી, આત્માનો સ્વભાવ તો સર્વ પદાર્થોને એક સમયમાં સામાન્યપણે દેખવાનો છે, તે સર્વદર્શિત્વશક્તિ છે. કેવળજ્ઞાન,

કેવળદર્શન પ્રગટવાની આ વાત છે, પ્રગટેલી પર્યાયની વાત નથી. આ સર્વદર્શનોપયોગમાં હું આત્મા છું—આ પર છે—એમ ભેદ પડતો નથી. અભેદ દેખવારૂપ શક્તિ નિગોદના જીવમાં પણ છે. પર્યાયદ્રષ્ટિ છોડાવવા અને ત્રિકાળદ્રષ્ટિ કરાવવા આ શક્તિનું વર્ણન કર્યું છે.

અનાદિથી અજ્ઞાની મૂઢ જીવ સમ્યગ્દર્શનનો ઉપાય કરતો નથી પણ મંદ કષાયમાં ચારિત્ર માનીને અને તે વડે સમ્યગ્દર્શન થશે—એવી મૂઢતા સેવે છે તેથી સમ્યગ્દર્શન પ્રગટતું નથી. અહીં તો કહે છે કે હે ભાઈ! જિનવરમાં અને તારામાં તું ફેર ન માન; પર્યાયમાં ફેર હોવા છતાં આત્મા ત્રિકાળ સિદ્ધ જેવો છે. એની દ્રષ્ટિ કરતાં પર્યાયમાં ફેર રહેતો નથી. આત્મા ત્રિકાળ સર્વદર્શિત્વ શક્તિરૂપે પરિણમેલો છે અર્થાત્ તે રૂપે થવાના સ્વભાવવાળો છે. આવા સ્વભાવને યથાર્થપણે સમજવો, તેમાં અનંત વીર્ય છે. બાકી રાગ અને પુણ્ય તો અનંતવાર કર્યા છે; તેનાથી લાભ નથી. આત્મા નિત્ય છે તથા તેની શક્તિઓ પણ નિત્ય છે. તેની દ્રષ્ટિ થતાં રાગ-પુણ્ય-સંયોગની દ્રષ્ટિ રહેતી નથી. આ નિજ સર્વદર્શિત્વશક્તિનો મહિમા કરતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

## <u>(૧૦) સર્વજ્ઞત્વશક્તિ.</u>

સમસ્ત પદાર્થો અર્થાત્ નિમિત્ત, રાગ, પુદ્ગલ, કર્મ, સિદ્ધ, નિગોદના જીવો વગેરેને પૃથક્ પૃથક્ એક સમયમાં જાણવાની શક્તિ છે, તે આત્માની સર્વજ્ઞત્વ નામની શક્તિ છે. આ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. વર્તમાન પ્રગટ સર્વજ્ઞતા નથી. પ્રગટ હોય તો પ્રતીત કરવાની રહેતી નથી. **<u>સર્વજ્ઞત્વશક્તિના કારણે આત્મામાં રહેલી અનંત શક્તિઓને પણ એક સમયમાં જાણવાનો આત્માનો સ્વભાવ છે.</u>** સર્વ પદાર્થોના સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયો જે હોય અને જેમ હોય, તેને જાણવાનો મારો સ્વભાવ છે, કેમ કે સર્વજ્ઞત્વશક્તિ મારામાં ત્રિકાળ છે—આવી બુદ્ધિ થાય, તેને નિમિત્ત, રાગ કે પુણ્યની એકત્વબુદ્ધિ રહે નહિ. મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાન તે અલ્પજ્ઞતા છે, તેને જ્ઞાની ઉપાદેય માનતા નથી. કેવળજ્ઞાન વર્તમાનમાં નથી માટે તેનું અવલંબન નહિ લેતાં ત્રિકાળ ધ્રુવ સર્વજ્ઞત્વશક્તિવાળો હું અભેદ છું તે ઉપાદેય છે–એમ જ્ઞાની માને છે. હું ત્રિકાળ સર્વજ્ઞ છું, પરનો કર્તા-ભોક્તા નથી. આ સર્વજ્ઞત્વશક્તિ છે ત્યાં જ બીજી અનંત શક્તિ બિરાજમાન છે—એમ જાણતાં એક જીવતત્ત્વની શ્રદ્ધા થાય છે. આ સર્વજ્ઞત્વશક્તિની પ્રતીતિનો અભાવ તે જ હિંસા છે. પર્યાયમાં અલ્પજ્ઞતા હોવા છતાં આત્માને સર્વજ્ઞત્વશક્તિયુક્ત માનવો તે જ સાચી દયા છે.

પોતાની સર્વજ્ઞત્વશક્તિની પ્રતીતિ થતાં અનંત સિદ્ધો પ્રતીતિમાં આવે છે, અનંત પુદ્‌ગલ પરમાણુઓ, અનંત બીજા આત્માઓ, તેના ગુણ-પર્યાયો સહિતને એક સમયમાં જાણનાર હું છું—એવી શક્તિ મારામાં ત્રિકાળ વિદ્યમાન છે. જે વિદ્યમાન છે તે અવિદ્યમાન કેમ હોઈ શકે? અજ્ઞાનીને તે શક્તિ ભાસતી નથી. સર્વ ભાવોને જાણવાની અવસ્થારૂપે થવાનો મારો સ્વભાવ છે—એમ માને તેને અલ્પજ્ઞતા રહે નહિ. **જ્ઞાન અને રુચિની જ આ ક્રિયા છે. બહારની ક્રિયા તો આત્મા ક્યાં કરી જ શકે છે.** અજ્ઞાનીને આવી પોતાની સર્વજ્ઞત્વશક્તિનો વિશ્વાસ બેસતો નથી.

જ્ઞાનીને સર્વજ્ઞત્વશક્તિનો વિશ્વાસ હોવાથી તેને પંડિતાઈ અને જ્ઞાનના ઉઘાડમાં અહંકાર થતો નથી. આ સર્વજ્ઞત્વશક્તિ નક્કી થતાં જગતના ભાવો, અનંત આત્માઓ તથા અન્ય પદાર્થો પોતપોતાની અનંત શક્તિ અને અનંત પર્યાયો સહિત અસ્તિત્વ ધરાવે છે—એમ સિદ્ધ થઈ જાય છે. આમ પ્રથમ જાણે અને જ્ઞાન સાથે રહેલી અનંત શક્તિઓ અભેદ છે તેની પ્રતીતિ આવે તો પ્રથમ સમ્યગ્દર્શનરૂપી સામાયિક થાય. સમ્યગ્દર્શન વિના સામાયિક હોય નહિ. જેમ કોઈ કહે કે અમે મકાનમાં રહીએ છીએ; પણ તે મકાન ક્યાં છે, કેવું છે તેની અમને ખબર નથી, તેમ સામાયિક કરીએ છીએ પણ તે સામાયિક ક્યાં રહે છે, તેનો શું સ્વભાવ છે—એની ખબર ન હોય, તે જીવને કદી પણ સામાયિક હોતી નથી.

***

# <u>પ્રસાદ નં. ૭૮</u>

## <u>શ્રી સમયસાર પરિશિષ્ટ</u>

**(પોષ સુદ ૧૨, મંગળવાર, ૨૦૦૮, તા. ૮-૧-૫૧)**

આ ૪૭ શક્તિઓનું વર્ણન ચાલે છે. તેમાં દશ શક્તિઓનું વર્ણન થઈ ગયું. દશમી શક્તિમાં કહ્યું કે આત્મામાં સર્વ પદાર્થોને પૃથક્-પૃથક્ જાણવાની સર્વજ્ઞત્વશક્તિ ત્રિકાળ છે. પર નિમિત્તથી તે શક્તિ નથી તેથી સર્વજ્ઞપણું પરથી પ્રગટ થતું નથી, પણ સર્વજ્ઞત્વશક્તિ આત્મામાં છે તેની પ્રતીતિ કરતાં અને પછી તેમાં લીન થતાં તે પ્રગટ થાય છે.

### <u>(૧૧) સ્વચ્છત્વશક્તિ.</u>

"અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અનેકાકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ" –આત્મામાં ત્રિકાળ છે. જેમ દર્પણની સ્વચ્છતાથી તેના પર્યાયમાં ઘટપટાદિના આકારો પ્રકાશે છે. આત્મા અસંખ્યપ્રદેશી છે, તેના અમૂર્ત પ્રદેશોમાં લોકાલોક જણાય તેવી આત્માની સ્વચ્છત્વશક્તિ છે. આત્મામાં પરપદાર્થો જણાય માટે તેમાં મલિનતા કે અશુદ્ધતા આવી જતી નથી. દર્પણમાં જેવા હોય તેવા પદાર્થો જણાય તે દર્પણની સ્વચ્છતા છે, તેમાં તે પદાર્થો જણાય છે તેથી તે મલિન થઈ જતો નથી. તેમ આત્મામાં લોકાલોક જણાય છે માટે મલિનતા થતી નથી પણ તે તો તેની સ્વચ્છત્વશક્તિ છે.

આત્મા લોકાલોકને જાણે છે તે તેની સ્વચ્છતા છે—એમ આ શક્તિ બતાવે છે. અમૂર્તિક આત્મામાં મૂર્ત પદાર્થો જણાય તેથી આત્મા મૂર્ત થઈ જતો નથી. અમૂર્તિક આત્મામાં તે મૂર્ત પદાર્થો જણાય છે તે તો જ્ઞાનની નિર્મળતા છે. જ્ઞાનમાં ગળપણ, લીલો-કાળો રંગ, ભિન્ન-ભિન્ન આકાર આદિ જણાય તેથી જ્ઞાન તે-રૂપે થઈ જતું નથી, તોપણ તે પદાર્થોનું જ્ઞાન થયા વગર રહેતું નથી. <u>**જ્ઞાન તે પદાર્થોનું નથી પણ જ્ઞાન, જ્ઞાનનું જ છે. માટે જ્ઞેયો જણાતાં જ્ઞાન મલિન થતું નથી**</u>—એવી સ્વચ્છત્વશક્તિ આત્માની છે.

કેવળજ્ઞાન ઉપયોગમાં લોકલોક પ્રકાશે છે તેથી તેમાં "મલિનતા નથી. આ સ્વચ્છત્વ સ્વભાવ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ અનંતગુણોને સ્વચ્છ રાખે છે." તે શક્તિ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં વ્યાપી છે છતાં તે એક છે, તેના ત્રણ ખંડ થઈ ગયા નથી. જ્ઞેયને જાણતાં જ્ઞાન મલિન થઈ ગયું—એમ માનવું તે ભ્રમ છે. એમ માનનાર સ્વચ્છત્વશક્તિને સમજતો જ નથી અને જે એક ગુણને નથી જાણતો તે ગુણી—આત્માને પણ નથી જાણતો. આ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. નિગોદમાં હોય કે નરકમાં હોય કે વિષ્ટાના કીડામાં જીવ હોય તોપણ આત્મા મલિન થતો નથી—એવી શક્તિ

ત્યાં પણ છે. શરીર સ્વચ્છ રાખે તો આ શક્તિ રહે—એમ નથી, તથા શરીર મલિન હોય તો આ શક્તિ રહે નહિ, એમ પણ નથી.

કોઈ બાઈ બાળકની વિષ્ટા હાથમાં લે તો ત્યાં આત્મા મલિન થઈ જતો નથી. વિષ્ટા તો જડની પર્યાય છે, તે સ્વચ્છ ચૈતન્યનું જ્ઞેય છે. તેનું જ્ઞાન થતાં આત્મા મલિન થતો નથી. શરીરમાં ઝાડા થયા હોય, શરીર સડ્યું હોય, તેનું જ્ઞાન થતાં આત્મા ત્રિકાળ સ્વચ્છત્વશક્તિવાળો છે તે મલિન થતો નથી. આત્માના સ્વચ્છ સ્વભાવને લૂંટનાર કોઈ છે જ નહિ. જ્ઞાની નિજ સ્વચ્છ સ્વભાવને કદી ભૂલતો જ નથી. અજ્ઞાનીને ભ્રમ થાય છે કે શરીરની મલિનતાના કારણે આત્માના પરિણામ સુધરતા નથી; તે તો મૂઢતા છે. તે આત્માની સ્વચ્છત્વ શક્તિને જાણતો નથી. જ્ઞાન સાથે ઊછળતી આ શક્તિ અન્ય અનંત ગુણોની સાથે આત્મામાં ત્રિકાળ છે—એમ જાણવું તે સમ્યક્જ્ઞાન છે.

## (૧૨) પ્રકાશશક્તિ.

આત્મામાં સ્વયંપ્રકાશમાન વિશદ એવા સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ ત્રિકાળ છે. આત્મા સ્વયં સ્પષ્ટ પ્રકાશમાન છે—એમ આ શક્તિ બતાવે છે. આત્મા પરમાં ભળ્યા વિના પરનું પ્રત્યક્ષ જ્ઞાન કેમ કરી શકે? તો કહે છે કે આત્મામાં સ્વયં સ્પષ્ટ પ્રકાશમાન એવી શક્તિ ત્રિકાળ છે. તે પરના કારણે સ્પષ્ટ નથી. પરને સ્પર્શ્યા વિના, પરમાં પ્રવેશ કર્યા વિના, પરથી દૂર રહીને સ્વયં પ્રકાશમાન છે. અહીં પરને પ્રકાશ કરે છે તે વાત કાઢી નાખી છે. આત્મા સ્વયં પ્રકાશમાન છે, તે વાત લીધી છે. પરનું જ્ઞાન પરોક્ષ છે અને સ્વનું જ્ઞાન પ્રત્યક્ષ છે—એવા ભેદ પણ અહીં નથી. કોઈ કહે કે પરમાં પ્રવેશ કર્યા વિના આત્મા પરનું જ્ઞાન કરે છે તેથી પરનું જ્ઞાન પરોક્ષ હશે? તો કહે છે કે એમ નથી. નરકમાં પ્રતિકૂળતાનું કે સ્વર્ગમાં  અનુકૂળ સંયોગનું વેદન જ્ઞાનીને નથી. જ્ઞાની સમજે છે કે આત્મામાં સ્વસંવેદનમયી સ્વયં પ્રકાશમાન સ્પષ્ટ પ્રકાશશક્તિ છે, તેની પ્રતીતિ તેને વર્તે છે. એક જ્ઞાનને જાણતાં તેની સાથે રહેલી અનંતશક્તિઓ છે તે ખ્યાલમાં આવે છે. લક્ષણભેદે શક્તિઓ ભિન્ન-ભિન્ન હોવા છતાં પ્રદેશભેદ નથી. તે બધી શક્તિઓને સ્પષ્ટ જાણવાની શક્તિ છે તે પ્રકાશશક્તિ આત્મામાં છે.

## (૧૩) અસંકુચિતવિકાસત્વશક્તિ.

આટલા જ ક્ષેત્ર અને મર્યાદિતકાળને જ જાણે—એ મર્યાદા આત્મામાં નથી. અમર્યાદિત ક્ષેત્ર અને કાળે જાણવાની શક્તિ આત્મામાં ત્રિકાળ છે તે અસંકુચિતવિકાસત્વશક્તિ છે અર્થાત્ સંકોચ વિનાનો આત્માનો વિલાસ છે. ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત છે. તેનો અર્થ એમ નથી કે આત્માનું ક્ષેત્ર મર્યાદિત છે. આત્માનું ક્ષેત્ર તો અસંખ્યપ્રદેશી જ છે પણ તેનું જ્ઞાન

અમર્યાદિત છે. લોકાલોક આથી અનંતગુણા હોત તો તેને પણ એક સમયમાં જાણી લે તેવી અમર્યાદિત આત્માની જ્ઞાન શક્તિ છે; તેવી રીતે કાળની પણ મર્યાદા નથી. આત્માનો આવો સ્વભાવ છે તેમાં તર્ક શો?

ચિદવિલાસ એટલે જ્ઞાનની મોજ. તેને કાળ કે ક્ષેત્રની મર્યાદા નથી— આવી દ્રષ્ટિ થતાં કોઈ કાળ કે ક્ષેત્રથી આત્માને લાભ-હાનિ થાય, એમ રહેતું નથી. જ્ઞાન જાણતાં જાણતાં થાકી જાય—એમ પણ નથી. આત્માનો સંકોચ વિનાનો વિલાસ છે. આ શક્તિ જાણતાં પરમાં રાગ-દ્વેષ કે એકત્વબુદ્ધિ રહેતી નથી. આ જ ચૈતન્યની મોજ છે. કોઈ પરક્ષેત્રમાં ચૈતન્યનો વિલાસ નથી. આવા બેહદ અમર્યાદિત ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માની અસંકુચિતવિકાસત્વ નામની શક્તિ છે.

## (૧૪) અકાર્યકારણત્વશક્તિ.

આત્મામાં એક શક્તિ એવી છે કે જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી—એવી એક દ્રવ્યસ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ ત્રિકાળ છે. આ આત્માને કોઈએ બનાવ્યો નથી, તથા તે કોઈને કરતો પણ નથી. આત્મા ખરેખર પુણ્ય-પાપના પરિણામને પણ કરતો નથી, તથા પુણ્યના પરિણામ વડે આત્મા પ્રગટ પણ થતો નથી. આત્મા શરીરને રચતો નથી તેથી પરનું કારણ નથી. વળી શરીરથી આત્માના પરિણામ થતા નથી. માટે આત્મા પરનું કાર્ય નથી.

રાગ કારણ અને આત્મા કાર્ય એમ નથી તથા આત્મા કારણ અને રાગ કાર્ય એમ પણ નથી. કર્તા-કર્મ અધિકારમાં પહેલાં આ વાત આવી ગઈ છે. અહીં તો શક્તિનું વર્ણન કરતાં તેનો સંક્ષેપ કરે છે. આ અકાર્યકારણત્વશક્તિ નામનો ગુણ આત્મામાં ત્રિકાળ છે તેથી આત્મા કોઈ અન્ય વડે ઉત્પન્ન થતો નથી તેમ જ કોઈ પરને ઉત્પન્ન કરતો નથી. આ શક્તિ સન્મુખ જીવ જુએ તો તેને પરનું કરવાનું અને પરથી મારમાં કાંઈ થાય—એ બુદ્ધિ રહે નહિ. નિત્યાનંદ ભગવાન આત્મા કોઈનો કર્તા કે કોઈ વડે કરાયેલો નથી. આત્મામાં જ્ઞાનની સાથે અનંત શક્તિઓ રહેલી છે તેમાંની આ એક શક્તિ છે. આત્મા વિકારને પણ ખરેખર કરતો નથી. આત્મા વિકારનો કર્તા હોય તો કદી વિકાર રહિત થાય નહિ.

જગતમાં ધમાલ ચાલે છે કે આમ કરો તો આમ થાય, આમ ન કર્યું તેથી આમ થઈ ગયું—તે બધી ભ્રમણા છે. દરેક આત્મામાં આ શક્તિ છે. વર્તમાન પર્યાય ત્રિકાળ અભેદ સ્વભાવને પકડે ત્યારે આ શક્તિનું ભાન થાય. આ પર્યાયનું કોઈ બીજું કારણ નથી. પ્રશ્ન—આવી શક્તિવાળો આત્મા છે તો તેનું ભાન કેમ થતું નથી? સમાધાન : આત્માએ આ શક્તિની પ્રતીતિ કરી નથી તેથી ભાન થતું નથી. તેમાં કોઈ કર્માદિ કારણ નથી, આત્મા પોતે

પોતાની શક્તિને જુએ તો ભાનરૂપ કાર્ય થાય. અકાર્ય અને અકારણ એમ બન્ને થઈને અકાર્યકારણત્વશક્તિ એક છે.

## <u>(૧૫) પરિણમ્યપરિણામકત્વશક્તિ.</u>

પર અને પોતે જેનું નિમિત્ત છે એવા જ્ઞેયાકારો અને જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વ-શક્તિ આત્મામાં છે. સ્વ-પરના જ્ઞાતા થવાનો તેમજ સ્વ-પરને જ્ઞેય થવાનો આત્માનો સ્વભાવ છે. આ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. **<u>આ આત્માનો સ્વભાવ અનંત કેવળીઓને પોતે જાણે તથા અનંત કેવળીઓના જ્ઞાનમાં પોતે જણાય એવો છે.</u>** આત્મા પોતાના જ્ઞાનમાં તથા પરના જ્ઞાનમાં જણાવાયોગ્ય છે અને સ્વ-પરને પોતાના જ્ઞાનમાં જાણનાર પણ છે. આ શક્તિનો સ્વીકાર થતાં પરનું લક્ષ છૂટી જાય અને સ્વભાવદ્રષ્ટિ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય.

દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં જ્ઞાતા અને જ્ઞેય બન્ને થવાનો સ્વભાવ છે—આમ નક્કી કરે તો ધર્મ થાય. જ્ઞાન પરને કારણે નથી પણ સ્વથી છે—એમ સ્વભાવદ્રષ્ટિ કરાવવા આ શક્તિનું વર્ણન કર્યું છે. આત્મા જ્ઞાતા પણ નથી અને જ્ઞેય પણ નથી—એમ કોઈ માને તો તે મિથ્યા છે. પોતે સત્ છે અને તેનો કોઈ જાણનાર ન હોય એમ બને જ નહિ. આત્મા ન જણાય તો તે જ્ઞેય નહિ અને પરદ્રવ્ય ન જણાય તો આત્મા જ્ઞાતા નહિ, પણ એમ બનતું નથી, કેમકે આત્મા પોતે જ્ઞાતા અને જ્ઞેય બન્ને છે. આ શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. નવી-નવી પર્યાય થાય છે તે પોતે પ્રમાણ અને પ્રમેય બન્ને છે.

કોઈ કહે કે પર્યાય જણાય પણ દ્રવ્ય-ગુણ જણાય નહિ—તો તે ખોટું છે કેમકે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે જણાવાયોગ્ય છે. વળી ત્રણેનો જાણવાનો સ્વભાવ છે—એમ નક્કી થતાં કેવળીઓ સાબિત થાય છે અને આત્મા પોતે કેવળી થવાયોગ્ય જ છે એવી પ્રતીતિ પ્રગટે છે. આવી પ્રતીતિ થતાં સાધકભાવ પ્રગટે છે.

***

## <u>શ્રી સમયસાર પરિશિષ્ટ</u>

**(પોષ સુદ ૧૩, રવિવાર, ૨૦૦૮, તા. ૯-૧-૫૨)**

**(આ પ્રવચનનું રેકોર્ડિંગ રીલ લેવાયું છે.)**

ચૌદમી શક્તિમાં એમ આવ્યું કે આત્માનાં દ્રવ્ય-ગુણ-પર્યાય છે તો કોઈનું કાર્ય નથી અર્થાત્ આત્માનો પર્યાય કોઈ વડે ઉત્પન્ન થતો નથી તથા આત્મા અન્યને કરતો નથી, શરીર, વાણી, મન, પુણ્ય, પાપાદિભાવોને અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને કરતો નથી અર્થાત્ આત્મા પરનું કારણ નથી એવી અકાર્યકારણત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આત્માનાં દ્રવ્ય-ગુણ-પર્યાય

કોઈ પણ પર દ્રવ્ય-ગુણ-પર્યાયનું કારણ નથી. શરીરનું ચાલવું, વાણીનું થવું કે કર્મનું પરિણમવું, તે આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયથી થાય—એવો આત્માનો સ્વભાવ નથી. આ શક્તિની સાથે રહેલો અનંત ગુણનો પિંડ આત્મા છે તેની દ્રષ્ટિ કરવી તે ધર્મ છે.

પંદરમી શક્તિમાં કહ્યું કે જ્ઞેયોના અને જ્ઞાનના પ્રકારોને જાણી લે એવી આત્મામાં શક્તિ છે. જ્ઞાતા થવાનો અર્થાત્ સ્વ-પરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાનો આત્માનો સ્વભાવ છે પણ પરનો કર્તા થવાનો સ્વભાવ નથી. પોતે સ્વ-પરનો જ્ઞેય પણ છે—આવી આત્મામાં એક પરિણમ્યપરિણામકત્વશક્તિ છે. પરિણમ્ય એટલે જ્ઞાતા અને પરિણામક એટલે જ્ઞેય. તે બન્ને આત્માનો સ્વભાવ છે.

## (૧૬) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.

રાગ-દ્વેષાદિનો ત્યાગ થતાં આત્મા ઘટતો નથી અને જ્ઞાનાદિ સ્વભાવ નવા પ્રગટતાં આત્મામાં કાંઈ વધતું નથી. કોઈ પદાર્થ છૂટી જતાં આત્મા ઘટી જાય અને કેવળજ્ઞાન થતાં આત્મદ્રવ્ય વધી જાય—એવો આત્માનો સ્વભાવ નથી કેમકે આત્મા પરના ગ્રહણ-ત્યાગ વિનાનો છે—એવી તેનામાં ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ નામની શક્તિ છે. પરનાં તથા રાગાદિનાં પણ ગ્રહણ અને ત્યાગ આત્માના દ્રવ્યસ્વભાવમાં નથી. આમ જાણતાં પર્યાયબુદ્ધિ ઊડી જાય.

અનંતકાળ આત્મા નરકાદિ ચાર ગતિમાં રહ્યો પરંતુ ત્યાં તેણે કોઈ વસ્તુ ગ્રહી કે મૂકી નથી. પર્યાયદ્રષ્ટિથી ભ્રાંતિ ગ્રહણ કરે અને છોડે—એ જુદી વાત છે, પણ પરપદાર્થને ગ્રહણ-ત્યાગ તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ કરતો નથી. અરિહંત ભગવાને કર્મરૂપી વૈરીનો નાશ કર્યો—તે નિમિત્તનું કથન છે. ભગવાને કર્મનો નાશ કર્યો નથી કેમકે તેમણે કર્મને ગ્રહ્યા જ નહોતા, તો પછી તેનો નાશ શી રીતે કરે? આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં આ ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ વ્યાપી છે.

સંસાર અવસ્થામાં આત્માએ સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય, મકાન, શરીરાદિને ગ્રહણ કર્યા નથી તો પછી કોને છોડે? આત્મામાં જે નથી તેને શું છોડવું અને જે છે તેને શું છોડવું કે ગ્રહણ કરવું? આત્માની પર્યાયમાં ગ્રહણ-ત્યાગ કરવાનો સ્વભાવ નથી. મારે માટે પર્યાય તરફનું વલણ છોડીને દ્રવ્ય સન્મુખ જોતાં એકરૂપ, વધ-ઘટ રહિત એવો ત્યાગોપાદાનશક્તિ સહિત આત્મા પ્રાપ્ત થાય છે, અનુભવમાં આવે છે.

‘અનુભવપ્રકાશ’માં કહ્યું છે કે આત્મામાં ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ ન હોય તો તેને પરનાં ગ્રહણ-ત્યાગ લાગ્યા જ કરે અને તેથી કદી મુક્તિ થાય

નહિ. અજ્ઞાની પરનાં ગ્રહણ-ત્યાગ કરવામાં મચી રહ્યો છે, તે મૂઢતા છે. કર્મને આત્મા બાંધતો નથી તો પછી તેનો ત્યાગ-નાશ શી રીતે કરે? સ્વભાવનો આશ્રય થતાં વિકારનો નાશ થાય છે અને તેના નિમિત્તે કર્મોનો નાશ સ્વયં થાય છે. તેને આત્માએ કર્મોનો નાશ કર્યો—એમ ઉપચારથી કહેવાય છે.

ત્યાગ-ઉપાદાનશૂન્યત્વશક્તિને માન્યા વિના અજ્ઞાની પરનાં ગ્રહણ-ત્યાગમાં જ ધર્મ માની બેસે છે. પરનાં ગ્રહણ-ત્યાગ કરવાનો આત્માનો સ્વભાવ જ નથી—એમ નક્કી કરે તો અભિમાન ઊડી જાય.

આત્મામાં અંદર પોલ નથી કે પરવસ્તુ તેમાં પેસી જાય. આત્મા તો નિવડ વિજ્ઞાનઘન છે. વિકારના પણ ગ્રહણ-ત્યાગ ખરેખર આત્માને નથી. નહિ તો સંસારરહિત કદી થાય જ નહિ. અજ્ઞાની માને છે કે હું હતો તો પરનાં કાંમ થયાં, તે વાત ખોટી છે. કોઈ વસ્તુની પર્યાય, તે વસ્તુના કર્યા વગર થતી નથી. તેથી તે વસ્તુ જ તેની કર્તા છે અને અવસ્થા તેનું કાર્ય છે. આ આંગળીએ આ લાકડાને ઊંચું કર્યું નથી તો પછી આત્માએ તે લાકડાને ઊંચું કર્યું—એમ માનવું તે ભ્રાંતિ છે. તે લાકડું પોતાના દ્રવ્યને આધારે રહેલું છે. દરેક પદાર્થ પોતાના આધારે ટકી રહ્યો છે. આંગળી લાકડાને ઊંચું કરે તો આંગળી અને લાકડું એક થઈ જાય. અજ્ઞાની ભ્રાંતિથી દેખે છે. બહારની આંખોથી જુએ છે કે આત્માએ લાકડું પકડ્યું અને મૂક્યું. પણ જ્ઞાનથી જુએ તો ખ્યાલમાં આવે કે આત્મા પરનાં ગ્રહણ-ત્યાગ વિનાનો છે. અજ્ઞાની સંયોગદ્રષ્ટિથી જુએ છે, સ્વભાવદ્રષ્ટિથી જુએ તો સંયોગદ્રષ્ટિ રહે નહિ. એક સમયનો વિકાર છે તે સ્વભાવમાં પેસી ગયો નથી. સમ્યગ્દ્રષ્ટિ જુએ છે કે આત્મામાં વિકાર છે જ નહિ કેમકે આત્મામાં ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ છે.

પુરુષાર્થ ચાર પ્રકારનો છે—૧. લક્ષ્મીને મેળવું—એવો ભાવ તે અર્થપુરુષાર્થ છે. ૨—વિષયની વાસના તે કામપુરુષાર્થ છે. ૩—આત્મામાં કષાયની મંદતારૂપ પરિણામ તે ધર્મપુરુષાર્થ અને ૪—આત્માની પર્યાયમાં શુભાશુભભાવ થાય છે તે આત્માનો સ્વભાવ નથી, પરદ્રવ્યનો આત્મા કર્તા-હર્તા નથી—એવી સ્વભાવદ્રષ્ટિ થવી તે **મોક્ષપુરુષાર્થ** છે. તેમાં પ્રથમ ત્રણ પ્રકારનો પુરુષાર્થ જીવે અનંતવાર કર્યો છે. તે તે ભાવોમાં વીર્યનું જોડાણ તે પુરુષાર્થ છે. પ્રથમ બે પ્રકારનો પુરુષાર્થ તે અશુભ છે, ત્રીજા પ્રકારનો શુભ છે અને ચોથા પ્રકારનો પુરુષાર્થ શુદ્ધ છે. આ ચારેય પુરુષાર્થ આત્માના ભાવમાં વર્તે છે પરંતુ તેથી જીવ પરપદાર્થનાં કાંઈ ગ્રહણ-ત્યાગ કરી શકતો નથી.

પ્રશ્ન :—ચક્રવર્તી જ્ઞાની પણ રાજ્યાદિનો વહીવટ તો કરતા હશે ને?

સમાધાન :–જ્ઞાની રાજ્યની વ્યવસ્થાનો કર્તા નથી, રાજ્ય ચલાવવાનો ભાવ તે આસક્તિ-રાગ છે. તેનો પણ જ્ઞાની કર્તા નથી. તે રાગનું જ્ઞાન કરે છે, તે જ્ઞાનીનો વ્યવહાર છે. તે છ ખંડનું રાજ્ય છોડી ચક્રવર્તીએ દીક્ષા લીધી, તેનો વાસ્તવિક અર્થ છે કે રાજ્યનું મમત્વ છોડ્યું અને સ્વભાવમાં વિશેષતાથી લીન થયા, તેને રાજ્ય છોડ્યું—એમ ઉપચારથી કહેવાય. ચક્રવર્તીએ પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લીધી—તેનો અર્થ એમ છે કે રાજ્ય કોઈને સોંપી શકાતું નથી પણ રાજ્ય સોંપવાનો રાગ હતો તેનું જ્ઞાન કરાવવાનું એ કથન છે. પરનાં ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. જડની પર્યાય જડથી જડમાં અને આત્માની પર્યાય આત્માથી આત્મામાં થાય છે. રાજ્યનું મમત્વ છોડ્યું એમ પર્યાય અપેક્ષાથી કહેવાય છે; સ્વભાવદ્રષ્ટિથી તો આત્મા એવો ને એવો જ છે, એમાં કાંઈ વધતું-ઘટતું નથી. આત્માના અનંત ગુણોમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ અનંત ગુણોમાં આ ત્યાગ-ઉપાદાનશક્તિ વ્યાપ્ત છે.

## (૧૭) અગુરુલઘુત્વશક્તિ.

ષટ્‌સ્થાનપતિત વૃદ્ધિ-હાનિરૂપે પરિણમેલો, સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ (વસ્તુને સ્વરૂપમાં રહેવાના કારણરૂપ) એવો જે વિશિષ્ટ (ખાસ) ગુણ તે અગુરુલઘુત્વશક્તિ છે. અવિભાગપ્રતિચ્છેદોની સંખ્યારૂપ ષટ્‌સ્થાનોમાં પડતી-સમાવેશ પામતી વસ્તુસ્વભાવની વૃદ્ધિ-હાનિ જે ગુણથી થાય છે અને જે વડે વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ છે એવો અગુરુલઘુત્વગુણ આત્મામાં ત્રિકાળ છે. આત્માની પર્યાયમાં ષટ્‌સ્થાન હાનિ-વૃદ્ધિ થવા છતાં આત્મા તો એવો ને એવો એકરૂપ છે. પર્યાયમાં મતિજ્ઞાન હોય તો આત્મા લઘુ થતો નથી અને કેવળજ્ઞાન હોય તો ગુરુ થતો નથી, અર્થાત્ હલકો-ભારે થતો નથી. જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ અનંતગુણોને પણ આ શક્તિ એવાનેએવા ટકાવી રાખે છે.

જીવોને સ્વભાવની વાત સૂક્ષ્મ પડે છે. તેમને કોહિનૂર હીરાના અને દેવ અધિષ્ઠિત ચિંતામણિરત્નની કિંમત—મહત્તા પ્રતિભાસે છે, પણ તે તો પથ્થર છે. તેનું પણ જ્ઞાન કરનાર આત્મા ચૈતન્યચિંતામણિ છે. તેની કિંમત અજ્ઞાની મૂઢ જીવને ભાસતી નથી. અનંતકાળ પહેલાં સિદ્ધ થયેલા જીવનો પર્યાય વર્તમાન સિદ્ધ થતાં જીવ કરતાં વિશેષ પુષ્ટ—ગુરુ છે—એમ નથી સમસ્ત સિદ્ધોનો જ્ઞાન-સુખાદિનો પર્યાય એક સરખો જ હોય છે, નવા-જુનામાં ફેર પડે નહિ. આવી આત્માની ત્રિકાળ અગુરુલઘુત્વ નામની શક્તિ છે.

# (૧૮) ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિ.

ક્રમવૃત્તિરૂપ પર્યાય તે ઉત્પાદ-વ્યય અને અક્રમવૃત્તિરૂપ ગુણ તે ધ્રુવત્વ છે. અલ્પજ્ઞાન પછી વિશેષ જ્ઞાન પ્રગટે છે તે શાસ્ત્રાદિ નિમિત્તથી નહિ પરંતુ આત્મામાં  ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ છે તેના કારણે ક્રમવર્તી પર્યાયનું પલટવું થયા કરે છે. સમયસાર વાંચતાં તેનો ખ્યાલ અને પદ્મપુરાણ વાંચતા તેનો ખ્યાલ આવે છે. તે તો શાસ્ત્રના કારણે નહિ પરંતુ ક્રમે ક્રમે વર્તનરૂપ શક્તિ આત્મામાં છે તેથી જ્ઞાન ક્રમપૂર્વક થાય છે. નવી પર્યાયનો ઉત્પાદ થવો અને જૂની પર્યાયનો વ્યય થવો તે શક્તિ આત્માની છે, નિમિત્તના કારણે આત્મામાં ઉત્પાદ-વ્યય થતો નથી. અક્રમવર્તીરૂપ ગુણ છે. આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખાદિ અનંત ગુણો એકીસાથે—અક્રમે છે. આત્માના ગુણો આત્માના કારણે અક્રમ હોય પરંતુ ક્રમિક પર્યાય તે પરના કારણે થાય—એમ માનવું તે મિથ્યાત્વ છે. એમ માનતાં ઉત્પાદ-વ્યય શક્તિ પરની થઈ ગઈ, આત્માની તે શક્તિ રહી નહિ.

સત્ લક્ષણવાળા છયે દ્રવ્યોનું જે સમયે પરિણમન થઈને ટકવું બને છે, તે આ ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિને કારણે છે. આ શક્તિના કારણે આત્માના સમસ્ત ગુણો ઉત્પાદ-વ્યય-ધ્રુવતાને ધારણ કરી રહ્યા છે.

***

# <u>પ્રસાદ નં. ૮૦</u>

## <u>શ્રી સમયસાર પરિશિષ્ટ</u>

**(પોષ સુદ ૧૪, ગુરુવાર, ૨૦૦૮, તા. ૧૦-૧-૫૨)**

**(આ પ્રવચનનું રેકોર્ડિંગ રીલ લેવાયું છે.)**

અઢારમી શક્તિનું વર્ણન ચાલે છે. આ બધી શક્તિ આત્માની છે, તે પરના કારણે નથી, એમ જેને ભાન થાય છે, તે સમજે છે કે મારે પરની સાથે કાંઈ સંબંધ નથી. મારા ઉત્પાદ-વ્યય ધ્રૌવ્ય મારે લઈને છે પણ પરને લઈને નથી—એવું અનેકાંતનું સ્વરૂપ છે. આત્મા પોતે અનેકાંત સ્વરૂપ છે, હું અને પર કોણ છે–એનું જેને ભાન નથી, તેને અનેકાંત સમજાવ્યું છે. એમાં આ શક્તિઓનું વર્ણન કર્યું છે.

ક્રમવર્તી અને અક્રમવર્તી એટલે ઉત્પાદ, વ્યય ને ધ્રુવત્વ આત્માની શક્તિ છે. ઉત્પાદ-વ્યય પહેલાં લીધાં છે એટલે કે દરેક દ્રવ્યનો ઉત્પાદ સ્વતંત્ર થાય છે અને પૂર્વ પર્યાયનો વ્યય થાય છે, તે પર્યાયધર્મ છે અને ધ્રુવપણે રહેવું તે ગુણનો ધર્મ છે. આ ઉત્પાદ, વ્યય અને ધ્રુવત્વશક્તિ ગુણોમાં વ્યાપી છે.

આત્મા કોણ છે? કેવો છે? કેટલા કાળનો છે? તે નક્કી કરાવવા આ શક્તિઓનું વર્ણન કર્યું છે, ઉત્પાદ, વ્યય, ધ્રુવ અનંત ગુણોના છે, જ્ઞાનનો ઉત્પાદ, જ્ઞાનનો વ્યય અને જ્ઞાનનું ધ્રુવપણું—એમ દર્શન, ચારિત્ર વગેરે અનંતગુણોમાં તે લાગુ પડે છે. આ શક્તિ આત્માને લઈને છે, પરને લઈને નથી અને જડની શક્તિ જડમાં છે, તે આત્માને લઈને નથી. આત્મા પોતાની શક્તિ કોઈને આપતો નથી અને પરની શક્તિને લેતો નથી. માટે હે ભાઈ! જરા વિચાર તો કર ! કે તારો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કોના કારણે થાય છે? અને તું ક્યાંથી આવ્યો અને ક્યાં જઈશ? કોઈના ભરોસે તારો નિભાવ નથી. તું તારાથી બદલે છે. પરને બદલીને રાજી થાય અને પરને રાજી કર, એવો તારો સ્વભાવ નથી, તારી પર્યાય ક્ષણેક્ષણે થાય છે અને તારામાં અનંતગુણો છે, એક એક ગુણના ત્રણ અંશો થઈ રહ્યા છે. તે આત્માના કારણે થાય છે, નિમિત્ત, સંઘયણ, વાણી, મન, દેવ, ગુરુ કે શાસ્ત્ર તારા ઉત્પાદ-વ્યયને કરી શકે એમ નથી, તારી ઉત્પાદ, વ્યય, ધ્રુવત્વ શક્તિ મર્યાદા છોડીને પરમાં કાંઈ કરે નહિ અને પરદ્રવ્યની ઉત્પાદ-વ્યય ધ્રુવત્વ શક્તિ એની મર્યાદા છોડી તારામાં કાંઈ કરે નહિ, હવે ઓગણીશમી શક્તિ કહે છે.

## (૧૯) સદ્રશ અને વિસદ્રશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમયી પરિણામશક્તિ.

દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત (સ્પર્શિત) સદ્રશ અને વિસદ્રશરૂપ એક અસ્તિત્વમાત્ર પરિણામ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. દ્રવ્યનું સત્ લક્ષણ છે, તેનું વર્ણન કરે છે. અઢારમી શક્તિમાં તો ઉત્પાદ-વ્યય તે પર્યાય છે અને ધ્રુવ તે ગુણ છે એટલી વાત કરી હતી. આ શક્તિમાં પ્રથમ ધ્રુવની વાત લેતાં ધ્રુવ તે સત્ છે, સદ્રશ છે, વ્યય અને ઉત્પાદ વિસદ્રશ છે તે પણ સત્ છે તેમ કહ્યું છે. વ્યય અભાવરૂપ સત્ છે અને ઉત્પાદ પણ સત્ છે. ધ્રુવ તો સત્ છે, પણ અહીં તો કહે છે કે વ્યય પણ સત્ છે, વ્યય વ્યયરૂપે છે—અસ્તિ છે, સસલાંના શીંગડાની જેમ નથી. પોતામાં અભાવરૂપ ભાવ છે તે વ્યય છે. ધ્રુવ તો સત્ છે પણ વ્યય અને ઉત્પાદ પણ સત્ છે એ વાત અહીં કહે છે.

ધ્રૌવ્ય-વ્યય અને ઉત્પાદ એ ત્રણેથી આલિંગિત એવું સદ્રશ એટલે એકરૂપ રહેવાવાળું અને વિસદ્રશ એટલે બદલતું વ્યય-ઉત્પાદરૂપ પર્યાય તે વિસદ્રશ છે અને ગુણ સદ્રશ છે; તે જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમાત્ર પરિણામશક્તિ છે, આ વાત સમજવી જગતને કઠણ પડે છે, કેમકે વર્તમાનમાં તત્ત્વનો અભ્યાસ ઘણો ઘટી ગયો છે. તત્ત્વનું વ્યવહારુ જ્ઞાન પણ હાલમાં ઘણે ભાગે રહ્યું નથી, અહીં આચાર્ય ભગવાન કહે છે કે આત્મામાં સમયે સમયે જ્ઞાન બદલે છે તે વિસદ્રશપણું છે અને જ્ઞાન ગુણ છે તે સદ્રશ છે—એકરૂપે રહે છે. આ સદ્રશ અને વિસદ્રશપણું અસ્તિરૂપે છે, તે કાંઈ પરના કારણે નથી. તે આ શક્તિ વડે નક્કી થાય છે કેમકે આ શક્તિ આત્માની છે.

સદ્રશતા ધ્રુવને સ્પર્શે છે અને વિસદ્રશતા ઉત્પાદ-વ્યયને સ્પર્શે છે. જેવી રીતે સોનું છે તેમાં પીળાશ, ચીકાશ આદિ ગુણો તો એવાને એવા રહે છે તે સદ્રશ છે અને કડુ, કુંડળ આદિ પર્યાયો બદલે છે તે વિસદ્રશ છે, ધ્રુવની અપેક્ષાએ સદ્રશપણું છે અને ઉત્પાદ વ્યયની અપેક્ષાએ વિસદ્રશપણું છે. વ્યય અને ઉત્પાદ એકરૂપે નથી. કેમકે મિથ્યાત્વનો વ્યય થઈને સમ્યગ્દર્શનનો ઉત્પાદ થાય છે. અલ્પજ્ઞાનનો વ્યય થઈને પૂર્ણજ્ઞાન થાય છે, રાગનો વ્યય થઈને વીતરાગતા થાય છે, માટે વ્યય-ઉત્પાદ વિસદ્રશ છે અને ગુણ તો ધ્રુવ છે, સદ્રશ છે. એ રીતે એ ત્રણે અંશો સત્ છે. આત્મા અરૂપી છે, તેના ગુણ અરૂપી છે અને પર્યાય પણ અરૂપી છે. એવા અમૂર્ત આત્મામાં અનંતા ગુણો છે. આવો આત્મા જાણનાર છે તે કહે છે કે હું આંખથી જોઉં છું. આંખને ખબર નથી, આંખને જાણનાર તો જ્ઞાન છે. આંખ બંધ હોય તો ન દેખાય અને આંખ ખૂલી હોય તો દેખાય—એમ અજ્ઞાની

માને છે; પણ જ્ઞાનનું પરિણમન આંખના કારણે થતું નથી, આત્મા સદ્રશ-વિસદ્રશ અસ્તિત્વમય પરિણામશક્તિ ત્રિકાળ છે, તેના કારણે તે થાય છે, પરના કારણે એ પરિણમન નથી.

અલ્પજ્ઞાન બદલીને પૂર્ણજ્ઞાન થાય છે, તે પોતાના વિસદ્રશ સ્વભાવના કારણે થાય છે. પરના કારણે થતું નથી, આત્માની પર્યાયમાં પ્રથમ પ્રમાદભાવ ન હતો અને પછી થયો, તો તે દૂધપાક ખાધો માટે થયો છે, એમ નથી. અપ્રમાદભાવનો વ્યય અને પ્રમાદભાવનો ઉત્પાદ થવો—તે આત્મામાં વિસદ્રશ થવાની શક્તિ છે તેને કારણે થયો છે. રાગ વખતે રાગને જ્ઞાન જાણે છે અને દ્વેષ વખતે દ્વેષને જાણે છે, તે વિસદ્રશતા છે. જ્ઞેયના કારણે જ્ઞાન થયું નથી.

લક્ષ્મણજી સિંહાસન ઉપર બેઠા હતા. તે વખતે કોઈ દેવને થયું કે લક્ષ્મણજીને રામચંદ્રજી ઉપર કેવો પ્રેમ છે તેની પરીક્ષા કરું, દેવે આવીને કહ્યું કે રામચંદ્રજી સ્વર્ગવાસ પામ્યા, તે વાત સાચી હતી નહિ; પણ આ વાત સાંભળતાં જ લક્ષ્મણજીએ "હે રામ" કહ્યું અને દેહ છૂટી ગયો. આ મોહ હતો તે પોતાના કારણે હતો, દેહ છૂટી ગયો તેમાં પૂર્વની પર્યાયનો વ્યય અને નવી પર્યાયનો ઉત્પાદ થયો, તે દેવને કારણે થયો નથી, પૂર્વ પર્યાયનો વ્યય અને નવીન પર્યાયનો ઉત્પાદ થવો તે વિસદ્રશપણું પર્યાયનો સ્વભાવ છે. રામચંદ્રજીને ખબર પડી કે લક્ષ્મણજીનો દેહત્યાગ થયો, રામચંદ્રજીને ભાઈ ઉપર આસક્તિનો ભાવ હતો. છ મહિના સુધી મડદું ઉપાડ્યું, આ રાગ પોતાના કારણે થયો છે. લક્ષ્મણજીના કારણે થયો નથી અને કર્મના ઉદયના કારણે પણ થયો નથી. જે વિસદ્રશપણું થયું તે એક અસ્તિત્વમાત્ર પરિણામશક્તિના કારણે થયું છે. કેમકે આત્મામાં ધ્રૌવ્ય-વ્યય અને ઉત્પાદ ત્રણે સત્ છે. દરેક ગુણમાં પૂર્વ પર્યાયનો વ્યય અને નવીન પર્યાયનો ઉત્પાદ થાય છે ને ગુણ ધ્રુવપણે રહે છે, તે સદ્રશ-વિસદ્રશપણાની શક્તિના કારણે છે. આત્મામાં વીતરાગભાવ પ્રગટ થયો તે વજ્રકાયના કારણે થયો છે એમ નથી. સંસાર પર્યાયનો વ્યય અને મોક્ષની પર્યાયનો ઉત્પાદ અને ગુણનું ધ્રુવપણું છે, તે સદ્રશ અને વિસદ્રશપણાની શક્તિના કારણે છે. કાળ કે સંઘયણના કારણે નથી. આમ જાણે તો આત્મા કેવો અને કેવડો છે તે જણાય અને સમ્યગ્દર્શન થાય. આ જ ધર્મ છે.

સદ્રશતા અને વિસદ્રશતા, ધ્રુવ-વ્યય-ઉત્પાદને આલિંગે છે એટલે આત્મામાં ગુણ અને પર્યાય છે તે ધ્રુવ-વ્યય-ઉત્પાદને સ્પર્શે છે પણ પરને સ્પર્શતો નથી, આત્મા ભાષાના પરમાણુને સ્પર્શતો જ નથી-આલિંગન કરતો નથી, તો ભાષાને આત્માએ કરી એમ માનવું તે મૂઢતા છે, અહીં સાંભળે છે માટે જ્ઞાન થાય છે એમ નથી, કેમકે જ્ઞાનની પર્યાય ભાષાને પકડતી નથી

અને જ્ઞાન પોતાને છોડતું નથી, કર્મ, વાણી અને શરીરને આત્મા સ્પર્શતો નથી, ભગવાનના ચરણોને આત્માએ સ્પર્શ કર્યો નથી. આત્મા પોતાની પર્યાયમાં તીવ્ર કષાયનો વ્યય કરી મંદ કષાયનો ઉત્પાદ કરે છે, તે વિસદ્રશતા આત્માની છે. તે મંદકષાયનો વિકલ્પ શરીરને અડતો નથી અને શરીર ભગવાનને અડતું નથી, દરેક પદાર્થ પોતાના ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદને સ્પર્શે છે. આમ આત્મામાં ત્રણ અંશો હોવા છતાં શક્તિ એક છે. એક અસ્તિત્વ માત્ર પરિણામ શક્તિ તો આત્મામાં એક જ છે. તે શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે.

## (૨૦) આત્મામાં અસંખ્ય પ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વશક્તિ છે.

કર્મ બંધના અભાવથી વ્યક્ત કરાયેલા, સહજ, સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ રહિત એવા આત્મપ્રદેશો સ્વરૂપ અમૂર્તપણું આત્મામાં ત્રિકાળ છે. તે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપેલું છે. આત્મા અમૂર્ત છે તે વાત કહે છે. આત્મામાં કર્મનું બંધન છે તે તો નિમિત્તનું કથન છે. તે કર્મબંધના અભાવથી પ્રગટ થયેલો આત્મા, સ્પર્શાદિથી રહિત છે. પર્યાયમાં કર્મથી રહિતપણું તો નવું થાય છે પણ આત્મા તો ત્રિકાળી કર્મ રહિત જ છે. આત્માના અસંખ્યપ્રદેશો અમૂર્ત છે. અમૂર્તપણું પર્યાયમાં પ્રગટ થયું તે તો આત્મામાં અમૂર્તત્વશક્તિ ત્રિકાળ છે તેમાંથી પ્રગટ થયું છે.

આત્માનો દેશ ક્યો છે? તે કહે છે, અસંખ્યપ્રદેશી તે આત્માનો દેશ છે. આત્માનો સમાજ ક્યો છે? તો કહે છે કે અનંત ગુણો તે આત્માનો સમાજ છે અને આત્માની પ્રજા? અનંત ગુણોની અનંત પર્યાય તે આત્માની પ્રજા છે, બહારનો દેશ, સમાજ કે પ્રજા તે આત્માનાં નથી, આત્માનો સમાજ આત્માથી જુદો પડે નહીં. પોતાનો સમાજ તો પોતાનું સ્વરાજ છે અને તે સ્વરાજ પોતાના અસંખ્યપ્રદેશમાં રહે છે, બહારમાં રહેતું નથી, આત્માના અંશો કહો, અવયવ કહો કે પ્રદેશો કહો—તે બધા અમૂર્ત છે. આત્મામાં અમૂર્તત્વનું અસ્તિપણું છે અને મૂર્તત્વનું નાસ્તિપણું છે. અમૂર્તદેશમાં મૂર્તપણું પેઠું નથી, તે અમૂર્તપણું પરથી આવ્યું નથી અને તેનો નાશ પણ થતો નથી. તે અમૂર્તત્વ શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. અનાદિ અનંત છે, ત્રણમાં વ્યાપી છે છતાં તે ત્રણ નથી પણ એક શક્તિ છે. જ્ઞાન સાથે રહેલી અનંત શક્તિઓમાં પણ આ શક્તિ વ્યાપી છે, માટે આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે અમૂર્ત છે-મૂર્ત નથી. ***

## શ્રી સમયસાર પરિશિષ્ટ

(પોષ સુદ ૧૫, શુક્રવાર, ૨૦૦૮, તા. ૧૧-૧-૫૨)

(આજે રેકોર્ડિંગ રીલ લેવાયું છે.)

વીસ શક્તિઓનું વર્ણન થઈ ગયું છે. હવે એકવીસમી શક્તિ કહે છે :–

## (૨૧) જ્ઞાતૃત્વમાત્રથી જુદા રાગાદિ પરિણામોની નિવૃત્તિ સ્વરૂપ અકર્તૃત્વશક્તિ.

સમસ્ત કર્મથી કરવામાં આવેલા, જ્ઞાતૃત્વમાત્રથી જુદાં જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમ સ્વરૂપ અકર્તૃત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે. જ્ઞાતાપણા સિવાયનાં, કર્મથી કરવામાં આવેલા પરિણામોનો કર્તા આત્મા થતો નથી, શરીર, વાણી અને મનનો તો આત્મા વ્યવહારે પણ કર્તા નથી. તે તો જડના કારણે થાય છે. આત્માની એક સમયની પર્યાયમાં જ્ઞાનાવરણીય આદિ કર્મના નિમિત્તે હીણું કે વિકારી પરિણમન થાય છે, તે વ્યવહારનયનો વિષય છે, તે હોવા છતાં તેની અહીં મુખ્યતા નથી, જ્ઞાનીની દ્રષ્ટિ અકર્તૃત્વ સ્વભાવ ઉપર છે, તે વિકારી પર્યાયનો કર્તા નથી.

સમસ્ત રાગાદિ વિકારી પરિણામો કર્મથી કરવામાં આવેલા છે. તેનો આશય એ છે કે ધર્મીની દ્રષ્ટિ ત્રિકાળ જ્ઞાતા સ્વભાવ ઉપર છે, વર્તમાન શુભાશુભ પરિણામ થાય છે. તે આત્માનું સ્વરૂપ નથી અને તે ભાવો કર્મના લક્ષે થતા હોવાથી તેને કર્મથી કરવામાં આવેલાં છે એમ કહ્યું છે. માટે તે વિકારીભાવોનો આત્મા કર્તા નથી એમ કહ્યું છે. અહીં તો કહે છે કે જ્ઞાતૃત્વભાવરૂપ આત્મા છે. તેનાથી જુદા દયા-દાન વ્યવહાર રત્નત્રયના પરિણામો તે કર્મથી કરવામાં આવ્યા છે. તેનાથી નિવૃત્ત સ્વરૂપ આત્મા છે, આત્મા તેનો કર્તા નથી એવી અકર્તૃત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે.

નિમિત્તને મેળવું કે છોડું—એવું તો આત્મામાં છે જ નહિ પણ કર્મના નિમિત્તે આત્મામાં રાગાદિના પરિણામ થાય છે, તેનો આત્મા સ્વભાવદ્રષ્ટિએ કર્તા નથી. એટલે કે અકર્તા છે કેમકે જાણનાર-દેખનાર સ્વભાવની અધિકાઈ છે, અકર્તૃત્વ સ્વભાવની મુખ્યતામાં હીણી અને વિપરીત અવસ્થાનો આત્મા કર્તા નથી, દ્રવ્યસ્વભાવ પારિણામિક ભાવ સ્વભાવ ભાવે પરિણમે તો નિર્દોષતારૂપે થાય, આત્મામાં જે દોષનું કાર્ય થાય છે તે કર્મનું છે, એમ કહીને આત્માનો સ્વભાવ દોષ કરવાનો નથી, એમ કહે છે. અહીં વ્યવહારની ગૌણતા છે અને નિશ્ચયની મુખ્યતા છે.

અકર્તૃત્વ જેનો સ્વભાવ છે તે વિકારનો કર્તા થાય તો સાધકપણું પણ બનતું નથી, નિમિત્ત થઈને 'આ કામ કરું' એવી જેની બુદ્ધિ છે તેને સ્વભાવનું કર્તાપણું છોડીને બહારમાં જવાનું ગમે છે, સ્વભાવમાં ઢળતો આત્મા અકર્તૃત્વ સ્વભાવે થાય છે. તે શક્તિ આત્મામાં અનાદિ અનંત છે, વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. એ સ્વભાવ ખ્યાલમાં ન આવે તો ધર્મ ક્યાંથી થાય ? ન જ થાય.

સમ્યગ્દ્રષ્ટિને કર્મના નિમિત્તે વર્તમાન રાગાદિની અસ્તિ છે ખરી પણ તેનો આત્મા ત્રિકાળ કર્તા નથી, આત્મા ક્ષણે ક્ષણે એનાથી નિવૃત્ત સ્વરૂપ છે, એવું લક્ષ થતા **પર્યાયમાં અકર્તા થાય છે.** અકર્તૃત્વશક્તિ તો ત્રિકાળ છે. શક્તિઓ જેમાં છે એવા શક્તિવાનની દ્રષ્ટિ થતાં સમયે સમયે પર્યાયમાં અકર્તૃત્વભાવ પ્રગટ થતો જાય છે. જાણનાર-દેખનાર આત્મા છે; એમાં આમ કેમ થયું? કેમ જલદી ન થયું? કેમ ઉતાવળ કરી નહીં? એવું છે જ નહીં, પરની પર્યાય તો એના કાળે થાય છે. એ તો હું કરી શકતો નથી. પર્યાયબુદ્ધિમાં પણ પરને કરે એવી તાકાત નથી, આત્માના જ્ઞાયક સ્વભાવનો ભરોસો ન આવે અને બીજાના ભરોસે ચાલ્યો જાય એને હિત થાય નહિ. અરે ભગવાન! શાંતિ કર અને તારી અકર્તૃત્વ શક્તિ સામું જો તો આત્મામાં શાંતિ થશે.

મારાથી આમ વાણી બોલાણી હોત તો ઠીક પડત, આ પુસ્તકો આવ્યા હોત તો ઠીક પડત—એવું આત્મામાં છે જ નહિં. આત્મા બહુ તો પોતાની પર્યાયમાં વિકલ્પ કરે પણ તે વિકલ્પના કારણે પરમાં તો કાંઈ ન જ થાય, પરંતુ આત્મા જાણનાર-દેખાર છે તેની પર્યાયમાં નુકશાન થાય, પરમાં જે કાંઈ થયું છે તે તેના થનાર વગર થયું નથી, તેનો થનાર તો તે છે, પણ તું નથી, માટે તારા અકર્તૃત્વ સ્વભાવને જાણ અને રાગાદિપણે પરિણમે છે એને ગૌણ કરીને આત્મા તેનો કર્તા નથી, એમ તું જાણ.

કોઈ કહે કે ચક્રવર્તી જ્ઞાની હતા. તેણે છ ખંડનું રાજ્ય કર્યું હતું. તો કહે છે કે જ્ઞાની પરનાં કામ કરતા નથી, જગતની ચીજો એના કાળે એના કારણે પરિણમે છે; એનો ધણી મિથ્યાદ્રષ્ટિ થાય છે, તે અભિપ્રાય એક સમયની પર્યાયમાં છે. તેનાથી રહિત જ્ઞાતા આત્મા છે. આત્મા ત્રિકાળ રાગાદિના પરિણામથી નિવૃત્ત સ્વરૂપ છે, તેની દ્રષ્ટિ થતાં પર્યાયમાં રાગાદિથી નિવૃત્ત થાય છે—એવી આત્મામાં અકર્તૃત્વ શક્તિ અનાદિ અનંત છે.

## (૨૨) જ્ઞાતાપણામાત્રથી જુદા હરખશોકના ભોગવટાથી નિવૃત્તસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ.

સમસ્ત કર્મથી કરવામાં આવેલા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામ અનુભવના (ભોગવટાના) ઉપરમ સ્વરૂપ અભોક્તાભાવ આત્મામાં ત્રિકાળ છે. અકર્તૃત્વશક્તિ પછી અભોક્તા શક્તિ લે છે. આત્મા લાડવા, પૈસા વગેરેને ભોગવી શકતો નથી. તે પરપદાર્થોને તો આત્મા કર્મના નિમિત્તે પણ ભોગવતો નથી. આત્માની પર્યાયમાં હરખશોકના પરિણામ થાય છે,

તેની ગૌણતા કરી આત્મા તે પર્યાયથી ભિન્ન જ્ઞાતા સ્વભાવી છે, તે હરખશોકના ભોગવટાથી નિવૃત્તસ્વરૂપ છે.

વસ્તુ એક હોવા છતાં, તેમાં અનેક શક્તિઓ છે. એમ અનેકાંત સ્વરૂપી આત્મા છે. તેનાથી ભૂલેલા જીવને અંતરમાર્ગે દોરવવા આ શક્તિનું વર્ણન કરે છે. આ શક્તિને યથાર્થપણે સમજે તો આખા જગતના કર્તાપણાનું અને ભોક્તાપણાનું અભિમાન રહે નહિ, ભાઈ! તારામાં હરખશોકના વિષય વાસના આદિના પરિણામ થાય છે, તે જાણવા-દેખવાના ભાવથી જુદા છે. તે તારું સ્વરૂપ નથી, શોકાદિ પરિણામે પરિણમ્યો હોવા છતાં શુદ્ધ ઉપાદાન ત્રિકાળ અભોક્તા સ્વરૂપ છે. એ શક્તિની મુખ્યતામાં તે હરખ શોકાદિના ભાવો તારા નથી, ‘કાળજામાં તેલ રેડ્યાં છે’—એમ અજ્ઞાની કહે છે, પણ તે કાંઈ બહારથી આવેલો ભાવ નથી. પણ તેં જ ઊભો કરેલો ભાવ છે. તેનાથી નિવૃત્ત સ્વરૂપ તારો સ્વભાવ છે. વિકાર અને ચિંતાના ભોગવટાથી નિવૃત્ત સ્વરૂપ તું છો, અંતરમાં જો! તારામાં અભોક્તૃત્વશક્તિ છે.

આત્માની અરુચિવાળા અજ્ઞાની જીવને એમ લાગે છે કે આખો દિવસ નિશ્ચયની વાત કર્યા કરે છે. તેને કહે છે કે ભાઈ! તું કોણ છો, કેવડો છો તેની તને ખબર નથી ને જગતમાં હો-હા કર્યા કરે છે. જરા પુણ્યનો ઉદય આવ્યો કે એમાં લીન થાય છે. પણ ભાઈ! પરને આત્મા ભોગવી શકતો નથી અને પોતાની પર્યાયમાં વિકાર છે, તે કર્મના નિમિત્તે થાય છે—એમ સ્વભાવની મુખ્યતાએ કહ્યું છે, તેનાથી જુદો, જાણવાવાળો આત્મા છે. તે આત્મા હરખશોકના ભોગવટામાં તન્મય થતો નથી, તન્મય થાય તો આત્મામાં અભોક્તૃત્વશક્તિ રહે નહિ, માટે આત્મા તે પરિણામોથી નિવૃત્ત સ્વરૂપ છે એવી અભોક્તૃત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે. હરખશોકના પરિણામને આત્મા જાણે છે પણ તન્મય થઈને જાણતો નથી, તન્મય થઈને જાણે તો તે પરિણામથી રહિત થઈ શકે નહિ.

લોઢાના તાળામાં કૂંચી લગાવે તો તે તાળું અખંડ રહીને ઉઘડે છે. પણ કૂંચી લગાડે નહીં અને હથોડા વડે ખોલવા માંડે તો આખું તાળું રહે નહિ, તેમ આત્મવસ્તુમાં જેમ છે તેમ કૂંચી લગાવે તો સમજાય એમ છે. આત્મા અખંડ, અનંત શક્તિવાળો છે, એને અવળે રસ્તે સમજવા માગે તો સમજાય નહિ. આત્મવસ્તુ જેમ છે તેમ જાણે તો જ્યાં બેઠો છે ત્યાં સંતોષ થાય એમ છે. પ્રથમથી જ જીવતર શક્તિની વાત ઉપાડી હતી કે આત્મા મરતો નથી, એવા જીવના આત્માની અભોક્તૃત્વશક્તિ છે તે કહે છે. પરને ભોગવું કે હરખશોકને ભોગવું—એમ માનવું તે તો એકાંત તરફ ગયો છે પણ પર્યાયમાં વિકારનો ભોગવટો હોવા છતાં મારો ત્રિકાળ સ્વભાવ હરખશોકને ભોગવવાનો નથી, એવી મારી શક્તિ છે, તે અનેકાંત છે.

અજ્ઞાનીને શરીરમાં વેદના હોય છે ત્યારે કહે છે કે આ દુઃખ અમારાથી સહ્યું જતું નથી, હવે તો છૂટકારો થાય તો સારું. ભગવાને ન બનાવ્યા હોત તો આ દુઃખ જ ન હોત, તેને કહે છે કે આ દુઃખના ભાવ કોણે કર્યા છે? તેં પર્યાયબુદ્ધિએ ઊભો કરેલો ભાવ છે. તેને સ્વભાવબુદ્ધિએ ટાળે તો ટળે એમ છે, બીજા કોઈએ કરેલ નથી, પર્યાયબુદ્ધિ ન કરી હોત પણ સ્વભાવબુદ્ધિ કરી હોત તો આ દુઃખ ન હોત, એમ જાણ—પર્યાયમાં અનુભવ થઈ રહ્યો છે એનાથી ભિન્ન જ્ઞાતા તું છો. નરકમાં શીતની વેદના ઘણી હોય છે. પણ ત્યાં કોઈ જ્ઞાની હોય તો તેને ભાન છે કે આ વેદના પરને લઈને નથી "પણ મારી નબળાઈને લઈને થાય છે. તે વેદનાના પરિણામ મારું સ્વરૂપ નથી," એમ તે જાણે છે. પર્યાયનું લક્ષ છોડીને સ્વભાવનું લક્ષ કરે તો આવો વિશ્વાસ થાય છે. જે સ્વભાવ ત્રિકાળને ધારણ કરી રાખે તે ધર્મ છે અને રાગ-દ્વેષને ધારી રાખે તે અધર્મ છે. આ રીતે આત્મા હરખશોકનો ભોક્તા નથી એવી અભોક્તૃત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે.

## (૨૩) સમસ્ત કર્મોના ઉપરમથી પ્રવર્તેલી આત્મપ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ નિષ્ક્રિયત્વ શક્તિ.

સકળ કર્મોનો અભાવ થાય ત્યારે પ્રદેશનું કંપન મટી જાય છે. માટે નિષ્ક્રિયત્વશક્તિ પણ આત્મામાં છે. આત્માના પ્રદેશોમાં કંપન થાય છે તે શરીર, વાણી કે મનના કારણે થતું નથી. યોગના કારણે એ કંપન હોય છે. તે કંપનનો અભાવ થઈને પર્યાયમાં નિષ્ક્રિયપણું થાય છે. એવી આત્મામાં નિષ્ક્રિયત્વશક્તિ ત્રિકાળ છે. **બધા કર્મોના અભાવથી આત્માના પ્રદેશો ધ્રુજારા રહિતપણે, અકંપપણે હોય છે અને જ્યાં સુધી સર્વ કર્મોના નિમિત્તથી છૂટ્યો નથી ત્યાં સુધી એક સમયની પર્યાયમાં કંપ હોય છે ખરો પણ ત્રિકાળ નિષ્કંપતા તે આત્માનો સ્વભાવ છે.** એની મુખ્યતામાં કંપ ઉપર દ્રષ્ટિ હોતી નથી. તેથી કંપતા તે આત્માનો સ્વભાવ નથી. આત્માનો તો ત્રિકાળ નિષ્કંપતા સ્વભાવ છે. જો નિષ્કંપતા સ્વભાવ ન હોય તો પર્યાયમાં નિષ્કંપતા થાય નહિ. પરને લઈને પોતાની પર્યાયમાં કંપવું તો છે જ નહિ, પણ પર્યાયમાં પોતાના કારણે કંપન છે; તેનાથી રહિત નિષ્ક્રિયપણું આત્માનો ત્રિકાળી સ્વભાવ છે.

કોઈ કહે કે આત્મા જેવી જેવી પ્રેરણા કરે તેવો ધ્રુજારો શરીરમાં થાય અથવા તો આત્મા પેશાબ કે વિષ્ટાને ધાર્યા પ્રમાણે કાઢી શકે છે, તે બધી વાત ખોટી છે. આત્માના પ્રદેશોની પ્રેરકતાના કારણે વિષ્ટા પેશાબ નીકળે છે એમ નથી પણ આત્માની પર્યાયમાં પ્રદેશની કંપતા થઈ તે આત્માનો સ્વભાવ નથી તે કહે છે. ચૈતન્ય શેની પ્રેરણા કરે? ઝાડા પેશાબની પ્રેરણા

કરે એમ નથી કેમ કે તે તો જડ પરમાણુની પર્યાય છે, શરીરના પરમાણુનો ધ્રુજારો થવો તે આત્માના હાથની વાત નથી, એનાથી રહિત નિષ્ક્રિયત્વ શક્તિ આત્મામાં ત્રિકાળ છે એના સામું જો.

આત્મા બરાબર જોર કરે તો બળખો નીકળે અને ફરીએ, દોડીએ અને શરીરની કસરત કરીએ તો આંતરડાંમાં જોર આવે, એમ માનવું તે મૂઢતા છે, આત્મા પરની ક્રિયા કરી શકે છે એમ માનીને અજ્ઞાની અનંતકાળથી રખડ્યો છે. અહીં તો કહે છે કે આત્મા પરની ક્રિયા તો કરી શકતો નથી પણ પોતાની પર્યાયમાં કંપન થાય છે તેનાથી પણ રહિત આત્મા છે. એવા જ્ઞાતા સ્વભાવી આત્માને જુએ તો કલ્યાણ થાય, આવી અંતરની આંખ વગર આંધળો, ચામડાની આંખથી જુએ છે; પણ આંખને જોનારને જોતો નથી. ચામડાની આંખને વચમાં રાખીને જુએ છે. એટલે તેને એમ લાગે છે કે શરીરાદિને બરાબર રાખવું વગેરે આત્માથી થાય છે; પણ તે ભ્રમ છે. આત્મા પરના કંપનને કરતો નથી અને એક સમયની પર્યાયમાં જે કંપન થાય છે તેનાથી રહિત અકંપશક્તિ આત્મામાં ત્રિકાળ છે. તેને જાણે તો એની સાથે રહેલી અનંત શક્તિનો પિંડ એવા આત્માની દ્રષ્ટિ થાય અને તે જ ધર્મ છે.

***

# પ્રસાદ નં. ૮૨

## શ્રી સમયસાર પરિશિષ્ટ

(પોષ સુદ ૧૫, શનિવાર, ૨૦૦૮, તા. ૧૨-૧-૫૨)

(આજે રેકોર્ડિંગ રીલ લેવાયું છે.)

ત્રેવીસ શક્તિઓ થઈ છે, એવી અનંત શક્તિઓનો પિંડ તે દ્રવ્યસ્વભાવ છે. નિમિત્ત અને વિકારની દ્રષ્ટિ છોડાવવા અને સ્વભાવની દ્રષ્ટિ કરાવવા આ શક્તિઓનું વર્ણન કરે છે. શક્તિવાન દ્રવ્યસ્વભાવ તરફ જોતાં આ શક્તિઓનું યથાર્થ ભાન થાય છે. હવે ચોવીસમી શક્તિનું વર્ણન કરે છે.

## (૨૪) નિયત પ્રદેશત્વશક્તિ.

જે અનાદિ સંસારથી માંડીને સંકોચ વિસ્તારથી લક્ષિત છે અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે, એવું લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું જેનું લક્ષણ છે, એવી નિયત પ્રદેશત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે, આત્માના લોક પરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે. તે પ્રદેશો સંસાર અવસ્થામાં સંકોચ–વિસ્તાર પામે છે અને મોક્ષ અવસ્થામાં ચરમ શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે. આત્મા હાથીના શરીરમાં જાય કે કીડીના શરીરમાં જાય, તે વખતે વિસ્તાર અને સંકોચ થાય છે; છતાં આત્માના અસંખ્ય પ્રદેશો તો નિયત જ છે, તે વધુ ઓછા થતા નથી. આકાશના પ્રદેશો ઓછા વધારે રોકે છે, તે અપેક્ષાએ સંકોચ-વિસ્તાર કહેવાય છે. અનાદિથી સંસાર અવસ્થામાં તે હોય છે, પહેલાં સંકોચ-વિસ્તાર ન હતો અને નવો થયો છે, એમ નથી.

મોક્ષ અવસ્થામાં છેલ્લા શરીરના માપથી કાંઈક ઊણું—ઓછું માપ અવસ્થિત થાય છે એટલે કે એવું માપ એમને એમ રહે છે, ત્યાં પછી સંકોચ-વિસ્તાર થતો નથી. આ તો પર્યાયમાં ક્ષેત્ર અને માપની અપેક્ષાએ કહ્યું, પણ આત્માની ત્રિકાળ શક્તિ એવી છે કે લોકાકાશના જેટલા પ્રદેશો છે એટલા આત્માના પ્રદેશો છે, તે નિયત છે, પ્રદેશ તે અવયવ છે અને આત્મા અવયવી છે. સર્વજ્ઞ પરમાત્માને લોકાલોકનું જ્ઞાન છે. તેમણે આત્માને અસંખ્ય પ્રદેશી પ્રત્યક્ષ જોયો છે. આત્માના પ્રદેશો નિયત છે, તે આત્માની અખંડતા અને પરિપૂર્ણતા બતાવે છે.

આત્માના અસંખ્ય પ્રદેશોનો સંકોચ થાય તો નિગોદના શરીરમાં અંગુલના અસંખ્યાતમાં ભાગમાં રહે છે અને વિસ્તાર થાય તો નરકમાં પાંચસો ધનુષના શરીરમાં રહે છે; છતાં પ્રદેશો ઓછાં-વધુ થતાં નથી, એવો

વસ્તુનો સ્વભાવ છે. ભગવાને કહ્યો માટે તે સ્વભાવ છે એમ નથી. લોક પરિમાણ આત્માના પ્રદેશો છે તેનો અર્થ લોક જેટલા પહોળાઈમાં છે એમ નથી પણ લોક જેટલા અસંખ્ય પ્રદેશ નિયત છે. સંસારદશામાં સંકોચ-વિસ્તાર થવા છતાં પ્રદેશો ઓછા-વધુ થતા નથી. જેમ જાજમ સંકેલે અને પહોળી કરી પાથરે તો જાજમ નાની-મોટી થતી નથી અને સોનાની સાંકળી પહોળી કરે કે ભેગી કરે પણ સાંકળી વત્તી-ઓછી થતી નથી, તેમ આત્મામાં અનાદિ-અનંત નિયત પ્રદેશત્વશક્તિ છે, તેના કારણે પ્રદેશ ઓછા-વધુ થતા નથી.

સ્વભાવ સામું જુઓ તો મુક્તિ પોતાની પાસે જ પડી છે. સ્વભાવમાં હશે તે જશે નહિ અને જે નહિ હોય તે પોતાનું થશે નહિ. આત્મામાં જે શક્તિ છે તેની પર્યાય તેનાથી જુદી રહે નહિ. સંસાર પર્યાય કૃત્રિમ ઉત્પન્ન થયેલી છે. તે એક સમયની પર્યાય છે. સંસારની પર્યાય, મોક્ષની સાદિ-અનંત પર્યાય કરતાં અનંતમે ભાગે છે અને મોક્ષની પર્યાય સંસાર અવસ્થા કરતાં અનંતગુણી છે. તે બધી પર્યાયનો પિંડ તે આત્મા છે. તેની દ્રષ્ટિ કરે તો ધર્મ થાય.

## (૨૫) સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી સ્વધર્મ વ્યાપકત્વ શક્તિ.

શરીરના ધર્મરૂપ ન થતાં પોતાના ધર્મોમાં વ્યાપવારૂપ શક્તિ તે સ્વધર્મ વ્યાપકત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે, તેનું વર્ણન કરે છે.

દેવ, મનુષ્ય, નારકી, કીડી, મકોડી, કંથવા, કૂતરા, કાગડા, હાથી, વાઘ, સિંહ, હરણ એમ અનંત શરીરો આ આત્માએ ધારણ કર્યા, છતાં તે શરીરના ધર્મરૂપે આત્મા ત્રણકાળમાં થયો નથી. એક સ્વરૂપે જ્ઞાનાત્મક અરૂપી ફીટીને રૂપી જડ થયો નથી. આ શરીર લોહી અને વીર્યના બિંદવામાંથી અને દાળ, ભાત, રોટલામાંથી થયું છે, તે આત્માથી બનેલું નથી. માટે શરીરના ધર્મરૂપે આત્મા કદી થતો નથી. એવી સ્વધર્મ વ્યાપકત્વ શક્તિ આત્મામાં છે.

એક શરીરમાં અનંત રજકણો છે અને તેની અનંત પર્યાયો છે. તે પર્યાયોમાંથી એક પણ પર્યાયરૂપે આત્મા થયો નથી. જો થયો હોય તો તેનાથી છૂટો પડે નહિ. મોતીમાં સોનાનો દોરો નાખે તો તે મોતીરૂપે થતો નથી, તેમ અનંત શરીરરૂપી મોતીઓમાં આત્મા સળંગ દોરો છે, તે કદી શરીરરૂપે થતો નથી. શરીર, વાણી, મન, કર્મ વગેરે રૂપે આત્મા કદી થયો નથી. શરીરમાં રોગ થાય તો મને હમણા ઠીક નથી, નીરોગી હોય તો મને હમણાં સારું છે—એમ અજ્ઞાની શરીરને જ આત્મા માની રહ્યો છે. પણ આત્મા

કદી શરીરરૂપે થયો નથી. આત્મા શરીરના પરમાણુને અડ્યો નથી, સ્પર્શ્યો નથી, અહીં શરીરથી દૂર બહારની ચીજની વાત લીધી નથી, પણ શરીર કે જે નિકટ સંબંધી છે તેની વાત કરી છે, જેમ સકડ ઉપર હાર બંધ ઝાડો હોય અને તેના પડછાયા ઉપર થઈને માણસ ચાલ્યો જતો હોય તો તે માણસ છાયારૂપે થતો નથી. તેમ આત્મા સંસારની રખડપટ્ટીરૂપી સકડ ઉપર ચાલ્યો જાય છે. તેમાં અનેક શરીરરૂપી ઝાડના પડછાયા આવે છે. પણ તે શરીરરૂપે આત્મા કદી થયો નથી. આત્મા પોતાના સ્વધર્મને છોડતો નથી એવી શક્તિ આત્મામાં ત્રિકાળ છે. આત્મા શરીરરૂપે કદી થયો નથી છતાં અજ્ઞાની ચોવીસે કલાક શરીરને સાચવવામાં રોકાય છે, એમાં એના ઘરનું જાય છે, એનો તેને ખ્યાલ આવતો નથી. જ્ઞાની સમજે છે કે મારી તાકાત મારામાં છે, પરમાં નથી, હું શરીરના ધર્મને ફેરવું એમ નથી. અનેક શરીરો ધારણ કરવા છતાં એક સ્વરૂપ વ્યાપકપણું છોડીને શરીરના ધર્મરૂપે આત્મા થયો નથી, કેમકે આત્માનો ધર્મ શરીરના ધર્મથી જુદો છે. આ શક્તિ એમ સૂચવે છે કે શરીરના કોઈપણ પર્યાયને રાખવા કે નાશ કરવાને આત્મા સમર્થ નથી. આ વાતને સમજે તો શરીરદ્રષ્ટિ રહે નહિ.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે **“શરીરનો ધર્મ જીવપદમાં જણાય છે.”** શરીરના ધર્મરૂપે જીવ થાય છે—એમ કહ્યું નથી, શરીરમાં કોલેરા થાય, પ્લેગ થાય, શીતળા નીકળે અને કદાચ દેવનું સુંદર શરીર હોય, તો તે બધા શરીરના ધર્મો છે, તે આત્માનો ધર્મ નથી, આત્મા તેને જાણે છે—એવી સ્વધર્મ વ્યાપકત્વ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. આ રીતે શરીર જ્યારે આત્માનું નથી તો પછી શરીરને ઓળખનારા સ્ત્રી, પુત્રાદિ વગેરે તો તારા છે જ નહિ. તે કુટુંબીજનો કોઈ આત્માને ઓળખતા નથી, શરીરને બધા ઓળખે છે. કોઈ પૂછતું નથી કે તમારો આત્મા કોણ છે? આત્મા તો સ્વધર્મ વ્યાપક છે. તેમાં પરના ધર્મો વ્યાપતા નથી, સંયોગ અનુકૂળ હો કે પ્રતિકૂળ હો, તે આત્માના ધર્મમાં વ્યાપતા નથી અને આત્મા સંયોગના ધર્મમાં વ્યાપતો નથી.

સર્વ અવસ્થામાં આત્મા એક સ્વરૂપ છે. જેમ ગંજીપાના પાનામાં બાદશાહ, રાણી, ગોલો વગેરે હોય છે, તે બધાને હુકમનો એક્કો જીતે છે, તે એક્કો પોતાનું એક્કાપણું છોડતો નથી, એમ શરીરના ગમે તેવા ધર્મો હોય પણ તેનો જાણનાર હું એક્કો છું. તેને જ્ઞાની ભૂલે નહિ. હાથ ભાંગે, પગ ભાંગે અને આંખ ફૂટે તો તે બધા શરીરના ધર્મો છે, તે ધર્મો આત્મામાં જણાય છે. આંખના ડોળા બહાર નીકળી જાય, આંતરડા ખેંચાય, તો અજ્ઞાનીને એમ લાગે છે કે મારો આત્મા ખેંચાય છે; પણ તે બધા શરીરના ધર્મો છે. આત્મા કદી એ રૂપે થયો નથી. આમ નક્કી કરે તો શરીરનું ગમે તે

થાય પણ આત્મા એવો ને એવો રહે છે એમ જાણે, કેમકે આત્મામાં સ્વધર્મ વ્યાપકત્વ શક્તિ અનાદિ અનંત છે. અનાદિ અનંત શરીર ધારણ કરવા છતાં આત્માએ પોતાની એકરૂપતા કદી છોડી નથી. જ્ઞાનમાં શરીરની અવસ્થા જણાય છે, શરીરની અવસ્થા બદલે છે પણ જ્ઞાન તો એકરૂપ રહે છે, એમ નક્કી કરે તો શરીર રહિત દશા થાય છે.

## (૨૬) સાધારણ-અસાધારણ, સાધારણાસાધારણ ધર્મત્વશક્તિ.

સ્વ-પરના સમાન, અસમાન અને સમાનાસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણ સ્વરૂપ સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. આ શક્તિ એક છે. એમાં ત્રણ પ્રકાર સમાડે છે. (૧) આત્મામાં અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણ છે, તેવા ગુણ બીજા દ્રવ્યમાં પણ છે. તે સ્વ-પરના સમાન ગુણ થયા, આવો સમાનપણાનો ગુણ આત્મામાં છે. તેથી હું છું એમ જડ વગેરે દ્રવ્યો પણ છે—એમ નક્કી થાય છે. હું છું અને જડ નથી, એમ નથી. જડ વગેરે દ્રવ્યો મારાપણે નથી પણ જડ વગેરે દ્રવ્યો એનાપણે નથી, એમ નથી. સમાન કહો, સાધારણ કહો કે સામાન્ય કહો તે બધું એક છે. (૨) આત્મામાં જ્ઞાન છે અને જડ દ્રવ્યોમાં જ્ઞાન નથી—એ અસમાનપણું છે. આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણો વિશેષ છે અને પુદ્‌ગલમાં સ્પર્શ, રસ, વર્ણ, ગંધ આદિ ગુણો તે વિશેષ છે. ધર્માસ્તિકાયમાં ગતિહેતુત્વ, અધર્માસ્તિકાયમાં સ્થિતિહેતુત્વ, કાળમાં વર્તના હેતુત્વ અને આકાશમાં અવગાહ હેતુત્વ, આ બધા ગુણો અસમાન છે. કેમકે બીજા દ્રવ્યમાં તે હોતા નથી. આ રીતે આત્મામાં અસમાનપણું છે. (૩) સમાનપણું અને અસમાનપણું એક સમયમાં બન્ને સાથે આત્મામાં છે. આત્મામાં સાધારણગુણો અને અસાધારણગુણો બન્ને સાથે છે. અસ્તિત્વગુણ અને જ્ઞાનગુણ સ્વભાવે પૃથક્ હોવા છતાં એકી સાથે એક જ દ્રવ્યમાં છે માટે સમાન-અસમાનપણું છે એવા ત્રણ પ્રકારના ભાવો ધારી રાખે એવો આત્મા છે.

અસ્તિત્વપણે આત્માને સરખાપણું છે અને જ્ઞાનપણે અસરખાપણું છે. માટે આત્મામાં કાળભેદ છે, એમ નથી. જીવ સાડા ત્રણ હાથમાં અસ્તિપણે વ્યાપ્યો હોય છે અને એક પરમાણુ એક પ્રદેશમાં અસ્તિત્વપણે હોય, એમ અસ્તિપણે હોવા છતાં આત્મામાં જ્ઞાન છે અને જડમાં જ્ઞાન નથી માટે કાળભેદ છે, એમ નથી. સર્વજ્ઞશક્તિનો ધરનાર આત્મા અને એક પરમાણુ અસ્તિપણે સમાન છે. આકાશ અનંતપ્રદેશી છે અને આત્મા અસંખ્યપ્રદેશી છે પણ અસ્તિપણે સમાન છે. વસ્તુપણે સમાન છે છતાં જ્ઞાન અને આનંદની અપેક્ષાએ પરના જેવો આત્મા નથી એ અસમાનપણું છે. (૧) સમાનપણું (૨) અસમાનપણું (૩) સમાનાસમાનપણું. એ ત્રણે ભાવો આત્મામાં ત્રિકાળ

છે કેમકે આત્મામાં સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણ ધર્મત્વ શક્તિ છે માટે તે ભાવો પરના કારણે નથી.

આત્માનું અસ્તિત્વ તો પોતાના કારણે છે પણ જ્ઞાન, દર્શન આદિ શક્તિઓ પણ પોતાના કારણે ટકે છે, તેને કોઈ પરનો ટેકો મળે તો ટકે—એમ નથી. દેવ, ગુરુ, શાસ્ત્ર હોય તો આત્માના વિશેષ ગુણો ટકે—એમ નથી, આત્માનો અધિષ્ઠાતા બીજો કોઈ ભગવાન નથી. પણ પોતાની શક્તિના કારણે આત્મા છે. જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. વિકલ્પના કારણે તે શક્તિ નથી. તે વિકલ્પનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. વ્યવહાર ઉત્પન્ન થયો તેને છોડે કેવી રીતે? અને નથી તેને છોડે કેવી રીતે? આત્મા સ્વભાવનું લક્ષ કરે ત્યારે વ્યવહારનો વિકલ્પ ઊઠતો નથી, એને નાશ કર્યો એમ કહેવામાં આવે છે.

છે-છે-છે એમ જ્યાં ને ત્યાં અસ્તિની ધામધૂમ છે. તે અસ્તિપણામાં જ્ઞાન, દર્શન, આનંદ વગેરે અસમાન શક્તિઓ છે. એમાંથી એક જ્ઞાનશક્તિ જુદી પાડીને જાણતાં વિકલ્પ થાય છે, તે વિકલ્પ ચારિત્રગુણની વિકારી પર્યાય છે. અનંત ધર્માત્મક દ્રવ્ય સામું જોતાં તેનો અભાવ થાય છે. સ્વભાવની રુચિ કરતાં વિકારની રુચિ રહેતી નથી. દ્રવ્યની દ્રષ્ટિ કરતાં ધર્મ થાય છે. એક સમયમાં ત્રણભાવો ધારણ કરે તેવો સ્વભાવ મારો છે, તે મારે લઈને છે પણ વ્યવહારને લઈને નથી. જેમ છે તેમ પહેલાં હકાર તો લાવ! નકાર કરીને જઈશ ક્યાં? હીરામાણેક જોઈતા હોય તો જ્યાં ભંડાર પડ્યો છે તેનો હકાર લાવે તો હીરા માણેક મળે પણ નકાર લાવ્યે મળે નહિ તેમ આત્મા હોવાપણા ઉપરાંત અસાધારણશક્તિ જે જ્ઞાનનો અવતાર છે—તેનો ભરોસો લાવ, તે ભરોસો રાગને ઉડાડી દે છે. સ્વભાવ સંપન્ન ભગવાન આત્મા છે—એનો વિશ્વાસ કર અને પુણ્યની તથા રાગની રુચિ છોડ. એ જ ધર્મ છે.

***

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(પોષ વદ ૧, રવિવાર, ૨૦૦૮, તા. ૧૩-૧-૫૨)**

**(આ પ્રવચનનું રેકોર્ડિંગ રીલ લેવાયું છે.)**

આત્મામાં અનંત શક્તિઓ છે સુડતાલીસ શક્તિઓ દ્વારા આત્માનું વર્ણન કરીને સારરૂપ માખણ કાઢે છે કે અનંતશક્તિઓનો પિંડ એક દ્રવ્ય છે. એનું વલણ કરવું ને પરનું વલણ છોડવું, તે સાર છે.

### (૨૬) સાધારણ-અસાધારણ, સાધારણાસાધારણ ધર્મત્વશક્તિ.(ચાલુ)

છવીસમી શક્તિ ચાલે છે. આત્મા શાશ્વત છે તો તેની શક્તિઓ પણ શાશ્વત છે, એના સામું જુએ તો સમ્યગ્દર્શન-જ્ઞાન થાય. આત્મતત્ત્વ અનંત

શક્તિનો પિંડ છે. તેનો જેને આદર નથી, પણ પુણ્ય-પાપનો આદર છે તે સંસારમાં રખડે છે, એને અંતરનો વિશ્વાસ ન આવતાં બહારનો વિશ્વાસ પ્રસિદ્ધ છે. પાણીમાં અમુક પ્રકારની ગોળી નાખે અને ઝાડ થાય એનો વિશ્વાસ લાવે, પણ આત્મા અનંત શક્તિવાન છે—તેનો વિશ્વાસ કરતો નથી. ‘‘તું’’ રાગાદિ જેટલો નથી. ‘‘છે’’ તે નવો થાય નહિ અને તેનો નાશ પણ થાય નહિ.

વસ્તુ છે તેનામાં શક્તિઓ પણ છે. એક જ અસ્તિત્વ શક્તિ નથી પણ અનંતી પર્યાયો દેખાય છે તો શક્તિઓ પણ અનંત છે, એમ નક્કી કર. પર્યાય હોવા છતાં કોનું વલણ કરવાથી શાંતિ થાય? તે કહે છે. જગતમાં આત્મા શાશ્વત આનંદાનંદ પ્રસિદ્ધ છે. જો આનંદ પામવો છે તો તે ક્યાંથી લાવીશ? તે શક્તિ અંતર આત્મામાં પડી છે. તેમાંથી તે આવશે, માટે નિજાનંદ પરમાત્મસ્વરૂપ આત્માનો ભરોસો કર.

## (૨૭) અનંત ધર્મત્વશક્તિ.

વિલક્ષણ અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંત ધર્મત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે, જ્ઞાનનું લક્ષણ જાણવું, શ્રદ્ધાનું લક્ષણ પ્રતીતિ કરવી, પ્રમેયત્વનું લક્ષણ જણાવવું. અગુરુલઘુત્વનું લક્ષણ બીજા ગુણ કે દ્રવ્યરૂપે ન થવું, એવા ભિન્ન-ભિન્ન લક્ષણવાળા અનંત સ્વભાવો આત્મામાં છે, લક્ષણભેદે ભેદ હોવા છતાં એ અનંત સ્વભાવોથી થયેલો એક એવો અભેદ ભાવ જેનું લક્ષણ છે–તે અનંત ધર્મત્વશક્તિ છે. અસંખ્ય પ્રદેશોમાં અનંતધર્મો રહેલા છે. ત્યાં એક પ્રદેશમાં પણ તે બધા ધર્મો રહેલા છે. એક પ્રદેશમાં જે ધર્મો વ્યાપેલા છે તે જ અસંખ્ય પ્રદેશોમાં પણ છે. અનંત ગુણોરૂપી સમાજ વિલક્ષણ હોવા છતાં એકભાવરૂપે ટકાવી રાખનાર અનંત ધર્મત્વશક્તિ એક છે.

પ્રવચનસારમાં સુડતાલીસ નયનું વર્ણન કરતાં જે ધર્મોનું વર્ણન કર્યું છે, તેમાં તો પર્યાયધર્મ પણ લીધો છે. અહીં તો જે સુડતાલીસ ત્રિકાળી શક્તિ પ્રસિદ્ધ છે, તેની વાત લીધી છે. અનંતધર્મને એકરૂપે રાખ્યા છે તેવી અનંત ધર્મત્વશક્તિ આત્મામાં છે, તેના કારણે અનંતધર્મ એક સંપરૂપે રહે છે. કોઈ સારા સગા મળ્યા હોય તો એકાકારપણું બતાવે છે છતાં તેઓ ત્રણકાળમાં એકરૂપ થતા નથી. અહીં તો કહે છે કે અનંત શક્તિઓ જે લક્ષણભેદે ભેદ છે પણ ક્ષેત્રભેદે ભેદ નથી. અનંતશક્તિવાળો આત્મા પોતે છે એનો ભરોસો અજ્ઞાનીને આવતો નથી, વિષ્ટાના ટોપલામાં દવા નાખે અને શીરો બનાવી આપે, એવી દવાનો ભરોસો આવે પણ એનો જાણનાર તેની પ્રતીતિ કરે નહિ. તે વિષ્ટામાંથી જે શીરો થયો તે દવાના કારણે થયો નથી. તે પરમાણુમાં તેવી યોગ્યતા હતી, તેના કારણે થયો છે, દવા તો નિમિત્ત

માત્ર છે. તેમ આત્મામાં અનંત શક્તિઓ ભરેલી છે, એમાંથી સિદ્ધદશા થાય છે.

અનંત ધર્મત્વશક્તિ અંદરમાં છે. બહારથી આવે એમ નથી, ભંગારના વાસણોમાં કોઈ એક એવું વાસણ હોય કે એને સાફ કરવાથી ઝગમગાટવાળું થાય છે. તે તેજ ક્યાંથી આવ્યું ? એમાં હતું ત્યાંથી આવ્યું છે. તેમ આત્મામાં અનંત સિદ્ધો જે ભોજન કરી રહ્યા છે તે અમૃત ભોજન ભર્યાં છે, સાદિ-અનંત પર્યાય પ્રગટે છે તે આત્મામાંથી પ્રગટ થાય છે. બહારથી આવતી નથી. એવી શક્તિ આત્મામાં ત્રિકાળ છે. તેનો ભરોસો લાવે નહિ અને તેના માટે વખત પણ મેળવે નહિ; તો તેને કહે છે કે ભાઈ! આત્મામાં પહેલી પર્યાય હતી અને બીજી પર્યાય થઈ તો એમાં કાંઈ ફેર પડે છે ? પડે છે તો તે ફેર આવ્યો ક્યાંથી ? આ ધમાધમ મૂકીને જરા શાંત થઈને વિચાર કર, બધી ચિંતાનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરે એવો આત્મા છે. સુપ્રસિદ્ધ, વિશુદ્ધ, પ્રસિદ્ધ આત્મા છે. તેમાં અનંત ધર્મત્વ શક્તિ છે તેના કારણે પર્યાય પૂર્ણતાને પામે છે. ભગવાન અમૃતચંદ્ર આચાર્યદેવે આ શક્તિઓનું વર્ણન કરીને સમયસાર ઉપર કળશ ચડાવી દીધો છે.

## (૨૮) વિરુદ્ધ ધર્મત્વશક્તિ.

તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધ ધર્મત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આત્મામાં અનંતશક્તિઓ તદ્રૂપ છે અને આત્મા સિવાય પરજ્ઞેયોથી તે અતદ્રૂપ છે. પરજ્ઞેયમાં આત્મા એકમેક થયો નથી. એમ એક વસ્તુમાં બે વિરુદ્ધ ભાવોરૂપ એક શક્તિ છે. આત્મા વિકારથી પણ તદ્રૂપ થયો નથી, જો તેનાથી તદ્રૂપ થાય તો વિકાર રહિત કદી થઈ શકે નહિ માટે આત્મા તદ્રૂપ અને અતદ્રૂપ એવી વિરુદ્ધ ધર્મત્વશક્તિવાળો છે, એમ નક્કી કર.

જગત પોકાર કર છે કે એક વસ્તુમાં બે વિરુદ્ધ ભાવ કેમ હોઈ શકે? જે તદ્રૂપ હોય તે અતદ્રૂપ કેમ હોય? તો કહે છે કે અરે ભાઈ! તું ખ્યાલ તો કર કે કઈ અપેક્ષાએ આ છે? આત્મા પર અને વિકારરૂપે કદી થતો નથી એ અપેક્ષાએ અતદ્રૂપ છે. પર્યાયબુદ્ધિથી સંસાર પોતાનો છે એમ માને પણ આત્મા સંસારરૂપે કદી થયો નથી. વેપારમાં કે નાટક-સિનેમા જોવા જાય તો ત્યાં અજ્ઞાની એકાકાર થઈ જાય છે. વિકાર એક સમય પૂરતો છે. તે રૂપે આત્માનો સ્વભાવ કદી થયો નથી, આત્મા જ્ઞાનાનંદથી તદ્રૂપ છે—એમાં ફેર પડ્યો નથી. વિરુદ્ધ ધર્મત્વશક્તિ આત્મામાં છે–એ વાત અજ્ઞાનીને બેસતી નથી. પણ આ શક્તિને જેમ છે તેમ યથાર્થપણે જાણે અને એનો વિશ્વાસ કરે તો અવિરુદ્ધધર્મ પ્રગટે છે એટલે કે તેના આત્મામાં સમતા થાય છે.

આત્મા અનંતકાળ નિગોદમાં રહ્યો. ત્યાં પણ વિકારમાં કે પરમાં તદ્રૂપ થયો નથી. નારકીમાં શીત અને ઉષ્ણતા ઘણી હોય છે છતાં ત્યાં પણ પોતાના શુદ્ધતત્ત્વ સામું જુએ તો પોતાથી તદ્રૂપપણું છોડ્યું નથી અને વિકારમાં તદ્રૂપ થયો નથી. આ કોને કહે છે? કેવળી, મુનિઓને નહિ પણ વસ્તુને અનેકાન્તપણે જે સમજ્યા નથી—તેને કહે છે. આત્મા છે, તેમાં વિરુદ્ધ ધર્મત્વશક્તિ ન હોય તો આત્મા પરરૂપ થઈ જાય અને પોતે રહે નહિ. પણ આત્માએ પોતાનું તદ્રૂપપણું કદી છોડ્યું નથી અને પરથી એકરૂપ કદી થયો નથી. આત્મામાં વિરુદ્ધ ધર્મત્વશક્તિ ત્રિકાળ છે.

## (૨૯) તદરૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ.

તતરૂપ હોવારૂપ અથા તત્સ્વરૂપ પરિણમનરૂપ એવી તત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન ચેતનપણે રહે છે—પરિણમે છે. અઠ્યાવીસમી શક્તિમાં તદ્રૂપ-અતદ્રૂપ વિરુદ્ધ ધર્મત્વશક્તિ કહી હતી. તે તદ્રૂપ અને અતદ્રૂપ બંન્ને ભાવને બે શક્તિ દ્વારા જુદા પાડીને કહે છે. આત્મામાં જ્ઞાનદશા-આનંદદશારૂપે પરિણમવાનો સ્વભાવ છે. વર્તમાન પર્યાયમાં રાગ હોય તે વખતે પણ તેની ગૌણતા કરીને આત્મામાં રાગરૂપે પરિણમવાની શક્તિ નથી, એમ કહે છે. સંસારપણે પર્યાયમાં પરિણમવાની યોગ્યતા છે પણ સંસારપણે પરિણમવાની આત્મામાં ત્રિકાળ શક્તિ નથી. પર્યાયમાં રાગ થાય છે તે આત્માનું લક્ષણ નથી કારણ કે તે રાગનો અભાવ થાય છે પણ જ્ઞાનનો અભાવ થતો નથી. આત્મામાં પોતારૂપે પરિમણવાની તત્ત્વશક્તિ ત્રિકાળ છે.

કોઈ એમ કહે કે સંસારમાં સ્ત્રી, કુટુંબ આદિની ઉપાધિ હોય તે માણસ આવી ઊંચી વાત કેમ સમજી શકે? તો કહે છે કે ભાઈ, સ્ત્રી, કુટુંબ, પૈસા આત્મામાં પેસી ગયા નથી. પરના કારણે આત્મા રોકાતો નથી, પણ પોતે એક સમયની પર્યાયમાં કલ્પનાના ઘોડા ઊભા કરે છે, પણ તે વિકલ્પના ઘોડારૂપે આત્મા તન્મય થયો નથી. આત્મા પોતાના જ્ઞાન સ્વભાવની મર્યાદાને છોડતો નથી, આત્માની પર્યાયમાં ગમે તેવા વિકલ્પના ઘોડા ઘડે-ધમપછાડા કરે પણ આત્મામાં તે પેસી જતા નથી, બારણા બંધ કરે છતાં એમાં ભૂતડું પેસી શકે પણ આત્મામાં રાગ-દ્વેષરૂપી ભૂતડું કદી પેસી શકતું નથી. આત્માનો સ્વભાવ તદ્રૂપ-જ્ઞાનરૂપ થવાનો છે પણ રાગરૂપે થવાનો નથી, એવી તત્ત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે.

## (૩૦) અતદ્રૂપ ભવનરૂપ એવી અતત્ત્વશક્તિ.

તત્સ્વરૂપ ન હોવારૂપ અથવા તત્સ્વરૂપે નહિ પરિણમવારૂપ અતત્ત્વશક્તિ, આત્મામાં છે. આ શક્તિથી ચેતન જડરૂપ થતો નથી. ભવનરૂપ શબ્દ વધારીને એટલે કે પરિણમવારૂપ કહીને આ બન્ને શક્તિને

અઠ્યાવીસમી શક્તિથી જુદી પાડી છે. આત્મા રાગના ભવનરૂપ કદી થયો નથી. જો તે રાગરૂપે થાય તો જડ થઈ જાય. કેમકે રાગ તે અજાગ્રત સ્વભાવ છે. આત્મા જાગ્રત સ્વભાવવાળો છે. તેનો રાગરૂપે નહિ થવાનો સ્વભાવ છે. અચેતન પદાર્થરૂપ નહિ થવારૂપ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. પરરૂપે તો આત્મા કદી થયો નથી, પણ વિકાર એક સમયનો છે—તે રૂપે પણ થયો નથી. રાગ અને વિકારની પર્યાય તે વ્યવહારનયનો વિષય છે. તે હેય છે, ઉપાદેય નથી. વિકાર તે આત્માનો સ્વભાવ નથી, માટે તે અતદરૂપ છે. એ રીતે આત્મા અતત્ત્વશક્તિવાળો છે, એક સમયના વિકારની હેયબુદ્ધિ બતાવી, તેને ગૌણ કરી, ત્રિકાળ સ્વભાવ ઉપાદેય છે—એમ બતાવે છે, હું મારાપણે રહેવારૂપ છું, કામ, ક્રોધ, મિથ્યાત્વ, અજ્ઞાન, ભ્રાન્તિને સેવીને અનાદિથી મરી ગયો છે, તેને કહે છે કે તું તો ત્રિકાળ ચૈતન્યજ્યોતિરૂપ છો.અચેતનરૂપે એટલે કે વિકારરૂપે કદી થયો નથી.

## (૩૧) એકત્વશક્તિ.

અનેક પર્યાયમાં વ્યાપક એવા એક દ્રવ્યપણારૂપ એકત્વશક્તિ, આત્મામાં છે. આત્મામાં નવી નવી અનેક પર્યાયો થાય છે. માટે આતમા ખંડ ખંડ થાય છે એમ નથી. પુણ્ય-પાપ આદિની પર્યાયમાં અનેકરૂપ આત્મા થતો નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણોની શુદ્ધ પર્યાય થાય–એમાં એકપણે ટકવું-રહેવું તે એકત્વ છે. અનંત ગુણની અનંત પર્યાય છે માટે દ્રવ્ય અનંત થઈ જાય છે–એમ નથી. અનેક પર્યાયમાં વ્યાપક એક દ્રવ્યમાં-એક દ્રવ્યપણે રહેવું તે એકત્વ છે. અનંતગુણની અનંતપર્યાય છે માટે દ્રવ્ય અનંત થઈ જાય—એમ નથી, અનેક પર્યાયમાં વ્યાપક એક દ્રવ્યમાં-એક દ્રવ્યપણે રહેવું—તે એકત્વશક્તિવાળો આત્મા છે. અનંત પર્યાયો હોવા છતાં દ્રવ્યપણે એક છે, તે અનેકાંત છે. ગુણ-પર્યાયો અનેક હોવા છતાં આત્મા અનેકરૂપે થતો નથી, પણ એકપણે રહે છે. એક સમયમાં અનંતગુણની અનંત પર્યાયોમાં વ્યાપવું તે એક દ્રવ્યપણારૂપ એકત્વશક્તિ છે. દ્રવ્ય પોતે તેમાં વ્યાપ્યું છે. અન્ય દ્રવ્યો વ્યાપતા નથી, સળંગ એક દ્રવ્ય બધી પર્યાયમાં વ્યાપે છે.

અનંતગુણ અને પર્યાયોનો કરિયાવર આત્માને છે, જેમ દીકરીના લગ્ન વખતે તેને આપવાનો કરિયાવર પાથરે તે બધા જોવા જાય છે, તેમ જેને આત્માના લગ્ન મુક્તિરૂપી સ્ત્રી સાથે કરવાં હોય એટલે કે જેને મોક્ષમાં જવું હોય તેને આત્માનો કરિયાવર અહીં દેખાડે છે. આ જે અનંતશક્તિરૂપ કરિયાવર છે, તેને સમજ્યા વગર મોક્ષમી પ્રાપ્તિ થતી નથી. એક દ્રવ્ય તેના અનંત ગુણ અને પર્યાયોને પહોંચી વળે એવું છે. એક દ્રવ્યનું અભેદપણું બતાવે છે. આ શક્તિ આત્મામાં અનાદિ અનંત છે.

# (૩૨) અનેકત્વશક્તિ.

એક દ્રવ્યથી વ્યાપવાયોગ્ય જે અનેક પર્યાયો તે-મયપણારૂપ અનેકત્વશક્તિ આત્મામાં છે. આત્મા વસ્તુ એક છે અને એનાથી થવાયોગ્ય પર્યાયો અનેક છે. રાગની પર્યાયો કે વ્યવહાર રત્નત્રયની પર્યાયો થાય છે તે આત્માથી થાય છે—એમ માને તો તે ખોટું છે. કેમકે આત્મામાં વિકારી અનેક પર્યાયોમાં વ્યાપવું એવી શક્તિ નથી.પણ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિની પર્યાયો દ્રવ્યથી થાય છે, તેમાં તે વ્યાપે છે. દેવ-ગુરુ-શાસ્ત્રથી તે પર્યાયો થતી નથી અને રાગાદિની પર્યાયો દ્રવ્યમાં વ્યાપીને થઈ નથી —એમ પર્યાયદ્રષ્ટિ છોડાવવા આ શક્તિનું વર્ણન કર્યું છે. એક આત્મા તેની અનેક શુદ્ધ પર્યાયમાં વ્યાપે છે પણ પરની કે વિકારની પર્યાયામાં તે વ્યાપતો નથી. એવી અનેકત્વ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. એમ બત્રીસ શક્તિઓનું વર્ણન થયું.

***

# <u>પ્રસાદ નં. ૮૪</u>

## <u>શ્રી સમયસાર પરિશિષ્ટ</u>

(પોષ વદ ૨, શનિવાર, ૨૦૦૮, તા. ૧૪-૧-૫૨)

(આ પ્રવચનનું રેકોર્ડિંગ રીલ લેવાયું છે.)

સુડતાલીસ શક્તિનું વર્ણન ચાલે છે. એમાં બત્રીસમી શક્તિ ચાલે છે, આત્મા અનંત શક્તિનો પિંડ છે. વસ્તુ એક અને શક્તિ અનેક હોય તો જ શક્તિવાન એવો આત્મા નક્કી થાય છે. વસ્તુ એક અને શક્તિ એક હોય તો વસ્તુ અને ગુણમાં કાંઈ ભેદ રહેતો નથી. પણ વસ્તુ એક અને શક્તિ અનેક છે—એમ અનેકાંતમય વસ્તુ છે.

છેલ્લે એકત્રીસમી શક્તિનું વર્ણન કર્યું હતું. તેમાં આવ્યું હતું કે એક દ્રવ્યમય એકત્વ શક્તિ છે, તે એક છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં એકપણું જાળવી રાખે એવી એકત્વ શક્તિ છે. અનેક ગુણ-પર્યાય હોવા છતાં દ્રવ્ય એકપણું છોડતું નથી એવી એકત્વશક્તિ આત્મામાં છે. બત્રીસમી શક્તિમાં કહ્યું કે અનેકત્વશક્તિ આત્મામાં ન હોય તો ગુણ-પર્યાયનું અનેકપણું બને નહિ પણ આત્મામાં અનેકત્વશક્તિ છે તેથી ગુણ-પર્યાયનું અનેકપણું નક્કી થાય છે, આમાં કોઈ પરની સાથે સંબંધ રહેતો નથી. એકપણું અને અનેકપણું આત્માનો અનેકાંત ધર્મ છે.

### <u>(33) વિદ્યમાન અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ.</u>

અમુક અવસ્થા જેમાં વિદ્યંમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ આત્મામાં છે. કોઈ કહે કે આત્મામાં અવસ્થા થાય છે તે કોઈ બીજાને લઈને થાય છે; તો એમ નથી. કેમકે આત્મા વસ્તુ છે, તે વિદ્યમાન અવસ્થાવાળો છે. એવી ભાવશક્તિ ત્રિકાળ છે. આ શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે, તેથી આત્મા હોય અને તેની અવસ્થા ન હોય એમ બને નહિ. આત્મામાં અવસ્થા થાય છે એ બરાબર છે પણ અશુદ્ધ અવસ્થા કે શુદ્ધ અવસ્થા થાય છે તે કર્મના નિમિત્તે અગર તો કર્મના અભાવના કારણે થાય છે—એમ કોઈ કહે તો તે પણ ખોટું છે. આત્મામાં ભાવશક્તિ ત્રિકાળ છે. માટે <u>તેમાં વિદ્યમાન—હયાતી ધરાવતી અવસ્થા હોય છે.</u> પરના કારણે તે અવસ્થાને જે માને તે આત્મામાં ભાવશક્તિ છે, એને માનતો નથી. આત્મામાં શક્તિ ન હોય ને અવસ્થા થાય એમ બને નહિ અને પરને લઈને માને તો વસ્તુનો અભાવ થાય છે. જ્યારે જુઓ ત્યારે વિદ્યમાન અવસ્થાવાળું દ્રવ્ય છે કેમકે દ્રવ્યની ભાવશક્તિ અનાદિઅનંત છે, તે શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. માટે અવસ્થા વગરનું દ્રવ્ય હોતું નથી. અવસ્થા વગર ગુણ નહી

અને ગુણ વગર દ્રવ્ય નહીં માટે ભાવશક્તિ એ ત્રણેને ટકાવી રાખેલ છે. કેવળજ્ઞાનની અવસ્થા કેવળજ્ઞાનાવરણીય કર્મના અભાવના કારણે નથી, સિદ્ધ જીવો અવસ્થારૂપે પરિણમે છે, તે કાળ છે માટે પરિણમે છે, એમ નથી. કેમકે કાળના કારણે સિદ્ધ અવસ્થા નથી પણ આત્મામાં ભાવશક્તિ છે તે કારણે તે અવસ્થા છે, કાળલબ્ધિના કારણે સમ્યગ્દર્શન કે મોક્ષની પર્યાય છે—એમ નથી પણ ભાવશક્તિના કારણે છે.

આ શક્તિનો ભરોસો કરે તો દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્મા સ્વતંત્ર છે અને પરતંત્રતાની આત્મામાં ગંધ નથી એમ નક્કી થાય, કોઈ કહે કે આત્મામાં ઉપાદાનશક્તિ તો ત્રિકાળ પડી છે પણ નિમિત્ત આવે તો પ્રગટ થાય; તો તે વાત ખોટી છે કેમકે આ ભાવશક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. દ્રવ્ય-ગુણ હોય અને પર્યાય ન હોય એમ બને નહિ. પૂર્વે પર્યાય ન હતી એની વાત નથી પણ અહીં તો વર્તમાન વર્તમાનની વાત છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. તે કોઈએ ગોઠવ્યું નથી, પરને લઈને શક્તિઓ હોય તો વસ્તુપણું જ રહે નહિ.

## (૩૪) શૂન્ય અવસ્થાપણારૂપ અભાવશક્તિ.

અમુક અવસ્થા જેમાં અવિદ્યમાન હોય એવાપણારૂપ અભાવશક્તિ આત્મામાં છે. **કર્મના ઉદયની અવસ્થાનો આત્મામાં અભાવ છે.** જો વસ્તુ પરના અભાવરૂપ ન હોય તો પરનો ભાવ પોતામાં આવી જાય અને એમ થતાં સ્વભાવનો અભાવ થાય, શરીરાદિની અવસ્થા વિદ્યમાન છે, તેનો આત્મામાં અભાવ છે. આત્મદ્રવ્યમાં પરનો અભાવ ન હોય તો પર્યાયમાં અભાવપણું ન થાય. જ્યારે જુઓ ત્યારે અભાવ શક્તિ આત્મામાં બિરાજમાન છે. તે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. માટે આત્મા પરના અને રાગના પણ અભાવરૂપ જ છે. આ શક્તિની ના પાડે તો સર્વજ્ઞશક્તિનો અભાવ થાય છે. આત્મામાં સંસારનો અભાવ છે એવી શક્તિનો ભરોસો કરે તો પર્યાયમાં સંસારરહિત થવાય છે.

આત્મામાં પરની અવસ્થાનું શૂન્યપણું છે અને પર્યાયમાં રાગાદિરૂપ જે સંસાર છે તે ત્રિકાળી શક્તિમાં નથી. એ રીતે સંસાર દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણમાં હયાતી ધરાવતો નથી. કેમકે આત્મામાં જે અભાવશક્તિ છે તે ત્રણેમાં વ્યાપી છે. આ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. છતાં અન્યમતવાળાની વાત માને તો તેને સમ્યગ્દર્શન તો નથી પણ તેની વ્યવહારશ્રદ્ધા પણ સાચી નથી. એને આ શક્તિની પ્રતીતિ યથાર્થ થતી નથી, કેમકે તેને હજી ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ નથી. આવી અનંતશક્તિથી પરિપૂર્ણ આત્મપદાર્થ છે. તેમાં પરના અભાવરૂપ એક ભાવ છે. સસલાના

શિંગડાની જેમ તુચ્છ અભાવ નથી. આત્મામાં આ અભાવશક્તિ ત્રિકાળ છે. તેના કારણે તે પરરૂપ કદી થતો નથી.

## (૩૫) ભવતા પર્યાયના વ્યયરૂપ ભાવાભાવશક્તિ.

એક એક સમયની પર્યાય કાયમ વર્તે છે—પરિણમે છે, સાધકનો કે સિદ્ધનો પર્યાય થાય છે તે કાયમ રહે નહિ કેમકે તે પરિણામ તો પર્યાયભાવ છે. તે ભાવનો બીજા સમયે અભાવ થાય છે. એવી ભાવાભાવ શક્તિ આત્મામાં ત્રિકાળ છે; એમ ન હોય તો ધારાવાહી પરિણમન રહે નહિ. જ્ઞાતાની વર્તમાન પર્યાય છે તે ભાવરૂપ છે, એનો અભાવ ન થાય તો જ્ઞાતાનું પરિણમન રહે નહિ. દ્રવ્ય-ગુણનો કાળ ત્રિકાળ છે અને પર્યાયનો કાળ એક સમયનો છે.

ત્રિકાળ રહે તે સત્ હોય પણ એક સમયની પર્યાય સત્ કેમ હોય? એમ પ્રશ્ન થાય તો તેને કહે છે કે એમ નથી, જેમ ત્રિકાળી સત્ છે તેમ પર્યાય પણ સત્ છે. પર્યાય પણ ભાવરૂપ છે ને ભાવશક્તિ વખતે પણ આ ભાવાભાવશક્તિ સાથે રહેલી છે. તે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. આ શક્તિ ન હોય તો દ્રવ્ય-ગુણ પલટે નહિ પણ કૂટસ્થ થઈ જાય. એકાંત નિશ્ચયને માનનારા પર્યાયને માનતા નથી. તે નિશ્ચયાભાસી છે. ગૃહીત મિથ્યાદ્રષ્ટિ છે. જ્યાં ગૃહીત મિથ્યાત્વ હોય ત્યાં અગૃહિત તો હોય જ છે.

જો ભાવશક્તિ ન હોય તો દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેનો અભાવ થાય, અભાવશક્તિ ન હોય તો પરમાં ભળી જાય અને ભાવાભાવશક્તિ ન હોય તો ધારાવાહી અતૂટ પરિણમન ન રહે. દ્રવ્ય ગુણ કાયમ રહે અને પરિણમન કાયમ ન હોય એમ બને નહિ કેમકે ભાવાભાવ શક્તિ ત્રણેમાં વ્યાપી છે. માટે પરિણમન ધારાવાહી રહે છે. જો એમ ન હોય તો ત્રણેનો નાશ થાય છે.

## (૩૬) નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ અભાવભાવશક્તિ.

જુઓ, અહીં એક એક સમયની પર્યાયની વાત કરીને કહે છે કે જે પર્યાય વર્તમાનમાં થતી નથી એવી પર્યાયનો ઉદય થવો તે અભાવભાવશક્તિ છે. તે આત્મામાં ત્રિકાળ છે. વર્તમાનમાં જે ભાવ નથી એ ભાવ થશે, તે શક્તિ પોતાની છે; કર્મના અભાવના કારણે પ્રગટ થશે એમ નથી, વર્તમાનમાં મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્દર્શનનો ભાવ પ્રગટ થશે. તે કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રના કારણે થાય છે, એમ નથી પણ આત્મામાં પોતામાં શક્તિ છે માટે થશે. વળી એકલી પર્યાયમાં આ શક્તિ છે માટે થાય છે, એમ પણ નથી કેમકે આ શક્તિ તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. આત્મા અનંતશક્તિથી ભરપૂર ભરેલો દરિયો છે, એવો ખ્યાલ ન આવે ત્યાં સુધી

વ્યવહાર શ્રદ્ધા પણ થતી નથી તેને સ્વભાવમાં ઢળીને જ્ઞાનનું વેદન થાય નહિ.

આત્મામાં સર્વજ્ઞ શક્તિ છે તેની સાથે અનંત શક્તિઓ છે. સર્વજ્ઞ થવાને લાયક બધા આત્માઓ છે પણ વર્તમાનમાં એ પર્યાય નથી. સર્વજ્ઞ, સર્વદર્શી, પૂર્ણ વીર્ય, પૂર્ણ આનંદ વગેરેની પર્યાય વર્તમાનમાં પ્રગટ નથી. તે પ્રગટ થાય છે, તેવી અભાવભાવશક્તિ આત્મામાં વિદ્યમાન છે. સર્વજ્ઞ શક્તિની પ્રગટતા વર્તમાનમાં નથી પણ તે પ્રગટ થાય એવી અભાવભાવ શક્તિ વર્તમાન આત્મામાં છે. એવી પ્રતીતિ ન આવે તો તેણે આ શક્તિને માની નથી, અત્યારે નથી તે થવારૂપનો ગુણ આત્મામાં ત્રિકાળ છે.

આત્માની અરુચિવાળા ઘણા લોકો એમ કહે છે કે આવી ભંગજાળમાં પડવું રહેવા દો, આપણે તો આત્માનું કલ્યાણ કરો, એ એક જ વાત રાખો તો કહે છે કે તેનામાં વ્યવહારે પણ પાત્રતા નથી. આત્માને સર્વજ્ઞપણું વર્તમાનમાં નથી. તે કેમ પ્રગટ થાય? તે કહે છે. અનાદિથી આત્મામાં સર્વજ્ઞત્વશક્તિ પડી છે, તેની વર્તમાન પ્રગટતા નથી; તેને પ્રગટ કરે એવી અભાવભાવશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આત્મા એક સમયમાં કેવડો છે એની વાત કરી છે. પર્યાયમાં ઓછપ અને વિપરીતતા દેખાય છે, તેનો અભાવ કરવાની અને નથી એનો ઉદય કરવાની, આત્મામાં શક્તિ છે, આવી સુડતાલીસ શક્તિનું અહીં વર્ણન છે પણ આત્મામાં અનંત શક્તિઓ છે એને માને નહિ અને ખ્યાલ જ ન કરે તો તેને સમ્યગ્દર્શન થાય નહિ.

વર્તમાન પર્યાયમાં ક્ષાયિકભાવનો અભાવ વર્તે છે અને ક્ષાયોપશમિકભાવ તો વર્તે છે, હવે જો ક્ષયોપશમિકભાવના કારણે ક્ષાયિકભાવ થાય છે એમ માને તો આ શક્તિ એકલી પર્યાયની થઈ, પણ એમ નથી પણ આ અભાવભાવ શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે. એમ માને તો પર્યાય ઉપરની બુદ્ધિ છૂટી જાય. વર્તમાન પર્યાયનું સામર્થ્ય બીજી નવી પર્યાયને લાવે છે એમ માને તો આ શક્તિને જાણતો નથી. શક્તિને નહિ જાણનાર આત્માને પણ જાણતો નથી. તો તેને શક્તિના કહેનાર દેવ-ગુરુ-શાસ્ત્રની પણ એને શ્રદ્ધા નથી. કેમકે દેવ એમ કહે છે કે આ શક્તિ તારા ત્રણેમાં વ્યાપેલી ત્રિકાળ છે. ગુરુ પણ એમ જ કહે છે અને શાસ્ત્રમાં પણ એમ જ કથન છે. આ શક્તિને નહિ માનનાર, આત્મા, દેવ, ગુરુ, શાસ્ત્ર એમ ચારેને માનતો નથી.

આ શક્તિ એકલી પર્યાયની નથી. સર્વજ્ઞદશાની તેમજ સિદ્ધદશાની પાપ્તિ કરવી હોય તે દશા ક્યાંથી થશે? કે આત્મામાં અભાવભાવ શક્તિ ત્રિકાળ છે એનો ભરોસો કર્યે, તે દશા પ્રગટે એમ છે. બહારની ક્રિયાથી, રાગથી કે નિમિત્તથી તે દશા પ્રગટે એમ નથી. નહિ ઉત્પન્ન થયેલો ભાવ

ઉત્પન્ન કરવાની શક્તિ આત્મામાં છે. સંસાર છે તેનો અભાવ અને મોક્ષની ઉત્પત્તિ, મિથ્યાત્વનો નાશ અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, અલ્પજ્ઞતાનો નાશ અને સર્વજ્ઞતાની ઉત્પત્તિ થાય, એવી આત્મામાં અભાવભાવ શક્તિ ત્રિકાળ છે. એવી અનંતશક્તિનો પિંડ તે આત્મા છે, તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન આદિ પ્રગટ થાય છે.

અનંત શક્તિસંપન્ન આત્મસ્વભાવદર્શી
શક્તિશાળી સદ્‌ગુરુદેવનો જય હો.

***

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(આજે રેકોર્ડિંગ રીલ લેવાયું છે.)**

**(પોષ વદ ૩, મંગળવાર, ૨૦૦૮, તા. ૧૫-૧-૫૨)**

અહીં આચાર્ય ભગવાન શક્તિઓનું વર્ણન કરીને દ્રવ્યસ્વભાવનું વલણ કરાવવા માગે છે, કેમકે અનંત શક્તિઓ ભેગી છે અને અનંતશક્તિઓનું વર્ણન તે દ્રવ્યનું જ વર્ણન છે.

છત્રીસમી શક્તિમાં આવ્યું કે જે ભાવ વર્તમાનમાં નથી. તે ભાવ થશે એવી શક્તિ તે અભાવભાવ શક્તિ છે અને તે પહેલાં આવ્યું હતું કે વર્તમાન છે તે રહે નહિ એવી પણ શક્તિ તે વખતે જ આત્મામાં છે કેમકે પરિણામ એક સમયનો છે. આ શક્તિઓનું પરિણમન પરના કારણે નથી, વર્તમાન પર્યાયમાં વીતરાગતા અને કેવળજ્ઞાનનો અભાવ છે. પણ તેની પ્રગટતા કેમ થાય? તો કહે છે કે તે વ્યવહાર રત્નત્રયથી થાય એમ નથી, પણ આત્મામાં અભાવભાવશક્તિ પડી છે તે કારણે સર્વજ્ઞતા અને વીતરાગતાની પર્યાય થાય છે કેમકે આ શક્તિ દ્રવ્યગુણ પર્યાય ત્રણેમાં વ્યાપી છે.

### (૩૭) ભવતા પર્યાયના ભવનરૂપ ભાવભાવશક્તિ.

જુઓ, અહીં વર્તમાન વર્તતા-પરિણમતા પર્યાયની વાત કરી છે. તે પર્યાયભાવ ભાવરૂપ છે, વર્તમાનભાવ છે તે પછી પણ હોય કેમકે આ શક્તિ ત્રણેમાં વ્યાપી છે. એટલે કોઈ સમયે, તે ભાવ દ્રવ્ય વિના, ગુણ વિના કે પર્યાય વિના હોય નહિ, વર્તમાન ભાવને ભવિષ્યપણે અને ભૂતકાળના ભાવને વર્તમાનપણે રાખે છે તે ભાવાભાવ શક્તિ છે. જે ભાવ ભૂતકાળમાં હતો તે ભાવ વર્તમાનમાં છે, અને ભવિષ્યકાળમાં પણ તે ભાવ રહેશે. એક ભાવ છે ત્યાં અનંતાભાવ છે અને અનંતાભાવ છે ત્યાં એકભાવ છે. એક ભાવ હોય ત્યાં બીજો ભાવ ન હોય એમ બને નહિ. એકભાવમાં બીજો ભાવ પડેલો છે. આટલું સ્પષ્ટ હોવા છતાં લોકો ઝઘડા કરે છે તે એમની અણસમજણ છે. આત્મામાં ભાવભાવશક્તિ ત્રિકાળ છે માટે વર્તમાનભાવ છે,

તે ત્રિકાળ છે. ક્ષેત્રભેદ નથી, કાળભેદ નથી, દ્રવ્યના એક ભાવમાં અનંતા દ્રવ્યભાવ પડ્યા છે. એક ગુણમાં અનંતા ગુણભાવ પડ્યા છે. એવી શક્તિ સામું જુએ તો દ્રવ્યભાવની પ્રતીતિ થાય.

## (૩૮) નહિ ભવતા પર્યાયના અભવનરૂપ અભાવાભાવશક્તિ.

આત્માની વર્તમાન પર્યાયમાં કર્મ, શરીરાદિ પરપદાર્થોનો અભાવ છે તે ત્રિકાળ રહેવાનો, તે અભાવાભાવ શક્તિ આત્મામાં છે. કદી પરના ભાવરૂપે આત્મા થાય એવો તેનો સ્વભાવ નથી. પહેલાં અભાવશક્તિની વાત આવી ગઈ છે, પણ અહીં તો અભાવાભાવ શક્તિ કહે છે. આત્મામાં પરનો ત્રણેકાળ અભાવ વર્તે છે તો હવે અભાવ કરવાનો રહેતો નથી, સંસારની પર્યાયનો એટલે કે વિકારનો વર્તમાન અભાવ છે તે ત્રિકાળ અભાવ રહે છે, તોપછી કર્મ કે રાગનો હું અભાવ કરું, એવું વસ્તુસ્વરૂપમાં છે જ નહિ કેમકે અભાવાભાવ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. આ શક્તિ સામું જોતાં પર્યાયમાં રાગનો અભાવ થઈ જાય છે. તેનો અભાવ કરવો પડતો નથી. પરનો અભાવ કરવો પડે, એમ માનનાર અભાવાભાવ શક્તિને માનતો નથી.

કાયમ અભાવસ્વરૂપ છે તેનો અભાવ કરું—એ પર્યાયબુદ્ધિ છે. રાગનો થોડો અભાવ થયો છે પણ હવે તેનો ઘણો અભાવ કરું, તો એમ માનનાર અભાવાભાવ સ્વરૂપ જ આત્મા છે, તેને માનતો નથી, રાગના નિમિત્તોને છોડું તો રાગનો અભાવ થાય તે પણ પર્યાયબુદ્ધિ છે, એમાં સ્વભાવબુદ્ધિ થતી નથી. ઘણા લોકો ઉપદેશ દે છે કે સ્ત્રી છોડો, વસ્ત્ર છોડો, મકાન છોડો; પણ શું છોડવું છે? જેનો ત્રિકાળ અભાવ છે તેનો અભાવ કરવાની બુદ્ધિ થતાં અભાવાભાવ શક્તિનો અભાવ થાય છે. એટલે કે આ અભાવાભાવ શક્તિનો પ્રતીતિમાં અભાવ થાય છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં પરનો ત્રણેકાળ અભાવ છે. તો પછી આ છોડું અને આ છોડ્યું માટે મને ઠીક પડ્યું—એમ રહેતું નથી. પરને છોડવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે, જંગલમાં એકલો એકાંતમાં રહું તો પર્યાય વધે, એમ માનનાર પરનો અભાવ કરવાથી પોતાની પર્યાયને લાભ માને છે, પણ આત્મા પરરૂપે, શરીરરૂપે અને રાગરૂપે નહિ થયેલા રૂપ જ છે. તો અભાવ કરવાની બુદ્ધિ તે મિથ્યાત્વ છે.

અભાવાભાવ શક્તિ તે ટૂંકા સૂત્રરૂપે છે. તેમાં આચાર્ય ભગવાને ઘણું રહસ્ય સમાડી દીધું છે. આ શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં રહેલી છે. માટે આત્મામાં ત્રણેકાળે પરનો અભાવ છે. પચ્ચખાણ કરીને ભવિષ્યના રાગનો અભાવ કરીશ, તો એમ અભાવ થશે નહિ અને જ્ઞાનની પર્યાય વધારવા માગે છે, તે જ્ઞાનાવરણીય કર્મનો અને રાગનો અભાવ છે તેનો અભાવ કરવા માગે છે તે તો અભાવાભાવ શક્તિને જાણતો નથી. એમ કોઈપણ

ગુણની પર્યાય પ્રગટ કરવા માગે છે તો તે રાગ અને કર્મનો અભાવ કરવાની બુદ્ધિએ તે પર્યાય પ્રગટ થતી નથી પણ આત્માનો સ્વભાવ કાયમ પરના અભાવરૂપ જ છે; તેના સામું જોતા નિર્મળ પર્યાય પ્રગટે છે, ટકે છે અને વધે છે. આ અભાવાભાવ શક્તિ પરના કારણે નથી અને પરમાં નથી, તેથી નિમિત્ત કે રાગમાંથી આ શક્તિ આવતી નથી અને આ શક્તિ એક પર્યાયમાં પણ સમાપ્ત થતી નથી. પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપેલી છે, એમ નક્કી કરવું. વર્તમાન જેનો અભાવ વર્તે છે તેનો ત્રણેકાળે અભાવ વર્તશે–એમ સમજ્યા વગર ધર્મ પ્રગટ થાય એમ નથી.

કોઈ કહે કે દેવ-ગુરુ-શાસ્ત્ર આવ્યા તો આત્માનો ભાવ પ્રગટ થયો, એ વાત ખોટી છે કેમકે આત્મા અભાવાભાવ શક્તિ સંપન્ન ત્રિકાળ છે, એના કારણે ભાવ પ્રગટે છે પણ નિમિત્તના કારણે પ્રગટ થતો નથી, અહીં કોઈ પ્રશ્ન કરે કે ભલે પોતાના કારણે ભાવ પ્રગટ થાય પણ નિમિત્ત તો મેળવવું પડે ને? તેને કહે છે કે :–

નિમિત્ત મેળવવું પડે એમ કહેનાર પોતે પોતાની અભાવાભાવ શક્તિ મૂકીને દેવ-ગુરુ પાસે આવતો નથી. ત્યાં પણ પરનો અભાવ વર્તે છે. માટે નિમિત્તના કારણે પોતાનો ભાવ પ્રગટ થતો નથી કેમકે આ શક્તિ પરથી આવતી નથી. પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. જ્યાં જ્યાં આત્મા હોય ત્યાં ત્યાં પોતાની શક્તિ વગરનો તે ન હોય, ગોળ ગળપણ વગર ન હોય, મીઠું ખારાશ વગર ન હોય, લીંબુ ખટાશ વગર ન હોય, તેમ આત્મા શક્તિ વગર ન હોય. જેમ વસ્તુ સત્ છે તેમ તેમાં અભાવાભાવ શક્તિ પણ સત્ છે.

આત્માનો અભાવાભાવ, ભાવ પોતાનો છે તો હવે તારે કરવું છે શું? જેમ ભાવાભાવ શક્તિ ભાવરૂપ છે તેમ અભાવાભાવ પણ ભાવરૂપ છે. બન્ને શક્તિઓ વિદ્યમાન-સત્‌ભાવરૂપ છે. એક શક્તિ ઓછી માનવામાં આવે તો આખું દ્રવ્ય રહેતું નથી. અખંડ અભેદ વસ્તુની દ્રષ્ટિ રહેતી નથી.

શરીરના કારણે આત્માના વીર્યની સ્ફુરણા થાય એમ નથી કેમકે આત્મામાં તેનો ત્રણેકાળ અભાવ વર્તે છે, આત્માનો સ્વભાવ નહિ થતા ભાવરૂપે નહિ થવારૂપ રહેવાનો છે, કોઈ કહે કે બુદ્ધિ વધારવામાં બદામ, પીસ્તા વગેરે ખાય તો બુદ્ધિ વધે અને બ્રાહ્મી તેલ માથામાં નાખે તો શાંતિ થાય, તો કહે છે કે એ બધી વાત ભ્રમરૂપ છે કેમકે પરનો ત્રણેકાળ અભાવ છે એવી આત્મામાં અભાવાભાવ શક્તિ એક છે.

## (૩૯) કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત માત્રમયી ભાવશક્તિ.

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, આધાર એ છ કારકો અનુસાર જે વિકારની ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (થવામાત્રમયી) ભાવશક્તિ આત્મામાં છે. પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન કથનથી એમ કહ્યું છે કે

પોતામાં રાગ થાય છે; તેનો કર્તા, કર્મ, કરણ આદિ છ કારકોમાં હું જ હતો, ત્યાં તો પર્યાયની સ્વતંત્રતા બતાવવા એમ કહેલ હતું પણ અહીં તો કહે છે કે પ્રથમ રાગની ક્રિયા હતી અને પછી મંદરાગરૂપે થયો—એ ક્રિયારહિત આત્માનું ભવન છે. પરની ક્રિયાની તો વાત નથી પણ આત્મામાં રાગને લઈને છ વ્યવહાર કારકો અનુસાર પલટવાની ક્રિયાથી રહિત થવામાત્રમયી શક્તિ આત્મામાં ત્રિકાળ છે.

રાગાદિ ઉદયભાવનો હું કર્તા છું, એ મારું કાર્ય છે. હું એનું સાધન છું, હું એનો આધાર છું એ આદિરૂપે થવાયોગ્ય હું છું એમ માનનાર પર્યાયબુદ્ધિ જીવ છે; તેને અહીં જીવ ગણ્યો નથી, જેણે રાગાદિનો કર્તાદિ જેટલો આત્માને માન્યો તે જીવ જ નથી. અહીં તો કહે છે કે જ્ઞાનની સાથે વણાયેલી અનંતશક્તિવાળો આત્મા છે—એમ જે માને છે, તે ખરેખર આત્મા છે. પર્યાયબુદ્ધિવાળાની અહીં વાત નથી, સાધકની વાત છે. સાધકનું સાધ્ય તે દ્રવ્ય છે.

જ્ઞાનક્રિયામાં છ કારકો અનુસાર વિકારી ક્રિયા થવાની શક્તિ નથી. આ ભાવશક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે માટે તે નિમિત્તને અનુસરતી નથી પણ પોતાની પર્યાયોમાં વ્યવહાર છ કારકો પડે છે એને અનુસરતી જે વિકારી ક્રિયા તેનાથી રહિત થવારૂપ આ શક્તિ છે. આ આત્મા ભગવાન છે—તેને તેનો મહિમા કહેવાય છે. એક સમયની પર્યાયને ગૌણ કરીને આત્માનું જ્ઞાનમાત્રરૂપે થવાપણું કઈ રીતે છે, તે કહેછે. જ્ઞાન સાથે રહેલી અનંત શક્તિ વગર કોઈ સમય પણ આ આત્મા રહ્યો નથી.

વસ્તુ અનેકાંતમય છે. એનું સાધન બતાવે છે. વસ્તુનો જેવો સ્વભાવ છે, તેવું જ તેનું સાધન હોય છે. વસ્તુ સદાય રાગરહિત છે. વર્તમાન પર્યાયમાં અલ્પજ્ઞતા ને રાગ છે, તે જ્ઞાનનો વિષય છે પણ તેનો આશ્રય કરવા જેવો નથી. એક સમયની પર્યાયમાં વિકારનો કર્તા થઈને પરિણમે એવી શક્તિ આ આત્મામાં નથી. કર્તા, કર્મ, કરણ આદિ છ કારકો છે, તે એક સમયની પર્યાયના અંશો છે. પર્યાય વર્તમાનમાં વિકારરૂપે છે ખરી પણ તે રૂપે થવાની આત્મામાં શક્તિ નથી, વર્તમાન યોગ્યતા છે પણ આત્માની શક્તિ તો તેનાથી રહિત એવા જ્ઞાનમાત્ર ભવનરૂપ થવાની છે.

છ કારકો અનુસાર થતી જે રાગની ક્રિયા, તેનાથી રહિત હોવામાત્રમયી—થવામાત્રમયી ભાવશક્તિ છે.

***

# પ્રસાદ નં. ૮૬

## શ્રી સમયસાર પરિશિષ્ટ

(પોષ વદ ૪, બુધવાર, ૨૦૦૮, તા. ૧૬-૧-૫૨)

(આ પ્રવચનનું રેકોર્ડિંગ રીલ લેવાયું છે.)

શક્તિવાનની શક્તિઓનું વર્ણન ચાલે છે. ૩૯મી શક્તિમાં એમ આવ્યું કે વ્યવહાર છ કારકો અનુસાર જે વિકાર થાય તેનાથી આત્મા રહિત છે. જ્ઞાનમાત્ર થવારૂપ ભાવશક્તિ આત્મામાં ત્રિકાળ છે. હવે ૪૦મી શક્તિ કહે છે.

### (૪૦) કારકો અનુસાર થવાપણારૂપ જે ભાવ તેમયી ક્રિયાશક્તિ.

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને આધાર—એ છ કારકો અનુસાર શુદ્ધક્રિયારૂપ થવાની શક્તિ આત્મામાં છે. જ્ઞાન-દર્શનાદિનો કર્તા, કર્મ, કરણ એટલે સાધન, તેનો આધાર વગેરે આત્મા પોતે છે, અવિકારી ક્રિયારૂપે થવાનો આત્માનો સ્વભાવ છે. ૩૯મી શક્તિમાં વિકારી ક્રિયાથી રહિત થવાની વાત હતી, અહીં અવિકારી ક્રિયાથી સહિત આત્મા છે, તે શક્તિની વાત ચાલે છે.

આત્મા જ્ઞાનનો કર્તા છે, પરનો કર્તા તો નથી પણ રાગનોય કર્તા નથી, જ્ઞાન પોતાનું કાર્ય છે. પરનું કાર્ય તો આત્માનું નથી, પણ રાગનું કાર્ય પણ આત્માનું નથી; જ્ઞાન સાધન છે, નિમિત્ત કે રાગ સાધન નથી; જ્ઞાનનો આધાર આત્મા છે, નિમિત્ત કે શુભભાવના આધારે આત્માની અવિકારી ક્રિયા થતી નથી, સંપ્રદાન, અપાદાન આદિ શુદ્ધ પર્યાયરૂપે ક્રિયા થવી, તે આત્માનો સ્વભાવ છે, એવી ક્રિયાશક્તિ આત્મામાં ત્રિકાળ છે, જ્ઞાન-દર્શન આદિ શક્તિના કાર્યરૂપે થવાનો આત્માનો સ્વભાવ છે.

કોઈ કહે કે આત્મા દાન કરે છે કે નહિ? પોતાના અનંત ગુણોની પરિણતિ સ્વભાવદ્રષ્ટિ થઈને પોતામાં રહી, તે દાન છે. રાગની મંદતા થાય તે ખરેખર દાન નથી અને તે આત્માની ક્રિયા પણ નથી. નિશ્ચય કારકો અનુસાર પરિણમવારૂપ ક્રિયા તે આત્માની ક્રિયા છે. આત્મા અનાદિથી શક્તિથી ભરેલો ભરપૂર છે, બહારથી તે શક્તિ આવતી નથી, જ્ઞાનનું કર્તાપણું, જ્ઞાનનું કાર્ય, જ્ઞાનનું સાધન, જ્ઞાનનો આધાર, વગેરે બહારથી લાવવું પડતું નથી. પણ તે છ કારકોરૂપ થવાની આત્મામાં ત્રિકાળ શક્તિ છે. સ્વભાવ અનુસાર થવારૂપ ક્રિયાશક્તિ છે. આ શક્તિ પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે, આ રીતે છ કારકોની અવિકારી તથા વિકારી ક્રિયાની

સમુચ્ચયે વાત કરી. હવે એકેક કારકની જુદી જુદી શક્તિ છે, તેનું વર્ણન કરે છે.

## (૪૧) પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ તે-મય કર્મશક્તિ.

આત્મામાં એક કર્મ નામની શક્તિ છે તે અનાદિની છે. જડકર્મ છે એની વાત નથી. વળી આત્મામાં રાગાદિ વિકારીભાવનું કાર્ય થાય, તે પણ કર્મરૂપ શક્તિ નથી પણ પ્રાપ્ત કરાતો એવો સિદ્ધરૂપ—નક્કી થયેલો ભાવ તે-રૂપ કર્મશક્તિ છે. આત્મા ત્રિકાળી વસ્તુ છે, તેનો સમયે સમયે થતો શુદ્ધભાવરૂપી પર્યાય તે-મય કર્મ શક્તિ છે. સિદ્ધ થયેલો ભાવ એટલે સિદ્ધદશા થાય એની અહીં વાત નથી પણ આત્મામાં શુદ્ધ-નિર્વિકારી કાર્ય થવાની શક્તિ છે–તે કર્મશક્તિ છે, આત્મા અનંત શક્તિઓનો પિંડ છે. તેના અવલંબને નિમિત્તબુદ્ધિ-પર્યાયબુદ્ધિ ટળતાં પ્રાપ્ત થવાયોગ્ય જે શુદ્ધભાવ, તે રૂપ કર્મશક્તિ છે. વસ્તુ નક્કી થયેલી છે, તેના આશ્રયે જે પર્યાય થાય તે પણ સિદ્ધ કરેલો ભાવ છે, આ શક્તિ, દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપી છે, શક્તિવાનમાં શક્તિ પડેલી છે. સિદ્ધદશા કે મોક્ષમાર્ગરૂપ પર્યાય પ્રાપ્ત થાય છે તે તો જે આ ત્રિકાળ સિદ્ધ થયેલો ભાવ છે તેને આશ્રયે થાય છે, એવી કર્મશક્તિ છે. તે નવી આવતી નથી, તેમ એ શક્તિ નિમિત્ત કે રાગથી આવતી નથી, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખાદિ અનંતગુણોમાં કાર્ય આ શક્તિના કારણે થાય છે, વસ્તુ છે તેને પ્રાપ્ત કરાતા ભાવરૂપ આ શક્તિ છે. દ્રવ્ય બુદ્ધિ થયા વગર આ શક્તિની પ્રતીતિ થાય નહિ.

## (૪૨) થવાપણારૂપ એવો જે સિદ્ધરૂપ ભાવ તેના ભાવકપણામયી કર્તૃત્વશક્તિ.

કર્તૃત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે, નવો સિદ્ધ થયેલો સાધકપણાનો જે ભાવ, તે ભાવનો કરનાર કોણ છે? તો કહે છે કે આત્મામાં એક કર્તૃત્વ નામની શક્તિ છે, તે સાધક પર્યાયનો કર્તા થાય છે. તે શક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપી છે, કર્તા શક્તિ એટલે કરવાપણારૂપ શક્તિ, આ શક્તિ નવી આવતી નથી એટલે ભાવકપણાને લઈને નવો ભાવ થાય છે. પરને લીધે , રાગને લીધે કે પર્યાયને લઈને થતો નથી પણ આત્મામાં કર્તૃત્વ નામની શક્તિ છે તેના કારણે થાય છે. જ્ઞાનગુણનું કરવાપણું, દર્શનગુણનું કરવાપણું, ચારિત્રગુણનું કરવાપણું એમ અનંતાગુણોનું કરવાપણું આત્મામાં કર્તાનામના ગુણના કારણે છે કેમકે કાર્યરૂપે થનારો તે કર્તા છે. એવો કર્તાપણાનો ભાવ આત્મામાં ત્રિકાળ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય થાય છે તે કર્તૃત્વ શક્તિના કારણે થાય છે.

## (૪૩) ભવતા ભાવના ભવનના સાધકતમપણામયી કરણશક્તિ.

આત્મામાં વર્તતી ભાવના થવાના ઉત્કૃષ્ટ સાધનપણામયી કરણશક્તિ ત્રિકાળ છે. સાધકદશા નવી થાય છે પણ તે દશાનું સાધન તો આત્મામાં ત્રિકાળ છે. જ્ઞાન, દર્શન, ચારિત્રની જે સાધકદશા છે તેનું કારણ આત્મા થાય છે કેમકે આત્મામાં કરણશક્તિ છે. જ્ઞાનગુણનું કાર્ય, દર્શનગુણનું કાર્ય, ચારિત્રગુણનું કાર્ય કરણશક્તિના કારણે થાય છે. પણ કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રના સાધનથી થાય છે એમ નથી અને વ્યવહાર રત્નત્રયનો રાગ કરણ થઈને તે સાધકદશાનું કાર્ય થાય છે, એમ પણ નથી. નિર્મળપર્યાય પ્રગટે છે તેને પણ અહીં સાધન કહ્યું નથી. આત્મામાં કરણશક્તિ ત્રિકાળ છે તે સાધનરૂપે થાય છે. પ્રવચનસારમાં કહ્યું છે કે બહારનું સાધન ગોતીને શા માટે આકુળ થાય છે? પરના સાધનથી આત્માનું કાર્ય થતું જ નથી, માટે આત્મામાં કરણશક્તિ ત્રિકાળ છે તેના સન્મુખ જો.

## (૪૪) પોતાથી દેવામાં આવતો જે ભાવ તેના ઉપેયપણામય સંપ્રદાન શક્તિ.

આત્માના અવલંબનથી જે વીતરાગી પર્યાય થાય છે, તે પોતાથી દેવામાં આવતો ભાવ છે. તેને મેળવવાના યોગ્યપણામય (તેને લેવાના પાત્રપણામય) સંપ્રદાનશક્તિ આત્મામાં છે. આત્મા દાન આપે છે અને આત્મા જ તે દાન લેવાને લાયક છે. તે શક્તિનું વર્ણન કરે છે. આત્મા પરને દાન આપી શકતો નથી, ભગવાને કોઈને દાન આપ્યું નથી, પોતાથી દેવામાં આવતું વીતરાગી પર્યાયરૂપ દાન તેને લેવાને આત્મા લાયક છે. દાતાર પોતે ને લેનાર પણ પોતે જ છે. પરને લઈ કે દઈ શકાતું નથી. રાગને પણ લઈ કે દઈ શકે નહિ, રાગ થાય તેને લેવાયોગ્ય આત્મા નથી,પણ પોતાની વીતરાગી પર્યાય થાય તેને મેળવવાને યોગ્ય છે, એવી સંપ્રદાન શક્તિ આત્મામાં ત્રિકાળ છે.

સ્વભાવના અવલંબને જે નિર્મળ પર્યાય પ્રગટે છે તેને લેવાનો અને દેવાનો સમય એક જ છે. સંપ્રદાન શક્તિના કારણે તે પર્યાયને લેવાયોગ્ય આત્મા છે. પણ રાગ કે પરના કારણે આત્માની લેવાની પાત્રતા નથી, અજ્ઞાની પણ પરને દાન આપી શકે કે પરનું દાન લઈ શકે એમ નથી. પણ પોતાના ભાવમાં રાગની પર્યાય અજ્ઞાનભાવથી લે અને દે છે. પણ ચૈતન્યની શક્તિ રાગની પર્યાય લે અને દે એવી નથી, જ્ઞાન, દર્શન, ચારિત્રાદિનો ભાવ પોતાથી દેવામાં આવે; તે નિમિત્તથી, રાગથી કે પર્યાયથી દેવામાં આવતો નથી. છ કારકોની વાત ચાલે છે. તે બધા કારકો એક સમયમાં હોય છે, સમયભેદ નથી, સમજાવવામાં ભેદ પડે છે. આત્માએ

સાધન થઈને નિર્મળ પર્યાયને દીધી તે સંપ્રદાન શક્તિના કારણે છે અને આત્મા જ તે લેવાને લાયક છે તે પણ સંપ્રદાન શક્તિના કારણે છે.

સંપ્રદાન શક્તિ આત્મામાં ત્રિકાળ છે માટે આત્માને વીતરાગી પર્યાયની પ્રાપ્તિ થાય છે. સિદ્ધગિરિ કે ક્ષયોપશમના કારણે પ્રાપ્તિ થાય છે એમ નથી. કેમકે આત્મામાં રાગને લેવો કે દેવો એવી શક્તિ નથી, પણ પોતાની શુદ્ધ પર્યાયને આપે અને તેને લે એવી શક્તિ છે. વીતરાગી પર્યાયનું દાન દીધું એ સંપ્રદાન શક્તિ છે. આત્મામાં વ્યવહાર રત્નત્રયને લેવાની કે દેવાની શક્તિ નથી. તો પૈસા કે આહારનું દાન દે અને લે એવી શક્તિ તો ત્રણકાળમાં આત્મામાં નથી.

કોઈ કહે કે આહારદાન દેવાથી પરિત સંસાર થાય છે, તો તે ભ્રાંતિ છે કેમકે તે ક્રિયા તો જડની છે અને તેના નિમિત્તે જે શુભભાવ થાય તેનાથી પણ સંસાર પરિત થાય નહિ. અહીં તો કહે છે કે આત્મા વીતરાગી પર્યાય પ્રગટ કરે છે તે પોતાને દેવામાં આવે છે—તે દાન છે. અને લેવાને માત્ર પોતે છે, તે સંપ્રદાન શક્તિના કારણે છે. એ શક્તિ આત્મામાં ત્રિકાળી છે.

શાસ્ત્રમાં વ્યવહારથી કથન આવે છે કે આહારદાન આપ્યું; તો તેનો આશય સમજવો જોઈએ. આત્મા કોઈને પરપદાર્થનું દાન આપી શકતો નથી. પણ તે પ્રકારનો શુભરાગ—ભાવ છે, તે બતાવવાનું એ કથન છે. 'નેવાં ચૂવે'—એમ કહે તો સમજી જાય છે કે નેવા ચૂવે નહિ પણ પાણી ચૂવે છે. ઘણાને એમ લાગે છે કે આત્મા દાન દે છે તે પ્રત્યક્ષ છે પણ તે વિચાર કરતો નથી કે તેને શું દેખાય છે? તે તો પરમાણુની પર્યાય થઈ છે. આત્મા તો અરૂપી છે. એણે દાન લીધું કે દીધું દેખાતું નથી છતાં પ્રત્યક્ષ પૂરાવો માને છે, તે કલ્પના કરી ઘોડા દોડાવે છે.

અહીં તો કહે છે કે તારા જેવો કોઈ દાતાર નહિ અને તારા જેવો કોઈ પાત્ર નહિ. માગણ તો કહે કે કોઈ દાતાર છે? કોઈ હરિનો લાલ છે? તો કહે છે કે આત્મામાં સંપ્રદાન નામનો ગુણ છે તે દાતાર છે. પૈસાનું દાન આપે તો તેટલી મૂડી ઘટે છે, ને લેનાર વધે છે; પણ આત્મા દાન આપે કે લ્યે તો તેમાં કાંઈ ઘટતું-વધતું નથી કેમકે સંપ્રદાન શક્તિ એમ ને એમ પડી છે. એમાં વધ-ઘટ થતી નથી.

જગતના લોકો સામ્યભાવ કરવા માગે છે; પણ ખરેખર સામ્યભાવ તો સિદ્ધદશા પ્રગટ કરે ત્યાં થાય એમ છે. એ સિવાય ક્યાંય બીજે સામ્યભાવ થતો નથી, વ્યવહારે પુણ્યનો સામ્યભાવ ઘણે અંશે મળતો આવે એવો જુગલિયાંમાં હોય છે. પરનો સામ્યભાવ કરવા માગે, તે કોઈ દિવસ થાય નહિ, એકની પાસે પાંચ કરોડ હોય અને બીજો ભિખારી હોય, તે બન્નેને

સરખા કરવાની તાકાત આત્મામાં નથી, પરને દાન આપીને કે લઈને આત્મા સરખા કરી શકે નહિ, રાગને આપી કે લઈને સરખા કરે એવી પણ આત્માની તાકાત નથી, દેનાર વગર લેનાર ન હોય અને લેનાર વગર દેનાર ન હોય—એ જોડી જોઈતી હોય તો આત્મા છે. આત્માની પર્યાય દેવા લાયક છે અને આત્મા લેવાલાયક છે, તે સંપ્રદાન શક્તિ છે.

## (૪૫) અપાદાન શક્તિ.

ઉત્પાદ, વ્યયથી આલિંગિત ભાવનો અપાય થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાન શક્તિ આત્મામાં છે. નવી નવી પર્યાય થાય અને જૂની જૂની પર્યાય જાય પણ તેથી આત્મામાં હાનિ થતી નથી—એવી ધ્રુવપણામય શક્તિ છે. વ્યય થતાં થતાં વસ્તુમાં હાનિ થઈ જાય એમ બનતું નથી, પર્યાય પલટવા છતાં હાનિ નહીં પામતો અને નવી નવી પર્યાયરૂપ થતો, એવો ને એવો આત્મા રહે છે તે અપાદાન શક્તિના કારણે છે. આ શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી છે, આત્માનું ધ્રુવપણું એવું ને એવું રહે છે, તે અપાદાન શક્તિ છે. ***

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(પોષ વદ ૫, ગુરુવાર, ૨૦૦૮, તા. ૧૭-૧-૫૨)**

**(આ પ્રવચનનું રેકોર્ડિંગ રીલ લેવાયું છે.)**

૪૫મી શક્તિ આવી છે. એમાં કહ્યું છે કે આત્મામાં નવી નવી પર્યાય થાય છે અને જૂની જૂની પર્યાયનો વ્યય થાય છે છતાં આત્મા હાની પામતો નથી પણ એવો ને એવો ધ્રુવપણે ટકી રહે છે. તેવી અપાદાનશક્તિ આત્મામાં છે. અનંતકાળથી પર્યાયનો વ્યય થતાં અનંતી પર્યાયો ગઈ અને સિદ્ધપણામાં પણ અનંતકાળ વ્યય થયા કરશે છતાં આત્મા વસ્તુપણે એવો ને એવો રહે છે. કોઈ કહે કે વસ્તુ ઘસાતી હશે કે નહિ? જેમ અનંત જીવો સિદ્ધ થયા. તેટલા જીવો સંસારમાંથી ઓછા થઈ ગયા; તેમ આત્મા અનંતકાળે ઘસાતો હશે કે નહિ? તો કહે છે કે સંસારમાંથી સિદ્ધ થવાના કારણે જીવો ઓછા થાય છે, તે તો વ્યવહારથી છે. અનંતકાળ પછી પણ સિદ્ધ કરતા સંસારી અનંતગુણા જ રહે છે. બનારસીદાસે ‘બનારસી વિલાસ’માં કહ્યું છે કે :—

**“બઢૈ ન સિદ્ધ અનંતતા, ઘટે ન રાશ નિગોદ;**
**જૈસે કે તૈસે રહે, યે હી જિનવચન નિગોદ.”**

જીવો ઘટતા નથી અને વધતા પણ નથી, એમ આત્મદ્રવ્ય વધતું કે ઘટતું નથી—એવો વસ્તુસ્વભાવ છે. અપાદાનશક્તિના પોતાના કારણે ન હોય તો વસ્તુનું ધ્રુવપણું રહેતું નથી. હવે ૪૬મી શક્તિ કહે છે.

## (૪૬) ભાવ્યમાન ભાવના આધારપણામયી અધિકરણશક્તિ.

આત્માની વીતરાગી પર્યાયને ભાવવામાં આવે તે ભાવ્યમાન ભાવના આધારપણામયી અધિકરણશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આત્મામાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તે વીતરાગની વાણીથી કે રાગના આધારે પ્રગટ થતું નથી. શુદ્ધભાવના આધારભૂત શક્તિ આત્મામાં છે. પોતાને પોતાનો જ આધાર ત્રિકાળ છે. એની દ્રષ્ટિ કરે તો તારી પર્યાય તારાથી પ્રગટ થાય તેમ છે. શુક્લધ્યાન કે કેવળજ્ઞાન પોતાના આધારે થાય છે કેમકે તે શુદ્ધપર્યાયનો આધાર દ્રવ્ય છે. આ શક્તિ પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપ્ત છે. જેવો સમવસરણમાં બિરાજમાન તીર્થંકર ભગવાનનો દેહ નિરાલંબી છે, તેવો આત્મા નિરાલંબી છે. આત્માને કોઈ પરદ્રવ્યનું આલંબન નથી. રાગ કે નિમિત્તને વ્યવહારે આલંબન કહેવું હોય તો કહેવાય પણ તેના આધારે શુદ્ધ પર્યાય પ્રગટ થતી નથી.

નિશ્ચયથી પરનો આધાર નથી અને વ્યવહારથી પરનો આધાર છે એમ શાસ્ત્રમાં કથન આવે; તો એનો અર્થ એવો નથી કે બે રીતે આધાર છે. પણ સ્વભાવનું અવલંબન થતાં નિમિત્તરૂપે વિકલ્પ હોય છે. તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી આધાર છે એમ કહેવાય છે. ભાવના કરનારો ભાવે તેને આધારપણામય અધિકરણશક્તિ આત્મામાં છે. એમાં કોઈ બહારના ટેકાની જરૂર નથી. સંવર અધિકારમાં કહ્યું હતું કે આધાર-આધેયપણું પોતામાં છે. એ વાતમાંથી આ શક્તિનું વર્ણન છે. જેમ આકાશનો આધાર કોઈ નથી તેમ આત્માનો આધાર કોઈ પર નથી. પોતે આધાર છે એવી અધિકરણશક્તિ આત્મામાં ત્રિકાળ છે.

## (૪૭) સ્વભાવમાત્ર સ્વસ્વામિત્વમયી સંબંધશક્તિ.

પોતાનો ભાવ તે પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી—એવા સંબંધમયી સંબંધશક્તિ આત્મામાં છે. મકાનનો માલિક, ધનનો માલિક, શરીરનો માલિક આત્મા નથી. સ્વનો ભાવ તે પોતાનું ધન છે, તેનો માલિક આત્મા છે. અનંતાગુણો તે સ્વ છે અને તેનો સ્વામી આત્મા છે. વિકારાદિ આત્મા નથી. તે આત્માનું સ્વ નથી. એકલો ચૈતન્ય-જ્યોતિસ્વરૂપ ટંકોત્કિર્ણ સ્વભાવ તે સ્વ છે અને આત્મા તેનો સ્વામી છે. દયા, દાન, ભક્તિના વિકલ્પ કે દેવ, ગુરુ, શાસ્ત્ર સાથે આત્માને સંબંધ નથી; મહાવિદેહ ક્ષેત્ર કે ચોથા આરા સાથે સંબંધ નથી. સમ્યક્પ્રકારે સંબંધ હોય તો પોતાસાથે છે. સ્ત્રી, કુટુંબ સાથે તો સંબંધ નથી પણ દેવ-ગુરુ કે જે શુદ્ધ છે તેની સાથે પણ આ આત્માને સંબંધ નથી. સ્વ-સ્વામીસંબંધ પર સાથે નથી પણ પોતા સાથે છે, એવી શક્તિ આત્મામાં અનાદિ અનંત છે.

જીવત્વશક્તિથી શરૂ કર્યું હતું ને પુરુ કરતાં આત્માને પોતાની સાથે સંબંધ છે, પરની સાથે નથી—એમ કહીને ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે. હવે આ શક્તિઓ સિવાય બીજા ગ્રંથો—**અનુભવપ્રકાશ, પદ્મનંદિપચ્ચીસી, રાજવાર્તિક** વગેરેમાંથી લીધેલી **૩૭** શક્તિઓનું વર્ણન કરે છે.

**(૧) સમ્યક્ત્વશક્તિ :** સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તે તો એક સમયનો પર્યાય છે. પણ આ સમ્યક્ત્વશક્તિ તો ત્રિકાળ છે. તે દ્રવ્ય ગુણ પર્યાય ત્રણેમાં વ્યાપી છે. તે શક્તિ રાગ કે નિમિત્તમાંથી આવતી નથી. એક પર્યાય પૂરતી તે શક્તિ નથી. આત્મા શક્તિવાન છે; તેનો દાખલો શ્રીમદ્ રાજચંદ્રે આપ્યો છે કે ઘરમાં ઉંદર કપડાં કાપી ખાતો હતો, તેને જોઈને શક્તિશાળીને પૂજવાવાળો માણસ તે ઉંદરને પૂજવા લાગ્યો. એક દિવસ તે ઉંદરને બિલાડીએ પકડ્યો, તો તેને લાગ્યું કે બિલાડીમાં શક્તિ વધારે છે તેથી તે બિલાડીને ભજવા લાગ્યો. એક વખત કૂતરો બિલાડીની પાછળ દોડ્યો; એ જોઈને કૂતરામાં વધારે શક્તિ લાગવાથી તેને ભજવા લાગ્યો. કૂતરો રસોડામાં આવ્યો ત્યાં તેની સ્ત્રીએ કૂતરાને લાકડી મારીને કાઢી મૂક્યો, તો સ્ત્રીમાં શક્તિ વધારે લાગી. એક વખત સ્ત્રી ગુન્હામાં આવી તો તેને પોતે ઠપકો આપ્યો; તો તે માણસને પોતામાં શક્તિ લાગી, તેથી તેણે નક્કી કર્યું કે મારામાં શક્તિ છે. તે લાકડી અને રાગને જાણનાર હું છું. માટે મારા સિવાય બીજાને ભજવા જેવું નથી. એમ આત્મા છે, છે ને છે—એવા જ્ઞાયક સ્વભાવી આત્મામાં અનંત શક્તિ છે. શક્તિવાનમાં સમ્યક્ત્વની શક્તિ પડી છે, એનો ભરોસો કર, એ જ કહે છે.

**(૨) ચારિત્રશક્તિ :**—સ્વરૂપરમણતારૂપ ચારિત્રશક્તિ આત્મામાં છે તે શક્તિ ત્રિકાળ છે. ચારિત્રની પર્યાય પ્રગટે છે તે તો એક સમયની પર્યાય છે. આ શક્તિ પંચમહાવ્રતના કારણે નથી અને નિમિત્તમાંથી પણ તે આવતી નથી.

**(૩) સ્વયંસિદ્ધત્વશક્તિ :**—આત્મા પોતે પોતાથી સિદ્ધ છે, એને કોઈએ બનાવ્યો નથી—એવી સ્વયંસિદ્ધત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે.

**(૪) અજશક્તિ :**—આ શક્તિના કારણે **આત્મા કદી જન્મતો નથી.** પર્યાયોમાં જન્મ થાય છે પણ આત્મા જન્મતો નથી—એવી શક્તિ આત્મામાં ત્રિકાળ છે.

**(૫) અખંડત્વશક્તિ :**—આત્મા ખંડ-ખંડ થાય—એવી શક્તિ જ આત્મામાં નથી, આ શક્તિના કારણે આત્મા અખંડતા ટકાવી રાખે છે, આ શક્તિ પણ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપ્ત છે.

**(૬) વિમળશક્તિ :**–આત્મા તો ત્રિકાળ મળ રહિત છે કેમકે તેનામાં એક વિમળશક્તિ છે. સ્વચ્છત્વ શક્તિમાં અસ્તિથી વાત હતી. આ તો નાસ્તિથી કહે છે કે આત્મા ત્રિકાળ મળ રહિત છે.

**(૭) ભેદશક્તિ :**–પર્યાયમાં રાગને લઈને ભેદ પડે છે એની વાત નથી પણ આત્મામાં ત્રિકાળ ભેદરૂપ એક શક્તિ છે, **એકાંત અભેદ નથી.** આ શક્તિ પણ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપ્ત છે.

**(૮) અભેદશક્તિ :**–આત્મામાં ગુણભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી. આત્મા અભેદ છે, **એકાંત ભેદવાળો નથી**. એવી શક્તિ આત્મામાં ત્રિકાળ છે.

**(૯) નાસ્તિત્વશક્તિ :**–આત્માનો **પરપરિણતિરૂપે નહિ થવાનો સ્વભાવ છે**. એવી નાસ્તિત્વ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. અભાવશક્તિની વાત આવી ગઈ છે, એમાં ને આમાં ફેર છે.

**(૧૦) સાકારશક્તિ :–સ્વનો આકાર આત્માને હોય છે.** આકાર વગરનો કોઈ પદાર્થ હોય નહિ. સર્વથા વસ્તુ નિરાકાર છે—એમ નથી. આ શક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપ્ત છે. ત્રણેને આકાર હોય છે.

**(૧૧) નિરાકારશક્તિ :**–આત્મામાં નિરાકાર શક્તિ છે માટે તેમાં જડનો આકાર નથી. પરના આકારનો પ્રવેશ નથી. વિભાવ-વ્યંજનપર્યાયનો પણ આત્મામાં પ્રવેશ નથી. આ શક્તિ પણ ત્રિકાળ છે.

**(૧૨) વસ્તુત્વશક્તિ :**–જેને લઈને પ્રયોજનભૂત પર્યાયની પરિણતિ થાય, એવી એક વસ્તુત્વ નામની શક્તિ આત્મામાં છે.

**(૧૩) અચળશક્તિ :**–આ શક્તિના કારણે આત્મા કદી ચળતો નથી, પોતે પોતાના સ્વભાવથી કદી ચલાયમાન થતો નથી—એવી શક્તિ આત્મામાં ત્રિકાળ છે. તે દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપ્ત છે.

**(૧૪) ઊર્ધ્વગમનશક્તિ :**–આત્મા બીજા કરતાં મુખ્યપણે—મોટાપણે થઈને રહે, એવી ઊર્ધ્વગમનશક્તિ આત્મામાં ત્રિકાળ છે અથવા તો આત્માનો ઊર્ધ્વગમન કરવાનો સ્વભાવ છે, તે સ્વભાવ પરને લઈને નથી.

**(૧૫) સતશક્તિ :**–આ શક્તિના કારણે **આત્મા સ્વપણે રહે છે.** શક્તિ ત્રિકાળ હોય છે માટે આત્મા સ્વ-પણે રહે એવો જ છે. આ શક્તિ પણ ત્રણેમાં વ્યાપ્ત છે.

**(૧૬) અસતશક્તિ** :–આત્મામાં એક શક્તિ એવી છે કે **તે પરપણે થતો નથી.** આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે પરપણે થતા નથી. કેમકે આ શક્તિ ત્રણેમાં વ્યાપ્ત છે. આ શક્તિ નિમિત્ત કે રાગના કારણે આવતી નથી પણ આ શક્તિ પોતાથી છે, માટે તે પરપણે થતો નથી.

**(૧૭) સૂક્ષ્મત્વશક્તિ :–**આત્મામાં એક સૂક્ષ્મત્વશક્તિ છે. એણે બધા ગુણપર્યાયોને સૂક્ષ્મ રાખ્યા છે. જ્ઞાન સૂક્ષ્મ, દર્શન સૂક્ષ્મ, ચારિત્ર સૂક્ષ્મ, આમ ન હોત તો આત્મા ઇન્દ્રિયોથી જણાત; પણ આ શક્તિના કારણે આત્મા સૂક્ષ્મ છે. (તેથી ઈન્દ્રિયોથી જણાતો નથી.)

**(૧૮) સ્થૂલત્વશક્તિ :–**આત્મામાં એક સ્થૂલ નામનો પણ ગુણ છે. કેવળજ્ઞાન-કેવળદર્શનથી જાણવા-દેખવામાં આવે છે. આત્મા જાણવામાં આવતો નથી—એમ નથી. **એકાંત સૂક્ષ્મ નથી.**

**(૧૯) અપ્રમેયત્વશક્તિ :–**આ શક્તિના કારણે જગતના કોઈ ક્ષેત્ર કે કાળથી આત્માનું માપ થઈ શકે એમ નથી; એવો એક પ્રમેયત્વગુણ આત્મામાં ત્રિકાળ છે. બીજાના માપમાં ન આવી શકે એવો છે. ભાવથી માપમાં આવે પણ ક્ષેત્ર-કાળથી મપાય નહિ.

**(૨૦) અન્યત્વશક્તિ :–**આત્મામાં અન્યત્વ નામની શક્તિ છે. એના કારણે પોતાથી જુદા એવા એક આત્માથી જુદો છે, એમ અનંત આત્માથી જુદો છે અને અનંતાનંત પરમાણુ વગેરેથી જુદો રહે છે. તે અન્યત્વગુણ આત્મામાં ત્રિકાળ છે. તે ગુણ પરના કારણે નથી, પણ આત્માનો પોતાનો ગુણ છે.

**(૨૧) અનંતઅગુરુલઘુત્વશક્તિ :–**અગુરુલઘુત્વ અનંત છે. આત્મામાં અનંત ગુણો છે, તેને અગુરુલઘુત્વપણે રાખે છે. આત્માનો જ્ઞાનગુણ છે તે હળવો એટલે ઓછો થઈ જાય તો જડ થાય અને વધી જાય તો કેવળજ્ઞાનની મર્યાદા છોડી જાય—પણ એમ બને નહિ કેમકે આત્મામાં અગુરુલઘુત્વ નામનો ગુણ છે.

**(૨૨) ભવ્યત્વશક્તિ :–**આત્મામાં ભવ્યત્વ નામની શક્તિ છે. આત્મા ભવ્યપણે રહે છે તે પોતાના કારણે રહે છે. પરના કારણે નથી કેમકે આ શક્તિ આત્મામાં ત્રિકાળ છે.

**(૨૩) અભવ્યત્વશક્તિ :–**આ શક્તિના કારણે આત્મા અભવ્યતા છોડતો નથી. તે અભવ્યતા આત્માના કારણે છે. તે શક્તિ આત્માની છે. પરથી કે પરમાંથી આ શક્તિ આવી નથી.

**(૨૪) સર્વગતત્વશક્તિ :–**આ શક્તિના કારણે આત્મા સર્વ પદાર્થોને જાણે છે. એ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. સર્વગત એટલે આત્મા પરમાં પેસી જાય છે—એમ નથી પણ પરમાં પેઠા વિના પરને જાણવાની શક્તિ છે. પોતાને જાણતાં સર્વ પદાર્થોને જાણી લે એવી શક્તિ છે.

**(૨૫) દ્રવ્યત્વશક્તિ :–**ક્ષણે ક્ષણે દ્રવવું એટલે પરિણમવું, વહવું તે આત્માની શક્તિ છે. જેમ દરિયામાં મોજાના તરંગો ઊઠે છે, એમ આત્મામાં

પરિણમન થાય છે. તે દ્રવ્યત્વશક્તિના કારણે છે. પરિણમન વગરનું દ્રવ્ય હોતું નથી.

**(૨૬) અવગાહનત્વશક્તિ :–**આત્માનો સ્વભાવ અવગાહન દેવાનો છે. આકાશ સર્વ દ્રવ્યોને અવગાહન આપે છે, માટે આકાશનો તે વિશેષ ગુણ છે. જીવમાં પણ બીજા પદાર્થોને અવગાહન દેવાનો ગુણ છે.

**(૨૭) અવ્યાબાધશક્તિ :–**આ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. આ અપ્રતિજીવી ગુણ છે. આ શક્તિના કારણે આત્માને કોઈ બાધા પહોંચાડી શકે નહિ. આ શક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપ્ત છે.

**(૨૮) સૂક્ષ્મત્વશક્તિ :–**પહેલાં સૂક્ષ્મત્વ નામની શક્તિ આવી હતી તે તો પોતાનો સૂક્ષ્મ રહેવાનો સ્વભાવ છે તે વાત હતી. **આ શક્તિ નામકર્મના અભાવરૂપ થવાની છે. તે પણ પ્રતિજીવી ગુણ છે.**

**(૨૯) અગુરુલઘુત્વશક્તિ :–ગોત્રકર્મના અભાવસ્વરૂપ થવાની શક્તિ છે. આ પણ પ્રતિજીવી ગુણ છે.** ઉચ્ચ-નીચ ગોત્રકર્મના નિમિત્તે થતી પર્યાયના અભાવસ્વરૂપ છે. આ શક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપ્ત છે.

**(૩૦) વૈભાવિકશક્તિ :–**આ શક્તિ આત્મામાં ત્રિકાળ છે. સંસારમાં વિકાર પણ થાય છે. તે તો પર્યાય છે પણ આ શક્તિ તો ત્રિકાળ છે. આ ગુણની પર્યાય સિદ્ધદશામાં સ્વાભાવિક થાય છે. આ શક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપ્ત છે.

**(૩૧) યોગશક્તિ :–**આ શક્તિ આત્મામાં ત્રિકાળ છે.

**(૩૨) અવગાહનશક્તિ :–**આત્મામાં અવગાહનશક્તિ બે છે. પહેલી શક્તિ પરને અવગાહન આપે એવી છે અને બીજી શક્તિ છે તેના કારણે આત્મા શરીરમાં અવતાર લેતો નથી. **શરીરમાં અવતાર ન લેવો એવી અવગાહનશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આ પ્રતિજીવી ગુણ છે.**

**(૩૩)ક્રિયાવર્તીશક્તિ :–**આ શક્તિ ત્રિકાળ છે. સંસાર અવસ્થામાં આ શક્તિની પર્યાય અશુદ્ધ હોય છે અને સિદ્ધમાં શુદ્ધ થાય છે કેમ કે શક્તિ અશુદ્ધ ન હોય.

**(૩૪) ભોક્તૃત્વશક્તિ :–**આત્મા આત્માને ભોગવે એવી શક્તિ છે. રાગ કે નિમિત્તને ભોગવે એવી શક્તિ આત્મામાં નથી. પોતાના સ્વરૂપનો અનુભવ કરે તેવી શક્તિ આત્મામાં ત્રિકાળ છે. તે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપ્ત છે.

**(૩૫) અસર્વગતત્વશક્તિ :–**આત્મા પોતાના અસંખ્યપ્રદેશ છોડીને પરમાં જતો નથી. લોકાલોકમાં વ્યાપતો નથી; એવી અસર્વગતત્વશક્તિ

આત્મામાં ત્રિકાળ છે. આ શક્તિ પોતાની છે, તે પરમાં નથી તેમ પરમાંથી આવતી નથી. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપ્ત છે.

**(૩૬) અનાદિસંતતિબંધનબંધત્વશક્તિ :–**એક પછી એક ક્રમસર વહે એવી શક્તિ આત્મામાં ત્રિકાળ છે. ક્રમબદ્ધ પર્યાય થાય, આડી અવળી ન થાય, તૂટ પડે નહી એવી અનાદિ સંતતિ ચાલી આવે છે. જેમ માળાના મણકા એક પછી એક હોય છે, પહેલાના પહેલા અને પછીના પછી મણકા હોય છે તેવી રીતે **પર્યાય ક્રમબદ્ધ થાય છે એવી શક્તિ આત્મામાં છે.**

**(૩૭) પૂર્ણશક્તિ :–**આત્મા અનંતગુણપર્યાયથી પૂર્ણ ભરેલો છે, કદી ઓછો થતો નથી એવી શક્તિ પણ ત્રિકાળ છે. આ રીતે **૪૭+૩૭=૮૪** શક્તિઓ થઈ. આ સિવાય આત્મામાં અનંત શક્તિઓ છે. એનું વર્ણન તો શ્રુતકેવળી કે કેવળી હોય તો પૂરું થાય એમ છે.

'ઇત્યાદિ અનેક શક્તિઓથી યુક્ત આત્મા છે; તોપણ તે જ્ઞાનમાત્રપણાને છોડતો નથી' એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :–

## કળશ ૨૬૪

**અર્થ :**–પૂર્વે કહેલી ૪૭ શક્તિઓ વગેરે વગેરે અનેક નિજશક્તિઓથી સારી રીતે ભરેલો હોવા છતાં જે ભાવ જ્ઞાનમાત્રપણાને છોડતો નથી, એવું તે પૂર્વોક્ત પ્રકારે ક્રમરૂપે અને અક્રમરૂપે વર્તતા વિવર્તથી(-રૂપાંતરથી, પરિણમનથી) અનેક પ્રકારનું, દ્રવ્ય–પર્યાયમય ચૈતન્ય (અર્થાત્ એવો તે ચૈતન્યભાવ—આત્મા) આ લોકમાં વસ્તુ છે.

**ભાવાર્થ :**–કોઈ એમ સમજશે કે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો તેથી તે એક સ્વરૂપ જ હશે, પરંતુ એમ નથી. વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય-પર્યાયમય છે, ચૈતન્ય પણ વસ્તુ છે, દ્રવ્ય-પર્યાયમય છે. તે ચૈતન્ય અર્થાત્ આત્મા અનંત શક્તિઓથી ભરેલો છે અને ક્રમરૂપ તથા અક્રમરૂપ અનેક પ્રકારના પરિણામના વિકારોના સમૂહરૂપ અનેકાકાર થાય છે તોપણ જ્ઞાનને—કે જે અસાધારણભાવ છે તેને—છોડતો નથી, તેની સર્વ અવસ્થાઓ—પરિણામો-પર્યાયો જ્ઞાનમય જ છે.

અહીં ક્રમ અને અક્રમ પર્યાયોની વાત કરે છે. આત્મામાં કાળક્રમે થતી પર્યાયો છે તેથી તે ક્રમે વર્તતી પર્યાય છે અને એક સમયમાં અનંતા ગુણોની અનંત પર્યાયો યુગપદ્ (એકીસાથે) છે તેથી અક્રમે વર્તતી પર્યાયો છે. ક્રમ અને અક્રમ બે પ્રકારે પર્યાયો થવા છતાં આત્મા એક જ્ઞાનમાત્રપણાને છોડતો નથી—એ અનેકાંત છે. આત્મા એક અને શક્તિ અનંતની વાત આવી ગઈ છે. આ શ્લોકમાં પર્યાયના ક્રમ અને અક્રમ બે પ્રકાર હોવા છતાં આત્મા જ્ઞાનમાત્રપણાને છોડતો નથી—એમ કહ્યું છે.

'આ અનેકસ્વરૂપ-અનેકાંતમય—વસ્તુને જેઓ જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે, તેઓ જ્ઞાનસ્વરૂપ થાય છે'—અનંત શક્તિવાળો આત્મા ક્રમ અને અક્રમરૂપ પરિણમે છે, એને જે જાણે છે અને એની શ્રદ્ધા કરે છે અને રાગરહિત પરિણમે છે, તે જ્ઞાનસ્વરૂપ થાય છે—એવા આશયનું, સ્યાદ્‌વાદનું ફળ બતાવતું કાવ્ય કહે છે.

## કળશ ૨૬૫

**અર્થ :**—આવી(અનેકાંતાત્મક) વસ્તુત્વની વ્યવસ્થિતિને અનેકાંત-સંગત એટલે અનેકાંત સાથે સુસંગત, અનેકાંત સાથે મેળવાળી દ્રષ્ટિ વડે, સ્વયમેવ દેખતા થકા, સ્યાદ્‌વાદની અત્યંત શુદ્ધિને જાણીને, જિનનીતિને એટલે જિનેશ્વરદેવના માર્ગને નહિ ઉલ્લંઘતા થકા, સત્પુરુષો જ્ઞાનસ્વરૂપ થાય છે.

અહો! અનેકાંતમયી વસ્તુને જેમ છે તેમ મર્યાદાપૂર્વક જાણે તો ધર્મ થાય, એ વિના ધર્મ થતો નથી. વસ્તુ અનેકાંતમયી છે તો દ્રષ્ટિ પણ એવી જ હોવી જોઈએ. કોઈ નિમિત્તની કે વ્યવહારની દ્રષ્ટિ વડે નહિ દેખતાં સ્વરૂપને યથાર્થ જાણે છે તે સ્યાદ્‌વાદની શુદ્ધિ છે. તે જીવ જિનેશ્વર ભગવાનની નીતિને છોડતો નથી. તે સત્પુરુષો અનેકાંતમય જ્ઞાન કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. એટલે કે સિદ્ધ થાય છે. અનેકાંતસ્વરૂપને જાણવું, શ્રદ્ધવું અને તેનો અનુભવ કરવો—તેનું ફળ તો જ્ઞાન એકલું રહી જાય, તે છે એટલે સિદ્ધદશાની પ્રાપ્તિ તે તેનું ફળ છે.

***

# પ્રસાદ નં. ૮૮

## શ્રી સમયસાર પરિશિષ્ટ

(પોષ વદ ૬, શુક્રવાર, ૨૦૦૮, તા. ૧૮-૧-૫૨)

આત્મવસ્તુ અનેકાંતમય છે. તે વાત કરતાં કળશ ૨૬૪માં કહ્યું હતું કે આત્મવસ્તુ દ્રવ્ય-પર્યાયમય છે. તે ક્રમરૂપે અને અક્રમરૂપે વર્તતી વિવર્તથી અનેક પ્રકારે છે. ક્રમ અને અક્રમ બંને પર્યાયની વાત છે. જેમ આત્મામાં એક સમયમાં અનંતગુણો એકીસાથે છે તેમ પર્યાયો પણ એક સમયમાં છે તે બે પ્રકારે છે. કાળક્રમે થતી પર્યાયો તે ક્રમરૂપ છે અને એક સમયમાં અનંત ગુણોની પર્યાયો એક સાથે (યુગપદ) હોય છે તે અક્રમરૂપ છે. આમ બે પ્રકારે હોવા છતાં આત્મા એક જ્ઞાનપણાને છોડતો નથી.

આત્મામાં અનંત શક્તિઓ હોવા છતાં એક જ્ઞાનમાત્રને બાધ આવતો નથી. એમ અનેકાંતપણું કહ્યું હતું. આ શ્લોકમાં તો આત્મામાં પર્યાયો અનેક પ્રકારની હોવા છતાં તે જ્ઞાનપણાને છોડતો નથી. એમ અનેકાંત સમજાવ્યું છે. જેમ આત્મામાં ગુણો એકીસાથે છે તેમ પર્યાયો પણ એકીસાથે છે. કાળક્રમે થાય છે માટે ક્રમરૂપ છે. ક્રમપણે પરિણમે તો પણ જ્ઞાન સાથે છે અને અક્રમરૂપે પરિણમે તોપણ જ્ઞાન તો સાથે જ છે. આત્મા અનંત શક્તિસંપન્ન છે; તે ક્રમે ક્રમે પ્રવર્તતી પર્યાયવાળો અને અક્રમે પ્રવર્તતી પર્યાયવાળો છે. આત્મા જ્યારે અનેકાંતને જાણીને આત્માની રુચિ કરે છે ત્યારે યુગપત્ બધી પર્યાયો શુદ્ધ થાય છે.

### કળશ-૨૬૫

**ભાવાર્થ :** જે સત્પુરુષો અનેકાંત સાથે સુસંગત દ્રષ્ટિ વડે અનેકાંતમય વસ્તુ સ્થિતિને દેખે છે, તેઓ એ રીતે સ્યાદ્‌વાદની શુદ્ધિને પામીને-જાણીને જિનદેવના માર્ગને—સ્યાદ્‌વાદન્યાયને નહિ ઉલ્લંઘતા થકા જ્ઞાનસ્વરૂપ થાય છે.

આ રીતે સ્યાદ્‌વાદ વિષે કહીને હવે આચાર્ય ભગવાન ઉપાય-ઉપેયભાવ વિષે થોડું કહે છે. પ્રથમ કહ્યું હતું કે જ્ઞાનમાત્રપણામાં અનેકાંતમયપણું કેવી રીતે છે? તેનો અધિકાર અને ઉપાય-ઉપેયભાવ એમ બે અધિકાર કહીશું. તેમાંથી અનેકાંતનો અધિકાર કહેવાઈ ગયો, હવે ઉપાય-ઉપેયની વાત કરે છે, રાજમલ્લજી કૃત સમયસાર કળશટીકા પા. ૩૦૬માં કહ્યું છે કે—

जो उपर हुंडी घाली थी जो उपेय तथा उपाय कहिसौ । उपाय कहतां जीव वस्तुको प्राप्तिको साधन उपेय कहत साध्य वस्तु । तिहिं मांहे प्रथम ही साध्यरूप वस्तुको स्वरूप कह्यो साधण कहिंजै है ।

રાજમલ્લજી કહે છે કે સાધ્ય અને સાધન બે વાત કહેવાની હતી. તેમાં અત્યારસુધીમાં સાધ્ય એવા વસ્તુ સ્વભાવની વાત કરી. હવે સાધકની વાત કરે છે, એટલે સાધક-સાધ્યપણું તો પ્રથમ સ્વભાવદ્રષ્ટિ થયા પછી થાય છે—એમ કહેવાનો ભાવ છે. અહીં તો અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે આત્મા જ્ઞાનમય હોવા છતાં તેમાં ઉપેય એટલે સિદ્ધદશા અને ઉપાય એટલે સાધકદશા એવા બે ભેદ પડે છે.

હવે જ્ઞાનમાત્ર વસ્તુનો ઉપાય-ઉપેયભાવ વિચારવામાં આવે છે, અર્થાત્ આત્મવસ્તુ જ્ઞાનમાત્ર હોવા છતાં તેને ઉપાયપણું અને ઉપેયપણું બન્ને કઈ રીતે ઘટે છે, તે વિચારવામાં આવે છે, એક જ્ઞાનમાં બે ભાગલા કેવી રીતે છે? તે વિચારે છે. પ્રથમ વસ્તુને અનેકાંતમય સિદ્ધ કરીને તેના આશ્રયે થયેલી અપૂર્ણ શુદ્ધતારૂપ એક સાધકદશા અને પૂર્ણ શુદ્ધતારૂપ સિદ્ધદશા–એમ બે ભેદ જ્ઞાનમાત્રપણામાં પડે છે, તે કહે છે.

આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણું હોવા છતાં પણ તેને ઉપાય-ઉપેયભાવ છે જ કારણ કે તે એક હોવા છતાં સાધકરૂપે અને સિદ્ધરૂપે એમ બન્નેરૂપે પરિણમે છે. ઉપેય એટલે પામવાયોગ્ય અને ઉપાય એટલે પામવાયોગ્ય જેનાથી પમાય તે, આત્માનું શુદ્ધ સ્વરૂપ—સર્વકર્મ રહિત **મોક્ષ તે ઉપેય છે અને મોક્ષમાર્ગ તે ઉપાય છે,** આત્મા પરિણામી છે અને સાધકપણું તથા સિદ્ધપણું એ બન્ને પરિણામ છે, તેમાં જે સાધકરૂપ છે તે ઉપાય છે અને જે સિદ્ધરૂપ છે તે ઉપેય છે.

હવે સાધક અને સિદ્ધદશા થવા પહેલાં જીવ અનાદિથી સંસારદશામાં કેવી રીતે ભ્રમણ કરે છે, તે કહે છે.

અનાદિકાળથી મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્રવડે સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે સંસારમાં પરિભ્રમણ કરે છે. અનાદિથી આત્મા પોતાના ચૈતન્યસ્વભાવની પ્રતીતિ નહિ કરતાં રાગની અને નિમિત્તની પ્રતીતિ કરે છે, આ ઊંધી માન્યતા કર્મના કારણે થઈ નથી. તે પોતાના મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રના કારણે થઈ છે. પંચમહાવ્રત પાળીને દ્રવ્યલિંગી મુનિ નવમી ગ્રૈવેયકે જાય છે, તે મિથ્યાચારિત્રના કારણે જાય છે—એમ નક્કી થયું. **જ્ઞાન પોતાના સ્વજ્ઞેયને ન જાણતાં પરજ્ઞેયને જાણે તે મિથ્યાજ્ઞાન છે.** આ રીતે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રમાં અનાદિથી જીવ અટક્યો છે. કોઈ કહે કે :– દ્રવ્યલિંગી મુનિ ઘણે ઊંચે જાય છે. તો એટલું તો ધર્મને માટે લાભદાયક છે

ને ? તો કહે છે કે તે  ખરેખર ઊંચે ગયો જ નથી, જેમ કોઈ માખી કે પંખી ઊંચે ઊડે એટલે કાંઈ માણસ કરતાં તે ઊંચુ કહેવાય નહિ, રાજાના મુગટ ઉપરની કલગી ઉપર માખી બેસે એટલે રાજા કરતાં કાંઈ એની કિંમત વધી જતી નથી. એમ દ્રવ્યલિંગી મુનિ ક્ષેત્રથી ઊંચે જાય એટલે એની કિંમત વધતી નથી. તેને ચારગતિરૂપ સંસારમાંથી એકપણ ભવ ઓછો થતો નથી. સિદ્ધ જ્યાં રહે છે તે આકાશ ક્ષેત્રે નિગોદ પણ રહે છે એટલે એની કિંમત નથી. અજ્ઞાની વ્યવહારથી ધર્મ માને છે એટલે જે વ્યવહાર કરતો હોય તેને ઊંચો માને છે; પણ ખરેખર વ્યવહારની કિંમત નથી. વ્યવહાર નવો નથી. અનાદિથી અનંતવાર વ્યવહાર ચારિત્ર પાળ્યું પણ મુક્તિ થઈ નહિ માટે તે ઉપાય નથી.

આત્મા સંસારમાં રખડે છે તે કર્મના કારણે નહિ, પણ પોતે ચૈતન્યસ્વરૂપથી ચ્યુત થયો છે માટે રખડે છે. આત્મા પોતે સાધક અને સિદ્ધપણે થાય છે—એવો પોતાનો સ્વભાવ છે—એમ ન માનતાં અનાદિથી મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર વડે સંસારમાં પરિભ્રમણ કરે છે.

હવે સંસારમાં પરિભ્રમણ કરતાં સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પાકના પ્રકર્ષની પરંપરા વડે અનુક્રમે સ્વરૂપમાં આરોહણ કરવામાં આવતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સાધકપણું થાય છે.

સાધકદશા થવા પહેલાં વ્યવહાર સમ્યગ્દર્શન એટલે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય છે. શાસ્ત્રનું વ્યવહાર જ્ઞાન હોય છે ને તેમાં જે મંદકષાય થાય છે, તે વ્યવહાર ચારિત્ર છે. આ વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રથમ હોય છે. પણ પંચ મહાવ્રતાદિરૂપ વ્યવહારચારિત્ર પ્રથમ થાય, તો જ નિશ્ચય પ્રગટ થાય—એમ એનો અર્થ નથી. આત્મા સ્વરૂપનું ભાન કરે તો દેવ-ગુરુની શ્રદ્ધાઆદિને વ્યવહાર કહેવાય છે.

આત્મા પોતે જ્ઞાનસ્વભાવી છે. તે પર્યાયમાં અપૂર્ણપણે કે વિકારપણે પરિણમે છે, પણ કોઈ કર્મના કારણે પરિણમતો નથી. એમ પ્રથમ સત્ દેવ-ગુરુ પાસે સાંભળે અને આત્મા શુદ્ધ ચૈતન્યમય છે, પર્યાયમાં રાગ આદિ થાય છે, તે તેનું સ્વરૂપ નથી–એમ પ્રથમ ભૂમિકામાં શુદ્ધ દ્રવ્યનો નિર્ણય કરે તો વ્યવહાર પાક્યો કહેવાય, પણ આત્મા પરનું કરી શકે અને વ્યવહાર કરતાં કરતાં આત્મામાં સમ્યગ્દર્શન પ્રગટે–એમ માને તો તે વ્યવહારમાં ડૂબેલો છે, તેને વ્યવહારનો પાક થયો નથી, વ્યવહાર ખરી જવાને તૈયાર થયો નથી. વ્યવહાર ખરી જવાને તૈયાર થાય ત્યારે તે વ્યવહારને સુનિશ્ચળપણે થયો કહેવાય છે.

મોક્ષમાર્ગપ્રકાશક પાનું ૨૫૭માં ટોડરમલજીએ કહેલ છે કે :

“પ્રશ્ન : વ્યવહારનય પરને ઉપદેશ કરવામાં જ કાર્યકારી છે કે પોતાનું પણ પ્રયોજન સાધે છે?

ઉત્તર :–પોતે પણ જ્યાં સુધી નિશ્ચયનયથી પ્રરૂપિત વસ્તુને ન ઓળખે ત્યાં સુધી વ્યવહારમાર્ગ વડે વસ્તુનો નિશ્ચય કરે. માટે નિચલીદશામાં વ્યવહારનય પોતાને પણ કાર્યકારી છે. પરંતુ વ્યવહારને ઉપચારમાત્ર માની, જો તે દ્વારા વસ્તુનો બરાબર નિર્ણય કરે તો કાર્યકારી થાય. પણ જો નિશ્ચયની માફક વ્યવહારને પણ સત્યભૂત માની વસ્તુ આમ જ છે—એવું શ્રદ્ધાન કરે તો તે ઊલટો અકાર્યકારી થઈ જાય.

આ રીતે કોઈ વ્યવહારથી જ નિશ્ચય થાય—એમ માને તે વ્યવહાર સુનિશ્ચળપણે કહેવાતો નથી. પણ દેવ-ગુરુ પાસેથી એમ શ્રવણ કરે છે કે આત્મા શુદ્ધ ચૈતન્ય છે. રાગ તે સ્વભાવ નથી, તેના કારણે નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય. એમ વિકલ્પપૂર્વક પ્રથમ નિર્ણય કરે, તે વ્યવહાર સુનિશ્ચળપણે થયો કહેવાય છે. ***

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(પોષ વદ ૭, શનિવાર, ૨૦૦૮, તા. ૧૯-૧-૫૨)**

આ ઉપાય-ઉપેયનો અધિકાર ચાલે છે. ઉપાય એટલે સાધકપણું અને ઉપેય એટલે સિદ્ધપણું, આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણું હોવા છતાં તેને ઉપાય અને ઉપેયપણું છે કેમકે આત્મા પોતે બે રૂપ પણે પરિણમે છે.

અહીં કહ્યું છે કે આત્મા અનાદિકાળથી મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સ્વરૂપથી ચ્યુત થયો થકો સંસારમાં પરિભ્રમણ કરે છે; પણ નિમિત્તના કારણે કે કર્મના કારણે સંસારમાં રખડે છે, એમ નથી.

આત્મસ્વરૂપ અનંત શક્તિનો પિંડ છે. તેની શ્રદ્ધા અને રમણતાને ચૂકીને મિથ્યાશ્રદ્ધા આદિ વડે અનાથી ભ્રષ્ટ છે, ઊંધાઈમાં, સાધકમાં અને સિદ્ધમાં–ત્રણેમાં આત્મા પોતે છે. એમાં પ્રથમ આત્મા અનાદિથી ચોરાશીના અવતારમાં કેમ ફરે છે, એ સિદ્ધ કર્યું.

જુઓ! અનાદિથી લીધું છે એટલે કે નિગોદમાં પણ કર્મના કારણે રહે છે, એમ નથી. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના જેટલા અજ્ઞાની જીવો સંસરમાં છે તે બધા મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સંસારમાં રખડે છે. કુદેવ-કુગુરુ અને કુશાસ્ત્રની શ્રદ્ધાના કારણે તેમજ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રથી મને લાભ થશે. પુણ્ય કરતાં કરતાં ધર્મ થઈ જશે, પરથી મને લાભ થાય છે—એમ અનેક પ્રકારથી સ્વરૂપથી ચ્યુત થયા થકા પોતાના દોષથી સંસારમાં રખડે છે.

સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પાકના પ્રકર્ષની પરંપરા વડે અનુક્રમે સાધકદશા થાય છે, તે વાત હવે કહે છે. આ ટીકામાંથી ઘણા પોતાની મતિકલ્પનાથી ઊંધો અર્થ કાઢે છે. અહીં ‘‘સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર’’ એમ કહ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે તે પ્રથમ શ્રવણ કરે છે કે આત્મા અનાદિકાળથી સંસારમાં પોતાના કારણે રખડ્યો છે અને સાધકપણે પણ પોતે થાય છે. કોઈ કર્મ કે નિમિત્તના કારણે થતો નથી. આત્મા સ્વતંત્ર જ્ઞાનસ્વભાવી છે એમ સત્ય સાંભળવાનો પ્રથમ વિકલ્પ હોય છે, તે વ્યવહાર છે. દેવ-ગુરુ આ આત્માને તારનાર નથી, આત્મા પોતે રાગનું અને પરનું લક્ષ છોડી સ્વભાવ તરફ વળે તો શુદ્ધપર્યાય પ્રગટે છે, એવો નિર્ણય મંદકષાયપૂર્વક પર્યાયમાં પ્રથમ કરે તો તે વ્યવહાર પાકી ગયો છે એટલે કે પાકીને ખરવાની તૈયારીમાં છે. એવા વ્યવહારના પાકના પ્રકર્ષની પરંપરાવડે એટલે કે તે રાગનો પણ અભાવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે; ત્યારે તે વ્યવહારને પરંપરા કારણ કહેવાય છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાય અન્યના ઉપદેશના નિમિત્તમાં તો વ્યવહાર પણ સાચો હોતો નથી. પણ સત્ય ઉપદેશ શ્રવણ કરતાં જેવો આત્માનો સ્વભાવ છે એવો નિર્ણય કરે તે આત્માનો સ્વતંત્ર ભાવ છે, તે રાગ છે, તે રાગ પરના કારણે થયો નથી—એવો નિર્ણય કરે તો તે શ્રવણને વ્યવહાર કહેવાય છે. તે વ્યવહારના પાક વડે એટલે કે તે વ્યવહાર ખરવાલાયક થયો છે તેથી તેના અભાવ વડે પરંપરાએ સ્વરૂપ આરૂઢ થઈ સાધકદશા આત્મા પોતે પ્રાપ્ત કરે છે. રાગનો અભાવ કરી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે—એમ નિર્ણય કરે તો રાગને વ્યવહાર કહેવાય છે. જેનો અભાવ કરીને નિશ્ચય પ્રગટ થાય છે એવો વ્યવહાર હોય તો તે વ્યવહારને સુનિશ્ચળપણે વ્યવહાર કહેવાય છે.

વ્યવહાર એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વગેરેનો રાગ તો અનંતીવાર કર્યા છે પણ જે રાગ પાકીને ટળવાલાયક છે, તે વ્યવહારની પરંપરાએ અનુક્રમે સાધકદશા થાય છે. રાગની મંદતાનો પુરુષાર્થ તો આત્મા પોતે કરે છે, કાંઈ ગુરુગમે તે કરાવ્યો નથી, પણ સ્વરૂપની શ્રદ્ધા કરે તો તે રાગની મંદતાને વ્યવહાર કહેવાય છે. જેમ પતિને પત્ની ઉપર અને પત્નીને પતિ ઉપર પ્રેમ હોય છે, તેમ દેવ-ગુરુ પાસેથી સાંભળેલા વચન પ્રત્યે પ્રેમ આવે છે કે અહો! આવી વાણી કદી સાંભળી ન હતી. અનંતવાર સાંભળી છે તે વાત નહિ, પણ અહો! આત્મા કેવો છે? અમે અત્યારે નવો સાંભળ્યો, સર્વજ્ઞ સિવાય આ વસ્તુ હોઈ શકે નહિ, શાસ્ત્ર પણ સર્વજ્ઞપણું આત્મામાં સિદ્ધ કરે

છે. આત્માને આત્માવડે સિદ્ધપણું થાય છે. એવી વાત કાને પડતાં તે વખતે જે રાગની મંદતા થાય છે, તેને વ્યવહાર કહેવાય છે.

વ્યવહારના પાકના પ્રકર્ષની પરંપરા વડે સાધકપણું થાય છે તે પાકો વ્યવહાર ઉપર કહ્યો તે પ્રમાણે હોય છે. રાગથી ધર્મ થાય એમ માને, નિમિત્તથી આત્માનું કલ્યાણ થાય એમ માને, તો તે કાચો વ્યવહાર છે, એવો વ્યવહાર તો અનંતવાર કર્યો છે પણ જે રાગ છૂટવાને તૈયાર થઈ ગયો છે તે રાગ પાકેલો કહેવાય છે. રાગ મારા સ્વરૂપમાં નથી, એવો વિકલ્પપૂર્વક નિર્ણય કરે ત્યારે તે રાગને વ્યવહાર કહેવાય છે.

આત્મામાં સર્વજ્ઞશક્તિ છે, એમાંથી સર્વજ્ઞપણું થાય છે અને જે સમયે થવાનું હોય તે સમયે તે થાય છે. એમ વસ્તુ સામું જોઈને નિર્ણય કર્યો છે પણ પર સામું કે પર્યાય સામું જોઈને નિર્ણય કર્યો નથી, આત્માનો સ્વકાળ પાકે તો કાળલબ્ધિ કહેવાય છે; પણ પરકાળના કારણે કાળલબ્ધિ કહેવાતી નથી. આત્મા પોતે અનંતશક્તિ સંપન્ન છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે સાધકરૂપે પરિણમે છે અને સિદ્ધરૂપે પણ પોતે પરિણમે છે. અહીં આત્મા પરિણમે છે એમ લીધું છે, પર્યાય પરિણમે છે એ વાતને ગૌણ કરી છે પણ વસ્તુ પોતે બન્નેપણે પરિણમે છે, એની અહીં મુખ્યતા છે. આત્મા શુદ્ધ છે એવો વિકલ્પ કર્યા કરવાથી કાંઈ સમ્યગ્દર્શન થતું નથી, પણ રાગરહિત સ્વભાવનું પરિણમન થાય તો તે રાગને વ્યવહાર કહેવાય છે.

અહીં વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પાક પ્રકર્ષની પરંપરા વડે સ્વરૂપ આરોહણ થાય છે, એમ કહ્યું છે; એનો અર્થ કોઈ કરે કે વ્યવહાર ખૂબ અને પૂરો કરે તો પાક કહેવાય, તો તેને કહે છે કે એમ નથી કેમકે ભગવાને કહેલો પંચમહાવ્રતાદિનો વ્યવહાર જીવે અનંતવાર કર્યો છે, પણ સમ્યગ્દર્શન થયું નહિ, તો અહીં તે વ્યવહારની વાત નથી. વળી કોઈ કહે કે વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પૂર્ણ થાય, પછી નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય—તો એમ પણ નથી, કેમકે ચોથા ગુણસ્થાનવાળા વ્યવહારચારિત્ર વગરના અનંતા થઈ ગયા છે. સાતમી નરકમાં પ્રથમ સમ્યગ્દર્શન થાય છે ત્યાં તથા સ્વર્ગમાં પણ પ્રથમ સમ્યગ્દર્શન થાય છે ત્યાં, વ્યવહારચારિત્ર હોતું નથી, માટે અહીં વ્યવહાર ચારિત્રનો અર્થ એવો છે કે આત્માનું સાચું સ્વરૂપ સાંભળવા મળ્યું ત્યારે વિચાર કર્યો કે અહો! મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્ય છે, સાધક અને સિદ્ધપણું મારામાંથી પ્રગટ થાય છે. એવી સ્વરૂપદ્રષ્ટિ થાય છે ત્યારે જે મંદ કષાય હોય છે તેને અહીં વ્યવહાર ચારિત્ર કહેલ છે.

હવે કહે છે કે ઉપર કહેલા વ્યવહારના પાકના પ્રકર્ષની પરંપરા વડે અનુક્રમે સ્વરૂપ આરોહણ કરવામાં આવતા આત્માને અંતર્મગ્ન જે નિશ્ચય

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ભેદો તે-પણા વડે પોતે સાધકરૂપે પરિણમે છે. આત્મા પોતે સ્વરૂપમાં આરોહણ કરે છે ત્યારે સાધકપણું શરૂ થાય છે અને સાધકપણું શરૂ થયું એટલે વ્યવહારના પાકની પરંપરા વડે થયું, એમ કહેવામાં આવે છે. પ્રથમ સ્વરૂપને સમજવું જોઈએ એમ નક્કી થયું, બીજી રીતે કોઈ કહેતું હોય તો તે વાત અહીં રહેતી નથી. સ્વરૂપનું ડામાડોળપણું રહેતું હોય તેનો વ્યવહાર પણ સાચો હોતો નથી. સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય યથાર્થ વસ્તુનું કથન નથી, સર્વજ્ઞના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય છે એવી પ્રતીતિ ન આવે ત્યાં સુધી વ્યવહારના પણ ઠેકાણાં નથી, સર્વજ્ઞે વસ્તુનું જે સ્વરૂપ કહ્યું છે એનો નિર્ણય કરે તો વ્યવહારને પરંપરા કારણ કહેવાય છે.

તું તને સમજ. તારામાં બધું ભરેલું છે, તારામાં નહિ હોય તો બહારથી કાંઈ આવે એમ નથી. એવો નિર્ણય કરે તો સુનિશ્ચળપણે વ્યવહાર ગ્રહણ કર્યો કહેવાય પણ વ્યવહાર વડે નિશ્ચય પ્રગટે—એમ માને તો સુનિશ્ચળપણે વ્યવહાર પણ રહેતો નથી. વળી સ્વરૂપનું આરોહણ અનુક્રમે કરે છે, ત્યાં વ્યવહારમાં રહીને અનુક્રમે થતું નથી પણ વ્યવહારનો અભાવ કરીને સ્વરૂપનું આરોહણ કરે છે, તેમ કહેલ છે.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે જીવ જ્ઞાનને ઇચ્છે છે પણ ભક્તિને ઇચ્છતો નથી, પણ ભક્તિ વગર જ્ઞાન પરિણમતું નથી. ગુરુથી જ્ઞાન થતું નથી માટે અમને ભક્તિનો પ્રેમ થતો નથી, તો એ વાત ખોટી છે, પ્રથમ ભક્તિનો પ્રેમ હોય છે પણ તે રાગનો અભાવ કરીને સ્વરૂપ પ્રગટે છે, માટે તે રાગને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાવનાર પ્રત્યે પ્રથમ ભક્તિભાવ આવ્યા વગર રહેતો નથી, પણ તે વિકલ્પને તોડીને સ્વરૂપનું આરોહણ કરે છે ત્યારે તે વ્યવહારની પરંપરા વડે થયું કહેવાય છે.

વ્યવહારનય અને નિશ્ચયનયમાં લોકો પોતાના અજ્ઞાનના કારણે ભરમાય છે. એનું યથાર્થ જ્ઞાન કરે તો બરાબર છે પણ વ્યવહાર વડે નિશ્ચય પ્રગટે—એમ માને તે ભ્રમણા છે. તે ભ્રમણાને ટાળીને આત્મા સ્વરૂપમાં આરોહણ કરે છે. આત્માને રાગમાં કે વ્યવહારના ભેદમાં ન રોકતાં સ્વરૂપમાં આરોહણ કરે છે, આત્મા સમયે સમયે નિરાલંબી છે, એવા સ્વરૂપનું અવલંબન લેતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એમ ત્રણ પ્રકારના ભેદો હોય છે, અહીં ભેદો હોય છે એનો અર્થ એમ છે કે નિશ્ચય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર ત્રણે અંશો હોય છે. પણ એનો અર્થ એવો નથી કે નિશ્ચય ચારિત્ર છઠ્ઠા ગુણસ્થાનનું હોય ત્યારે જ સાધકદશા છે. ચોથે ગુણસ્થાને પણ સાધકદશા છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ત્રણ ભેદો હોવા છતાં આત્મા અંતર્મગ્નમાં અભેદ છે. અહીં જ્ઞાનમાત્રપણાવડે સાધકદશા થાય છે પણ પરંપરા વડે થાય છે—એમ કહ્યું નથી. આત્મા પોતે પરિણમે છે. રાગના અભાવ વડે સ્વરૂપના આરોહણ વડે સાધકપણું થાય છે, જ્ઞાન પોતે સાધકપણે થાય છે; રાગ, વિકલ્પ સાધકપણે થતો નથી. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું પણ વ્યવહારવડે આત્મા પરિણમ્યો છે—એમ નથી, આ રીતે સાધકપણે આત્મા થાય છે, તે કહ્યું. હવે સિદ્ધપણે પણ આત્મા પોતે થાય છે. તે કહે છે.

પરમ પ્રકર્ષની હદને પામેલા રત્નત્રયની અતિશયતાથી પ્રવર્તેલો જે સકળ કર્મનો ક્ષય, તેનાથી પ્રજ્વલિત (દેદીપ્યમાન) થયેલો અસ્ખલિત વિમળ સ્વભાવભાવ તે–પણ વડે પોતે સિદ્ધરૂપે પરિણમતું એવું એક જ જ્ઞાનમાત્ર ઉપાય-ઉપેયભાવ સાધે છે, દર્શન અને જ્ઞાન પરમ ઉત્કૃષ્ટપણાને પામ્યું, ચારિત્ર પણ પરમ ઉત્કૃષ્ટપણાને પામ્યું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શોભાથી વધેલો છે તે સિદ્ધદશારૂપે આત્મા પોતે થાય છે.

***

# પ્રસાદ નં. ૯૬

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**[પોષ વદ ૦)), શનિવાર, ૨૦૦૮, તા. ૨૬-૧-૫૨]**

૨૭૩મો કળશ ચાલે છે. તેમાં આત્માનો વૈભવ કેવો છે, તે કહે છે, અહો! આત્માનો આ સહજ વૈભવ અદ્‌ભુત છે. જેમ કોઈ ગૃહસ્થનો વૈભવ જોઈને એની રુચિવાળા જીવને આશ્ચર્ય લાગે છે કે અહો! કાંઈ વૈભવ છે! તેમ અહીં પોતાનો વૈભવ જોઈને પોતાને મહિમા આવે છે, તે કહે છે.

આત્માનો વૈભવ એક તરફથી જોતાં અનેકતાને પામેલો છે અને એક તરફથી જોતાં સદાય એકતાને ધારણ કરે છે. ક્ષણે ક્ષણે આત્મામાં અવસ્થાઓ થાય છે. તે પરને લઈને થતી નથી. પણ તે આત્માનો પોતાનો સહજ અદભુત વૈભવ છે. અહીં તો કહે છે કે પર્યાય છે તે પણ સહજ છે , તેનો અદ્‌ભુત મહિમા છે. એક સમયમાં જ્ઞાન, દર્શન, સુખાદિ અનંતગુણોની પર્યાયો હોય છે. તેના તરફ જોતાં આ અનેકતાનો વૈભવ જણાય છે. પણ જે જોતો નથી તેને તો આ વૈભવ જણાતો નથી અને તેનો મહિમા પણ આવતો નથી. આ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણેમાં એકલો આત્મા છે. ત્રણ છે માટે કારણ જોઈએ, એમ નથી.

અહો! આત્માની પર્યાયમાં ક્ષાયોપશમિક કે ક્ષાયિક દર્શન અથવા ચારિત્ર થાય, એ બધો વૈભવ આત્માનો છે. આત્મા જ અનેક પર્યાયને પામેલો છે. વિકારી કે અવિકારી પર્યાયનો વૈભવ પોતાનો છે; તે પરને લઈને નથી. આ સાધકની વાત છે. અજ્ઞાનીને તો ભાન નથી. આત્મા વસ્તુ તરીકે એકતાને પામેલો છે અને પર્યાય તરીકે અનેકતાને પામેલો છે. જોનાર સાધક છે તે આત્માના વૈભવને જાણે છે. તે આત્મા કેવો છે? પર્યાયમાં અનેકતાવાળો હોવા છતાં એકરૂપ છે; તે વૈભવ પોતાનો છે—એમ જ્ઞાની જાણે છે. વિકાર પણ પોતાનો સહજ વૈભવ છે કેમ કે પર્યાયનું સામર્થ્ય પોતાનું છે, જડનું નથી. નય સાધકને હોય છે, તે પર્યાયદ્રષ્ટિથી અનેકરૂપ અને દ્રવ્યદ્રષ્ટિથી એકરૂપ આત્માને જાણે છે.

એક તરફ જોતા ક્ષણભંગુર છે અને એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે. પહેલા બે બોલ એકતા અને અનેકતાના આવ્યા, હવે ક્ષણભંગુર અને ધ્રુવની વાત કરે છે. પર્યાય સમયે સમયે ક્ષણભંગુર છે, નાશ થવાવાળી છે અને આત્મા એવો ને એવો ટકી રહે છે. એ બન્ને આત્માનો વૈભવ છે. ક્ષણભંગુર પર્યાય હોવા છતાં આત્માની હાની થતી નથી. તે પણ પોતાનો વૈભવ છે, એકાંત ધ્રુવ કુટસ્થ આત્મા માનનારને

આત્મા ક્ષણભંગુર છે, એમ કહેવામાં આવે તો તેને તિરસ્કાર થાય છે કે અનિત્યની વાત કરવી નહિ; પણ અહીં તો કહે છે કે એક સમયની પર્યાય પ્રગટી તે બીજે સમયે રહેતી નથી, એ વૈભવ આત્માનો હોવા છતાં તે ગુણરૂપે ત્રિકાળી રહેવાથી ધ્રુવરૂપ છે. સદાય ઉદયરૂપ રહે છે' એટલે કે એવો ને એવો રહે છે. એમ કહેવું છે. ઉદય એટલે નવો પ્રગટ થાય છે. એમ અહીં નથી.

આત્માને એક તરફથી જોતાં તે <u>**પરમ વિસ્તૃત**</u> છે અને એક તરફથી જોતાં <u>**તે પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે.**</u> એક સમયમાં લોકાલોકને જાણી લ્યે એવો વૈભવ  આત્માનો છે. જ્ઞાન એક સમયમાં ભૂત, ભવિષ્ય, વર્તમાન બધાને જાણનારું છે, પરને જાણવા છતાં પરમાં જતો નથી, પોતાના અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં જ રહે છે. સાધક જીવ જાણે છે કે મારી એકાગ્રતા મારા અસંખ્ય પ્રદેશોમાં છે. પરમાં નથી અને તે એકાગ્રતા અમુક પ્રદેશોમાં જ થાય છે એમ પણ નથી. આખા આત્મામાં અસંખ્ય પ્રદેશે એકાગ્રતા થાય છે. અમુક પ્રદેશે થાય અને અમુક પ્રદેશે ન થાય, એમ દ્રવ્યનો ખંડ પડતો નથી. એકાગ્રતા બધે વ્યાપેલી છે. પોતાના પ્રદેશો છોડી બહારમાં તે એકાગ્ર થતો નથી. જ્ઞાનમાં બધું જણાવા છતાં તે પોતામાં રહીને પરને જાણે છે. પરમાં જતો નથી.

ત્રિલોકનાથ તીર્થંકરે કહેલો આત્મા જેવો છે તેવો જાણ્યા વિના ધર્મ થાય નહિ માટે ઉપર કહ્યા પ્રમાણે યથાર્થ જાણવો એ જ ધર્મ છે. આત્માને જાણ્યા વિના વ્રત, તપ, ભક્તિ આદિ કરે તો તેનાથી ધર્મ નથી, કષાયની મંદતા કરે તો પુણ્ય થાય પણ વસ્તુને જાણ્યા વિના  ધર્મ થાય નહિ.

<u>**ભાવાર્થ :**</u>–કેવો છે આત્મા! પર્યાયદ્રષ્ટિથી જોતાં આત્મા અનેકરૂપ દેખાય છે અને દ્રવ્યદ્રષ્ટિથી જોતાં એકરૂપ દેખાય છે. ક્રમભાવી પર્યાયદ્રષ્ટિથી જોતાં ક્ષણભંગુર દેખાય છે અને સહભાવી ગુણદ્રષ્ટિએ જોતાં ધ્રુવ દેખાય છે. પહેલા સમયની શુદ્ધિ કરતાં બીજા સમયની શુદ્ધિ વધે છે, તે જાણે કે નવી હોય તેમ આત્મા નવો નવો દેખાય છે. સમય સમયની પ્રગટ પર્યાય છદ્મસ્થથી પકડાય નહિ પણ અનુમાનમાં આવે છે. એ બદલતાં આત્મા ક્ષણભંગુર લાગે છે, તે પણ આત્માનો સહજ વૈભવ છે અને અનંત શક્તિઓને જોતાં તે ધ્રુવ દેખાય છે. જ્ઞાનની અપેક્ષાવાળી સર્વગત દ્રષ્ટિથી જોતાં પરમ વિસ્તારને પામેલો દેખાય છે અને પ્રદેશની અપેક્ષાવાળી દ્રષ્ટિથી જોતાં પોતાના પ્રદેશોમાં જ વ્યાપેલો દેખાય છે. શરીરને અડ્યા વગર શરીરની જેવી જેવી અવસ્થા થાય, તેને આત્મા જાણી લે છે. આંતરડામાં દુઃખાવો થાય, અંદર મળ ભરાણો હોય વગેરે સર્વને જાણી લે છે. માટે આત્મા સર્વગત છે. જ્ઞાનમાં શરીરના ધર્મો જણાય છે છતાં જ્ઞાન

તેમાં પેઠું નથી. આત્મા પોતાના અસંખ્ય પ્રદેશને છોડતો નથી; એ આત્માનો પોતાનો વૈભવ છે.

આવો દ્રવ્ય–પર્યાયાત્મક વસ્તુનો સ્વભાવ છે, આવો સ્વભાવ જાણીને અંતરમાં વળવું જોઈએ. પરના કારણે પોતામાં ધર્મ થાય નહિ. આત્મા કોણ? પર્યાય કોણ ? ક્ષેત્ર કેટલું? અને વિકાર શું? એને બરાબર જાણવું જોઈએ. આવો સ્વભાવ અજ્ઞાનીઓને આશ્ચર્ય ઉપજાવે છે. એક આત્મામાં એક અને અનેક, ક્ષણભંગુર અને ધ્રુવ, સર્વગત અને અસર્વગત એમ કેવી રીતે સંભવે? સંભવિત લાગતું નથી—એમ અજ્ઞાનીને આશ્ચર્ય લાગે છે. આત્મા એક અને એમાં આટલા બધા ધર્મો કેમ હોય? અજ્ઞાનીને એમ લાગે છે આ વસ્તુને સમજ્યા લાગતા નથી, ગપ્પા મારે છે. પણ જ્ઞાનીઓને જો કે વસ્તુ સ્વભાવમાં આશ્ચર્ય નથી તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્‌ભુત પરમ આનંદ થાય છે અને તેથી આશ્ચર્ય પણ થાય છે.

જ્ઞાની ધર્મી આઠ વરસની બાલિકા હોય તોપણ તેને, આવો વસ્તુનો સ્વભાવ ન હોય એમ આશ્ચર્ય થતું નથી, પણ એમને અદ્‌ભુત આનંદ થાય છે તેથી તેનું આશ્ચર્ય લાગે છે, પૂર્વે અનંતકાળમાં જે આનંદ નહીં થયેલો એવો આનંદ જ્ઞાનીને હોય છે તે અદ્‌ભુતતાનો આશ્ચર્ય છે. જ્ઞાની સંસારમાં હોવા છતાં વસ્તુસ્વભાવો આશ્ચર્ય કરે છે એટલે તેનો આનંદ થાય છે.

ફરી આ જ અર્થનું કાવ્ય કહે છે.

## કળશ ૨૭૪

**અર્થ :**–એક તરફથી જોતાં કષાયોનો ક્લેશ દેખાય છે અને એક તરફથી જોતાં શાંતિ છે એટલે કે કષાયના અભાવરૂપ શાંતભાવ છે. જુઓ, આ સાધકદશાની અલૌકિક વાત છે, તેમાં બરાબર ધ્યાન રાખજો, એક તરફથી જોતાં કષાયો દેખાય છે. આ નયદ્રષ્ટિની વાત છે. સર્વ તરફથી કષાય જ છે એમ જુએ તે મિથ્યાદ્રષ્ટિ છે. પર્યાયદ્રષ્ટિથી ક્લેશ દેખાય છે પણ દ્રવ્યદ્રષ્ટિથી આ ક્લેશો નથી, સાધકને ક્લેશોનું ભાન હોય છે. આ ક્લેશો શાંતિને રોકનાર છે, એમ તે જાણે છે. એક અંશ જોતાં શુભાશુભ પરિણામ દેખાય છે. સર્વ અંશો મલિન નથી, એમ તે જાણે છે. આ અજ્ઞાની કે સિદ્ધની વાત નથી. પર્યાયમાં શુભભાવ થાય છે તે પણ ક્લેશ છે, દુઃખ છે, આકુળતા છે—એમ ધર્મીજીવ નયદૃષ્ટિથી પર્યાયના રાગને ક્લેશ ભાળે છે. જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવને તે ક્લેશ ભાળે છે. એક તરફ જોતાં પોતાનો ત્રિકાળી સ્વભાવ શાંત છે, કષાય રહિત છે. એવા સ્વભાવની દ્રષ્ટિ થતાં પર્યાયમાં પણ અંશે શાંતિ થઈ, તેમ જ્ઞાની દેખે છે, સમ્યગ્દ્રષ્ટિની

આ વાત છે. ચૈતન્યનો અનુભવ થયો તેમાં વીતરાગતાનો અંશ આવ્યો, એમાં શાંતિ છે.

એક તરફથી જોતાં ભવની—સંસાર સંબંધી પીડા દેખાય છે અને એક તરફથી જોતાં સંસારના અભાવરૂપ મુક્તિ પણ સ્પર્શે છે. એક નયથી જોતાં ભવની પીડા છે, જે જાતનું શરીર મળે તે જાતનો રાગ હોય છે, એવી પોતાની યોગ્યતા છે. શ્રેણિક રાજા નરકમાં છે ત્યાં તે ભવના પ્રમાણમાં નરકભવના દુઃખની પીડા દેખાય છે. છતાં તેના તે જ્ઞાતા છે, ઢોર થાય તો ઢોરના પ્રમાણમાં દુઃખ દેખાય છે. ત્રિલોકમંડન હાથી ઉપર બેસી રામચંદ્રજી વગેરે ચારે ભાઈઓ કેવળીના દર્શન કરવા જાય છે. હાથીને જાતિસ્મરણ થાય છે, તે સમ્યગ્દ્રષ્ટિ હોવાથી તે ભવમાં જે દુઃખ અને પીડા છે તેનું તે જ્ઞાન કરે છે.

દ્રવ્યદ્રષ્ટિની એકાગ્રતામાં ભવ છે જ નહિ, તેથી જ્ઞાની પોતાને મુક્તિરૂપ જ દેખે છે. આ સાધકની વાત છે. સાધક થવા પહેલાં આત્માનું જ્ઞાન કેમ કરવું, એ વાત તો પહેલાં ઘણી આવી ગઈ છે પણ અહીં તો ધર્મી થયેલાંની કેવી દશા હોય છે તે કહે છે. મુક્તિ બહારથી આવતી નથી. વસ્તુમાં ભવનો અભાવ છે, વસ્તુ મુક્તસ્વરૂપ જ છે. મારી મુક્તિ થશે કે નહિ થાય એમ પૂછવા જવું પડે નહિ.

સાધકદશામાં જેટલો નિર્મળભાવ થયો છે તેટલો તો તે મુક્ત થયો છે અને દ્રવ્યદ્રષ્ટિએ ત્રિકાળ મુક્ત છે. અહો! આચાર્યદેવે તો અલૌકિક કળશો મૂક્યા છે, માખણ કાઢીને મૂક્યું છે. તાજો માવો કાઢ્યો છે. જ્ઞાતા મન, વાણી, દેહનો જાણનાર છે, પર્યાયમાં અપરાધ થાય છે; તે મારું સ્વરૂપ નથી, એમ જાણતો જ્ઞાની મુક્તિને સ્પર્શે છે. અહો! આને માટે કેટલી પાત્રતા જોઈએ! સંસારનો અભાવ અને મુક્તિના નગારાં વાગે, તે પાત્રતા વિના હોય નહિ, શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે :—

**“લઘુવયથી અદ્‌ભૂત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;**
**એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ ?**

એક તરફથી જોતાં ત્રણ લોક સ્ફુરાયમાન છે. જ્ઞાનમાં ત્રણેલોક દેખાય છે અને એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે. અરિહંતો, સિદ્ધો, આચાર્યો, સાધુઓ, નિગોદાદિ અનંત જીવો અને અનંતા પરમાણુ વગેરે આત્માની પર્યાયમાં જણાય છે, એમ અનેકનું જ્ઞાન થવા છતાં ચૈતન્ય તો એકલો છે ! એક ફીટીને બે થયો નથી. આવો આત્માનો વૈભવ છે તે પ્રથમ જાણવું તે ઉપાય છે. આ તો મોટી વાત છે, એમ કહીને કાઢી નાખે તે

સ્વભાવદ્રષ્ટિમાં આવતો નથી. માટે પ્રથમ આવો સ્વભાવ છે તેનું જ્ઞાન કરવું.

આવો આત્માનો અદ્‌ભુત સ્વભાવ મહિમા જયવંત વર્તે છે. તે કોઈથી બાધિત થતો નથી. પહેલા શ્લોકમાં અદ્‌ભુત કહ્યું હતું, અહીં તો અદ્‌ભુતથી પણ અદ્‌ભુત કહીને મહિમા કર્યો છે. પર્યાયમાં ભવ ન જણાય તો પણ અજ્ઞાન છે અને તે વખતે મુક્તિ ન જણાય તો પણ અજ્ઞાન છે. ભવ અને મુક્તિ બન્ને આત્માનો વૈભવ છે. આવું સાધકપણું જયવંત વર્તે છે, એ પાછું ફરે તેમ નથી, આ બધા વૈભવોથી ભરેલો છે તે આત્માનો પોતાનો અદ્‌ભુતથી અદ્‌ભુત મહિમા છે. સાધકપણું અસ્તિપણે વર્તે છે, તે કોઈથી બાધિત થઈ શકે એમ નથી, એમ આચાર્યદેવ કહેવા માગે છે,

**<u>ભાવાર્થ :</u>** અહીં પણ ૨૭૩માં કાવ્યના ભાવાર્થ પ્રમાણે જાણવું, આવો આતમાનો અનેકાંતમય સ્વભાવ સાંભળીને અન્યવાદીને ભારે આશ્ચર્ય થાય છે. તેને આ વાતમાં વિરુદ્ધતા ભાસે છે, આવા અનેકાંતમય સ્વભાવની વાત તે પોતાના ચિત્તમાં સમાવી-જીરવી શકતો નથી, સર્વજ્ઞના મત સિવાય બીજા કોઈ આ અનેકાંતની વાત સાંભળે તો તેને એમ લાગે છે કે આ કેવી વાત કરે છે? તેને આ વાતમાં વિરોધતા ભાસે છે. ધર્મ કરનારને એક સમયમાં ક્લેશ, શાંતિ, ભવ-મુક્તિ એવું બે ન હોય. આ ઠેકાણા વગરની વાત છે—એમ અજ્ઞાનીને વિરોધતા લાગે છે. જૈન સંપ્રદાયમાં રહીને પણ જે કોઈ એમ કહે કે અત્યાર સુધી આવી વાત કોઈએ કરી ન હતી, આ ક્યાંથી કાઢી? આવી વાત ન હોય, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ આદિની વાત કરો તો તે બરાબર છે, તેને પણ આ વાતમાં વિરોધતા ભાસે છે, તો તેને કહે છે કે ભાઈ! તારી વાત ચાલે છે. તું ભગવાન છો. ઘરની બધી વાતની ખબર હોય પણ આ વાત આવે ત્યારે ખબર પડે નહિ, એમ કહે તો તેને આ વાતની રુચિ જ નથી, તે આ વાતને જીરવી શકતો નથી. ***

## <u>શ્રી સમયસાર પરિશિષ્ટ</u>

**(મહા સુદ ૧, રવિવાર, ૨૦૦૮, તા. ૨૭-૧-૫૨)**

**<u>કળશ ૨૭૪નો ભાવાર્થ :</u>** આત્માનો અનેકાંતમય સ્વભાવ સાંભળીને અન્યવાદીને ભારે આશ્ચર્ય થાય છે. તેને આ વાતમાં વિરુદ્ધતા ભાસે છે. તે આવા અનેકાંતમય સ્વભાવની વાતને ચિત્તમાં જીરવી શકતો નથી.

આત્મવસ્તુ એવી અલૌકિક અને અનિત્ય છે કે જેમાં એક સમયમાં બેપણું છે. વસ્તુ અકષાય છે અને પ્રગટ અંશમાં કષાય છે—એમ બે ભાગ છે. વળી પર્યાયમાં પણ અંશે નિર્મળતા અને અંશે મલિનતા છે. આત્મા

અનંતગુણનો પિંડ છે એમ ભાન થતાં, રાગ ઘટતાં નિર્મળતા થાય છે પણ પૂર્ણ નથી ત્યાં સુધી રાગ પણ હોય છે. **એકગુણની એક પર્યાયમાં આવા બે ભાગ હોય છે. ચારિત્રગુણની વિકારી અને અવિકારી પર્યાય છે. એમ આનંદની પર્યાયમાં બે ભાગ છે. વીર્યની સ્ફુરણા અને વીર્યનું અટકવું એવા બે ભાગ એક પર્યાયમાં સાધકદશામાં હોય છે.** આવું સાંભળીને અજ્ઞાનીને આશ્ચર્ય થાય છે.

અજ્ઞાનીને એમ લાગે છે કે સમ્યગ્દર્શન થયા પછી રાગ કેમ રહે? એમ આશ્ચર્ય થાય છે. રાગ રહ્યો છે માટે તે મિથ્યાદ્રષ્ટિ છે, એમ એ માને છે. જો રાગ રાખવાનો કામી નથી તો રાગ રહે કેમ? રાગ રહે છતાં ધર્મી કહેવાય? એ કેમ બને? એક તરફથી ક્લેશ ને બીજી તરફથી શાંતિ, એક તરફથી ભવ ને બીજી તરફથી મુક્તિ—એ બે પણું ભાસે, આ તો કેવી વસ્તુ? ઘણાએ તો આ સાંભળ્યું જ નથી અને જૈનસંપ્રદાયમાં આવીને પણ આ સાંભળીને જેને આશ્ચર્ય થાય છે, તે અન્યવાદી છે. તે કહે છે કે ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ સંસારમાં કેમ હોય? પોતાને ભાસ થયા વગર આ વાત સમજાય નહિ.,

આત્મામાં વર્તમાન મલિનતા દેખાય છે, તે પોતાનો અપરાધ છે છતાં આખો આત્મા અપરાધી થઈ ગયો નથી અને સ્વભાવ નિર્મળ હોવા છતાં પર્યાયમાં પરિપૂર્ણ નિર્મળ થઈ ગયેલ નથી, એ જ સાધકદશા છે. આવો આત્મા અજ્ઞાનીને બેસતો નથી. તેને વિરુદ્ધતા લાગે છે. વિકારને નુકશાનકારક માને છતાં વિકારરૂપે પરિણમે એમ કેમ બને? આમ વિરુદ્ધતા લાગવાથી તે આ વાતને જીરવી શકતો નથી.

અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ જંગલમાં ધ્યાનમાં બેસે, સુકાઈ જાય છતાં તેને આત્માનું ભાન હોતું નથી અને જ્ઞાની સંસારમાં રહ્યાં છતાં 'અમે આત્મા છીએ' એ તેને અંતરથી ખસતું નથી. તેને વિરુદ્ધતા લાગતી નથી. અજ્ઞાની ચિત્તમાં એટલે મનમાં પણ આ વાતને સમાવી શકતો નથી, તો પછી આત્મામાં સમાવાની વાત તો ઘણી દૂર રહી. સંસારમાં રહ્યાં છતાં મુક્તિને સ્પર્શતો હોય એ વાત તેને બેસતી નથી. કેમકે યથાર્થ રુચિ કરીને આ વાતને સાંભળી જ નથી.

જો કદાચિત્ અજ્ઞાનીને શ્રદ્ધા થાય તોપણ પ્રથમ અવસ્થામાં તેને બહુ અદ્ભુતતા લાગે છે કે અહો, આ જિનવચનો મહા ઉપકારી છે. વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવનારાં છે. મેં અનાદિકાળથી આવા સ્વરૂપના જ્ઞાન વિના ખોયો! આમ આશ્ચર્યપૂર્વક શ્રદ્ધાન કરે છે.

પ્રથમદશામાં તો બહુ અદ્‌ભુતતા લાગે છે. વીતરાગનાં વચનો આ જ રીતે વસ્તુને બતાવી રહ્યાં છે,તે વચનો મને ઉપકારી છે. જડને ઉપકારી કહેલ છે એ ભાવ પોતાનો છે. પોતાને અદ્‌ભુતતા લાગી છે તો જડ વચન ઉપર ઉપકારનો આરોપ કર્યો છે. અહો! જેમને અનંતચક્ષુ ખીલી ગઈ છે, જેઓ લોકાલોકને જાણે છે તેમણે જેમ વસ્તુ કહી તે એમ જ છે–એમ મને લાગે છે. તે જિનવાણી ઉપકારી છે, એમ કહે છે. તે વ્યવહારને વ્યવહાર તરીકે અને નિશ્ચયને નિશ્ચય તરીકે બરાબર જણાવે છે.

અનાદિકાળથી 'વસ્તુના ભાન વિના' કાળ ગુમાવ્યો એમ કહ્યું છે. પણ ક્રિયાકાંડ વગર ગુમાવ્યો, એમ કહ્યું નથી. ત્યાગ ન કર્યો, વૈરાગ્ય ન કર્યો, એમ નથી. પણ હું કોણ છું? આત્મામાં વિકાર છે, તે કઈ રીતે છે? એનું કારણ શું? એ જાણ્યું નહિ. વસ્તુ કેવી છે? વસ્તુ જ્ઞાનસ્વભાવથી ભરેલી છે, તે સંયોગથી પર છે. આવા આત્માના જ્ઞાન વગર અનાદિથી કાળ ગુમાવ્યો. હવે તેને દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન આવ્યું કે અહો! આવી વાત સર્વજ્ઞ સિવાય કોણ કરે? આવું વસ્તુનું સ્વરૂપ જાણે અને સર્વજ્ઞ ન થાય–એમ બને નહિ. એમ પ્રથમ તે શ્રદ્ધા કરે છે.

હવે ટીકાકાર આચાર્યદેવ આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળ અર્થે આ ચિત્ચમત્કારને જ સર્વોત્કૃષ્ટ કહે છે. એટલે કે આ ચૈતન્ય ચમત્કાર જ ઉત્કૃષ્ટ મંગલિક છે, એમ કહે છે.

## <u>કળશ ૨૭૫</u>

**<u>અર્થ :</u>**–સહજ પોતાના સ્વભાવરૂપ તેજઃપુંજમાં ત્રણલોકના પદાર્થો મગ્ન થતા હોવાથી જેના અનેક ભેદો થતા દેખાય છે તોપણ જેનું એક જ સ્વરૂપ છે. કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો ઝળકતા હોવાથી જે અનેક જ્ઞેયાકારરૂપ દેખાય છે તોપણ ચૈતન્યરૂપ જ્ઞાનાકાર દ્રષ્ટિમાં જે એક સ્વરૂપ જ છે. કેવો છે ચૈતન્યચમત્કાર કે જે જયવંત વર્તે છે? તેનો મહિમા કરે છે. ચૈતન્ય સ્વભાવ વિકાર થવાને લાયક જ નથી, સર્વજ્ઞપણે રહે એવો ચૈતન્ય ચમત્કાર છે. આવો સર્વજ્ઞસ્વભાવ અજ્ઞાનીને બેસતો નથી. તે કહે છે કે આ જગતમાં બધું વ્યવસ્થિત થાય છે માટે તેનો કોઈ નિયામક હોવો જોઈએ. જેમકે માણસ ચાલ્યો જાય છે, તેને પેટમાં બળદનું શિંગડું વાગે ને લોહીલોહાણ થઈ જાય. તો શિંગડાને ખબર નથી અને લોહીને ખબર નથી, તો આમ થવાનું કારણ શું? તેનો કોઈક નિયામક હોવો જોઈએ. એમ તે માને છે. પણ દરેક પદાર્થની પર્યાય નિયમિત પરિણમી રહી છે. તે પ્રમાણે જડનો પર્યાય એના કારણે વ્યવસ્થિત થાય છે. એવો એનો પણ સ્વભાવ છે. એનો કોઈ નિયંતા નથી. એ પ્રમાણે જ્ઞાન પણ ધારાવાહી પરિણમી રહ્યું છે.

જગતની આ અવસ્થાની વ્યવસ્થા કરનાર કોણ? એની વ્યવસ્થા કરનાર એનું દ્રવ્ય પોતે છે. જ્ઞાન અને જ્ઞેય—જડપદાર્થો બધા નિયમિત પરિણમી રહ્યા છે. સાધકદશામાં વિશ્વાસ વર્તે છે કે કેવળજ્ઞાન થયા વગર રહેશે નહિ, એમાં વિઘ્ન નહિ આવે.

આ આમ કેમ? એવો પ્રશ્ન જ જ્ઞાનમાં ઊઠતો નથી. જ્ઞાન પ્રમાણે જ્ઞેય પરિણમી રહ્યું છે અને જ્ઞેય પ્રમાણે જ્ઞાન હોય છે. સાધકદશાવાળો કહે છે કે કેવળજ્ઞાન થવાનું અને જગતના જેટલા પદાર્થો છે તે બધા જ્ઞાનમાં જણાવાના. એમ કહીને, ચૈતન્યપુંજનો મહિમા કરીને મંગળિક કર્યું છે. જ્ઞાનમાં કોઈ પદાર્થો જણાયા વગર રહેતા નથી, ત્રણલોકના પદાર્થો તેમાં જણાય છે. અહો! અત્યારે સંતમુનિ સ્વર્ગમાં છે પણ ત્યાંથી મનુષ્ય થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાના જ. એના આ ભણકારા છે. જ્ઞાન મારો સ્વભાવ છે એવી દ્રષ્ટિ થતાં એવું જોર વર્તે છે કે મારા જ્ઞાનમાં ત્રણલોક જણાય છે છતાં તે પદાર્થો મારામાં પેસતા નથી.

અહો! હું અત્યારે અને પછી પણ ત્રણ લોકને જાણનાર જ છું, જ્ઞાનનો પર્યાય એક જ પ્રકારે રહેશે, તે ફરે તેમ નથી. કોઈ કહે કે કેવળજ્ઞાન થશે એવી અત્યારે ખબર પડે નહિ. તો અમૃતચંદ્ર ભગવાન પોકાર કરે છે કે મારા જ્ઞાનમાં લોકાલોક જણાય છે. એમ જ્ઞાનસ્વભાવની ઉત્કૃષ્ટતાનું મંગળ કરે છે. પોતે પોતાને જાણતાં સ્વપર જણાય છે, પરને લઈને જ્ઞાન થાય છે—એમ નથી. સ્વ-પરજ્ઞાનશક્તિ પોતે પોતાથી પરિણમીને જણાય છે. એવો સ્વયંસિદ્ધ આત્મપદાર્થનો સ્વભાવ છે. લોકાલોકને જાણે છે, એમ શાસ્ત્રમાં નિમિત્તથી લખાણ આવે છે છતાં તેના કારણે જ્ઞાન જાણતું નથી.

વળી ચૈતન્ય ચમત્કાર કેવો છે? તે કહે છે. જેમાં નિજરસના ફેલાવથી પૂર્ણ અભિન્ન તત્ત્વ ઉપલબ્ધિ છે. અર્થાત્ પ્રતિપક્ષી કર્મનો અભાવ થયો હોવાથી જેમાં સ્વરૂપ અનુભવનો અભાવ થતો નથી. ચૈતન્યશક્તિના વિસ્તારથી પૂર્ણ છેદાય નહિ એવી તત્ત્વની ઉપલબ્ધિ વર્તે છે, ચૈતન્યમૂર્તિ આત્માનું ભાન થતાં જે પર્યાય પ્રગટી, તે પોતાના રસથી (સામર્થ્યથી) વ્યક્તપણાને પામી છે, પૂર્ણપણાને પામી છે, છેદાય નહિ એવી પોતાના સ્વરૂપની પ્રાપ્તિ વર્તે છે, અનુભવ એવો ને એવો વર્તે છે. તેનો અભાવ થતો નથી. સંસારદશા પલટે છે પણ સિદ્ધદશા પલટતી નથી એટલે કે પાછી સંસારપણે થતી નથી.

ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે. એની અત્યંત નિયમિત જ્યોત છે. જે વીર્યથી જ્ઞાનની રચના થઈને પરિણમન થયું, તે એવું ને એવું રહે છે. અહીં સિદ્ધદશાની ઓળખાણ આપે છે, યથાર્થ જાણે છે તેને સાધનદશા પ્રગટ થાય છે. વીર્યથી આત્મસ્વરૂપની રચના થઈ તે સાદિ અનંતકાળ દીવડો

એમ ને એમ રહે છે. બીજા દીવામાં તો તેલ અને વાટની જરૂર પડે પણ કેવળજ્ઞાન-દીવડો તો તેલ અને વાટ વગરનો એવો ને એવો રહે છે, જે સ્વભાવમાં ઠર્યો તેને આવી દશા થયા વગર રહેતી નથી. એવો આ પ્રત્યક્ષ અનુભવગોચર ચૈતન્ય ચમત્કાર જયવંત વર્તે છે. કોઈથી બાધિત ન કરી શકાય, એમ સર્વોત્કૃષ્ટપણે વર્તે છે તેને સિદ્ધપદ કહે છે.

અહીં ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે એમ કહેતાં જે ચૈતન્ય-ચમત્કારનું સર્વોત્કૃષ્ટપણે વર્તવું બતાવ્યું તે જ મંગળ છે.

હવેના કાવ્યમાં ટીકાકાર આચાર્યદેવ અંતમંગળને અર્થે આત્માને આશીર્વાદ આપે છે અને સાથે સાથે પોતાનું નામ પણ પ્રગટ કરે છે. બેસતા વર્ષને દિવસે જેમ બ્રાહ્મણ આશીર્વાદ આપે છે તેમ અહીં બ્રહ્મ એવા આત્માને જાણનાર બ્રાહ્મણ-આત્મા પોતે પોતાને આશીર્વાદ આપે છે. તે હવે કહે છે.

## કળશ-૨૭૬

અર્થ :–જે અચળ ચેતનાસ્વરૂપ છે, એવા આત્માને શરીરાદિ તો પર છે તેથી તે એઠ છે અને પર્યાયમાં રાગ થાય છે તે પણ એઠ(ઓક) છે, મળ છે. આત્મા તો અચળ ચેતનાસ્વરૂપ છે. તે આત્માને આત્મામાં પોતાથી જ અનવરતપણે (નિરંતર) નિમગ્ન રાખે છે. વ્યવહાર વડે અંતરમાં લીન રહે છે, એમ નથી પણ પોતાથી પોતામાં પોતે આત્માનું ભાન કરીને અંતરમાં લીન થાય છે અર્થાત્ પ્રાપ્ત કરેલા સ્વભાવને કદી છોડતો નથી.

અમૃતચંદ્ર જ્યોતિ કેવી છે? કે જેણે મોહનો નાશ કર્યો છે. અજ્ઞાન અંધકાર રહ્યો નથી અને જેનો સ્વભાવ નિઃસપત્ન છે, પ્રતિપક્ષી કર્મો વિનાનો છે. જે નિર્મળ છે અને જે પૂર્ણ છે એવી આ ઉદય પામેલી અમૃતચંદ્રજ્યોતિ સર્વ તરફથી  જાજ્વલ્યમાન રહો. અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ એટલે જ્ઞાન સદા પ્રકાશમાન રહો. એવો આચાર્ય ભગવાન પોતે પોતાને આશીર્વાદ આપે છે. અહીં ચંદ્રની ઉપમા આપી છે પણ આગળ કહેશે કે તે ઉપમા આત્મામાં સર્વ અંશે મળતી આવતી નથી. અહીં તો આચાર્ય ભગવાન આવી ચૈતન્યચમત્કાર જ્યોતિ અમને, તમને, બધાને જયવંત વર્તો—એવો આશીર્વાદ આપે છે.

**ભાવાર્થ :**–જેનું મરણ નથી અને જેનાથી અન્યનું મરણ નથી તે અમૃત છે. મરે કોણ? આત્મા મરે નહિ, આત્માનું સ્નાન પણ નીકળે નહિ. અત્યારે સ્નાન કાઢે છે એ તો શોકનું સ્નાન કાઢે છે પણ શોક તો આત્મામાં છે જ નહિ. નવો નવો શોક ઊભો કરે છે. આત્માનું મરણ નથી તો શોક આત્માનો હોય જ નહિ. આત્મા તો જ્ઞાનાનંદ અમૃતસ્વરૂપ છે, તે કોઈથી મરે

એવો નથી અને તે કોઈને મારતો પણ નથી. આત્મા કોઈથી બળે નહિ, શસ્ત્રથી કપાય નહિ, આત્માનો નાશ થાય નહિ.

આત્મા મરતો નથી એટલે તે અમૃત છે. વળી જે અત્યંત સ્વાદિષ્ટ હોય તેને પણ લોકો રૂઢિથી અમૃત કહે છે. જેમકે કોઈ મીઠું ફળ હોય તો આ અમૃતફળ છે, ભોજનને પણ અમૃત કહે છે. પણ અહીં જ્ઞાનને—આત્માની અમૃતજ્યોતિ કહેલ છે. તે લુપ્તોપમા અલંકારથી કહ્યું છે એમ જાણવું; કારણ કે अमृतचंद्रवत् ज्योति નો સમાસ કરતાં वत्નો લોપ થઈ अमृतचंद्रज्योति થાય છે.

वत् શબ્દ ન મૂકતાં અમૃતચંદ્રરૂપ જ્યોતિ એવો અર્થ કરીએ તો ભેદરૂપક અલંકાર થાય છે. અમૃતચંદ્રજ્યોતિ એવું જ આત્માનું નામ કહીએ તો અભેદરૂપક અલંકાર થાય છે, અમૃતચંદ્ર જેવું રૂપ  કહીએ તો ભેદ અલંકાર થાય છે અને અમૃતચંદ્રજ્યોતિ અભેદ અલંકાર થાય છે. અધ્યાત્મ મુનિ હતા પણ વ્યાકરણ, સંસ્કૃતમાં પણ પ્રવીણ હતા, સાહિત્યનું અંગ ખાલી ન હતું છતાં એનું મહત્વ ન હતું. એમને તો અમૃતચંદ્ર જ્યોતિનો મહિમા હતો.

આત્માને અમૃતમય ચંદ્રમા સમાન કહ્યો હોવા છતાં, એ કહેલાં વિશેષણો વડે આત્માને ચંદ્ર સાથે વ્યતિરેક પણ છે, કારણ કે ध्यस्तमोह વિશેષણથી અજ્ઞાન અંધકારનું દૂર થવું જણાવે છે. આત્મામાં અંધકાર નથી, ચંદ્રમાં તો અંધકાર હોય છે અને विमलपूर्ण વિશેષણથી લાંછનરહિતપણું તથા પૂર્ણપણું બતાવે છે. ચંદ્રમાં તો લાંછન છે અને અપૂર્ણપણું પણ છે. निःसपत्नस्तभाव વિશેષણ રાહુબિંબથી તથા વાદળાદિથી આચ્છાદિત ન થવાનું જણાવે છે. ચંદ્રમાં તો રાહુ  અને વાદળાં આડાં હોય છે. समंतात् ज्वलतु કહ્યું છે. તે સર્વક્ષેત્રે તથા સર્વકાળે પ્રકાશ કરવાનું જણાવે છે. ચંદ્ર આવો નથી માટે ચંદ્રની ઉપમા આત્માને લાગુ પડતી નથી, તે કહ્યું.

આ કાવ્યમાં ટીકાકાર આચાર્યદેવે ‘‘અમૃતચંદ્ર’’ એવું પોતાનું નામ પણ જણાવ્યું છે. સમાસ પલટીને અર્થ કરતાં ‘‘અમૃતચંદ્ર’’ના અર્થ ‘‘અમૃતચંદ્રજ્યોતિ’’ના અનેક અર્થો થાય છે, તે યથાસંભવ જાણવા. આ રીતે પૂર્ણ મંગલિક કર્યું છે.

***

# પ્રસાદ નં. ૯૮

## શ્રી સમયસાર પરિશિષ્ટ

(મહા સુદ ૨, સોમવાર, ૨૦૦૮, તા. ૨૮-૨-૫૨, બપોરે)

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની અમૃતચંદ્રઆચાર્યની 'આત્મખ્યાતિ' ટીકાની ભાષા વચનિકા પૂર્ણ કરતાં જયચંદ્રજી પંડિત કહે છે :–

**સર્વવિશુદ્ધજ્ઞાનરૂપ સદા ચિદાનંદ કરતા ન ભોગતા ન પરદ્રવ્યભાવકો,**
**મૂરત અમૂરત જે આનદ્રવ્ય લોકમાંહિ તે ભી જ્ઞાનરૂપ નાહીં ન્યારે ન અભાવકો;**
**યહૈ જાનિ જ્ઞાની જીવ આપકુ ભજૈ સદીવ જ્ઞાનરૂપ સુખ તૂપ આન લગાવકો,**
**કર્મ કર્મફલરૂપ ચેતના કૂં દૂરિ ટારિ જ્ઞાન ચેતના અભ્યાસ કરે શુદ્ધ ભાવકો.**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં શું  આવ્યું તે આ કાવ્યમાં ટૂંકામાં કહેલ છે. આત્મ સર્વવિશુદ્ધજ્ઞાન સ્વરૂપ છે. ત્રિકાળ વસ્તુ સ્વભાવ સદા જ્ઞાનાનંદમૂર્તિ છે, તે પરદ્રવ્યની કોઈ પર્યાય કે વિકલ્પનો કર્તા તથા ભોક્તા વસ્તુસ્વભાવે નથી, જ્ઞાનની સાથે સદા આનંદ પણ છે. તે આત્મા અન્ય દ્રવ્યનો પલટાવનાર કે ભોગવનાર નથી. ખરેખર બંધભાવ અને વિકારભાવનો પણ કર્તાભોક્તા નથી.

જગતના મૂર્ત કે અમૂર્ત જેટલા પદાર્થો છે તે આત્માના જ્ઞાનરૂપે કદી થયા નથી, તે બધા આત્માથી ત્રણેકાળે જુદા છે. આત્મામાં તેનો અભાવ છે. તેથી તે અનંતા આત્માઓ અને પુદ્‌ગલ વગેરે દ્રવ્યનો બિલકુલ અભાવ છે—એમ નથી, તે દ્રવ્યો એનાથી અભાવરૂપ નથી, તેનાથી તો તે દ્રવ્યો ભાવરૂપ છે. આમ જાણીને  જ્ઞાની જીવ સદા પોતાનું ભજન કરે છે. આત્મા પોતે ચિદાનંદસ્વરૂપ છે; એના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરે છે, જ્ઞાન જ જેનું રૂપ છે, જ્ઞાન જ જેનું સત્ત્વ છે, વળી આત્મા સુખનો ડુંગરો છે, સુખનું શિખર છે. જ્ઞાન સ્વભાવી દ્રવ્ય છે. એક સમયની પર્યાયને ગૌણ કરી સ્વભાવ સામું જોતો આત્મા સુખનો ગંજ છે. તેને જગતના અન્ય દ્રવ્યો કાંઈ સંબંધ નથી.

રાગ, દ્વેષ, પુણ્ય, પાપાદિ ભાવો તે મારું કર્તવ્ય છે, એમ માની તેમાં રોકાય તે કર્મચેતના છે અને હરખ-શોકના પરિણામમાં એકત્વબુદ્ધિ કરે તે કર્મફળચેતના છે. હરખમાં ફૂલાય અને શોકમાં શેકાય, તે કર્મફળચેતનામાં ચેતાઈ જાય છે, જેમ બરફ ઓગળે તેમ અનુકૂળતામાં હરખ કરીને ઓગળી જાય અને જેમ અગ્નિમાં શેકાય તેમ પ્રતિકૂળતામાં શોક કરીને શેકાઈ જાય છે તે કર્મફળચેતના છે; અને હું જ્ઞાનાનંદ છું, શુદ્ધચૈતન્ય સ્વભાવી છું આવો અંતરમાં અભ્યાસ કરે તે જ્ઞાનચેતના છે, તે જ્ઞાન ચેતનામાં ટકી રહે તો

પરમાત્મા થાય, એ સર્વવિશુદ્ધજ્ઞાનનું ફળ છે. આ રીતે ઉપાય-ઉપેયભાવ કહીને પૂરું કર્યું.

આમ શ્રી સમયસાર ગ્રંથની આ શ્રીમદ્ અમૃચંદ્રસૂરિ વિરચિત 'આત્મખ્યાતિ' નામની ટીકા પંડિત જયચંદ્રજીકૃત ભાષા વચનિકામાં નવમો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર પૂર્ણ થયો.

હવે શ્રીમાન્ અમૃતચંદ્રદેવ બે કાવ્યો કહીને આ સમયસાર ગ્રંથની આત્મખ્યાતિ નામની ટીકા પૂર્ણ કરે છે. આત્મખ્યાતિ એટલે આત્માની પ્રસિદ્ધિ કરી કે હું જ્ઞાતા છું, એમ પ્રસિદ્ધિ કરી. હું રાગ છું કે શરીરાદિ છું—એ તો પરની પ્રસિદ્ધિ હતી. અનંત શક્તિનો પિંડ આત્મા આવો હતો, તે ખબર ન હતી પણ હવે આત્મખ્યાતિ થઈ. કુંદકુંદાચાર્યદેવની ગાથાની ટીકા અમૃતચંદ્ર આચાર્યે કરીને આત્મખ્યાતિ પૂરી કરી.

અજ્ઞાનદશામાં આત્મા સ્વરૂપને ભૂલીને રાગદ્વેષમાં વર્તતો હતો, પરદ્રવ્યની ક્રિયાનો કર્તા થતો હતો, ક્રિયાના ફળનો ભોક્તો થતો હતો ઇત્યાદિ ભાવો કરતો હતો, પરંતુ હવે જ્ઞાનદશામાં તે ભાવો કાંઈ જ નથી –એમ અનુભવાય છે. આવા અર્થનું કાવ્ય પ્રથમ કહે છે.

## કળશ ૨૭૭

**અર્થ :**–જેનાથી એટલે જે પર સંયોગરૂપ બંધપર્યાયજનિત અજ્ઞાનથી પ્રથમ પોતાનું અને પરનું દ્વૈત થયું, અર્થાત્ પોતાના અને પરના ભેળસેળપણારૂપ ભાવ થયો, આ કળશમાં આચાર્યદેવે માખણ મૂકી દીધું છે, જુઓ, અજ્ઞાનથી શું થયું તે વાત પ્રથમ લીધી છે, શરીર, વાણી, મન, પુણ્ય-પાપાદિ એકત્વબુદ્ધિ થવી તે અજ્ઞાન છે. શરીરાદિ તો પર છે અને પુણ્ય-પાપાદિ વિકાર છે, આત્મા પોતાનું ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે એનું ભાન ભૂલીને વર્તમાન પર્યાય જેટલો જ હું છું—એમ માને તેને પોતાનું અને પરનું દ્વૈતપણું થયું, તેણે ભેળસેળપણું કરી નાખ્યું.

## (૧) અજ્ઞાનથી આત્માએ શરીર અને વિકારાદિમાં પર્યાયબુદ્ધિએ દ્વૈતપણું કર્યું.

આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વરૂપી છે. એણે પર્યાયમાં બંધપણું દેખીને પોતાનું અને પરનું ભેળસેળપણું કર્યું છે, કાયમ રહેનારને શરીરાદિ તે હું છું એમ ભાસ્યું. હું છું તો ખરો પણ હું રાગ છું, પુણ્ય છું, શરીર છું, રાગનો કર્તા-ભોક્તા છું—એમ ભેળસેળપણું અજ્ઞાનથી ભાસ્યું છે. અનાદિથી મિથ્યાત્વ કેમ થયું, તેની આ વાત ચાલે છે. અજ્ઞાની કેવી રીતે આત્માને ચૂકી ગયો, તે કહે છે. પોતે રહીને પરને પોતાનું માન્યું, રાગ કરું તો મને ઠીક પડે, સંયોગ હોય, વ્યવહાર હોય તો ઠીક પડે, એમ બંધપર્યાયમાં પોતાનું એકપણું કર્યું,

બંધ પર્યાય છે માટે દ્વૈતપણું થયું, એમ નથી. પણ બંધ પર્યાયમાં પોતે અજ્ઞાનથી ભેળસેળપણું કર્યું છે.

ચિદાનંદ સ્વરૂપ પોતાનું છે, તેને ભૂલીને પર્યાયબુદ્ધિમાં સંયોગ ભાસ્યો પણ સ્વભાવ ભાસ્યો નહિ, આ કારણ મૂક્યું છે. આમાં કર્મનું કારણ નથી. પોતે હોય તો પર માં ભેળસેળપણું કહેવાય. ચોખામાં કણકી, મરચામાં બીયાં ભેળસેળ થાય છે તેમ આત્મા છે પણ તે શરીર-રાગ-પુણ્ય-પાપ હરખ શોકાદિનો કર્તા-ભોક્તા છે—એમ જેને ભાસે છે, તે ભેળસેળપણું કરે છે. આ ભૂલ અનાદિની છે. અહીં પ્રથમ કહ્યું છે માટે તે ભૂલ પહેલાં ન હતી ને નવી કરી છે, એમ નથી. સ્વભાવના બોધના અભાવે બે પણું ભાસ્યું છે.

## (૨) દ્વૈતપણું થતાં સ્વરૂપમાં અંતર પડ્યું.

સ્વરૂપનું ભાન નહિ હોવાથી, પર્યાયમાં દ્વૈતપણું થયું—ભેળસેળપણું થયું. એમ થવાથી ત્રિકાળી સ્વભાવનો આંતરો પડ્યો અને પર જ પોતાનું છે, એમ જણાયું. બંધ પર્યાય જ પોતારૂપ જણાયો. પોતે છે તો પર છે એટલે આત્મા છે તો પરના કાર્યો થાય છે—એમ દ્વૈતપણું થતાં વિકાર જેટલો આત્મા જણાયો. સ્વભાવ ચૈતન્ય છે એમાં આડ પડી. પર્યાયબુદ્ધિ થતાં ત્રિકાળી એકરૂપ સ્વભાવ છે એમાં આંતરો પડ્યો, બંધ પર્યાય પોતાનો છે, એમ જણાયું.

## (૩) સ્વરૂપનો આંતરો પડવાથી રાગ-દ્વેષનું ગ્રહણ થયું.

લોકો કહે છે કે તમારે અને અમારે ઘણો આંતરો પડી ગયો—એમ અનંતકાળથી સ્વભાવનો એવો આંતરો પડી ગયો છે કે જેના કારણે રાગ-દ્વેષમાં ઠીકાઠીકપણું કલ્પ્યું. સ્વભાવમાં રાગ-દ્વેષ નથી છતાં રાગને ગ્રહીને એનો કર્તા હું છું, એમ માન્યું. અનાદિથી સંસારમાં કેમ રખડ્યો તે જણાવીને પછી ગુંલાટ મારીને ધર્મ કેમ થાય, તે સમજાવશે. ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન રાગ-દ્વેષની પર્યાયમાં એકતા થઈ તેથી સ્વભાવમાં આંતરો પડ્યો તેથી રાગ-દ્વેષનું ગ્રહણ થયું.

## (૪) રાગ-દ્વેષના ગ્રહણથી ક્રિયાના કારકો ઉત્પન્ન થયા.

રાગ-દ્વેષનું ગ્રહણ થતાં, કર્તા-કર્મ આદિ કારકોનો ભેદ પડ્યો, રાગ-દ્વેષના કારણે ક્રિયા પલટાવા લાગી, અનેક પ્રકારના પ્રસંગો ઊભા થયાં, સ્વભાવની એકરૂપતા થવી જોઈએ તેને બદલે રાગ-દ્વેષનો હું કર્તા અને તે મારું કાર્ય, રાગ-દ્વેષ સાધન, રાગદ્વેષનો સ્વામી વગેરે છ કારકોના ભેદ ઊભા કર્યા, પરનો કર્તા આદિ પણ ભાસ્યો, રાગ-દ્વેષ રહિત ત્રિકાળ ચૈતન્ય જ્ઞાતા મારું સાધન છે–એને ભૂલ્યો. દયા, દાન, ભક્તિ, શુદ્ધ આહાર આદિ ક્રિયામાં

ખુશી ખુશી થઈ જાય છે. તેને ખબર નથી કે તે આખા આત્માને ચૂકી જાય છે. શ્રાવકોને કહે તમે શુદ્ધ આહાર આપ્યો માટે તમારું કલ્યાણ થઈ જશે, એમ કહેનાર સાધુ મિથ્યાદ્રષ્ટિ છે. ચૈતન્યને નહિ સમજતાં મૂઢ થઈને પરની ક્રિયામાં રાચી રહ્યો, ભેદપણામાં અભેદતાને ચૂકી ગયો, સ્વસ્વામી સંબંધ બંધપર્યાય સાથે માનીને તે પરનો સ્વામી થાય છે. આ રીતે કારકોને ઉત્પન્ન કર્યા.

## (૫) "કારકો ઉત્પન્ન થતાં જેનાથી અનુભૂતિ ક્રિયાના સમસ્ત ફળને ભોગવતી થકી ખિન્ન થઈ."

આત્મામાં વિકારના છ કારકો ન હતા તે નવા ઉત્પન્ન કર્યા, પર્યાયનું પલટન થતાં રાગ-દ્વેષના છ કારકો ઊભા થતાં જ્ઞાનરૂપી અનુભવની પર્યાય રાગ-દ્વેષ, હરખ-શોકનો ભોગવટો કરવા લાગી. આત્મા, જડનો કર્તા-ભોક્તા છે જ નહિ, પણ પર્યાયમાં વ્યવહાર રત્નત્રયરૂપી વિકલ્પ છે—એનાથી આત્માને લાભ થશે, એના વિના કલ્યાણ થશે નહિ—એમ રાગમાં જોર દીધું તેથી આત્માની પર્યાય રાગ-દ્વેષાદિને ભોગવતી થકી અનાદિથી દુઃખી થઈ રહી છે.

## (૬) અજ્ઞાન હવે જ્ઞાનરૂપ પરિણમ્યું તેથી તે બધું કાંઈ જ નથી.

પર્યાયબુદ્ધિ ગઈ. સ્વભાવ તે જ હું છું–પર તે હું નથી, એમ સ્વ-પરનું દ્વૈતપણું હતું; તે જતાં હું એક છું એમ ભાસ્યું. રાગ-દ્વેષ સાથે ભેળસેળપણું નથી એમ ભાસ્યું. તેથી રાગ-દ્વેષની પક્કડ જતાં, ચૈતન્યસત્તાનો આંતરો ગયો અને રાગ-દ્વેષનો જ્ઞાતા રહ્યો. તેથી રાગ-દ્વેષના ગ્રહણના કારણે ઉત્પન્ન થતાં ક્રિયાના કારકો અભેદ સ્વરૂપમાં સમાઈ ગયા, એટલે અહીં અજ્ઞાનનું થવું હતું, તે જ્ઞાન થતાં અજ્ઞાન સમાઈ ગયું, તે જ વાત લીધી છે. કર્તાકર્મ આદિ પરનો ભાવ હતો, તે ટાળીને અભેદ થતાં વિજ્ઞાનઘન સમૂહ આત્મામાં મગ્ન થયું એટલે કે અજ્ઞાન રહ્યું નહિ, અભેદબુદ્ધિથી સમ્યગ્જ્ઞાન થયું તેથી હવે તે અજ્ઞાન ખરેખર કાંઈ જ નથી.

ચૈતન્ય ચૈતન્યમાં એકાગ્ર થતાં ભેદપણું રહેતું નથી. આ એક જ શ્લોકમાં અનાદિનું અજ્ઞાન છે. તે અને તેનો ભાવ કેમ થાય, તે વાત કરી છે. દોરાનો ફાળકો ગૂંચવાણો હોય અને ગાંઠ પડી હોય, પણ તે ગૂંચ કાઢતાં ગાંઠ રહેતી નથી તેમ આત્માની પર્યાયમાં અજ્ઞાનરૂપી ગૂંચ ઊભી થઈ હતી, તે જ્ઞાનથી ઉકેલી નાખી, પછી તે કાંઈ છે જ નહિ. અંશબુદ્ધિમાં રાગ-દ્વેષ અજ્ઞાન વગેરે ભાસતા હતા પણ સ્વભાવબુદ્ધિ થતાં, તે કાંઈ ભાસતું નથી. આમાં મોક્ષમાર્ગ સમાવી દીધો છે. હજારો શાસ્ત્રોનો આ સાર છે. આચાર્યદેવે

ટૂંકામાં સંકેલી નાખ્યું છે. અનેક પ્રકાર કેમ થયા અને કેમ સમાઈ ગયા? એ કહ્યું.

**<u>ભાવાર્થ :</u>**–પર સંયોગથી જ્ઞાન જ અજ્ઞાનરૂપે પરિણમ્યું હતું. અજ્ઞાન કાંઈ જુદી વસ્તુ ન હતી, માટે હવે જ્યાં તે જ્ઞાનરૂપે પરિણમ્યું ત્યાં તે અજ્ઞાન કાંઈ જ ન રહ્યું. અજ્ઞાનના નિમિત્તે રાગ-દ્વેષ ક્રિયાનું કર્તાપણું, ક્રિયાના ફળનું—સુખ-દુઃખનું ભોક્તાપણું ઇત્યાદિ ભાવો થતા હતા તે પણ વિલય પામ્યા, એક જ્ઞાન જ રહી ગયું, માટે હવે આત્મા સ્વ-પરના ત્રણકાળવર્તી ભાવોને જ્ઞાતાદ્રષ્ટા થઈને દેખ્યા જ કરો—જાણવા-દેખવાપણું વર્ત્યા કરો.

***

## <u>શ્રી સમયસાર પરિશિષ્ટ</u>

**(મહા સુદ ૩, મંગળવાર, ૨૦૦૮, તા. ૨૯-૧-૫૨)**

હવે, સમયસારનો આ છેલ્લો કળશ છે. જ્ઞાની પરની ક્રિયાને પોતાની દેખતા નથી. આ સમયસારની વ્યાખ્યા કરવાની ક્રિયા પણ મારી નથી, શબ્દોની છે. એવા અર્થનું, સમયસારની વ્યાખ્યા કરવાના અભિમાનરૂપ કષાયના ત્યાગને સૂચવનારું કાવ્ય હવે કહે છે.

## <u>શ્લોક ૨૭૮</u>

આત્માનો જ્ઞાન સ્વભાવ છે. આત્મા પરની ક્રિયા કરી શકતો નથી. જ્ઞાની કે અજ્ઞાની કોઈ પરની ક્રિયા કરતા નથી. આ શબ્દોની રચનાનો આત્મા કર્તા નથી. આત્મામાં એવી તાકાત નથી કે તે શબ્દોને રચે. શબ્દોએ પોતાની શક્તિથી જ આ સમયસારમાં વસ્તુનું સ્વરૂપ કહ્યું છે. અહો! આચાર્યદેવ કહે છે કે અમે તો જ્ઞાની છીએ. આ શબ્દોની જડ પર્યાયના કર્તા અમે નથી. શબ્દોની રચના થવી તે અમારું કાર્ય નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. રાગનો વિકલ્પ આવ્યો તેના પણ જ્ઞાની પરમાર્થે જ્ઞાતા જ છે.

વસ્તનું સ્વરૂપ શબ્દોએ કહ્યું છે, શબ્દો વાચક છે ને વસ્તુસ્વરૂપ વાચ્ય છે. આત્મા તો જ્ઞાન છે, તે કાંઈ ભાષાને પરિણમાવતો નથી, "પોતે કર્તા છે પણ અભિમાન ટાળવા માટે આ કહે છે," એમ નથી, પરંતુ વસ્તુસ્વરૂપ જેમ છે તેમ કહે છે.

**તનતા મનતા વચનતા, જડતા જડ સમ્મેલ,**
**લઘુતા ગુરુતા ગમનતા, યે અજીવકે ખેલ.** (સમયસાર નાટક)

શરીર-મન-વાણીની ક્રિયાઓ થાય એ બધો જડનો ખેલ છે, આત્મા તેને કરી શકતો નથી. હું પરને કરું એમ મિથ્યાદ્રષ્ટિ માને છે, પણ તે પરનું કરી શકતો નથી. ઘીના સંયોગથી ઘીનો ઘડો કહેવાય, પણ ઘડો તો માટીનો

જ છે, તેમ આત્માનો રાગ નિમિત્તપણે હોય ત્યાં વ્યવહારથી કહેવાય કે ‘‘આત્માએ ભાષા કરી’’ પણ ખરેખર ભાષા તો જડ છે, તેની રચના આત્મા કરતો નથી. શબ્દોમાં એવો સ્વભાવ છે કે વસ્તુસ્વરૂપને કહે, આત્મામાં વસ્તુસ્વરૂપને જાણવાનો સ્વભાવ છે પણ તેને ભાષા વડે વસ્તુસ્વરૂપને કહે એવું આત્માનું સ્વરૂપ નથી. જીવની પર્યાયનો જડની પર્યાયમાં અત્યંત અભાવ છે, તો કોણ કોને કરે? આત્મા છે તો ભાષા બોલાય છે—એમ અજ્ઞાનીને ભ્રમ છે. આત્મા ભાષાને કરે એવી જેની માન્યતા છે, તેને તો મિથ્યાત્વ છે, તેને વ્રત કે પડિમા કાંઈ હોતું નથી.

આત્માનું સ્વરૂપ કહેનારી આ સમયસારની ટીકા કોણે કરી? શબ્દોએ કરી છે. શબ્દો આ આત્મખ્યાતિરૂપે પરિણમ્યા છે, તેમાં અમૃતચંદ્રસૂરિનું કાંઈ જ કર્તવ્ય નથી; અમૃતચંદ્રસૂરિ તો પોતાના સ્વરૂપમાં જ ગુપ્ત છે, તેઓ ભાષાના કર્તા નથી, તેમ જગતમાં કોઈપણ આત્મા પરદ્રવ્યનો કર્તા નથી, જેમ વિષ્ણુ કહે છે કે ઈશ્વરે જગતને બનાવ્યું, તેમ કોઈ જૈન પણ એમ માને કે હું પરદ્રવ્યની પર્યાયને કરું—તો તે પણ વિષ્ણુ જ છે, તે મિથ્યાદ્રષ્ટિ જ છે, સ્વ-પરના ભેદજ્ઞાનની તેને ખબર નથી, આત્મા તો અમૂર્તિક જ્ઞાનસ્વરૂપી છે, તે પરને શું કરે? આચાર્યદેવ કહે છે કે ટીકાના શબ્દોને તો મેં નથી કર્યા; પણ ટીકા રચવાનો જે શુભ વિકલ્પ ઊઠ્યો તેનો પણ હું સ્વામી નથી, હું તો મારા જ્ઞાનાનંદ સ્વરૂપમાં ગુપ્ત છું, મારા દ્રવ્ય-ગુણ-પર્યાય મારામાં છે ને જડના દ્રવ્ય-ગુણ-પર્યાય જડમાં છે, કોઈનું કાંઈ પરમાં પ્રવેશી જતું નથી, સ્વરૂપમાં ગુપ્ત એવા અમૃતચંદ્રસૂરિનું પરમાં કિંચિત્ પણ કર્તવ્ય નથી—આવું જ વસ્તુનું સ્વરૂપ છે, અભિમાન કરે તો પણ પરની પર્યાયને તો તે કરી શકતો જ નથી.

પુદ્‌ગલમાં ૨૩ પ્રકારની વર્ગણાઓ છે, તેમાંથી ભાષાવર્ગણા જ શબ્દોરૂપે પરિણમે છે. नमः समयसाराय ઇત્યાદિ શબ્દોરૂપે ભાષાવર્ગણા સ્વયં પરિણમે છે; તેમાં પુરુષનું નિમિત્ત હોય, પણ પુરુષની ઇચ્છાને લીધે ભાષા થઈ એમ નથી, નિમિત્ત અને નૈમિત્તિક બન્નેનો કાળ એક હોવા છતાં કોઈ કોઈના કર્તા નથી, જૈનદર્શન તો વસ્તુ દર્શન છે, જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ તે બતાવે છે, અક્ષર, શબ્દ અને વાક્યરૂપે પુદ્‌ગલો જ પરિણમે છે, જીવની ઈચ્છા તો નિમિત્તમાત્ર જ છે.

ઇચ્છાને અને ભાષાને કર્તાકર્મપણું નથી, બે ભિન્ન પદાર્થોમાં કર્તાકર્મપણું હોતું નથી, જે પદાર્થ સ્વતંત્રપણે કરે એટલે કે પરિણમે તે કર્તા છે. ભાષાપણે પુદ્‌ગલો સ્વતંત્ર પરિણમે છે તેથી પુદ્‌ગલો જ તેના કર્તા છે, આત્મા તેનો કર્તા નથી, શબ્દોમાં જ વસ્તુસ્વરૂપને કહેવાની સ્વયમેવ શક્તિ છે, શબ્દને અને વસ્તુને વાચ્ય-વાચક સંબંધ છે.

પરમાણુની ક્રિયા થવામાં પરમાણુના છ કારકો છે. દરેક ચીજમાં પોતપોતાના છ કારકો છે. પુરુષના નિમિત્તથી શબ્દો થાય છે, એમ વ્યવહારેથી કહેવાય છે. કાંઈ પુરુષ તેમને શબ્દપણે પરિણમાવતો નથી. ‘‘કોઈ કહે કે નિશ્ચયથી આત્મા પરને ન કરે પણ વ્યવહારથી તો કરે!’’ તો તેમ નથી. **નિશ્ચયથી કે વ્યવહારથી પણ આત્મા પરને કરી શકતો નથી.** વ્યવહારથી ફક્ત બોલાય છે કે આચાર્યદેવે આ શાસ્ત્રની રચના કરી, એ તો નિમિત્તનું કથન છે. કોઈ પરની અવસ્થાને કરે એમ સર્વજ્ઞના જ્ઞાનમાં નથી. વસ્તુના સ્વરૂપમાં તેવું નથી. આત્માના અનુભવમાં તેમ આવતું નથી. યુક્તિથી પણ તેમ સિદ્ધ થતું નથી. અજ્ઞાની દરેક વસ્તુના પૃથક્-પૃથક્ સ્વરૂપને નથી દેખતો, પણ સંયોગથી જુએ છે. દરેક વસ્તુ ભિન્ન ભિન્ન છે, તેમાં કોઈને બીજી વસ્તુ સાથે કાંઈ સંબંધ નથી, એમ ભેદજ્ઞાન થયા વિના સામાયિક, વ્રત, તપ કાંઈ સાચું હોય નહિ.

સમયસારની રચનાના જે શબ્દો છે, તે દ્રવ્યશ્રુત છે. તે દ્રવ્યશ્રુતની રચના શબ્દોએ જ કરી છે, એ વાત જ યથાર્થ છે. આત્મા તો અમૂર્તિક છે, જ્ઞાનસ્વરૂપ છે, તે મૂર્તિક પુદ્ગલોની રચના કેમ કરી શકે? ન જ કરી શકે. ગોળ શબ્દ ગોળ પદાર્થને બતાવે છે ને જ્ઞાન તેને જાણે છે. તેમ ‘જી- - વ ’ એવો શબ્દ છે તે જીવ વસ્તુને બતાવે છે. ‘સિંહ’ શબ્દ છે તે સિંહ પદાર્થને બતાવે છે. આત્મા તો જ્ઞાતાપણે તે જ્ઞેયોને જાણે છે. આત્માને અને પદાર્થોને જ્ઞેયજ્ઞાયકપણાનો સંબંધ છે, પણ કર્તાકર્મનો સંબંધ નથી, તેમજ આત્માને પર સાથે વાચ્ય-વાચક સંબંધ નથી. આત્મા તો પ્રમાતા છે, ને પદાર્થો પ્રમેય છે. આ સમસ્ત પદાર્થોને પ્રમાણથી જાણે છે, જડ પદાર્થોમાં એકલો ‘‘પ્રમેય’’ થવાનો જ ગુણ છે, ને આત્મા તો ‘‘પ્રમાણ’’ અને ‘‘પ્રમેય’’ બન્ને ગુણમય છે. એટલે પોતે પોતાના જ્ઞાનથી સ્વ-પરને જાણે છે. આત્મા પોતાનો તો ‘જ્ઞાતા’ અને ‘કર્તા’ બન્ને છે, પરનો જ્ઞાતા જ છે, પણ કર્તા નથી. આત્મા શબ્દોને જાણે ખરો પણ શબ્દોનો કર્તા નથી. જડની પર્યાય તેની સ્વકાળલબ્ધિથી જ થાય છે. ભાવશ્રુત તો આત્માનું જ્ઞાન છે, તે કાંઈ શબ્દોમાં નથી. આ શબ્દરૂપ દ્રવ્યશ્રુતની રચના છે તે પુદ્ગલોએ કરી છે. આત્મા તે દ્રવ્યશ્રુતની રચના કરનારો નથી, ભગવાન આત્મા તો અમૂર્તિક જ્ઞાનસ્વરૂપી છે. જ્ઞાન જ તેનો પરમસ્વભાવ છે, તે જ્ઞાનસ્વરૂપી પ્રભુ....જ્ઞાનસ્વરૂપી મહિમાવંત પદાર્થ....પરની રચના કેમ કરી શકે? અરે! અજ્ઞાનીઓને પરના અભિમાન કેમ આવી જાય છે? વાણીમાં તો આત્માનો અત્યંત અભાવ છે. બે પદાર્થોમાં એકપણાની માન્યતા તે જ મૂળ ગ્રંથી અને મૂળ ગલતી છે.

વ્યવહારનય ભૂતાર્થ કહ્યો છે. તે વ્યવહારના અનેક પ્રકાર છે. સમયસારની ૧૧મી ગાથામાં વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે, તે તો પર્યાયબુદ્ધિ છોડાવીને ધ્રુવસ્વભાવની દ્રષ્ટિ કરાવવા કહ્યું છે.

**વ્યવહાર નય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે.** (૧૧)સમયસાર

સમ્યગ્દર્શનનો વિષય જે ભૂતાર્થ સ્વભાવ છે તેની દ્રષ્ટિ કરાવવા માટે પર્યાયને પણ વ્યવહાર ગણીને તેને અભૂતાર્થ કહી દીધી. પર્યાયનો સર્વથા અભાવ નથી અને ‘‘નિમિત્તથી થાય’’ એમ કહેવું તે તો તદ્દન અભૂતાર્થ છે; પર્યાયદ્રષ્ટિએ પોતાની પર્યાય એક સમય પૂરતી ભૂતાર્થ છે, પણ ‘‘નિમિત્તથી કાર્ય થાય’’ એ વાત તો એક સમય પણ સાચી નથી. દ્રવ્યનો આશ્રય કરાવવા માટે પર્યાયને અભૂતાર્થ કહી છે, પર્યાયદ્રષ્ટિથી તો તે ભૂતાર્થ છે, પણ નિમિત્તથી આત્માએ પરને કર્યું—એવો વ્યવહાર તો પર્યાયદ્રષ્ટિએ પણ ભૂતાર્થ નથી, આમ બન્ને વ્યવહારમાં ફેર છે.

આચાર્યદેવ કહે છે કે આ સમયપ્રાભૃતની ટીકા શબ્દોએ કરી છે, હું તો સ્વરૂપમાં લીન છું, મારું વલણ શબ્દો તરફ નથી; પણ મારું વલણ તો આત્મસ્વરૂપ તરફ છે, મારી પરિણતિ સ્વરૂપ તરફ ઝૂકે છે, માટે હું રાગને પણ કરતો નથી. પછી જડની પર્યાયને તો કેમ કરું? આ કથન આચાર્યદેવની નિર્માનતા પણ બતાવે છે. એટલે કે વસ્તુસ્વરૂપને પણ બતાવે છે ને આચાર્યદેવની વીતરાગતાને પણ બતાવે છે.

‘‘હવે જો નિમત્ત-નૈમિત્તિક વ્યવહારથી કહીએ તો એમ પણ કહેવાય છે કે અમુક કાર્ય અમુક પુરુષે કર્યું, આ ન્યાયે આ આત્મખ્યાતિ નામની ટીકા પણ અમૃતચંદ્રાચાર્યકૃત જ છે, તેથી તેને વાંચનારા તથા સાંભળનારાઓએ તેમનો ઉપકાર માનવો પણ યુક્ત છે’’

આ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કથન છે. ટીકાના શબ્દોની પર્યાય તેની સ્વકાળલબ્ધિથી થઈ તે નૈમિત્તિક છે, ને અમૃતચંદ્રાચાર્ય તેમાં નિમિત્ત છે. વસ્તુસ્વરૂપ તો પહેલાં કહી દીધું, પછી નિમિત્તનૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું; આ ન્યાયે અમૃતચંદ્ર આચાર્યે ‘આ ટીકા કરી છે’ એમ કહેવાય છે, તેથી તેના વાંચનારા–સાંભળનારાઓએ તેમનો ઉપકાર માનવો યોગ્ય છે.

***

# પ્રસાદ નં. ૧૦૦

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(મહા સુદ ૪, બુધવાર, ૨૦૦૮, તા. ૩૦-૧-૫૨)**

સમયસારમાં આ છેલ્લો કળશ છે. ભગવાન કુંદકુંદાચાર્યે આ ગ્રંથમાં ૪૧૫ ગાથા રચી અને અમૃતચંદ્ર આચાર્યે તેની ટીકા કરી—એમ કહેવું તે બધો વ્યવહાર છે. શબ્દ તો પુદગલની પર્યાય છે. તે પર્યાય તેના કાળે થાય છે તે નિશ્ચય છે અને તે પર્યાય થાય છે તે વખતે નિમિત્તરૂપે કોનો ભાવ છે, તે જણાવવા વ્યવહારથી કહેવાય છે કે આ ગાથા અને ટીકા આચાર્યદેવે કરી છે.

ઘડો, મકાનાદિની પર્યાય તેના કાળે તેના કારણે થવાની હોય ત્યારે થાય છે. તે પર્યાય વખતે બીજી ચીજ કોણ હતી તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કહેવામાં આવે કે કુંભારે ઘડો કર્યો, કડીયાએ મકાન કર્યું, પણ ખરેખર તો જગતના દરેક પદાર્થના ઉત્પાદ, વ્યય, ધ્રુવ તે પદાર્થના કારણે છે. તે અસ્તિભાવ ધરાવતા પદાર્થો છે તેનું સમયે સમયે પરિણમન થઈ રહ્યું છે. નવી પર્યાયનું થવું, જૂની પર્યાયનું નાશ થવું અને સદ્રશપણે રહેવું –તે તેના કારણે છે. માટે અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે આ ટીકા અને શ્લોકો મેં કર્યા નથી, તે તો શબ્દોથી રચાયા છે. હું તો સ્વરૂપમાં લીન છું, પરમાં મારું કાંઈ જ કર્તવ્ય નથી.

સંયોગદ્રષ્ટિવાળાને આ વાત બેસતી નથી, પણ ભાઈ, જરા ધીરો થા! શાન્ત થા! જગતનો પદાર્થ છે, એમ કબૂલ કરે અને તેનું વર્તમાન બીજાના કારણે હોય એમ કેમ બને? તે પર્યાય બીજાના કારણે થાય છે, એમ માનવું –તે મહા મિથ્યાત્વની ગાંઠ છે. પૈસા તે પરમાણુની પર્યાય છે, તેના કારણે આત્માની મમતારૂપી પર્યાય થાય નહિ અને આત્માના ભાવના કારણે પૈસાની પર્યાય થાય નહિ. આમ યથાર્થ સમજ્યા વિના અભિમાન ટળે તેમ નથી.

અહીં આચાર્યદેવ કહે છે કે મેં પરનું કાંઈ કર્યું નથી, મારું તેમાં કાંઈ કર્તવ્ય નથી, અને અજ્ઞાની તો જ્યાં હોય ત્યાં ‘‘મેં કર્યું. મેં કર્યું’’ એમ બકરાની જેમ મેં મેં મેં કર્યા કરે છે. મેં શરીરની ક્રિયા કરી, મેં બીજાને સમજાવ્યો, મેં જીવની દયા પાળી, મેં વ્રત પાળ્યાં, મેં આટલા ઉપવાસ કર્યા, એમ દ્રવ્યલિંગી મુનિ થઈને જંગલમાં સૂકાઈ ગયો; પણ એને ખબર નથી કે ભાવલિંગી મુનિ સંત આનંદામૃતમાં ઝૂલતાં, શાસ્ત્ર બનાવવાનો વિકલ્પ આવ્યો એના પણ તેઓ કર્તા નથી. મારું પરિણમન તો જ્ઞાતા થઈને

રહેવાનું છે, એમ તેઓ માનતા, આ કથન આચાર્યદેવની નિર્માનતા બતાવે છે.

હવે જો નિમિત્ત–નૈમિત્તિક વ્યવહારથી કહીએ તો એમ પણ કહેવાય છે જ કે અમુક કાર્ય અમુક પુરુષે કર્યું, નિશ્ચયથી તો જેની પર્યાય જે સમયે થવાની તે થવાની જ, તે વખતે કોણ નિમિત્ત હતું તે બતાવવા વ્યવહારથી કહેવાય છે કે આ પુરુષે આ કાર્ય કર્યું, પણ તે સત્ય નથી. આત્મા એક અખંડ અભેદ વસ્તુ છે, તેમાં જ્ઞાનદર્શાદિ ગુણોનો ભેદ પાડવો તે પણ વ્યવહાર છે. અહીં આ કળશમાં તો પરની પર્યાય આત્માએ કરી, એમ કહેવું તે વ્યવહાર છે. આત્મા અભેદ છે, તે નિશ્ચય છે અને જ્ઞાન તે આત્મા એમ કહેતાં ભેદ પડ્યો. તે સાધ્ય એવા અભેદને સમજાવવાનો વ્યવહાર છે. અજ્ઞાનીને ભેદથી સમજાવવું પડે છે, જેમ જેણે કદી એકલો ઘડો જોયો નથી તેને ઘડો ઓળખાવવા માટે ઘીના સંયોગવાળો ઘડો બતાવીને ઘીનો ઘડો એમ કહે છે, તે વ્યવહાર છે. અહીં કોરા ઘડાની વાત નથી. પણ ઘીના સંયોગવાળો ઘડો છે. પણ તે ઘડો માટીનો છે—એમ સમજાવવું છે, તેમ આત્મા જ્ઞાનદર્શનાદિ ગુણોવાળો છે, તે સિદ્ધના આત્માને બતાવતો નથી પણ આ સંસારી આત્મા છે, તે જ્ઞાનાદિ ગુણોથી અભેદ છે. એમ બતાવવું છે. જ્ઞાની ભેદથી વાત કરે, પણ હેતુ તો અભેદને સમજાવવાનો છે, છતાં અજ્ઞાની ભેદને જ પકડે છે, તેને અભેદ આત્માની પ્રતીતિ થતી નથી.

અનાદિથી જે જીવ આત્માને જાણતો નથી, તેને કહે છે કે જો ભાઈ, ‘જાણે છે તે આત્મા, દેખે છે તે આત્મા’ એમ ભેદથી સમજાવે છે. વળી મનુષ્યનો જીવ, દેવનો જીવ, હાલે ચાલે તે જીવ, પર્યાપ્તિવાળો જીવ, એમ કહીને જીવને સમજાવવો છે, ઘીનો ઘડો કહીને ઘડાને સમજાવવો છે, ‘અમુકે અમુક કાર્ય કર્યું’, એમાં હેતુ તો તે કાર્ય થયું ત્યારે નિમિત્ત કોણ હતું તે બતાવવાનો છે. ભાષાની પર્યાય કોઈ નિમિત્ત હોય તો બનતી નથી, તે નિમિત્તનું કથન કહીને સમજાવ્યું છે, એમ ગુણ ગુણી ભેદ, રાગાદિવાળો જીવ, વગેરે વ્યવહારથી સમજાવવામાં આવ્યું છે. ત્યાં આત્માને એવો જ માની લ્યે, તો તે મિથ્યાદ્રષ્ટિ છે.

વાણી થઈ તે ભાષાની પર્યાયથી થઈ છે, તે પર્યાય થઈ ત્યારે નિમિત્ત કોણ હતું તે બતાવવા કહ્યું કે અમૃતચંદ્રાચાર્યે આ ટીકા કરી છે. આ નિમિત્તનું કથન છે. પણ તે પ્રમાણે જ વસ્તુસ્વરૂપ માની લ્યે તો તે મિથ્યાદ્રષ્ટિ છે. પુસ્તકમાં શબ્દો એમના એમ એના કારણે ટકી રહ્યા છે. અત્યારે તે શબ્દોમાં કોઈ જીવનું નિમિત્ત નથી, જો નિમિત્તના કારણે શબ્દો થયા હોય તો તે નિમિત્ત વિના શબ્દો ટકી રહે નહિ, પણ એમ બનતું નથી,

માટે નિમિત્તના કારણે શબ્દો થયા નથી, પણ વ્યવહારથી કહેવામાં આવે છે કે આ ટીકા અમૃતચંદ્રાચાર્યે કરી છે.

આ ન્યાયે આત્મખ્યાતિ નામની ટીકા પણ અમૃતચંદ્રાચાર્યકૃત છે જ. નિમિત્ત વિના કે રાગ વિના એકલી વસ્તુ કદી ખ્યાલમાં આવી નથી. તેને નિમિત્તથી મનુષ્યાદિ પાંચ ઇન્દ્રિયવાળો જીવ એમ કહેવામાં આવે છે; તેમ આચાર્યે ટીકા કરી છે, એમ નિમિત્તથી કહેવામાં આવ્યું છે. અહીં હેતુને ન પકડે અને ભેદ તથા વિકલ્પને પકડે તો તે દેશનાને પણ લાયક નથી. આ વ્યવહારનો ખુલાસો થયો. અજ્ઞાની વ્યવહાર કરીને તેનાથી કલ્યાણ થાય છે એમ માને છે, પણ ખરેખર વ્યવહારથી નિશ્ચય પ્રગટ થતો નથી. વ્યવહાર છે ખરો પણ વ્યવહારના કારણે ન થવાની હતી તે પર્યાય થઈ—એમ નથી, વ્યવહાર આવ્યો માટે નિશ્ચયની પર્યાય થઈ—એમ માનનાર નિમિત્ત-નૈમિત્તિકપણાને પણ સમજતો નથી.

જુઓ, અહીં કહે છે કે વાંચનારા તથા સાંભળનારાઓએ આચાર્યદેવનો ઉપકાર માનવો તે યુક્ત છે. આ પણ વ્યવહારનું કથન છે. આમાં બે વાત લીધી છે. આત્માની પોતાની લાયકાત છે, તે વખતે વાણીનું પણ યથાર્થ નિમિત્ત હોય છે. સ્વભાવના આશ્રયે પોતાની પર્યાય પ્રગટે છે તે વખતે નિમિત્ત કોણ હતું તે બતાવતાં એનો ઉપકાર છે, એમ કહેવાય છે પણ એનાથી પર્યાય પ્રગટી છે—એમ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે.

એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યથી થઈ એમ કહેવું અને પરનો ઉપકાર માનવો તે વ્યવહાર છે અને પોતાનો લાભ પોતાથી થયો તે નિશ્ચય છે, એમ જાણવું તે નિશ્ચય-વ્યવહારની સંધિ છે. સ્વભાવનું યથાર્થ ભાન થાય એટલે પોતાનું બહુમાન આવ્યા વગર રહે નહિ. પોતાનું બહુમાન આવતાં નિમિત્તમાં આરોપ આપીને નિમિત્તનું બહુમાન કરે છે. એટલે નિમિત્તનો ઉપકાર માને છે તે વ્યવહાર છે. પણ નિમિત્તથી કાર્ય થયું—એમ માને તો મિથ્યાત્વ છે. વાણી જડ છે, જ્ઞાન ચેતન છે, વાણીથી જ્ઞાન થયું એમ માનનારે જડથી ચેતન થયું એમ માન્યું; તેણે નિશ્ચયને નિશ્ચય માન્યો નહિ, તો તેણે વ્યવહારને પણ યથાર્થ માન્યો નહિ.

રાગ અને નિમિત્તથી આત્મામાં લાભ થાય, એમ માને તેણે બે દ્રવ્યને એક માન્યાં. બે દ્રવ્ય પૃથક્ રહ્યા નહિ. અજ્ઞાનીને એમ લાગે છે કે અહીં અમૃતચંદ્રાચાર્યને નિમિત્ત તો કહ્યા છે ને! પણ એનો અર્થ શું છે? જરા ધીરો થા, પક્કડ કરીને સાંભળ નહીં! પક્કડથી લાભ થશે નહિ. જેમ વિષ્ટાની ગોળી નાકમાં રાખીને ગુલાબના ફૂલ ઉપર બેસે, તેને સુગંધ આવતી નથી, પણ ગોળી કાઢી નાખે તો ફૂલની સુગંધ આવે છે, તેમ કદાગ્રહ રાખીને સાંભળે તો સમજમાં આવે નહિ.

પર્યાય પર્યાયના કાળે છે, રાગ રાગના કાળે છે, નિમિત્ત નિમિત્તના કાળે છે. નિમિત્ત કયા કાળે નથી? નિમિત્ત હોય છે ખરું! પણ નિમિત્તના કારણે આત્મા સમજાતો નથી. સમજવાની પોતાની લાયકાત પોતાના કારણે હોય છે. ત્યારે નિમિત્ત હોય છે, તે નિમિત્તે કર્યું એમ વ્યવહારથી કહેવાય છે. ચૈતન્યનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. તેને જાણ્યો તે વખતે નિમિત્તરૂપે દેવ-ગુરુ હોય છે, તેના ઉપર બહુમાન આવ્યા વગર રહે નહિ, પણ તે નિમિત્તના કારણે નથી, નિમિત્તના કારણે તે રાગ થયો છે, એમ માને તો મિથ્યાદ્રષ્ટિ છે; રાગ પોતાની નબળાઈના કારણે થયો છે, પરના કારણે થયો હોય તો પર એવા સર્વજ્ઞાદિ તો ત્રિકાળ છે અને તેના કારણે રાગ થાય તો આત્મા રાગરહિત થાય, એવો પ્રસંગ પણ રહેતો નથી. આત્મા રાગ રહિત શુદ્ધ ચૈતન્ય છે—એવી દ્રષ્ટિ થઈ એટલે નિમિત્ત ઉપર આરોપ કરીને નિમિત્તનો ઉપકાર માને છે.

દેવ-ગુરુ-શાસ્ત્રનો ઉપકાર માનવો કેમકે તેને વાંચવા તથા સાંભળવાથી પારમાર્થિક આત્માનું સ્વરૂપ જણાય છે, આ પણ વ્યવહારનું કથન છે. વાંચવાની તથા સાંભળવાની આત્માની યોગ્યતા છે તે નિશ્ચય છે અને તે વખતે નિમિત્ત કેવું હોય છે, તે જણાવે છે. વાંચવાથી અને સાંભળવાથી ખરેખર આત્માની પ્રાપ્તિ થતી નથી કેમકે આ જીવ સમવસરણમાં અનંતવાર ગયો અને દિવ્યધ્વનિ પણ અનંતવાર સાંભળી પણ કલ્યાણ થયું નહિ, આત્મા પોતે પોતાથી, હું જ્ઞાતા છું એમ સ્વતંત્ર દ્રષ્ટિ કરે ત્યારે તેને વાંચવાથી અને સાંભળવાથી થાય છે—એમ વ્યવહારથી કહેવામાં આવે તે આરોપિત કથન છે. આરોપિતને અનારોપિત માની લ્યે તો તે મિથ્યાદ્રષ્ટિ છે.

જ્યાં નિમિત્તતા છે ત્યાં નૈમિત્તિકતા છે, કાળભેદ નથી, આત્માનું સાચું ભાન થાય છે ત્યારે નિમિત્ત સાચું જ હોય છે. કુદેવ-કુગુરુ કે કુશાસ્ત્ર હોતા નથી. સમ્યગ્દર્શન થવાની પોતાની લાયકાત હોય ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જ હોય છે પણ નૈમિત્તિક એવો પોતાનો ભાવ પ્રગટ કરે તો તેને નિમિત્ત કહેવાય છે. ઉપાદાન વગર નિમિત્ત કોનું? માલ વગર બારદાન કોનું? બારદાનમાં માલ ભર્યો હોય તેનું બારદાન કહેવાય છે. સાંભળનારને સત્યસ્વરૂપ સમજાય છે ત્યારે તેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન આવ્યા વગર રહેતું નથી. કુદેવાદિના નિમિત્તે સમ્યગ્જ્ઞાન થાય નહિ. ચાર અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. તે વીતરાગતામાં સ્વઅપેક્ષા આવે છે અને પરની ઉપેક્ષા થાય છે, ભેદ કે વિકલ્પથી અભેદતા થાય એવું શાસ્ત્રનું તાત્પર્ય નથી.

વાંચવામાં અને સાંભળવામાં જો આત્મા પોતે શુદ્ધ ચિદાનંદ છે, એમ સમજે તો વાંચવા સાંભળવાનું પ્રયોજન સાધ્યું કહેવાય અને સંભળાવનાર પણ પરમાર્થ એવા શુદ્ધ આત્માને સમજાવે તો તે નિમિત્ત બરાબર છે. રાગથી અને નિમિત્તથી શુદ્ધતા થાય એમ કહે તો નિમિત્તપણું પણ સાચું નથી. આત્મા પરમાર્થે અભેદરૂપ છે. એનો ખ્યાલ કરે ત્યારે નિમિત્ત પણ એવું જ બતાવે, તે નિમિત્ત કહેવાય પણ ભેદ અને રાગ વગેરેને બતાવે તો નિમિત્તપણું પણ સાચું નથી.

અહીં તો કહે છે કે ઉપકાર કોનો માનવો? સાંભળનારે સાંભળવું શું? અને વાંચનારે વાંચવું શું? તો કહે છે કે પારમાર્થિક આત્માનું સ્વરૂપ વિચારે તો આત્મા ખ્યાલમાં આવે અને નિમિત્ત પણ એવું સંભળાવે તો સાચું નિમિત્ત છે. દયા-દાન-ભક્તિ આદિ આસ્રવભાવ તે પરમાર્થ સ્વરૂપ નથી અને સંવર-નિર્જરા પણ ત્રિકાળી તત્ત્વ નથી, એમ ગુરુ કહે અને સમજાવે અને આત્મા પરમાર્થસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ છે, એનું ભાન કરે તો ગુરુનો ઉપકાર માનવામાં આવે છે. આત્મખ્યાતિ ટીકા અનેકવાર વાંચી હોય, સાંભળી હોય પણ આત્માની અંતરથી ખ્યાતિ  ન કરે તો વાંચી કે સાંભળી નથી. આત્મા પરથી નિરાળું તત્ત્વ છે, પરથી કે રાગથી ભિન્ન સ્વભાવને સમજે તો વાંચી અને સાંભળી કહેવાય. આથી વિરુદ્ધ સમજે અને સાંભળે તો તે આત્મખ્યાતિવાળો નથી. આત્માનું શ્રદ્ધાન અને આચરણ થાય છે ત્યારે મિથ્યાજ્ઞાન શ્રદ્ધાન અને આચરણ દૂર થાય છે એટલે કે તે ઉત્પન્ન થતાં નથી અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે, માટે મુમુક્ષુઓએ નિરંતર આનો અભ્યાસ કરવાયોગ્ય છે.

***

## શ્રી સમયસાર પરિશિષ્ટ

**(મહા સુદ ૫, ગુરુવાર, ૨૦૦૮, તા. ૩૧-૧-૫૨)**

અહીં અધિકાર એ છે કે આત્મખ્યાતિ ટીકાને જે સાંભળે છે અને વાંચે છે, તેને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ થાય છે અને મોહનો નાશ થાય છે, પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે, માટે મુમુક્ષુઓએ આનો નિરંતર અભ્યાસ કરવા યોગ્ય છે; જેને ચિદાનંદ જ્ઞાતા હું છું એને સમજવાની દરકાર છે, રુચિ છે અને ભાવ છે એવા મુમુક્ષુઓએ આ આત્મખ્યાતિ ટીકા એટલે ચૈતન્ય સ્વભાવનો વારંવાર અભ્યાસ કરવો. સમયસાર અભેદ આત્માને બતાવનાર છે માટે નિરંતર તેનો અભ્યાસ કરવો યોગ્ય છે.

આમ આ સમયસાર ગ્રંથની ‘આત્મખ્યાતિ’ નામની ટીકા સમાપ્ત થઈ.

હવે પંડિત જયચંદ્રજી ભાષા ટીકા પૂર્ણ કરે છે.

**કુંદકુંદમુનિ કિયો ગાથાબંધ પ્રાકૃત હૈ પ્રાકૃત સમય શુદ્ધ આતમ દિખાવનૂં,**
**સુધાચંદ્રસૂરિ કરી સંસ્કૃત ટીકાવર આત્મખ્યાતિ નામ યથાતથ્ય ભાવનૂં;**
**દેશકી વચનિકામેં લિખિ જયચંદ્ર પઢૈ સંક્ષેપ અર્થ અલ્પબુદ્ધિ કૂં પાવનૂં,**
**પઢો સુનો મન લાય શુદ્ધ આતમા લખાય જ્ઞાનરૂપ ગહૌ ચિદાનંદ દરસાવનૂં.**

આ હિંદી પદમાં પંડિતજીએ સમયસારનું ટૂંકું રહસ્ય ગોઠવી દીધું છે. શ્રી કુંદકુંદ આચાર્યે ૪૧૫ ગાથા રચી. તે નિમિત્તનું કથન છે, મર્મ જુદો છે, આ સમયસારની પૂર્ણાહૂતિનાં માંગલિક થાય છે. કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પહેલાં, સંવત ૪૯ લગભગ ભરતક્ષેત્રમાં થઈ ગયા. તેઓ મહાવિદેહક્ષેત્રમાં ભગવાન શ્રી સીમંધરસ્વામી પાસે ગયા હતા, ત્યાં આઠ દિવસ રહી, સમવસરણમાં સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળીને પાછા ભરતમાં આવીને આ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય વગેરે શાસ્ત્રોની રચના કરી છે. દિવ્યધ્વનિ તો ૐકાર નિરક્ષરી વાણી હોય છે. કેમકે ભગવાનને નિઃકષાય અભેદ અવસ્થા પ્રગટી છે, તો વાણી પણ અભેદ હોય છે. આ વાણી સહજ હોય છે, કોઈ કરતું નથી. એવી વાણી સાંભળીને આચાર્યદેવે આ ગ્રંથ રચ્યો છે, જેને આત્મસ્વભાવ પ્રગટ કરવો હોય તેણે સમ્યગ્દર્શનરૂપી ભેટણું આપવું જોઈએ. આ સમયસાર શુદ્ધ આત્માને બતાવે છે, શુભભાવ હોય તે જ્ઞેયમાં જાય છે, અહીં શુદ્ધ આત્માને જાણવો—તે એક તાત્પર્ય છે. કરણાનુયોગ, ચરણાનુયોગ, કથાનુયોગ વગેરેનો યથાર્થ ખ્યાલ આ સમયસાર સમજ્યા વગર આવતો નથી. અંતરદ્રષ્ટિ થયા વગર ચાર અનુયોગનું તાત્પર્ય સમજાતું નથી.

ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે, પર્યાય તે દ્રવ્યની સમય સમયની પરિણતિ છે. તેથી પર્યાય પોતાના કારણે થાય છે. આત્મા પોતે પોતાની પાત્રતા કરે અને નિમિત્ત ન હોય, એમ બને નહિ. કેસર ખરીદ કરનારને કેસર રાખવાનો ડબો તો મળી જ રહે છે, પણ ડબાની કાંઈ કીંમત નથી, કીમત તો કેસરની છે. ચાર મણ અઢી શેર ચોખા બારદાન સહિત લાવ્યા હોય તો ચાર મણ ચોખા રાંધતાં તૂટો આવે, તો અઢી શેરનો કોથળો રાંધવાના અને ખાવાના કામમાં આવતો નથી. બારદાન કામ લાગે નહિ પણ માલ કામ લાગે છે; તેમ નિમિત્ત તો બારદાન છે અને ઉપાદાન માલ છે. બારદાનથી માલ આવતો નથી અને માલ હોય તો બારદાન ન હોય, એમ બને નહિ. નિમિત્તથી ઉપાદાન પ્રગટ થતું નથી કેમકે બન્ને ચીજ ભિન્ન ભિન્ન છે.

જયચંદ્રજી પંડિત ગૃહસ્થ હતા. જયપુરમાં થઈ ગયા છે. તેઓ કહે છે કે શુદ્ધ આત્માને સમજે તો દેવ-ગુરુ-શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે. શાસ્ત્રથી

જ્ઞાન થતું નથી. શાસ્ત્રને પાણીમાં મૂકો તો તે ડૂબી જાય છે અને ગધેડા ઉપર મૂકો તો ગધેડાને જ્ઞાન થતું નથી. ખરેખર તો શાસ્ત્રથી જ્ઞાન થતું નથી પણ પોતાની યોગ્યતાથી થાય છે ત્યારે શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે.

અમૃતચંદ્રાચાર્ય ભાવલિંગી સંત દિગંબર મુનિ હતા. એક હજાર વર્ષ પહેલાં થઈ ગયા છે. તેમણે સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયની ટીકા અદ્‌ભુત કરી છે. ભરતક્ષેત્રમાં એના જેવી બીજી ટીકા નથી, ટીકાવર એટલે ટીકામાં શ્રેષ્ઠ ટીકા છે. આત્માને ખોલી દીધો છે. વિકાર આત્માની પર્યાયમાં થાય છે, તે આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી, એટલે કે અશુદ્ધતા તારી નથી, એમ આત્માની પ્રસિદ્ધિ કરી છે. શરીર કે પુણ્યાદિથી આત્માની પ્રસિદ્ધિ નથી, વિકારાદિની અનાદિથી પ્રસિદ્ધિ કરી હતી, તે હવે શુદ્ધ આત્માની પ્રસિદ્ધિ કરી.

'આત્મખ્યાતિ' વાચક છે અને શુદ્ધ આત્મા વાચ્ય છે. પુણ્ય-પાપના પરિણામ હોય છે પણ તેના ઉપર દ્રષ્ટિ ન કરો, ચૈતન્ય સ્વભાવનું નિરીક્ષણ કરો—એમ કહે છે. જેવી ટીકા એવું એનું નામ આપ્યું છે. જેવો આત્માને કહેવાય છે એવી ભાવના કરે તો સમજાય એમ છે. આ ટીકાનો હિંદી અનુવાદ જયચંદ્રજી પંડિતે કર્યો છે. તે સમયસાર ટીકાને સંક્ષેપમાં સમજીને અલ્પબુદ્ધિવાળા પણ અર્થને પામી જાય માટે દેશભાષામાં ટીકા લખી છે, અહીં તો કહે છે કે આ ટીકાને પઢો, ભણો! ઘણા લોકો તો પોકાર કરે છે કે સમયસાર તો મુનિ માટે છે, બીજા વાંચી શકે નહિ. તો અહીં કહે છે કે મુનિપણું સમ્યગ્દર્શન વગર થતું નથી માટે સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે આ સમયસાર વાંચો—પઢો અને શુદ્ધ આત્માને જાણો, એ તાત્પર્ય છે.

વાંચો અને સાંભળો—એમાં બે વાત કરે છે. તમારું જ્ઞાન તમારાથી થાય છે પણ શાસ્ત્રથી ન થાય, એમ શાસ્ત્ર વાંચીને સ્વતંત્રતા કાઢે તો વાંચ્યું કહેવાય અને 'સુણો'માં કહે છે કે સંભળાવનાર પણ સ્વતંત્રતા બતાવતો હોય તો સંભળાવનાર સાચું નિમિત્ત કહેવાય છે. 'મનલાય' શબ્દમાં એમ કહે છે કે જે મનને વ્યાપારમાં, કુટુંબ વગેરે પરમાં લગાવ્યું છે, એ મનને ગુલાંટ મારીને આત્મામાં લગાવો, શાંત થઈને સાંભળો! તો આત્મા જણાય છે. કેવો છે આત્મા? જ્ઞાતાદ્રષ્ટા મારું કામ છે, રાગ જ્ઞેય છે, શરીરની ક્રિયા પર છે –એમ જ્ઞાનરૂપ આત્માને ગ્રહો.

જુઓ, આત્મા જ્ઞાનસ્વરૂપ સ્વતંત્ર પદાર્થ છે, પરાધીન તત્ત્વ નથી, આનું નામ અનેકાંત છે. જગતને ખબર નથી તેથી તે આને એકાંત કહે છે અને માને છે કે નિમિત્તથી જ્ઞાન થાય, આત્મા જ્ઞાન સ્વરૂપ છે માટે જ્ઞાનથી જ્ઞાન થાય છે એમ માને અને રાગથી જ્ઞાન થતું નથી તો સાપેક્ષતા થાય છે, પણ જ્ઞાન રાગથી થાય એમ માને તો સાપેક્ષતા ન રહી, પણ એકાંત નિરપેક્ષતા થઈ, એ નિરપેક્ષનય મિથ્યા છે. સાપેક્ષ નય સાધક છે. રાગથી

જ્ઞાન થાય—એમાં જ્ઞાનની સાપેક્ષતા પણ ન રહી, માટે તે એકાંત થઈ ગયું એટલે નિરપેક્ષનય છે—મિથ્યાનય છે. ઉપાદાન આત્માનું છે માટે ઉપાદાનથી કાર્ય થાય પણ નિમિત્તથી કાર્ય ન થાય, એમ કહેતાં નિમિત્ત છે એમ નક્કી થયું. તે અનેકાંત સાપેક્ષતા થઈ પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય એમ માને તો એકાંત નિરપેક્ષતા થઈ, તે મિથ્યાનય છે.

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૨૭૯માં કહ્યું છે કે :—

**विरला णिसुणहि तच्चं विरला जाणंति तच्चदो तच्चं ।**
**विरला भावहि तच्चं विरलाणं धारणा होदि ।।२७९।।**

**<u>અર્થ :</u>**—જગતમાં તત્ત્વને કોઈ વિરલા પુરુષ સાંભળે છે, સાંભળીને પણ તત્ત્વને યથાર્થરૂપ વિરલા જ જાણે છે, જાણીને પણ તત્ત્વની ભાવના અર્થાત્ પુનઃપુનઃ અભ્યાસ વિરલા જ કરે છે તથા અભ્યાસ કરીને પણ તત્તવની ધારણા તો વિરલાને જ હોય છે.

હું આત્મા છું, જ્ઞાનસ્વરૂપ છું, રાગ મારું સ્વરૂપ નથી, પરથી લાભ નુકશાન નથી—આવા તત્ત્વને કોઈ વિરલા જ સાંભળે છે, ઘણાંને તો આવું સાંભળવા મળતું નથી અને એમાંથી સમજનારા થોડાં હોય છે. ભાષા જડની પર્યાય છે, તેને આત્મા કરી શકે નહિ. આત્મા વિકલ્પ કરે પણ ભાષા વિકલ્પને આધીન નથી. મિથ્યાદ્રષ્ટિ આ તત્ત્વને સમજતા નથી, ઘણાને તો સાંભળવા પણ મળ્યું નથી. આ આંગળી આત્માથી ચાલતી નથી, આંગળી ચાલે છે તે પુદ્‌ગલના કારણે છે, આત્માના કારણે નથી. સમયસાર કળશમાં કહ્યું છે કે :—

**तनता मनता वचनता, जड़ता जड़ सम्मेल ।**
**लघुता गुरुता गमनता, ये अजीवके खेल ।।२७।।**

માટે આંગળી ચાલે છે તે અજીવનો ખેલ છે, ભાષા પણ જડનો ખેલ છે. આત્મા સારી ભાષા બોલવા માગે છે પણ થતી નથી, વસ્તુવિજ્ઞાનસારમાં કહ્યું છે કે આંગળીના કારણે આ લાકડી ઊંચી થતી નથી, કોઈ આંગળીના કારણે માને તો તે સંયોગીદ્રષ્ટિવાળો છે. લાકડીની સ્વતંત્ર પર્યાય થાય છે, આંગળી તો નિમિત્તમાત્ર છે. જે પર્યાય જેનાથી થાય છે એને ન દેખે તે સંયોગને દેખે, માટે મિથ્યાદ્રષ્ટિ છે.

જે જીવ રાગ અને પુણ્યથી ધર્મ થાય—એમ માને તેને આત્માની પ્રસિદ્ધિ થતી નથી પણ સંયોગની પ્રસિદ્ધિ થાય છે. જે જીવ રાગથી ધર્મ થાય એમ માને છે તે આત્માની પર્યાય નિમિત્તથી થાય, એમ માને છે અને તે બધા પદાર્થોમાં પણ એમ દેખે છે, શુભભાવથી ધર્મ માને છે, તે સંયોગદ્રષ્ટિ છે, તે સંયોગને દેખે છે, દરેક પદાર્થની પર્યાય પરથી થાય છે,

એમ તે માને છે. પેટ્રોલથી મોટર ચાલે છે, ગુરુથી જ્ઞાન થાય છે, એમ પરથી પર્યાય થાય છે—એમ તે માને છે. વિકાર પરના લક્ષે થાય છે માટે વિકારને કર્મકૃત કહ્યો છે. ત્રિકાળી સ્વભાવની દ્રષ્ટિ જેને નથી તે કર્મના કારણે પોતાની પર્યાય થાય છે અને વિકારી પર્યાયથી નિરુપાધિક પર્યાય પ્રગટશે—એમ માને છે, તે મિથ્યાદ્રષ્ટિ છે.

જ્યાં સુધી જ્ઞાનમાં તત્ત્વની અયથાર્થતા છે ત્યાં સુધી તેને તત્ત્વમાં જમાવટ થતી નથી. જ્ઞાનની વિપરીતતામાં આત્માની એકાગ્રતાની જમાવટ થતી નથી. તેથી કહે છે કે જ્ઞાનાનંદ આત્મા છે તેની રુચિ કરો અને તેનું નિરીક્ષણ કરો.

હવે બીજું પદ કહે છે.

**સમયસાર અવિકારકા વર્ણન કર્ણ સુનંત,**
**દ્રવ્ય-ભાવ-નોકર્મ તજિ આતમ તત્ત્વ લખંત. ૨.**

સાંભળવાની જિજ્ઞાસા કરો તો આત્મા અવિકાર છે. તેને કાનેથી સાંભળો; વિકારવાળો છે, એમ સાંભળો નહિ. આત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત છે. હું આત્મા છું, દ્રવ્યકર્મ મારાથી ભિન્ન છે, પુદ્ગલ છે, એનાથી મારામાં સંસાર નથી, દ્રવ્યકર્મનો નાશ થવાથી મારા આત્માને લાભ છે, એમ નથી. કર્મ તો નિમિત્તમાત્ર છે માટે દ્રવ્યકર્મનું લક્ષ છોડ ! એમ કહે છે; કેમકે તે પુદ્ગલ છે. આત્માને નુકશાન કરતું નથી. આત્મા પોતે વિકાર કરે તો તેને નિમિત્ત કહેવાય છે.

દાન, ભક્તિ, વ્રતાદિના ભાવ છે તે ભાવકર્મ છે. અરૂપી શુભાશુભ વિકારી ભાવ છે તેને ભાવકર્મ કહે છે. દ્રવ્યકર્મ રૂપી છે અને ભાવકર્મ અરૂપી છે. તે ભાવકર્મ વિકાર છે તેનું પણ લક્ષ છોડ! એમ કહે છે, દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ છે—એમ શાસ્ત્રમાં લખાણ આવે, તે નિમિત્તનું કથન છે. ભાવકર્મનો કર્તા દ્રવ્યકર્મ નથી અને નોકર્મ—શરીર, વાણી, મન આદિ છે એનું લક્ષ છોડે તો આત્મતત્ત્વનું ભાન થાય છે. એ રીતે સમયસારને ગુરગમે વાંચે—સાંભળે તો તેને આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે આ સમયપ્રાભૃત નામના ગ્રંથની આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકાની દેશભાષામય વચનિકા લખી છે. તેમ સંસ્કૃત ટીકાનો અર્થ લખ્યો છે અને અતિ સંક્ષિપ્ત ભાવાર્થ લખ્યો છે. વિસ્તાર કરવામાં આવે તો અનુમાન પ્રમાણના પાંચ અર્થપૂર્વક પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમનપૂર્વક સ્પષ્ટતાથી વ્યાખ્યા લખતાં ગ્રંથ બહુ વધી જાય તેથી આયુ, બળ અને સ્થિરતાની અલ્પતાને લીધે જેટલું બની શક્યું તેટલું લખ્યું છે, તે વાંચીને ભવ્ય જીવો પદાર્થને સમજજો, કાંઈ ક્રિયા કરવાનું કહ્યું નથી પણ સમજવાનું કહ્યું છે. ***

# <u>પ્રસાદ નં. ૧૦૨</u>

## <u>શ્રી સમયસાર પરિશિષ્ટ</u>

(મહા સુદ ૬, શુક્રવાર, ૨૦૦૮, તા. ૧-૨-૫૨)

**શ્રી સમયસાર સં. ૨૦૦૬ના અષાઢ સુદ ૬ થી શરૂ થયું હતું. તે આજે સં. ૨૦૦૮ના માહ સુદ ૬ના રોજ નવમી વખતનું વ્યાખ્યાન પૂરું થાય છે.**

આ વાંચી-સૂણીને ભવ્ય જીવો પદાર્થને સમજજો. દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ સ્વતંત્ર પદાર્થ જેવા છે તે રૂપે સમજજો. બીજું કાંઈ કરવા લાગો, એમ નથી કહ્યું.

અહીં પ્રયોજનભૂત પદાર્થ–નયાતીત, મનાતીત ચિદાનંદ આત્માને સમજી નિજ મહિમામાં જાગ્રત રહેવું, અંતર્મુખ થવું એ જ સમયસારનું તાત્પર્ય છે. પંડિત જયચંદ્રજી નિર્માનતાથી કહે છે કે કોઈ અર્થમાં હીનાધિક હોય તો મૂળ ગ્રંથ મુજબ યથાર્થ સમજશો, **<u>આ ગ્રંથના ગુરુપરંપરા ઉપદેશની પરંપરા તૂટી ગઈ છે.</u>** સનાતન વસ્તુસ્વભાવરૂપ જૈનમાં દ્રવ્ય, ગુણ, પર્યાય કેવી રીતે છે તે સત્ સમાગમે–ગુરુગમ વિના સમજાય તેમ નથી. વર્તમાનમાં પણ લાયક જીવ પૂર્વ સંસ્કારથી અથવા ગુરુગમથી સમજી શકે છે—તેનો અભ્યાસ થઈ શકે છે. સ્યાદ્‌વાદમય જિનાજ્ઞા માને છે તેને વિપરીત શ્રદ્ધાન થતું નથી.

વસ્તુસ્વરૂપને સાબિત કરનાર પરસ્પર વિરુદ્ધ બે અસ્તિ-નાસ્તિ આદિ શક્તિનું પ્રકાશવું તે અનેકાંત છે. નિત્ય-અનિત્ય, સામાન્ય-વિશેષ વગેરે બે પ્રકાર છે.

પ્રયોજનભૂત વાતમાં અન્યથા સમજવું થઈ જાય તો વિશેષ જ્ઞાનીનું નિમિત્ત મળ્યે તુરત સાચું સમજી લે છે. વીતરાગની શ્રદ્ધાવાળા હઠાગ્રહી હોતા નથી. સત્ય પાત્રતા, યોગ્યતા, લાયકાત હોય ત્યાં સત્ નિમિત્ત મળે જ.

વસ્તુસ્થિતિ જણાવે તે નિશ્ચય-ઉપચાર કરે તે વ્યવહાર—તેમાં ઉપાદેય તો એક નિશ્ચય જ છે.

પ્રશ્ન : સમ્યગ્દ્રષ્ટિને કોઈ અજાણમાન ગુરુથી અન્યથા સમજવું થઈ જાય તો દોષ નથી, એ શું?

ઉત્તર : તે ગુરુ તો જ્ઞાની છે પણ ક્ષયોપશમ જ્ઞાનમાં બહારની કોઈ અપ્રયોજનભૂત વાતમાં ભૂલ થવા સંભવ છે, પણ મોક્ષમાર્ગની ભૂલ ન હોય.

'મંગળ શ્રી અરિહંત ઘાતિયાં કર્મ નિવારે', મિથ્યાત્વાદિ પાપનો ત્યાગ અને પવિત્રતાનો ઉત્પાદ-તેરૂપ મંગળમય અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ બધા મંગળમય છે. અંદર નિશ્ચય મંગળ સમજે તો તેને તે વ્યવહારથી મંગળ કહેવાય. અર્હંત ભગવાન ચાર અઘાતિકર્મથી રોકાયા નથી પણ પોતાની યોગ્યતાથી સંસારસ્થ છે. વૈભાવિક, યોગ, કર્તા, ઉર્ધ્વગમન–ચાર પ્રતિજીવી વગેરે શક્તિનું અશુદ્ધ પરિણમન છે, તે ઉદયભાવ જીવનું સ્વતત્ત્વ છે, તે પરથી નથી.

દરેક આત્મા પર્યાયે પર્યાયે સ્વતંત્ર છે. પરતંત્ર થાય તો પણ પોતાના કારણે છે. ઉદય, ઉપશમાદિ પાંચે ભાવ જીવનાં સ્વતત્ત્વ છે. અસ્તિત્વરૂપ ઉદયભાવ જડથી નથી. ત્રણકાળના જેટલા સમય તેટલી પર્યાય છે. ત્રણ કાળની પર્યાયનો પિંડ તે ગુણ છે. અનંતગુણનો પિંડ તે દ્રવ્ય છે. જો એક પર્યાય પરથી માનો તો દ્રવ્ય-ગુણનો નાશ થાય છે.

**चारित्तं खलु धम्मो** । અરાગ પર્યાય તે ધર્મ છે ને તેનું મૂળ સમ્યગ્દર્શન છે. વિશેષ સ્થિરતા દ્વારા ત્રણ કષાયનો અભાવ જેને છે તેવા ભાવલિંગી મુનિ મંગળમય છે. સિદ્ધ ભગવાનને સર્વ પર્યાય પૂર્ણ થઈ છે તેથી તે મહંત છે.

આચાર્ય દીક્ષા દેનાર નિમિત્ત છે. પ્રભો! મને ભગવતી દીક્ષા આપો, એમ શિષ્યને વ્યવહારથી વિનયનો વિકલ્પ આવે છે. સાથે હું અસંગ જ્ઞાનાનંદ છું, મારા ગુણ-પર્યાયમાં પૂર્ણ છું, પૂર્ણ પર્યાય કરનાર પણ હું છું એમ ભાન છે.

ભવ્ય જીવોને તારે—સત્ય સનાતન જૈનધર્મમાં ૨૮ મૂળગુણના ધારક ભાવલિંગી મુનિને જ ભવ્યજીવો સ્વીકારે છે. વસ્ત્રવાળા-પાત્રવાળા મુનિ ત્રણકાળ ત્રણલોકમાં હોઈ શકે નહિ. વિદેહક્ષેત્રમાં પણ દ્રવ્ય-ભાવ મુનિપણું એક જ પ્રકારે છે. સ્થવીરકલ્પી-જિનકલ્પી-બન્નેને નગ્નમુદ્રા કહી છે, તેમાં અપવાદ નથી. એ સિવાય વીતરાગમાર્ગમાં કોઈ મુનિ નથી. એમ ઓળખીને તે પંચપદને ભાવથી નમું છું. જે એ રીતે નમે તેને નિશ્ચય અપ્રતિહતમંગળનો કોલકરાર છે. ઉપાદાનથી જાગ્યો, તે આવા પંચપદને નિમિત્ત તરીકે માને છે.

વ્યવહાર રત્નત્રય પણ શુભરાગ છે, નિમિત્ત છે. તેને જુદા જાણી, શુદ્ધાત્માને ઉપાદેયપણે નિરંતર અંગીકાર કરવો; તે આ સમયસાર અને દ્વાદશાંગનો સાર છે. ત્રિકાળી ચિદાનંદનું આલંબન જ મોક્ષનું કારણ છે. ત્રિકાળ ધ્રુવશક્તિ કારણ પરમાત્મા તે જ એક ઉપાદેય છે. પરાશ્રય, રાગ, વ્યવહાર રત્નત્રયને વીતરાગધર્મનું કારણ માને, તેને ધર્મ થતો નથી પણ

મિથ્યાત્વનો આસ્રવ છે. બે નો આદર તે એકાંત મિથ્યાત્વ છે. સ્વાશ્રય નિશ્ચયના આદર વડે વ્યવહારનો નિષેધ તે અનેકાંત છે. એક શુદ્ધનય જ ઉપાદેય છે. તે સર્વજ્ઞભગવાનના દિવ્યધ્વનિનો સાર છે. પ્રથમ દ્રષ્ટિમાંથી પરાશ્રય-વ્યવહારની શ્રદ્ધા છૂટે છે, નીચે સર્વથા રાગ છૂટે નહિ. શુદ્ધોપયોગ થતાં આસ્રવ છૂટે છે. શુભરાગને કરવા જેવો જ્ઞાની માને નહિ.

**મંગળમય શ્રી સમયસાર ભગવાનનો જય હો !**

**તેનું પારમાર્થિક સ્વરૂપ દર્શાવનાર શ્રી કુંદામૃત કહાનગુરુદેવનો જય હો !!**

***